
1935 - ૧૯૩૫

(1)

મજીરની પ્રમાણિકતાથી

Regd No. B. 3220.




વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
: : તંત્રી : શ્રી તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧ લો
બુધવાર તા. ૧૫-૫-૩૫

# પૂજારીને

મંદિરના દેવની પૂજાનો સાચ્ચો અધિષ્ઠાતા કોણ ? પારકી મહેનતનો ઉપભોગ કરનાર પૂજારી કે પરસેવો પાડી કાયા તોડતો મજુર ?

નીચે આપેલું એક મર્મવાહિ અને સચોટ કાવ્ય આપણી સમક્ષ નવું દૃષ્ટિબિંદુ રજુ કરે છે. જુનવાણી વિચારના માનવીઓને જરૂર એ એક ક્રૂર મશ્કરી સમું લાગશે પરન્તુ અત્યારના નાટકીય અને ઠાઠમાઠ ભરી પાઠપૂજાથી કંટાળેલા દેવને જો વાચા પ્રગટે તો જરૂર તે આવા જ વિચાર વ્યકત કરે. એમાં જરાય શંકા નથી.

બની ઠનીને આડંબરથી આવતા પૂજારીને ઉદ્દેશીને દેવ બોલે છે:-'પૂજારી પાછો જા. મારે તારા નૈવેદ્યની જરૂર નથી.'

આ તે તારી પૂજાના ઢંગ છે ? પાષાણની કારાગૃહસમી આ ઇમારતો મારો શ્વાસ રૂંધે છે. મંદિરના આ ઘંટારવ મારા કાનને બ્હેરા કરે છે, ધૂપના ધુમાડા મને મુંઝવી નાંખે છે. અને આ ફુલહાર હીરા મોતીના ઢગલા મારી ગરદન તોડી નાંખવા મથી રહ્યા છે.

અને તારી પૂજા શું નિસ્વાર્થ ભાવે છે ? છાતી ઉપર હાથ રાખીને પૂછી જો કે આ પૂજા નૈવેદ્ય પાછળ શો સ્વાર્થ છુપાયો છે?

આ મંદિર શામાટે? આ ધન વૈભવનાં ઢગલાં અને આ ઉંચાનીચાનાં ભેદ ભાવ શામાટે? પાષાણની આ ભવ્ય ઈમારત અને આ નકશી કામવાળા બારીબારણા શા માટે ?

તારો એવો તે કયો અધિકાર કે તું મારી પૂજા કરી શકે ? એવી તેં કયી ફનાગીરી મારે માટે કરી કે તું મને નૈવેદ્ય ધરાવી શકે ?

આ મંદિરની ઇમારત એ તારૂં સર્જન છે? તેં એને માટે શો ભોગ આપ્યો ? આ ઘંટની બનાવટ માટે તેં કયો પરસેવો રેડયો અને આ ફુલહારને માટે તે કયી કાળજી સેવી ? જરા વિચાર તો ખરો ?

પરસેવો નીતારી, હથોડા ટીપી ટીપી, રાતદિન ઉજાગરા વેઠી મારે માટે જેણે આ સામગ્રી સર્જી છે તેઓ જ મારી પૂજાના સાચ્ચા અધિષ્ઠાતા છે. તેમને જ નૈવેદ્યનો અધિકાર છે. બીજાઓને નહિ.

૧

એરણ સાથ અફાળે હથોડા,
ઘંટ તણો ઘડનાર;
દિન કે રાત ન નિંદર લેતો;
(ને) નૈવેદ્ય તું ધરનાર ?
ખરી તો એની પૂજા !
પૂજારી પાછો જા !

૨

દ્વારે આ સાંકડા કોણ પ્રવેશે ?
બહાર ખડી જનતા;
સ્વાર્થતણું આ મંદિર બાંધ્યું;
પ્રેમ નહિ પથરા:
ઓ તું જોને જરા !
પૂજારી પાછો જા !

૩

ઘંટના નાદે કાન ફુટે મારા,
ધૂપથી શ્વાસ રૂંધાય;
ફુલમાળા દૂર રાખ પૂજારી,
અંગ મારૂં અભડાય:
ન નૈવેદ્ય તારૂં આ !
પૂજારી પાછો જા !

૪

મંદિરના આ ભવ્ય મહાલય,
બંધન થાય મને;
ઓ રે પૂજારી ! તોડ દીવાલો,
પાષાણ કેમ ગમે ?
ન પ્રેમનું ચિહ્ન આ !
પૂજારી પાછો જા !

૫

આખી કરે ફૂલ મ્હેકતી વાડી,
ફુલોને તું અડ કાં ?
ફૂલ ધરે તું: સહવા એને,
ટાઢ અને તડકા !
એ તે પાપ કે પૂજા ?
પૂજારી પાછો જા !

૬

ઓ રે પૂજારી ! આ મંદિર કાજે,
મજુર વહે પથરા;
લોહીનું પાણી તો થાય એનું,
તે નાયે ખાટે નવરા ?
ત્યારે તું ના શરમા ?
પૂજારી પાછો જા !

૭

ખેડુતજે અંગ આટી બાળી,
અર્ધ્ય ભર્યો નખમાં;
ધૂપ ધર્યો પરસેવો ઉતારી,
ઘંટ બજે ઘણમાં;
પૂજારી સાચો આ !
પૂજારી પાછો જા !

—શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી

——: બુધવાર તા. ૧૫–૫–૩૫ :——

# તરૂણ જૈન

## મજુરની પ્રમાણિકતાથી

**આ**રામના થોડા દિ......અને 'તરૂણ' પાછું એનું કાર્ય જારી રાખે છે, આરામના એ અવસરમાં એના પીઠબળમાં નોંધ યોગ્ય ફેરફાર થયો છે. 'તરૂણ', તરૂણ જૈન સમીતિનું મટી, મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર બન્યું છે.

નવયુગની નૌબતના ગડગડાટથી જૈન યુવાનોની ઉંઘ તો બરાબર ઉડી ગઇ છે. પણ આંખમાં ઘેન છે, અંગમાં આળસ છે એટલે જૂવાનો હજુ પથારીમાં સુતા પડયા છે. આમ એક બાજુ જાગતા સુતા યુવાનો પોઢયાં છે બીજી બાજું ધર્મની ધંધાદારી કાબેલીયતથી ચાલુ હતી ત્હેમ ચાલી રહી છે,

જહે જુવાનો પથારી છોડી પુરૂષાર્થ આદરવા માગે છે એમાંના ઘણાની સમક્ષ એમને અનુસરવાનો માર્ગ સ્પષ્ટ નથી. જૂનવાણી સત્યો પરત્વેની એની શ્રધ્ધા ઓછી થઇ છે અને નવાં સત્યો પરત્વે એ શ્રધ્ધા હજુ સ્થીર થઇ નથી. પરિણામે નવાં ચીલે ચાલવાનો દેખાવ કરવા છતાં એ જૂના ચીલાની મમતા છોડી શકતો નથી.

કરવા ધારેલું કાર્ય વિસ્તૃત સ્વરૂપે ભાળીને એ હામ હારી જાય છે. એ માને છે પુરાણી સૃષ્ટિનો નાશ કરવા રૂદ્ર જેટલી શક્તિ જોઇયે ને નવી સૃષ્ટિના સર્જન માટે બ્રહ્મા જેવડી તાકાત જોઇયે. અને વિચાર પ્રચારના પોતાના જ સાધનને એ વાણીનો વિલાસ કહી અવગણવા માંગે છે.

આ માનસના જુવાનોને અમે અર્ધદગ્ધ કહીએ છીએ. એની સમક્ષ પડેલા કાર્યનો એની પાસે બરાબર તાગ નથી અને જે એ વસ્તુને નાહક વિસ્તારીને, એ નિરર્થક નિર્બળતા વ્હોરે છે.

રૂદ્રને બ્રહ્મા એ બન્ને કોઇક પ્રચંડ કલ્પનાકારનાં રચેલાં પાત્રો છે એ વાત બાજુએ મૂકીયે અને એને દલીલાર્થે સત્ય તરીકે સ્વીકારીએ તો પણ, આપણે સૃષ્ટિનાં વિનાશને સર્જન કરવા નથી બેઠા એ સત્ય ભૂલી જવું જરૂરનું નથી. સૃષ્ટિ, કુપમંડુકો માને છે એટલી જ નથી એ વાત આપણે સ્વીકારતા હોઇએ તો જગતના એક ન્હાનકડા ભાગ હિંદુસ્થાનમાંની ત્રણસોમા ભાગની જૈન જનતાને અને ત્હેમાંયે સ્થાનક માર્ગી જૈનો બાદ કરીએ તો સાવ અલ્પ બની જાય એવડા ક્ષેત્રને સૃષ્ટિ માનીને, પોતાની શકિતઓની વિડંબના આદરીને રૂદ્રને બ્રહ્માની, સૃષ્ટિનાં સર્જનને વિનાશની વાતો કરનારા એ માત્ર કલ્પનામાં વિચરનારા અર્ધ દગ્ધો છે અને એમની વાતો સાવ અર્થહિન અને નિર્બળતા સૂચક છે.

અને પ્રચારના એક પ્રચંડ સાધન પત્રકારીત્વ અને ભાષણોને જહે વાણીના વિલાસ કહે છે એ એના પોતાના માટેનું સત્ય હોય તો એની સ્હામે અમને વાંધો નથી. પણ એ સમુહ ગત્ સત્ય તરીકે કોઇ રજુ કરે તો એ રજુ કરનાર ઇતિહાસથી અનભિજ્ઞ છે એમ અમારે કહેવું પડે.

ફ્રાન્સ વિપ્લવનો પ્રેરક વોલ્તેર એની અંતરની આગ પ્રચાર પત્રિકાઓમાં અને નાટકોમાં ભરી ગયો અને સૈકા પછી ફ્રાન્સમાં વિપ્લવ પેદા થયો, કાર્લ માર્કસ એ કુહાડી લઇને ઝાડો ખોદવા ન્હોતો નિકળ્યો, એણે માત્ર કલમ જ ચલાવી અને રશીયન વિપ્લવનો એ પ્રેરક મનાયો અને આવતી કાલના બળોનો એ દ્રષ્ટાને સૃષ્ટા મનાય છે.

આવાં તો અનેક સત્યો પડયાં છે ઇતિહાસનાં પાનાંપર કલમને જીબાન આજના યુગનાં શસ્ત્રો છે અને પરિવર્તન એ એક જ માર્ગે સાધ્ય છે.

આમ આપણે કલ્પીએ છીએ ત્હેવો આપણો માર્ગ વિકટ કે ક્ષેત્ર વિશાળ નથી. ગંભીરતાની ને ધીરતાની વાતો કરનારા કોઇ દિવસ ક્રાન્તિકારી બની શકયા નથી. એટલે કે આવી આવી વાતો કરનાર જહે પોતાને નવા જૂના વિચારકો વચ્ચેની કડી માને છે એ આજે ત્રીશંકુની અવદશામાં પડેલા છે. વિચારે ને વર્તને એ જૂનવાણી છે છતાં કહેવડાવે છે સુધારક એટલે પરિસ્થીતિ એ આવી પડી કે રૂઢી ગ્રસ્તો એમને સંઘરે નહિ અને વિપ્લવવાંચ્છુઓ એ કઇ પળે દગો દેશે એ ભયે એમનાથી ચેતતા રહે.

આમ અર્ધદગ્ધોથી સમૃધ્ધ એક જૂનવાણી પક્ષ—બીજો રહ્યો વિપ્લવવાંચ્છુ પક્ષ.

વિપ્લવ પ્રવેશશે ગમે ત્હારે, ગમે તે માર્ગે પણ આજે આપણે એને યોગ્ય ભૂમિકા તૈયાર કરવાની છે. અને પ્રચાર એ આપણું સુયોગ્યને સબળ સાધન છે અને રહેશે. આજનું ધીરૂં પ્રચાર કાર્ય એને સારૂ બસ નથી. આંગણે આંગણે જહેમ ધર્મના નામે વિષ-વૃક્ષ ફાલ્યાં છે ત્હેમ આંગણે આંગણે વિષ વિનાશક કે Poison killer—એવી માત્રાઓ પ્હોંચી જવી જોઇએ. તો જ ધર્મ વિશુધ્ધ બને અને સમાજ ઉન્નત થાય.

'વીરશાસને' હમણાં જ કહ્યું છે. ત્હેમ આપણે મજુરની માફક કોશ, કોદાળી ને પાવડો લઇ આંગણે આંગણેથી વિષવૃક્ષો ખોદી નાંખવા જોઇએ. એ ઝાડોના લાભ, વિષની ખુશ્બો શાસ્ત્રોકત પ્રમાણો એ તમામ પ્રત્યે નાક બંધ કરીને અને કાન બ્હેરા કરી ને મજુરની પ્રમાણિકતાથી આપણે રહીશું તો કામ સાવ સ્હેલું છે અને કલ્પનાનાં રૂદ્રને બ્રહ્મા સિવાય આપણે માટે શકય પણ છે.

## જરા અંગત

'તરૂણ જૈન'ના તંત્રી પદે મ્હારી જાતને નિહાળીને મને આશ્ચર્ય થાય છે. કોમીવાદથી અલિપ્ત રહેતો હું એમાં રસ લેવા માંડું અને એક કોમી પત્રનો તંત્રી બનું એ જોઈ મ્હારાં મિત્રો પણ આશ્ચર્ય પામશે. પ્હેલી નજરે એ કદાચ માર્ગ—ભૂલ મનાય.

'પ્રબુધ્ધ પાલણપુર' ૧૯૩૨ ના માર્ચમાં પ્રસિધ્ધ કરીને એક સ્પપ્ન સાધ્યું, ત્યહારે બપ્પોરનો વિસામો મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાં રાખ્યો અને ધ્યાનહિન રહું ત્હોયે એના કાર્યવાહકોની વાતો સંભળાઇ જવા માંડી. સાધુઓના અનાચારો ને અત્યાચારો બાળમુંડનને બાળચોરી, મંદિરના ધનભંડારને ટ્રસ્ટીઓની આપખુદી—આ બધ્ધું હકિકતોને આધારે ત્યહાં ચર્ચાતું ને હું કમકમી રહેતો અને ઘણી વેળા મ્હને થતું કે આ બધ્ધું જો ધર્મ હોય તો એ ધર્મ પાતાળવાસી બને એ આવકારદાયક છે.

ઇ. સ. ઓગણીસસો ઓગણીસમાં હું મૂર્તિ પૂજતો, પ્રતિક્રમણાદિ ધર્મસુત્રોનો અભ્યાસ કરતો, સાધુઓ વાંદતો અને મ્હારી જાતને હું ધન્ય માનતો. પછી, ધર્મના ધુરંધરોને મ્હેં જોયા—અનાચાર કરતાં ને પાખંડ પ્રસારતા...ને મ્હારી ભાવના ભસ્મ થઇ રહી.

ઈ. સ. ઓગણીસસો પચ્ચીસમાં હું જાહેર જીવનમાં રસ લેવા માંડયો અને ધર્મીક ને સામાજીક જીવન સુધારને મ્હેં એક મ્હારૂં ક્ષેત્ર માન્યું......પછી અનુભવે મ્હને સ્હમજાયું કે એ વેળાનું જૈન જગત Beyond repair હતું. અને પ્રવૃત્તિની વિચારણાને સાર્વજનિક ઝોક દીધો.

મ્હારી આ ઉદાસિનતા યુવક સંઘના કાર્યવાહકોની સંગત પછી ઝાઝીવાર ટકી શકી નહી. કોઇક બેધ્યાન પળોએ ભાઇ ચંદ્રકાન્ત સુતરીયા મ્હારામાં એમની પ્રવૃત્તિ વીષે રસ સીંચન કરી રહ્યા. હું થોડુંક પલળ્યો હઇશ ને શ્રી. અમીચંદ ભાઇની હુંકારો ભણાવવાની આદત ને શ્રી મણીભાઇની મુરબ્બી વટ મ્હને બ્હેણુનઃ મધ્યમાં ઘસડી ગયાં. અને પરિણામે મને 'તરૂણ જૈન'ના તંત્રી પદે સ્થાપી દીધો.

પણ મ્હારે કહેવું રહ્યું કે મ્હારી નજર કોમીવાદીની નથી. કોમીવાદીની દૃષ્ટિએ, જૈન-ધર્માંધતાની દૃષ્ટિએ, જૈન સમાજને હું જોતો નથી.

જ્યહાં જ્યહાં ધર્મનાં ઝેર માનવ જીવનમાં શોષણ કરતાં હોય, અજ્ઞાનતા આપઘાત કરાવતી હોય, પરલોક ભાવના આજીવન ખયદાન મયદાન કરાવતી હોય અને સામાજીક ટૂંકી દૃષ્ટિ ન્હાના વર્તુળો પેદા કરીને હ્રાસ આદરતી હોય ત્યહાં ત્યહાં જૂવાનીએ યથાશકિત કાંઇક કરવુંજ જોઇએ. એ એક દૃષ્ટિએ 'તરૂણ જૈન'નું તંત્રીપદ મ્હેં સ્વીકાર્યું છે.

મ્હારી નેમ છે જૈન સમાજને ને ધર્મનો સડો સળગાવી મૂકાવવાની—અને એ નેમ સાધવામાં સામાન્યતઃ તમામ યુવક સંઘોની અને વિશેષમાં શ્રી મણીભાઇની અને શ્રી. અમીચંદભાઇની મ્હને હુંફ છે—ને સંપૂર્ણ સહકાર છે.

કાલને વિષે કોણ ચોક્કસ છે ? અને ભાવિકોનુ નિશ્ચિત છે ? એટલે મ્હારાથી શું થઇ શકશે એ કહેવાનું હું સાહસ ખેડતો નથી.

માત્ર મ્હારી ઉમેદ છે કે 'તરૂણ જૈન' અણનમ રહી સૌ અધકાર હિતેચ્છુંને ડારતું રહે, તેજઃપુંજ બની અજ્ઞાન બંધુઓને પ્રકાશ પૂરો પાડતું રહે અને કુક્કટની રસમથી નવયુગની નેકી પૂકારતું રહે.

—તારાચંદ.

## નંદુ શેઠ રંડાયા

**[આપણા સામાજીક જીવન પર કટાક્ષ કરતી એક ટુંકીવાર્તા]**

નંદનવન સરીખા ગુજરાતમાં સરિતા નર્મદાના કાંઠે મંદિરની ફરકતી ધ્વજાઓથી શોભતા, મસ્જીદોના ગંગનચુંબી મીનારાઓથી ઓપતા, બાગબગીચાઓથી વહેકતા અને માલેતુજાર માનવીઓની અટારીઓથી દીપતા માલનપુરમાં એક ભવ્ય હવેલીની અટારીમા નગરશેઠના પુત્ર નંદુશેઠ આંટા મારી રહ્યા છે.

નંદુશેઠ બેઠી કાઠીના, ભરાવશરીરના ભરેલા મોંહના, ઘઉંવર્ણા, બાંધે મજબુત અને ટાપટીપથી ઠીક દેખાવડા કહેવાય છે. સારાનરસાં અનેક વર્ષો જોએલાં, લાંબી લાંબી મુસાફરીએ ફરેલા. અનેક વેપારમાં માથાં મારેલાં છતાં લક્ષ્મી તો રીસામણેજ રહેતી. છતાં લાગવગ ને બાપદાદાની પ્રજિતે આગળ આવ્યા ને ઠામ પડયા.

માલનપુરનો રાજા જોરાવરસિંહજી ન્હાનુ રજવાડુ ગણાય એટલે પાટનગરની વસ્તીના મોટા ભાગની ખબર અંતર રાખતો નંદુની સ્થિતિ એની જાણબાર નહોતી. નંદુના પિતા ગામના નગરશેઠના સ્થાને અને પાકુ પાન છતાં બુધ્ધિશાળી એટલે રાજા અવારનવાર સલાહપણા લ્યે. આખરે પાકુ પાન ખર્યું, અને નગરશેઠનુ સ્થાન ખાલી પડયુ. નંદુના મોટાભાઈએ એ સ્થાનની માગણી કરી પણ રાજાની મહેરબાની નંદુપર ઉતરીને તેને નગરશેઠના પદે સ્થાપ્યો.

નંદુ હવે નંદુશેઠ થયા. બુધ્ધિ, અને મુત્સદ્દીગીરીથી કારભારી થયા હવે તો પ્રજામાં નંદુભાઈ—નંદુશેઠનો પડયો બોલ ઝીલાવવા લાગ્યો જ્યાં ત્યાં આગળ આવે, ને કોઈ કોઈ સ્થળે ભાષણ પણ ઠોકી નાખે લખવાનું મોકુફ રાખેલું. એમની એવી માન્યતા હતી કે લખેલુ વંચાય બોલેલુ થોડુંજ વંચાય છે.

નંદુ શેઠને વાડીવિસ્તારમાં પુત્રપુત્રીઓ મળી છ સાત સંતાનો, એટલે સંતતિ નિયમનું પાલન કરતા છતાં વારંવાર શેઠાણીને ગર્ભ રહેતો કસુવાવડ થઇ જતી. હમેશા સીધેસીધે ઉતરતુ નથી એટલે શેઠ બરાબર સંતતી નિયમન પાળતા છતા ગર્ભ રહયો ને શેઠાણીની તબીયત બગડી, વૈદ્યો, ડોકટરો, ને ભૂવાઓની અનેક તરકીબો એળે ગઇ. શેઠાણીના મંદવાડે ગંભીર રૂપ પકડયું, આખરે નક્કી થયું કે જેટલા દહાડા કહાડે તેટલા ઓછા.

વગર ફીના દલાલોએ રંગુન, મદ્રાસ, મુંબઇ, ને કલકત્તા તાર છોડયા કમ અકકલના પીતાઓએ ઉત્તર વાળ્યા. અમારી દીકરીનો રૂપીઓ આપો. કોઇએ લખ્યું જરૂર પડે તો મંછા મહેતાની લાગવગ લગાડો, કોઇએ લખ્યું. હેમા સંઘવીની લાગવગ લગાડો. કોઇએ લખ્યું જગા પારેખની લાગવગ લગાડો. શેઠાણી છેલ્લા શ્વાસ ખેંચી રહ્યા છે, છતાં નફ્ટ માનવીઓ નંદુશેઠને પજવવા લાગ્યા. પણ નંદુશેઠ એટલા અધમ નહોતા કે હા ભણે.

આખરે કુંવારી કન્યાઓનાં માબાપ વાંચ્છતાં હતાં તે કારમી પળ આવી પહોચી ને શેઠાણી સ્વધામ પહોચ્યાં, હજુ તો શ્મશાનમાં રાખ ઠંડી થઈ નથી ઘરમાં બાળકો મા મા કરતાં ટળવળી રહ્યા

( વધુ માટે જુઓ પાનું ૬ ઠું. )

### જેણે અમેરિકાની ગુલામ પ્રજાને મનુષ્યત્વ બક્ષ્યું અને ગુલામી વિરૂધ્ધ જેણે પ્રથમ ઝન્ડો ફરકાવ્યો તે

# ગૈ : રી : જ : ન

### ના જીવનની જ્વલંત યશગાથા : : સાહસ શૌર્ય અને નિર્ભયતાની જીવન્ત પ્રતિમા.

**મીસ** મેયોના અમેરિકામાં હબસીઓ પર કેટલો જુલ્મ વર્તાવવામાં આવતો હતો તેનો તાદૃશ્ય ચિતાર આ લેખમાં દ્રષ્ટિગોચર થાય છે. ગુલામ પ્રજાનાં ઉધ્ધાર માટે સર્વસ્વની આહુતિ આપનાર ગૈરીજનની રોમાંચક અને સાહસભરી જીવનકથા આપણા સમાજના અનિષ્ટ તત્વો સ્હામે ઝુંબેશ જગાવવામાં પ્રેરણાદાયી થઇ પડે. એ હેતુથી અહિં આપવામાં આવે છે.

"**માનવી** સ્વતંત્ર છે. કોઇ તેના ઉપર અધિકાર કે હક્ક ભોગવી શકે નહિ, જુલ્મ, ત્રાસ પણ ન વર્તાવી શકાય. ગુલામો એ પણ મનુષ્ય છે. તેમને પરાધીન દશામાં રાખી મનમાન્યો તેમના પર અત્યાચાર આદરવો એ નરી અધમતા છે પશુતા છે. હું ગુલામોને સ્વતંત્રતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મરણ પર્યંત લડીશ, દુનિયા મારો દેશછે અને મનુષ્યજાતિ મારા દેશ બાંધવો છે."

આ શબ્દો ઉચ્ચારનાર એક એવો મર્દ હતો કે જેણે પોતાના દેહની પણ કાળજી કર્યા વગર અમેરિકાની મુડીવાદી સરકાર સ્હામે જંગ ખેલ્યો. એ સમયે ગુલામીની ઘોર પ્રથા અમેરિકામાં જડ ઘાલી બેઠી હતી. ગુલામો પ્રત્યે જરાએ રહેમદીલી દર્શાવતી ન હોતી. તેઓ મનુષ્યોજ નથી પણ પશુથીએ ઉતરતાં અધમ છે એવી તે સમયની માન્યતા હતી.

આ માન્યતાની સ્હામે વિરોધ પ્રદર્શિત કરવો એ કાંઇ ન્હાની સૂની વાત ન હોતી. ગુલામ પ્રત્યે દયા બતાવનાર માનવીને છડે-ચોક ધુતકારી કાઢવામાં આવતો. તેનો બહિષ્કાર થતો અને શિષ્ટ સમુદાય તેનાથી ભડકીને દૂર ન્હાસી જતો. આવું તે સમયનું વાતાવરણ હતું.

પરન્તુ આ નરશાર્દુલે અમેરીકાના માનવીઓની ગુલામો પ્રત્યેની માન્યતાને ભૂંસી નાંખવા કમર કસી, તેણે ગુલામોનો ચિત્કાર સાંભળ્યો. તેમની વિતક-કથાથી તે માહિતગાર થયો. તેમના પર થતાં જુલ્મ અને ત્રાસનું પ્રત્યક્ષ સગી આંખે અવલોકન કર્યું અને પછી તેમની મુક્તિમાટે હામ ભીડી, લડત ચલાવી અને જીવનની ફનાગીરી કરી તેમના રક્ષણહાર બની તેમને મુક્તિ અપાવી.

અમેરિકાના ઇતિહાસમાં આ પુરૂષ ગુલામોના તારણહાર તરીકે મનાયો છે. અને આજે પણ ગુલામ પ્રજાના વારસો એની છબી સન્મુખ દ્રષ્ટી કરી પોતાની સદ્દભાવના વ્યક્ત કરે છે. આલમના ઇતિહાસમાં આ પુરૂષ ગૈરીજનના નામથી મશહુર છે.

ગૈરીજનની ૧૯મી સદીના પ્રારંભમાં એક સાધારણ ગૃહે જગતની પહેલી રોશની થઇ. તેની બાલ્યાવસ્થા ઘણા કષ્ટથી પસાર થઈ હતી. પિતાએ માતા તેમજ પુત્રને ત્યજી દેશવટો લીધો હતો એટલે આખા ઘરનો ભાર ગૈરીજનને માથે આવી પડયો, જોડાં બનાવી, ઝુંપડીઓ બાંધીને તેણે ઘરનું ગુજરાન ચલાવવા માંડયું. અભણ હોવાને લઇને બીજું કાંઇ કામ થઇ શકતું નથી એટલે મહેનત મજુરી કર્યા વગર છૂટકોજ ન હોતો.

મૂળથીજ ગૈરીજનનો સ્વભાવ ઉદ્યમી હતો. નિરક્ષરતા તેને ખુંચવા લાગી. બીજા શાળાઓમાં જાય, પુસ્તકો વાંચે :અને હું મોચીનું કામ કરી ગુજરાન ચલાવું? આ પ્રશ્ન એના મગજમાં ઘર કરી રહ્યો શા માટે હું શિક્ષણ ન લઉં? અને પછી તો વિદ્યાભ્યાસ માટે તેણે પાક્કો નિશ્ચયજ કર્યો.

ઘરખર્ચ તેને ચલાવવાનોજ હતો. આમ છતાં પણ બચતાં સમયે તેણે અભ્યાસ શરૂ કર્યો સાથે સાથે એક છાપખાનામાં પણ જવા માંડયું ટુંક સમયમાં તેણે પોતાનો અભ્યાસ એટલો તો કાબેલ બનાવ્યો કે તે લેખો લખવા પણ શક્તિમાન થયો.

૧૮ વર્ષની વયે માતા અવસાન પામી. ગૈરીજન હવે એકલોજ રહ્યો. આખી દુનિયામાં તેની સંભાળ લેનાર કોઈ ન રહ્યું. પ્રેસ કામ પૂર્ણ રીતે શીખી રહ્યા પછી તેના મીલનસાર અને મળતાવડા સ્વભાવને લઇને તેના મિત્રોએ એક પત્ર ચલાવવા માટે તેને સગવડ કરી આપી. હવે ગૈરીજન તંત્રી બન્યો. પરન્તુ તેનું પત્ર પુરતી વિકાસશક્તિ સાધે તે પહેલાંજ તેને તે બંધ કરવું પડયું.

ગૈરીજનનો સ્વભાવ સ્વાતંત્ર્ય પ્રેમી હતો. બંધન તેને ગમતું નહિ. મનુષ્ય સ્વતંત્ર રહેવાજ સર્જાયો છે. એવી તેની પ્રખર માન્યતા હતી અને આ માન્યતાએજ તેના કાર્યને નીડર બનાવ્યું હતું. કેટલોક સમય આમતેમ પસાર કર્યા પછી તે 'જર્નલ્સ ઑફ ધી ટાઇમ્સ' નામના પત્રનો તંત્રી બન્યો. આ પત્રનો મુખ્યઉદ્દેશ માદક દ્રવ્ય સ્હામે ઝુંબેશ ચલાવવાનો હતો. પત્રનું આધિપત્ય ગ્રહણ કર્યા પછી તેના પહેલાંજ અંકમાં તેણે પોતાનું નીડર વક્તવ્ય પ્રગટ કરી સારાએ અમેરિકાને ખળભળાવી નાખ્યું:—'મનુષ્યના કુદરતી હક્કપર ત્રાપ મારી તેને ગુલામ તરીકે બનાવવો એ એક અતિ અમાનુષી અને નિર્દય કાર્ય છે. અમેરિકાના રહીશો ને હું આ સ્હામે પ્રખર વિરોધ ઉભો કરવા આવ્હાન આપું છું. સ્વાતંત્ર્યપ્રેમી નવજુવાન અમેરીકનોને તેમના લઘુ બાન્ધવોની મદદે ધાવાની હું આસ્માનેથી ઘોષણા કરૂં છું."

એના આ વક્તવ્યે સારાએ અમેરિકામાં ચકચાર જગાવી. જ્યાં જુવો ત્યાં આજ વીષય ચર્ચાઇ રહ્યો. ગુલામોને મુક્તિ અપા-

વી? કેવું વિકટ અને વિચિત્ર કાર્ય? બધામાં સૌથી મુખ્ય ધ્યાન તો બેન્જામીન લૈંડી નામના એક વૃધ્ધનું તેની તરફ આકર્ષાયું. આ વૃધ્ધ કેટલાક વર્ષોથી ગુલામોની પ્રથા નાબુદ કરવા પ્રયત્નો આદર્યા હતા પરન્તુ તેમાં તેમને નિષ્ફળતાજ મળી હતી. ગૈરીજનપર લૈંડીના ઉપદેશોનો સારો પ્રભાવ પડયો અને એ સાથે પાદરીઓ પર તેનો ધીકકાર પણ વધ્યો.

ગુલામીની વિરૂધ્ધ આન્દોલન કરવું એ એક મુશ્કેલ કાર્ય હતું. આમ છતાં પણ ગૈરીજન ન ડગ્યો, તેણે તે પ્રયત્ન જારીજ રાખ્યો ભાષણો દ્વારા તે આ વિરૂધ્ધ પ્રચારકાર્ય કરવા માંગતો હતો પરન્તુ આ કાર્ય માટે બધેજ ગૈરીજન પર ધીકકાર વર્ષતો એટલે તેને સ્થાન પણ કોણ આપે? આમ છતાં પણ ગૈરીજન ન ડગ્યો. અન્તે ઘણી રહમજાવટને પરીણામે એક સ્થાન તેને મલ્યું. સભાની જાહેરાત થઇ અને નકકી કરેલા સમયે સભા મલી.

સભાનું કાર્ય શરૂ થાય તે પહેલાંજ ઉશ્કેરાટ વધવા માંડયો હતો. લોકો ગૈરીજનને ફાવે તેવી ગાળો દેતા હતા. શ્રીમંતોના કેટલાંક ભાડુતી માણસોએ આવી સભામાં ધાંધલ મચાવવા માંડી નિયત કરેલા સમયે ગૈરીજન બોલવા ઉભો થયો. પણ પહેલાં કહ્યું તેમ લોકો તેનું ભાષણ સાંભળવાં કંઇ ઓછાજ આવ્યા હતા. તેમને તો મજાહ જેવી હતી. તે ઉભો થયો અને બોલવા માંડે તે પહેલાંજ હોહા મચી રહી. 'બેસી જા બદમાશ' 'દૂર કરો એને' વગેરે વાકયો રોષથી તેની સ્હામે ઉચ્ચારવા લાગ્યા. ગૈરીજનને પણ મામલો બીચકતો લાગ્યો. બત્તીઓ બુઝાઇ ગઇ એ ધમાલમાં ગૈરીજન પર પત્થરો પડયા અને સભા સભાને સ્થાને રહી અને મહા મુશ્કેલીએ તે ઘરે સહીસલામત બચી જવા પામ્યો.

આ પછી ગૈરીજને લૈંડીની મદદથી એક પત્રની સ્થાપના કરી આ પત્રનો મુખ્ય ઉદ્દેશ શરાબખોરી બંદ કરવાનો તેમજ નીગ્રો જાતિને સ્વતંત્ર કરવાનો હતો. ગૈરીજનને આ પત્રના તંત્રીપદેથી નિગ્રોજાતિની મુકિત માટે પોતાની લડત આરંભવા માંડી. ઝમકદાર અને ઓજસ્વીની ભાષામાં લેખો લખી તેણે ધમધમાટી પ્રસરાવવાં માંડી. પહેલાંજ અંકમાં પોતાના પત્રની નીતિ સ્પષ્ટ કરતાં તેણે લખ્યું કે:—"અમે લોકોએ અન્ત સુધી આ આન્દોલન ચાલુ રાખવાનો નિશ્ચય કર્યો છે. અને મૃત્યુ સિવાય કોઇપણ શકિત અમને એ કાર્યમાં રોકી શકવા અસમર્થ છે."

પત્રમાં લેખો લખીજ તે બેસી ન રહ્યો પરન્તુ બે હજાર મનુષ્યોના હસ્તાક્ષરો સાથે તેણે ગુલામની વિરૂધ્ધ એક આંદોલન પત્ર પ્રગટ કર્યું અને પોતાના દેશની કૅાંગ્રેસમાં મોકલ્યું, પરન્તુ આ વિનંતિ પત્રનો જવાબ અત્યંત નિરાશજનક મલ્યો. કોંગ્રેસનાં સત્તાધીશોએ આ નવજુવાનની શકિતને અવલોકયા વગરજ ઉત્તર આપ્યો:—"તમારા આ પગલાંથી ગુલામો ઉશ્કેરાશે અને પરિણામે જાદવાસ્થળી જામવાનો ભય રહે છે માટે આ પ્રવૃત્તિ બંધ કરવી હિતાવહ છે."

સ્થિતિ વિચિત્ર બની હતી, અધિકારી વર્ગ તેમજ શ્રીમન્ત વર્ગ આ ચળવળથી તદ્દન અલિપ્ત રહેતો હતો. ગૈરીજનની આશા માત્ર જુવાનો પરજ હતી. જો જુવાનો આ વસ્તુ બરાબર સ્હમજી લે તો જરૂર ગુલામીનો અન્ત આવે, અને આથી તેણે નવજુવાનોને એકત્રિત કરવાનાં પ્રયત્નો આરંભવા માંડયા.

ગુલામો વિશેની લોકોની માન્યતા પણ અજબ હતી. તેમને ખાત્રી હતી કે જો ગુલામોને મુકત કરવામાં આવશે તો પછી ખેતી. તમાકુ કે રૂની પેદાશ સમૂળી બંધ પડી જશે. ખેતરોમાં કામ માટે મજુરો પણ મલશે નહિ અને દેશમાં દુકાળ પડશે. એ સમયે ખેતરોમા તેમજ કારખાનાઓમાં નીગ્રો પુરૂષો અને સ્ત્રીઓ વીના મજુરીએ કામ કરતાં હતાં. તેમની પાસેથી સકત અને ક્રૂર રીતે કામ લેવાતું તેમને અજ્ઞાન અને અશિક્ષિન રાખી જગતના વ્યવહારથી તદ્દન ભિન્ન રાખવામાં આવ્યા હતા. કોઇ નીગ્રો પોતાના સંતાનોને રમાડી ન શકે, પોતાની સ્ત્રી સાથે સુખથી બેસી પણ ન શકે હબસી લોકો અંદર અંદર પતિ-પત્નિનો સંબંધ પણ રાખી શકતાં નહિ. કારણ તેમનો માલિક જ્યારે ઇચ્છતો ત્યારે તેમને જુદા પાડી શકતો એમનાં બચ્ચાંઓને બળાત્કારે છીનવીને ગોરા લોકો તેમનું લીલામ કરતાં માતાપીતાને પોતાના સંતાનપર કોઇપ્રકારનો પણ હકક ન હોતો. જનાવરો કરતાં એ ક્રૂર અને અસહ્ય વર્તન તેમની પ્રત્યે દર્શાવવામાં આવતું હતું. બધાં નીગ્રો એકી સાથે: મળી શકતાં પણ નહિ. ભોગ જોગે જો દસ—બાર નીગ્રો એકઠાં થયેલાં જોવામાં આવે તો તેઓ બંડની તૈયારી કરે છે એમ ધારી તેમને પકડવામાં આવતાં અને સખ્ત સજા ફરમાવાતી. ગોરાઓ તેમને કોઇપણ પ્રકારની છુટ આપતાં ગભરાતાં હતાં. કદાચ તેઓ સ્વતંત્ર થાય તો?

આવા ઘાતકી વર્તાવે ગૈરીજન પર એટલી તો તીવ્ર અસર કરી કે તેનું મસ્તક લજ્જાથી નીચું નમી ગયું. મારા દેશ બાન્ધવોપર આટલો અમાનુષી અત્યાચાર? તેનાં મસ્તિષ્કમાં આ વિચાર ઘૂમી રહ્યો. તે દિવસથીજ તેમણે એ પશુતા ભર્યો રીવાજ નષ્ટ કરવાની પ્રતિજ્ઞા લીધી.

અને ગૈરીજને હવે ઉગ્ર લડત આરંભવી શરૂ કરી. અહીં લૈંડી સાથે તેને મતભેદ ઉત્પન્ન થયો. લૈંડી આવા ઉગ્ર વિચારના હિમાયતી ન હોતા. રીતસરનું પ્રચાર કાર્ય કરી આ રીવાજ નષ્ટ કરવાની તેમની મુરાદ હતી પરન્તુ ગૈરીજન એકજ ફટકે આ પ્રથાને તોડી નાંખવાનો મજબુત વિચાર સેવતો હતો. પરિણામે લૈંડી અને ગૈરીજનની જોડીમાં ભંગાણ પડયું.

એકલે હાથે આ યોધ્ધાએ પોતાની લડત ચાલુ રાખી વીરોધીની પરવા કર્યા વગર, કાર્યના પરિણામની આશા રાખ્યા વગર તેણે પોતાની કુચ આગળ ધપાવેજ રાખી. જરાએ કંટાળ્યાવિના, જરાએ થાકયા વિના તે પોતાના પ્રમાણીક માર્ગે પરવરતોજ રહ્યો.

સાથે પત્ર દ્વારા પણ શર-સન્ધાન ચાલુજ હતું પોતાની તેજસ્વીની કલમે ગુલામી વિરૂધ્ધ વાતાવરણ સર્જી લોકોમાં ગુલામો પ્રત્યે અનુકંપાની લાગણી પ્રગટાવવા માંડી. તેની સખ્ત અને આકરી ટીકાઓએ ગોરાંઓના કાળજા પણ છેદી નાખ્યા.

અન્તે એક ગોરા પર ઉશ્કેરણી પર ટીકા કરવાનાં આરોપસર તેને કારાવાસ સ્વીકારવો પડયો.

૪૯ દિવસ સુધી ગૈરીજન જેલમાં રહયો. અમેરીકાની સરકારે તેને જામીન પર મુકત કરવા કબુલ્યું. પરન્તુ જામીન કોણ થાય?

અન્તે એક કવિ મિત્રે તેના જામીન થઈ ગૈરીજનને મુકિત અપાવી.

હવે ગૈરીજને બમણાં વેગથી પોતાનું કાર્ય આરંભ્યું. કુનેહ અને બુધ્ધિપૂર્વક તેણે પોતાના મોરચાં ગોઠવવા માંડયા. વાતાવરણ તેની વિરૂધ્ધ હતું. બોસ્ટનના બધા શહેરીઓ એ પોતાના દ્વાર તેને માટે બંધ કર્યા હતા. છતાં પણ એ નિરાશ ન બન્યો. એક ઉદ્દામ વિચારની સંસ્થાએ પોતાનો હોલ ગૈરીજનને સભા માટે આપ્યો. ગૈરીજને પોતાના જાહેર વ્યાખ્યાનની જાહેરાત કરી. આ સભા સમક્ષ ગૈરીજને એવું તો અદભૂત અને ઓજસ્વી ભાષણ કરી શ્રોતાઓને પોતાની તરફ આકર્ષ્યા કે જ્યારે તેણે પોતાનું ભાષણ સમાપ્ત કરી જગ્યા લીધી ત્યારે આખો એ હોલ તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠયો.

આ પછી 'લીબરેટર'' નામના એક પત્રની સ્થાપના કરી પોતાનું કાર્ય તેણે વધુ પ્રગતિકારક બનાવવા માંડ્યું. આ પત્રનો આદર્શ એ હતો કે ''દુનિયા મારો દેશ છે. સંપૂર્ણ મનુષ્ય જાતિ મારા દેશ બાંધવો છે.'' પ્રથમ અંકમાંજ એક ઘોષણા પત્ર પ્રગટ કરી જાહેર કર્યું કે 'હું ગુલામોને સ્વતંત્રતા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી મરણ પર્યન્ત લડીશ.' આ ઘોષણા પત્ર પર બાર નવજુવાનોએ સહીઓ કરી પોતાની સેવા ગુલામીના ઉધ્ધાર માટે ગૈરીજનને ચરણે ધરી. એ બારે ગરીબ હતા પરન્તુ કાર્ય કરવામાં અત્યંત તેજીલા અને એકદીલી હતા.

કેટલાંક અમેરીકન શહેરીઓ કે જેઓ ગુલામોને મુકિત અપાવવાની વિરૂધ્ધ હતાં તેમણે ગૈરીજન સ્હામે આક્ષેપ મૂકયો:—''દેશવાસીઓની વિરૂધ્ધ અવાજ ઉઠાવવો અને દેશનું અહિત કરવું એ દેશદ્રોહી થવા જેવું છે.''

ગૈરીજને એનો પ્રતિકાર કરતાં કહ્યું:—''હું સત્ય બાબત વ્યકત કરી રહ્યો છું. મનુષ્ય મનુષ્યમાં ભેદભાવ રાખે તો તેનામાં અને પશુમાં ફેર શો? માર્ગ ભૂલેલા માનવીઓને સત્યના રાહે જવાનો માર્ગ દર્શાવવો એ શું ગુન્હો છે? અસહાય અને પિડિત માનવજાંતિની વ્હારે ધાવું એ શું અપરાધ છે?''

પછી તો અમેરિકાના ઇતિહાસમાં નવોજ યુગ આરંભાયો. ઇતિહાસ આ યુગને 'શહીદ યુગ'ના જ્વલંત નામથી પિછાને છે. ગૈરીજન અને તેના અનુયાયીઓએ દિવસરાત સભાઓ ભરી. પત્રિકાઓ વહેંચી વેગવંત પ્રચાર કાર્ય કરવા માંડયું. એમની સભાઓને તોડી પાડવા માટે અનેક પ્રયત્નો થતાં ગૈરીજન અને તેના મિત્રોની જીંદગી સદા ભયમાં રહેતી. તેમનાપર માર, ગાળ અને અપમાનોનો વર્ષાદ વર્ષતો. જ્યાં તેમની સભાઓ ભરાતી તે સ્થાનને પણ તોડી નાખવાનું, સળગાવી દેવાનું, વિરોધીઓ રૂડયા ન હોતા આમ વિરોધના વંટોળ વચ્ચે ગૈરીજન અને તેના સાથીતોએ ઝંમુંડવા માંડયું.

—અપુર્ણ

## અમદાવાદના એક જૈન સુધારક કુટુંબમાં આન્તર જાતિય લગ્ન.

તા. ૧૧–૫–૩૫ ને રોજ અમદાવાદના સુપ્રસિધ્ધ શેઠ પરસોત્તમ હઠીસીંગના પુત્ર શ્રી સર્વોત્તમના લગ્ન અમદાવાદ મ્યુનીસીપાલીટીના માજી એન્જીનીયરના પુત્રી ગુલાબબ્હેન સાથે સીવીલ મેરેજ એકટ અનુસાર ઉજવાઇ ગયા છે. વર સુધારક જૈન ઓશવાલ કુટુમ્બના છે. જ્યારે વધુ એક પ્રતિષ્ઠીત દક્ષિણી કુટુમ્બના છે. આ લગ્ન ભાઇ સર્વોત્તમના મામા અને શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇની પૂર્ણ સંમતિથી થયા હોય એવી જોરદાર અફવા અમદાવાદમાં ફેલાઈ છે. લાગતા વળગતાઓ આ લગ્ન–ભેદ પરથી પરદો ઉચકશે ખરા કે?

( અનુસંધાન પાનું ૩ થી ચાલુ)

છે, આખુ ઘર શોકથી છવાઈ રહ્યુ છે, છતાં કન્યાના વાલીઓ એક પછી એક ઘરમાં જમા થતાં ગયાં આમ દેશપર દેશ મળીને એકાતેર કન્યાના વાલીઓનો રાફડો ફાટયો.

નંદુશેઠ સાધારણ ભણેલા આગલીનો દીકરોને દીકરી પરણેલાં ચારપાંચ બાળક ન્હાનાં ફકત નગરશેઠ ને કારભારી, એટલે એ પૈસે પામીતા, નોકર ચાકરને ખુસામતખોરોની હાજરી. આથીજ કન્યાના વાલીઓ ઉભરાયા હશે. એમને પોતાની દીકરીઓને કેળવણી આપી સાચા શહેરી તરીકે ઉત્પન્ન કરવીજ નથી. એ બિચારા કેળવણી પેટ માટે સમજે છે. એટલે છોકરીને ભણાવીને શું કામ છે. આ એમની મુરખાઈ ભરેલી માન્યતાથીજ અને એમની મરજી આવે ત્યાં કન્યાને વળાવી દે છે. તેમાએ મુરતીયા કરતાં પૈસાની પહેલી પસંદગી અપાય છે.

નંદુશેઠે, ઘડી બે ઘડી માટે તો સંયમનો સુધારકનો બુરખો સજ્યો ને ગળગળા સ્વરે કહેવા લાગ્યા. ભાઈ મહારે હવે લગ્ન નથી કરવાં, હજુ તો મરનારની ચેહ બળે છે, ત્યાં હું સગપણ કરૂં? મહારા જીવતરમાં ધુળ પડી, શું તમારે મન લાકડુ ભાગ્યુ છે? સહેરબાની કરી સીધાવો ખાલી મને વધારે દુ:ખી કરશો નહિ.

શેઠના વેણે ઠીક ઠીક અસર કરી એટલે કોઇએ આનાકાની કરી નહિ અને જેવા આવ્યા હતા તેવા વીલેમહોડે રસ્તે પડયા.

શેઠે સ્વપ્નેય આ કલ્પેલુ નહિ. એટલે વિમાસણમાં પડયા. અને કોઈ નવી તરકીબનો પેતરો રચવાના ચાળે ચાલ્યા ત્યારે તેમનાથી ન્હાનો પણ તેમની સાથે સગાઈ અને મિત્રતાઇનો સંબંધ રાખનાર શેઠને સગપણ માટે સમજાવે છે. તેમ ખેંચપકડ જોર જેવી રીતે શેઠ આનાકાની કરે છે. ને આખરે જીવતરમાં ધુળ નાખી હાપાડી. એક અગીયારથી બાર વર્ષની કન્યાના વાલીને બોલાવી. સગપણની સંધીથી જોડાયા. ને નંદુશેઠનો રંડાપો ઘડીમાં પૂરો થયો છે.

નંદુ શેઠના સગપણથી ચોરે ને ચોપટે ગલીએ ને કુંચીએ અનેક યુવાને એકત્ર થઈ અનેક પ્રકારની ટીકાઓ કરવા લાગ્યા.

કોઈ કહે છે. એ ડોળઘાલુ સુધારકને એટલોય ખ્યાલ ન આવ્યો કે આ અગ્યાર બાર વર્ષની કુમળી કળી સાથે સગપણ કર્યાં, એતો એના બાપના સ્થાને કહેવાય.

બીજો કહે તું ભુલે છે. આપણા કારભારી સાહેબ બહુ મુત્સદી છે. એટલે નાની ઉમરની કન્યા સાથે સગપણ લાંબો વિચાર કરીને કર્યું હશે.

ત્રીજો કહે. ખરી રીતે આપણામાં સાચી યુવાની નથી આપણે સાચા સુધારક નથી. આપણા રાજ્યમાં આવી કુમળી કળીયોના અપાતા ભોગ અટકાવવાનો કાનુન નથી એટલેજ આવી લીલાઓ થાય છે.

ચોથો. એ બધું ડહાપણ ડોળો છો ને નંદુશેઠના માથે બધો ટોપલો મુકો છો પણ મને તો પેલા આપણા એકવખતના કહેવાતા......નોજ એમાં દોષ જણાય છે.

આ પ્રમાણે જેને ફાવે તેમ ટીકાઓ કરતાં યુવાનો વિખરાયા. ને નંદુશેઠના સગપણપર પડદો પડયો.

# : : જૈન સમાજ અને યુવાનો. : :

જૈન યુવક મહામંડળ તરફથી પુનામાં પ્રચારકાર્ય કરવા માટે શ્રી અમીચંદ શાહ, શ્રી મણીલાલ મોકમચંદ અને શ્રી માણેકલાલ ભટેવરાને મોકલવામાં આવ્યા હતા. આ ભાઇઓએ પુનામાં વસતાં જૈનોની એક જાહેર સભા સમક્ષ "જૈન સમાજ અને યુવાનો" એ વિષય પરત્વે જુસ્સાદાર અને વિચારવંત ભાષણો કર્યાં હતા. સભાના પ્રમુખ સ્થાને પુનાના એક નીડર જૈન કાર્યકર્તા શ્રી પોપટલાલ રાયચંદ શાહ હતા. સભામાં ભાષણોથી સારો ઉત્સાહ અને જાગૃતિ ફેલાયા હતા. અને મહામંડળના આવા પ્રચાર કાર્યને લોકોએ વધાવી લીધું હતું. એ ત્રણે ભાઇઓના ભાષણોમાંથી કેટલાંક અગત્યના ફકરાઓ નીચે તારવવામાં આવ્યા છે.

## એ જ્ઞાતિબંધારણો દૂર કરો.

જૈન સમાજનું સામાજીક બંધારણ વિશાળ છે. એમાં જાતિભેદ જેવું છે જ નહિ. કોઇપણ માણસ જૈન ધર્મ પાળી શકે છે અને તેની સાથે રોટી ને બેટી વહેવાર રાખી શકે છે, આપણા સમાજમાં કુંભાર, ખેડુત વગેરે શાસનના અગ્રણ્ય શ્રાવક ગણતાં. એ વિશાળ સમાજના સ્થળે આજે એટલી તો સંકુચિત સ્થિતિ આપણે અને આપણા કહેવાતા ધર્મગુરૂઓએ ઉભી કરી છે કે જૈન સમાજ આગળ વધવાને બદલે પાછળ જ હઠયા કરે છે.

સમાજના જ્ઞાતિ બંધારણો સમાજને પાયમાલ કરે છે. કેળવણીના દ્વાર બંધ કર્યાં છે, ઉંચ નીચના ભેદ ભાવ ઉભા કર્યા છે, કુરિવાજો અને ધર્માંધતાને પોષી છે, લક્ષ્મીનંદનનોને થાબડયાં છે. ટુંકમાં સ્પષ્ટ કહીએ તો જ્ઞાતિ બંધારણોએ સમાજના ટુકડે ટુકડા કરી નાંખી તેને મૃત:પ્રાય સ્થિતિમાં આણી મૂકયો છે. એ પ્રગતિ વિરોધક જ્ઞાતિબંધારણોને ફગાવી દેવા યુવક વર્ગે હવે કમર કસવી જરૂરી છે.

—**શ્રી અમીચંદ ખેમચંદ શાહ.**

## યુવક સંગઠ્ઠનની જરૂરીયાત.

સમાજને ફોલી ખાતી અને નિસ્તેજ બનાવતી રુઢીઓનો નાશ નોતરવા માટે યુવકોના સંગઠ્ઠનની જરૂર છે. જૈન યુવક મહામંડળની સ્થાપના કરી તેના છત્ર નીચે દરેક સંસ્થાના યુવકમંડળો એકત્રિત થાય અને આપણા સામાજના અનિષ્ટ તત્વો સ્હામે એકધારી સતત ઝુંબેશ ચલાવે તો મનમાન્યું પરીણામ આવી શકે. આપણા સમાજના પૈસાનો વ્યય મોટે ભાગે મંદિરોના વિલાસ વૈભવ અને સાધુઓના પોષવા પાછળ વપરાય છે. જુવાનોએ આ નીતિ સ્હામે જંગ ખેલવાની જરૂર છે. અને આવા કાર્ય યુવકોના સંગઠ્ઠન વગર પૂર્ણ રીતે પાર પણ ન પડે.

—**શ્રી મણીલાલ મોકમચંદ**

## જૈન જાતિની અધોગતી.

શહેનશાહ અકબરના વખતમાં જૈન સમાજની વસ્તી ચાલીસ લાખની હતી. પણ આજે માત્ર સ્હાડાબાર લાખ જૈનો જ જોવામાં આવે છે. અને તેમાંએ આ ન્હાનો સમાજ ત્રણ ચાર ફીરકાઓમાં વહેંચાઇ ગયો છે. વળી દરેક ફીરકાઓમાં ઉપફીરકા અને શાખાઓ સ્થાપવામાં આવી છે જેવી કે શ્વેતાંબર મૂર્તિપૂજક સ્થાનકવાસી દીગંબર, તેરાપંથી વગેરે, દીગંબર સમાજની સંખ્યા ૪૫૦૫૮૪ હોવા છતાં પણ તે ૮૭ જાતિઓમાં વહેંચાઇ ગયો છે. અને જ્યારે દરેક જાતિની લોકસંખ્યાની ગણત્રી જોવામાં આવી ત્યારે માત્ર ૯૪ પુરૂષો અને થોડીક સ્ત્રીઓ જ મલી આવી. આ ઉપરથી સ્પષ્ટ દ્રષ્ટિગોચર થાય છે કે અંદર અંદરમાં બેટી વ્યવહાર ન હોવાને લીધે દરેક જાતિ નષ્ટ થવાના પંથે છે. દીગંબરોના જેવીજ સ્થાનકવાસીઓની અને શ્વેતાંબરી મૂર્તિપૂજકોની સ્થિતિ છે. આ સ્થિતિ જૈન સમાજ માટે અસહ્ય છે.

## પુનાનાં જૈનોની સામાજીક સ્થિતિ.

પુના જીલ્લાનાં જૈનોની લોકસંખ્યા બારહજારની છે તેમાં ૬૮૪૪ પુરૂષો અને ૫૧૫૬ સ્ત્રીઓ છે, આ સ્ત્રીઓમાં તો ૯૬૪ વિધવાઓ છે. વિધવાઓ થવાના અનેક કારણોમાં એક કારણ બાળલગ્નો પણ છે. પુના જીલ્લામાં એકથી વીસ વર્ષ સુધીનાં બાળકોમાં ૯૮૫ બાળકો તો લગ્ન ગ્રંથીથી જોડાઇ ગયાં છે!

શિક્ષણની દૃષ્ટિએ તો આ જીલ્લો તદ્દન જ ગરીબ છે. બાર હજારની વસ્તીમાંથી ૬૮૧૯ અભણ છે. જેમાં ૨૨૩૦ પુરૂષ અને ૪૫૮૯ સ્ત્રીઓ છે. આ જીલ્લાના યુવકોએ ધ્યાનમાં રાખવું જોઇએ કે પાંચથી દશ વર્ષના તમામ બાળકોએ શાળામાં જઇ શિક્ષણ લેવું જોઇએ પરન્તુ ૧૦૨૮ બાળકો શિક્ષણ લેતાં નથી અને દશથી પંદર વર્ષ સુધીની વયનાં ૭૬૭ અને પંદરથી વીસ સુધીના ૫૮૮ પણ જતાં દેખાતાં નથી. આ ભીષણ પરિસ્થિતિમાંથી જો યુવક જાગૃત ન થાય અને શિક્ષણ પ્રચારાર્થે યોગ્ય પ્રબંધ ન કરે તો આ યુવક પેઢી અશિક્ષિત રહેશે અને સામાજનું ઉત્થાન કોઈ કાળે પણ થશે નહી.

—**શ્રી માણેકલાલ ભટેવરા**


## ચીનગારીઓ.

### 'તરૂણ જૈન'નું એક ધીકતું પ્રકાશન

સમાજની જુની કિલ્લેબંદીના ભુક્કા ઉડાવતું, મંદિરો અને ઉપાશ્રયોની વહીવટ નીતિ સ્હામે મોરચાં માંડતું અને સમાજનાં સડેલાં કલેવરમાં ચીનગારી પ્રકટાવતું આ પુસ્તક એકે એક જૈન જુવાન જરૂર વાંચે.

આ પુસ્તકની સમાલોચનાં કરતાં 'નવભારત' લખે છે કેઃ—

માત્ર ૩૦ પાનાંની આ ન્હાનકડી પુસ્તિકા તેના નામ પ્રમાણે અગ્નિની ચીનગારી જેવીજ છે. તેમાં ૧૦ નાના લેખો આપવામાં આવ્યા છે.

પણ આ દરેક લેખ જુના પુરાણાં જૈનધર્માવલંબીઓમાં આગ સળગાવે એવા છે. અમને તો આ ન્હાના પુસ્તકનો એકે એક લેખ ઘણો ગમ્યો છે અને દરેક જૈન કિશોર અને યુવાનના હાથમાં આ ચીનગારીઓ પહોંચી જાય એવી વ્યવસ્થા કરવાની જરૂર છે. એકે એક લેખમાં જૈન સમાજનાં સડેલાં કલેવરને સુધારવાની તમન્ના જોરદાર ધગધગતી ભાષા શૈલીમાં પ્રતિબીંબીત થાય છે."

**- કિંમત ૪ આના -**

પ્રાપ્તિસ્થાનઃ—'તરૂણ જૈન' ઑફીસ,
૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.




## તા : ર : વ : ણી....

* પાલીતાણામાં દીક્ષાનો રાફડો ફાટ્યો છે. ન્હાના બાલકો અને બાલિકાઓને ધર્મના ઇજારદારોએ મુંડવા માંડયા છે. આ મુંડણ ક્રિયા પાછળ ધર્માંધતા નથી પણ ભુખમરો અને ગરીબાઇ જ છે.

* પેલા નામચીન મોહન-વીજયસુરીજી પાલીતાણામાં ચોમાસું કરશે. મુકામ ધર્મ-શાળામાં ન રાખતાં ગામની મધ્યમાં આવેલી પાઠશાળામાં પડાવ નાંખ્યો છે. આ પાઠશાળામાં જુવાન સ્ત્રીઓની સારી જેવી સંખ્યા પણ ભણવા આવે છે. ગામના જુવાનો મુનીજીનાં આ પગલાંથી ભડકી ઉઠયા છે.

  આજકાલના મુનીજીઓ સ્ત્રીઓની સમીપ રહેવાનું ઘણું પસંદ કરે છે. કદાચ ધર્માજ્ઞા હશે?

* એક જૈન કોલેજ સ્થાપવાની વાત બહાર આવી છે.

  હજારો રૂપિયાનો ધુમાડો મંદિરો અને ઉપાશ્રયો પાછળ થાય તેના કરતાં આવી વિદ્યા-વર્ધક સંસ્થા પાછળ પૈસા ખરચાય. એ હિતાવહ છે.

  અમે રથ હાંકવાની તેમજ પૂજનની શરતમાં બીટ માંડનારા ગૃહસ્થોને આવી સંસ્થાના સ્થાપન માટે સોદા કરવાનું આમંત્રણ આપીએ છીએ.

* આકોલા ના જૈન વિધવાશ્રમના એક સંચાલક કસ્તુરચંદના ઘોટાળા અન્તે પ્રકાશમાં આવ્યા છે. મારૂતી સખારામ નામના સખ્શની સાથે એક સધવાના લગ્ન કરાવી આ ગૃહસ્થે મન માન્યા પૈસા પડાવી લીધા. સ્ત્રીના આગલા ધણીને આ વાતની જાણ થઇ. આખો વરઘોડો અદાલતે ગયો. અને આ જૈન પંડિતજીને આઠ મહિનાનો સખ્ત કારાવાસ સ્વીકારવો પડયો.

  ધીરે ધીરે કોથળામાંથી બીલાડાંઓ બહાર પડવા માંડશે ત્યારે જ ધર્મઘેલી પ્રજાના ચક્ષુ ઉઘડશે.

* 'સુધારકોએ ભ્રમણાઓ ફેલાવી ભાંડણનીતિ અખત્યાર કરી છે. ધર્મીઓએ તેમનાથી ચેતવું ઘટએ.' જૂનવાણી વિચારનું અને પ્રગતિનું અવરોધક વીરશાસન બળાપો કરે છે.

  ભ્રમણાની જાળ તો ધર્મના ઇજારદારોએ જ અજ્ઞાન અને ગરીબ પ્રજાપર પાથરી છે. અને ભાંડણનીતિ કોણે અખત્યાર કરી છે તે તો એ પત્રનો કોઇપણ અંક ઉથલાવતાં સ્હેજે સ્હમજી શકાય એવી વાત છે.

* 'ભોળી પ્રજા સુધારકોની ચાલબાજીમાં ફસાવા માંડી છે.'

  પણ વર્ષોથી દંભી ધર્મગુરૂઓની જાળમાં ફસાયલાંઓનું શું?

* 'ઇમારતના સર્જન માટે બુધ્ધિમાન ઇજનેરોની જરૂર પડે છે.'

  ખરીવાત છે. અને સાથે આ પણ સત્ય જ છે કે ઇમારતના પાયા હચમચાવવા માટે કે તેને તોડી નાંખવા માટે સાધારણ મજુરો નહી પરન્તુ કાંડા બાવડાં સાબુત હોય એવા જ મજુરો કામે લગાડી શકાય છે.

## કદમ્બગીરી (બોદાના નેસ) ના જીનાલયમાં શીલાલેખની તકતી.

નેમીસૂરીના ઉપદેશથી બંધાયેલ જીનાલય ઉપર તેમની જ સહાનુભૂતિથી તૈયાર થયેલ તકતી મંદિરના આગલા ભાગ પર લગાડવામાં આવી છે તે નીચે મુજબ અક્ષરસ: છે. તેના ઉપરની અમારી વિચારણા આવતા અંકે આવશે. —તંત્રી.

"શ્રી જીનદાસ ધરમદાસની પેઢી કદમ્બગીરી (બોદાના નેસ.)

"શાસન સમ્રાટ સૂરિચક્ર ચક્રાવર્તી જગદગુરૂ સર્વતંત્ર સ્વતંત્ર, તીર્થરક્ષક. તીર્થપ્રભાવક, તપગચ્છાધિપતિ, ભટ્ટારર્ક, આચાર્ય મહારાજાધિરાજ, શ્રીમાન નેમવિજય સૂરીશ્વરજ મહારાજ સાહેબજીના સદુપદેશથી આ શ્રી કદમ્બવિહાર નામનું બાવન જીનાલય તથા શ્રી સર્વ લબ્ધી સંપન્ન શ્રી ગૌત્તમ ગણધર મહારાજ વગેરે પૂર્વ સુહિઓની દેરીઓ બાવન દેરાસરં શ્રી જૈન શ્વેતાંમ્બર મૂર્તીપૂજક તપાગચ્છીય શ્રાવક વર્ગોએ બંધાવ્યું છે, તથા તેઓએ જ તેને લગતી ધર્મશાળા તથા પોસધશાળા વગેરે બંધાવેલાં છે. અને શ્રી કદમ્બગીરીજી ઉપર હાલમાં નવું દહેરૂં બાવન જીનાલય સમેત તેઓ જ બંધાવે છે."

"નીચેની તથાં ઉપરની તમામ જમીનો શ્રી જૈ, શ્વે. મૂ. તપાગચ્છીય જુદા જુદા શ્રાવકોના નામથી વેચાણ લીધેલી છે. આ તમામનો વહીવટ કરવાને આચાર્ય મહારાજશ્રીના સદુપદેશથી શ્રી જીનદાસ અને ધર્મદાસના અથવા જીનેશ્વર ધર્મદાસ એવું જોડીને કલ્પિત નામ તપાગચ્છીય શેઠ શ્રી જીનદાસ ધર્મદાસના નામની પેઢી સ્થાપેલી છે. આ પેઢી ઉપરના તથા નીચેના તમામ સ્થાનકો અને જમીનનોનો કુલ વહીવટ કરશે અને અધિપતીપણું તેનું જ રહેશે."

"**આ પેઢીના પ્રતિનિધિઓ કાયમ શ્રી શ્વેતાંમ્બર મૂર્તીપૂજક તપાગચ્છના શ્રાવકો જ થઇ શકશે.** કદાચ બાપદાદાનો બીજો ગચ્છ નામ માત્રનો હોય પણ કાયમ તપાગચ્છની ક્રિયા કરનાર તથા તપાગચ્છની પૂર્ણ શ્રધ્ધાવાળા હશે તેને પણ તપાગચ્છના જ ગણવામાં આવશે."

"**નીચેનાં મંદિર તથા ધર્મશાળા વગેરે તથા ઉપરના બંધાતાં દેરાસરો તથા જે જે બંધાશે તે દેરાસરો, ધર્મશાળા અને કુંડા, વગેરે એટલે કે બંધાયલા** બંધાતા, અને બંધાશે તે તમામ આ પેઢીની ખાનગી મિલ્કત રહેશે."

"ઉપરનાં અને નીચેનાં તમામ મંદિરો વગેરેમાં શ્રી. શ્વે. મૂ. સંઘ સિવાય કોઇએ પણ આ પેઢીની આજ્ઞા સિવાય પેસવું નહી. અને પેસવાનો હક્ક પણ નથી,"

"અસ્પૃશ્ય ગણાતી જાતિમાંનો કોઇપણ હાલ તો જૈન, જણાતો નથી, પણ કદાચ કોઇ કાળે જૈન થાય અગર હું જૈન છું તેવું નામ ધરાવે તો પણ તેને મંદિરમાં પ્રવેશવાનો હક નથી. અને ધર્મશાળા કુંડા વગેરેમાં પણ પુરાતન કાળથી આજ સુધી ચાલી આવેલી જૈન લોકોની પ્રણાલિકા પ્રમાણે જ વર્તવા દેવામાં આવશે નહી અને વિરૂધ્ધ વર્તવાનો તેઓને હક્ક નથી."

તેમજ આ સ્થાનકોની બાબતમાં કોઇ પણ પ્રતિનિધિ કોઇ પણ કાળે પુરાતન કાળથી આજ સુધી ચાલી આવેલી જૈન લોકોની પ્રણાલિકાથી વિરૂધ્ધ વર્તવા દેવાનો હક્ક નથી અને **નવો વિચાર કરનાર કોઇ નીકળે તો તેજ ઘડીએ પ્રતિનિધિપણાથી રદ્દ સમજવો."**

ઉપર લખેલી તમામ શરતોએજ દેરાસરો, ધર્મશાળાઓ, કુંડો, વગેરે બાંધવામાં આવ્યા છે તથા બંધાય છે અને બંધાશે."

આ પત્ર શ્રી અમીચંદ ખેમચંદ શાહે ઑનેસ્ટી પ્રીન્ટરીમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું.

છુટા પાડો

Regd No. B. 3220.





| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ ૧-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું : અંક ૨ જો |
| છુટક નકલ ૧ આનો. | : : તંત્રી : શ્રી તારાચંદ કોઠારી : : | બુધવાર તા. ૧-૬-૩૫ |


# ..ઇન્સાફની તરફદારી..

રૂઢીઓનાં અને વ્હેમોના દાંતાવાળાં ચકકરો એમને એમ ચાલ્યાંજ જતાં તમને દેખાશે. પરંતુ આજે જે અમારો વિરોધ કરશે તે અન્તે તો બેવકૂફજ બનવાનો છે. તમે અમને કહેશો કે સમસ્ત સમાજ તમારો વિરોધ કરે છે. તમે કહેશો કે અમે તો કોઈ સાગરઘેલડા છીએ તમે એમ પણ કહેશો કે અમે તો ચળવળીયા છીએ. પ્રત્યક્ષ પરિણામો નહિ દાખવનારા અમારા નાચીજ પ્રયાસ તરફ તમને કદી હમદિલી આવશે તો તમે અમને એમ કહેશો કે, 'દિવાલ સાથે માથું અફાળવામાં શો સાર કાઢશો ?' પરંતુ અમે તો કોઈનાય વિરોધની દરકાર રાખ્યા વગર અમારૂં કાર્ય ચાલુજ રાખવાના, પરિણામ આવે કે ન આવે, કાંઇપણ અસાધારણ કાર્ય ભલે અમે ન કરી શકીએ તો પણ એકજ તમન્ના,- એકજ ધ્યેય અને એકજ લગનીથી અમે સૂતાં અને જાગતાં અમારૂં કાર્ય ચાલુજ રાખીશું. આટલુંય અમે કરી શકીશું તોય અમને સંતોષ રહેશે. અમારૂં એ કાર્ય શુધ્ધ ઈન્સાફની તરફદારીનું છે. એના મુખપાઠ અમે મનમાંને મનમાં ગોખ્યાંજ કરીશું. અને એમાંથી અમે બળ અને પ્રેરણા મેળવીશું. અમારા કાર્યનું પરિણામ આજે ભલે ન આવે. વર્ષો પછી યે ભલે ન આવે. જ્યાં સુધી તમારી અંધશ્રધ્ધા ન તૂટે, જ્યાં સુધી કુરિવાજના પડલો દૂર ન થાય, જ્યાં સુધી તમને નયું સત્ય દેખાયાની ખાતરી ન થાય અને શુધ્ધ ઇન્સાફના મુખપાઠ તમે જાતેજ ઉચ્ચારતાં ન થાવ ત્યાં સુધી અમે રાહ જોવાને તૈયાર છીએ. સાચ્ચે માર્ગે લઇ જવાના અમારા પ્રયત્નો એ સુઅવસર સુધી અવિરત, અવિશ્રામ અને એકદીલીથી ચાલુજ રહેશે તેની ખાતરી રાખશો. પરન્તુ અત્યારે તો અમારા આ શબ્દો તમારા હૃદયપટ પર કોતરી રાખજો કે એક વાર તો શુધ્ધ ઇન્સાફની તરફદારી તમારે કરવીજ પડશે. છુટકોજ નથી."

હોરેસ ટ્રોબેલ.

### : આજ અને કાલ :

પ્રાચીન કાળમાં દેવમૂર્તિઓ પત્થરની હતી. એનાં પૂજારીઓ સોનાના હતા. અર્વાચીન કાળમાં દેવમૂર્તિઓ સોનાની છે. પૂજારીઓ પત્થરના છે.

**સેવોના રોલા.**

### : જુનું અને નવું :

**પ્રાચીન લોક કથાઃ** ધર્માચાર્યો નવો ધર્મ સ્થાપે. એ ધર્મ સ્થાપવા કોઇ મહારાજા લડાઇ કરે. હજારોની કતલ કરે, લાખોને પરાધીન બનાવે. લુંટની દોલત ધર્માચાર્યોને ચરણે ધરે. ધર્માચાર્યો મંદિરો બંધાવે. પોતાની ગાદી સ્થાપે. મહંતો મોજ કરે. ધર્મની ધજા ફરકે

**અર્વાચીન લોક કથાઃ** પ્રાચીન લોકકથાઓએ પેદા કરેલાં અનર્થોનો નાશ.

**સેમુર ડેમીંગ**

### : પરાજયનો ઇતિહાસ :

મારો અનુભવ છે કે, છેલ્લાં પચાસ વર્ષદરમ્યાન ગુલામી, ધર્મ, સમાંજ, કે અન્ય કોઇયે રાજકીય કે સામાજીક પ્રશ્નોની જ્યારે જ્યારે ચર્ચાઓ થઇ છે ત્યારે ધર્મગુરૂઓ, સમાજના મનાતા આગેવાનો, ને ઉચ્ચ કુટુંબના અંગભૂતો એકેકએક વાર સદંતર જૂઠાજ હતા. એમનો પક્ષ એકેકએકવાર સામાજીક ગેરઇન્સાફને નિભાવવાજ માંગતો હતો.

**ગ્લૅડસ્ટન.**

—: શનિવાર તા. ૧–૬–૩૫ :—

# તરૂણ જૈન

## છૂટા પાડો.

સામાજીક સુધારાનું આપણું કાર્ય સાવ સ્હેલું છે અને આ પાર્થિવ શકિતઓને આમંત્ર્યા વિના શકય પણ છે. ન્હાનકડાં કાર્યને પહાડ જહેવડાં મ્હોટાં કલ્પીને સ્વશકિતની વિડંબના નહિ કરીએ તો એની સીધ્ધિ સહજ છે. માત્ર બીજી કોઇ હેતુ સિધ્ધી વિના મજુરની પ્રમાણિકતાથી આપણે મથી રહેવું જોઇયે.

એક તરફ પ્રમાણિકતા પૂર્વક પરિશ્રમ લેવાતો હોય, બીજી તરફ એજ પક્ષની કોઇ નબળી પાંખ ખૂટલ નિવડે ત્યહારે પરિણામ ધાર્યું આવતું નથી. આ માટે પક્ષની રચના બરાબર થવી જોઇએ. પક્ષની મહત્તા સંખ્યા બળથી નહિ પણ અડગતા અને તાલબધ્ધતા પર મનાવી જોઇએ. સંખ્યા આંગળીને વેઢેજ ભલે ગણાય પણ એ બધ્ધાં સિધ્ધાંત ભકતને સબળ હોવાં જોઇયે. લાગે કે એ ડગી પડશે એવાંને તત્કાળ દૂર કરી દેવાં જોઇયે.

વર્ષો પ્હેલાં આપણી મહાસભામાંથી લીબરલ્સને હાંકી કાઢવામાં આવ્યા, એમની રીતે એમનું કાર્ય એ ભલે કરે પણ અમારી મધ્યમાં રહી, અમારામાં નિર્બળતા પ્રચારવાનું કાર્ય અમે એમને નહિ કરવા દઇએ. એ એની પાછળનું માનસ હતું.

લીબરલ્સ પણ સ્વરાજ માગે છે. પરદેશી સત્તાથી લીબરલ્સ પણ અકળાય છે. આપણે ત્યાંનો એક પક્ષ–જહેને અમે જૈન લીબરલ્સ કહીએ છીએ–તે પણ પરિવર્તન માગે છે અને ધાર્મિક જુલ્મોથી અકળાય છે. પણ સ્વભાવે ને વર્તને આ જૈન લીબરલ્સ સૌને રાજી રાખવામાં, પોતાનું સ્થાન સાચવી રાખવામાં માનતો હોય છે. આપણા પોલીટીકલ લીબરલ્સની માફક આ જૈન લીબરલ્સ એમને બન્ને પક્ષો વચ્ચેની કડી તરીકે મનાવે છે અને પ્રસંગોપાત બન્ને પક્ષોને રમાડી જઇ દહિં દુધીઆ પ્રવૃત્તિ જારિ રાખે છે.

ધાર્મિક કે સામાજીક વિપ્લવ સળગાટનાં ભિતરનાં કારણો ગમે તે હોય પણ આજ લગીના ઇતિહાસમાં લિબરલ્સ ક્રાન્તિ કરી શકયા હોય એવાં દ્રષ્ટાંતો અમારે હજુ જાણવાનાં બાકી છે. 'છૂટછાટ વાદી' અને ક્રાંતિવાદી એ બન્ને શબ્દોજ ભાવનાનાં જોજનો જચ્હેટલાં અંતર સ્હમજાવી શકવાને સમર્થ છે.

'લોક શું કહેશે? સાથ નહિ આપે તો સ્થાન ગૂમાવીશું. ઉશ્કેરાશે તો આજીવીકાનાં નવાં સાધન શોધવાં પડશે'—આ પ્રકારની સતત્ ચિંતા સેવતાં ભીરૂ માનવીઓ ક્રાન્તિ નજ સર્જાવી શકે, ક્રાન્તિનાં સર્જન એનેજ સાધ્ય હશે કે જહેને સત્યને માર્ગે ચાલતાં ઉશ્કેરાયલો લોકમત ડગાવી ન શકે, ડગી ગયેલા સાથીઓ છતાં જહે એકાકીને અણનમ ઉભો રહે, સ્થાનની મહત્તાને જહે તુચ્છ ગણે અને પેટ ભરવાની વાતપર સિધ્ધાંત ભોગ દેવાની લાલચને જહે હસી કહાડે, એનાં. મંતવ્યોને પ્રચારતાં જહે બીજાં પ્રલોભનોને અટ્ટહાસ્યથી અટકાવી મસ્ત બને એજ સમાજમાં વિપ્લવ પ્રેરી શકે કે આવકારી શકે.

આ પ્રકારનાં માનવીઓને અંગ્રેજી ભાષામાં Free lance કહે છે. Free lance નો ગુજરાતી શબ્દ હજુ શોધાયો નથી બંધનોના વળગાડ વિના, લોકમતની પરવા વિના આ પ્રકારના માનવીઓ એમને માર્ગે જગતના કલ્યાણની કોઇક ભાવના લઇને, એ ભાવના પાછળ ફના થઈ જાય છે. માન હાની કે સ્થાનભ્રષ્ટતા એમને નમાવી નથી શકતા. એમનો માર્ગ કોઇથી રૂંધાતો નથી,

આવા હતા સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ. અનુયાયીનાં વૃંદ એણે નહિ જમાવ્યાં. એનો શબ્દ ઝીલનારાઓનો એ શાસક બન્યો નહિ. કોઇ વાદનો એ અંધભકત બન્યો નહિ અને એનાં કર્તવ્યોથી એણે સૌને ચમકાવ્યા કર્યાં. પ્રતિષ્ઠાને ભોગે એણે અનેકવાર મહાત્માજીને પણ સત્ય કહેતાં આંચકો અનુભવ્યો નહિ. વડી ધારાસભાના પ્રમુખ પદને જોખમે એણે કમાન્ડર ઇન ચીફ ને તતડાવી કાઢયો અને સર સાયમનને સભ્યતા શિખંવાડી. પ્રશંસાને ફિટકાર એનાં પૂર્વગામી ચિંતન ન્હોતાં, કાર્ય પછીનાં એ પરિણામ હતાં.

આ પ્રકારના Free lance આપણા સમાજમાં આજે નથી. અને એટલા પ્રમાણમાં પરિવર્તન થોડોક સમય લેશે. અશકય નથી તો સમયની ચિંતા નથી એટલે આજે તો આપણે પરિવર્તનને યોગ્ય ભૂમિકા તૈયાર રાખીએ. એરણ પર હથોડાના ઘા ચાલુજ રહે તો કઠણ ધાતુ પણ પતળી બની જવાની છે. લોક માનસ પર આપણે એજ રીતે છાપ ઉઠાવવા પ્રયત્ન કરવાનો છે અને એક દિવસ એ પ્રયત્ન સફળ થશે, સાચા જૈન સિધ્ધાંતો બુધ્ધિપૂર્વક સ્વીકારાશે ત્યહારે આજના અનર્થો પળોમાં વિલીન થશે.

પણ આ ત્યહારેજ થઇ શકે કે જયહારે આપણાં પક્ષમાં નિર્બળતા પ્રચારતા અને વિપ્લવ વાંચ્છુઓને 'માર્ગ ભૂલ્યા એકાંત વાદીઓ' કહી ડહાપણ ડોળનારા જૈન લીબરલ્સને આપણે દૂર કરી દઇએ.

આપણે એમને સ્હમજી લેવા જોઇએ. પ્રતિષ્ઠા એમને સાચવવાની હોય એટલે નિર્દંભ સત્યની ઉપાસના એ ન કરી શકે. સામાજીક સુધારાની એમની પ્રવૃત્તિ પાછળ એમને પેટના ખાડા પૂરવાના હોય છે એટલે લોકમનની ઉપેક્ષા એ ન કરી શકે. ઘણાના રાજીપામાં જ ધંધાદારી વિકાસ એમને માટે સુલભ નિવડે. અમે એમને સ્હમજીએ છીએ. અને એને સારૂ અમે એમને દોષ દેતા નથી. એમની રીતે સામાજીક સુધારનું એમનું કાર્ય ભલે કરે પણ આપણાજ અંગભુત ગણાઇને આપણાં અંગ છેદન કરવાની સુગમતા આપણે એમને નહિ કરી દેવી જોઇએ. આપણા પક્ષમાંથી એમણે છૂટા થવું જોઇએ આપણે એમને છૂટા કરી દેવા જોઇયે.

### સુધારીને વાંચવું.

મુખપૃષ્ટ ઉપર 'બુધવાર તા. ૧–૬–૩૫' છે ત્હેને બદલે શનિવાર તા. ૧–૬–૩૫ વાંચવું છેલ્લા પેજ ઉપર નગ્ન સત્યોના પાચમાં પેરાની ત્રીજી લાઇનમાં 'શૈત્યવંદન' છે ત્હેને બદલે 'ચૈત્યવંદન' વાંચવું.

# સોસાયટી સંમેલન.

હવાઇ જહાજોમાં વિહરતી આ વિસમી સદીમાં 'સંમેલન' એ પ્રગતિ માટે ખુબ અગત્યની બાબત મનાય છે. કારણ કે ત્હેમાં એક બીજા નિકટના સહવાસમાં આવી વિચારોની આપલે કરી શકે છે. વિચારોની આપલે કરવી એ માર્ગ દર્શન માટે ઇચ્છનીય છે. સંમેલનમાં એ અત્યંત સરલતાથી થઈ શકે છે. અને પછી કોઇ માર્ગ નિયત કરી તે તરફ આગળ ધપવાનું ધ્યેય સ્વીકારાય છે સંગઠન માટે પણ ત્હેની આવશ્યકતા છે. અમે એ દૃષ્ટિથીજ તા. ૧-૨-૩ જુન ૧૯૩૫ ના દિને મુંબઈમાં ભરાતા 'ધી ઓલ ઇંડીઆ યંગમેન્સ જૈન સોસાયટી સંમેલનને આવકાર આપીએ છીએ. અને ઇચ્છીએ છીએ કે સમાજના સળગતા પ્રશ્નોનો નૂતન દૃષ્ટિએ વિચાર કરી કંઇક તોડ કાઢે, ખાસ કરીને 'બાળ-દીક્ષા' કે જેનાથી સમાજનો મોટો ભાગ ત્રાહિ ત્રાહિ પોકારે છે. અને જહેના કટુ ફળોનો સોસાયટીના આગેવાનોને પણ અનુભવ થયો છે. ત્હેની અટકાયત કરવી જોઇએ. ધાર્મિક તેમજ સામાજીક ખાતાઓના વહીવટની ચોખવટ માટે પણ તેટલોજ અવકાશ છે.

જગતમાં આજે ખુબ પરિવર્તન થઈ રહયું છે. આપણો સમાજ પણ ત્હેનાથી અલિપ્ત નથી જો આપણે બીજી ભાઈબંધ કોમોની જોડે પ્રગતિ સાધવીજ હોય તો આપણે પરિવર્તન કર્યેજ છુટકો છે. વિધિ વિધાનો કે સામાજીક કાનુનોમાં ક્રાંતિ કરવી ત્હેનો એ અર્થ નથી કે મહાવીરના સિધ્ધાંતોને બાજુએ મૂકવા એ સિદ્ધાંતોને અબાધિત રાખી સામાજીક હાનિકારક કાનુનો અને હાલ પ્રચલિત કેટલાંક ધાર્મિક વિધિ વિધાનો કે જે નિષ્ફળ પૂરવાર થયાં છે. ત્હેમાં પરિવર્તન કરવાની જરૂર છે. આત્મા અને પરલોક તરફ મીંટ માંડવા પહેલાં એ ભૂલી જવું જોઇતું નથી કે આ લોકમાં આપણે જીવીએ છીએ. જડવાદ તરફ જે તિરસ્કારની દૃષ્ટિથી જોવાય છે એ બાલિશતા છે. જડના આશ્રય શિવાય ચેતન કશું કરી શકતો નથી. એ પ્રત્યેકના અનુભવનો વિષય છે તો પછી તે તરફ અણગમો શા માટે ? આમ કોઈ પણ બાબત બુદ્ધિથી ખુબ કસવી જોઇએ, નહીં કે સંમેલનનો કોઈ વિશેષ વ્યકિતઓને રમવાનાં રમકડા તરીકે ઉપયોગ થાય. આટલી બાબતો સંમેલનના સંચાલકો લક્ષમાં લે તો એ સંમેલન સમાજને આશિર્વાદ રૂપ થઇ પડશે.

# જૈન જયોતિના તંત્રી સ્હમજે !

ઘણા માણસો કરેલી ભૂલને સુધારવા કરતાં તેને ઢાંકવા અનેક ભૂલો કરે છે એવું નબળા મનના માણસોનું માનસ હોય છે.

તા. ૨૭–૪–૩૫ ના 'જૈનજયોતિ' અંકમાં 'ઉન્નતિનો માર્ગ' નો લખાયેલ લેખ વાંચ્યા પછી સિધ્ધાન્ત તરીકે જવાબ આપવાનો નિર્ણય થતાં અમે એમ નહોતા માનતા કે 'જૈન જયોતિ' બંધ બેસ્તી ટોપી માથે પહેરી લઇ તરૂણને હલકુ પાડવા ધમપછાડા કરશે.

દરેક પત્રકારો અને મનુષ્યો પોત પોતાને યોગ્ય લાગે તે વિચારો રજુ કરવાને મુખતીયાર છે. આજનો જમાનો પુરૂષાર્થનો છે. સુધારણાનો છે. એટલે નિરાશાનાં આંદોલનો આચરવાં એમાં સમાજદ્રોહ નથી ?

'મજુરની પ્રમાણિકતાથી'ના લેખથી જયોતિમાં ફડફડાટ થયો એણે ભાન ભૂલી તરૂણ સામે કલમચલાવી. એની અમને કશીયે પરવા નથી. છતાં અમે સાફ સાફ કહેવા માગીએ છીએ કે યુવાન માણસને ખોટે રસ્તે દોરવવાની જ્યાં ચાલ લાગશે, સ્વાર્થને ખાતર સુંધારાના સ્વાંગ સજી પેટમાં પગ ઘાલવા જેવું લાગશે. ટુંકમાં સમાજ પ્રગતિને રૂંધનારાં જ્યાં તત્ત્વો દેખાશે તેની સામે તરૂણ નિડરતાથી એની કલમ ઉચકશે, પછી રૂઢીચુસ્તો હોય; કહેવાતા સુધારકો હોય કે અર્ધદગ્ધો હોય. કોઈની ધમકી એને દબાવી નહિ શકે, કોઇ ડોળઘાલુઓનું ડહાપણ એને છેતરી નહિ શકે, એતો અડગતાથી એનું કામ આગળ ધપાવ્યેજ રાખશે. છતાં એને જ્યારે ભૂલ જણાશે ત્યારે એ દીલગીરી દેખાડતાં પણ પાછુ નહિ હટે.

અમે કબુલ કરીએ છીએ કે પ્રેસ અને પ્લેટફોર્મ દ્વારા આંદોલન કરી જે અસર કરી શકાય છે. તેનાથી વધુ અસર સમાજ માટે ખંપી જનારા સેવકો કરી શકે છે. પરંતુ સમાજ માટે ખપી જનારા સેવકો ન હોય ત્યારે સમાજને જાગૃત રાખવા અથવા કાંટાળા રસ્તાઓને સાફ કરવા પ્રેસ અને પ્લેટફોર્મની પ્રથમ આવશ્યકતા છે એટલે તેઓ તેમનું કામ નિસ્વાર્થ બુધ્ધિએ આગળ ધપાવે જાય છે. તેની સામે કાદવ ઉડાડનારા હોય છે. છતાં તેતો લગારે પરવા રાખ્યા સિવાય આગળ કુચ કરેજ જાય છે. તેણે તો યથાશકિત બને તેટલી સેવા એજ ધર્મ માન્યો છે.

'જૈન જયોતિ' એ ૧૮–૫–૩૫ માં 'કેવળ કલમ અને જબાનથી' એ અગ્ર લેખમાં ઉડાડેલ કાદવ અંગે અમે કશું કહેવા માગતા નથી, પણ એ લેખમાંથી એ ધ્વનિ નીકળે છે કે "તરૂણ એ એના તંત્રીની અંગત માન્યતા અને શોખના ઉપયોગ માટે છે" એટલે એ અંગે કંઇક ખુલાસો કરવાની જરૂર જણાય છે.

'તરૂણ જૈન' એ એના તંત્રીની માલેકીનું પત્ર નથી પણ મુંબઇ જૈન યુવક સંઘની માલેકીનુ છે. અને એનો સંપૂર્ણ વહીવટ કરવા જે સમિતી નીમી છે, તે સમિતિની સલાહને દોરવણીથી તરૂણ ચાલે છે. એ સમિતિ ભલે વિશ્વના કૂટ પ્રશ્નનો અમોઘ ચિંતનથી ઉકેલ કરનાર મહારથીઓની નહી હોય, પણ અર્ધદગ્ધોની તો નથીજ એની પાસે એના ગમનનો સ્પષ્ટ માર્ગ છે, એને પોતાના સિધ્ધાંતો છે.

જયોતિના તંત્રીશ્રી સ્હમજી લ્યે કે "ઉન્નતિનો માર્ગ" એ લેખ સમિતિએ સંભાળપૂર્વક વાંચેલો, અને તેમાં યુવક શકિતને છીન્ન ભિન્ન કરી નિરાશા ફેલાવવા જેવું હોવાથી, જયોતિ કે તેના તંત્રીને ઉદ્દેશીને નહિ પણ સિધ્ધાન્તની ચર્ચા તરીકેજ તરૂણનો અગ્રલેખ લખાયેલો, છતાં અમે અજાયબ થઇએ છીએ કે જ્યોતિના તંત્રીને આટલું અસભ્ય કેમ બનવુ પડયું ?

અમને આશા છે કે જ્યોતિના તંત્રી આવી ભૂલોનો બચાવ કરવા કરતાં એને સુધારવાનું શીખે અને કલમને સંયમમાં રાખે.

તરૂણ જૈન 'સમિતિ'

# ધર્મને નામે ચાલતી એ દુકાનદારી દૂર કરો

**આ**પણા મંદિરોમાં ચાલતી ધીકતી દુકાનદારી સ્હામે આ લેખમાં સખ્ત વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. એ દુકાનદારી શા માટે બંધ કરવી જોઇએ તે સચોટ અને સરળ રીતે સ્હમજાવવામાં આવ્યું છે. આ રીતસરની દુકાનદારી આપણા સમાજને શોષી જાય છે. એટલે શોષણ જાતિના સાંચા પહેલી તકે દુર કરવા જોઇએ, વળી ત્યાગ અને વિતરાગના આદર્શોની કેવી ક્રુર મશ્કરી આપણા દેવાલયોમાં થઇ રહી છે તેનું પણ ભાન કરાવીને લેખક એ વ્યાપારને બંધ કરાવવા આગ્રહ કરે છે. આખોએ લેખ વાંચીને વિચારવા જેવો છે.

જૈન સમાજ સમૃધ્ધ અને સખાવતે શૂર હોવા છતાં પણ એને આંગણે એને ઉન્નત કરવાના અને તેની ત્રૂટીઓ દૂર કરવાના સાધનોનો મોટો અભાવ છે, આવી વિષમ સ્થિતિ ઉપસ્થિત થતી હોવાથી પ્રશ્ન એ ઉઠે છે કે આ સખાવતી સમાજનો ઝરો કયી દિશાએ વહે છે ? એ ઝરો ધર્મને નામે મંદિરોને માલદાર બનાવવામાં, સાધુઓના પુતળાં મંદિરોમાં–ઉપાશ્રયોમાં ઉભાં કરવામાં, એના સામૈયાં અને એને પોષવામાં, ઉજમણાં, વરઘોડાં, જમણો અને આવી ધર્મનાં નામે ચાલતી અનેક પ્રવૃત્તિઓને પોષવામાં.

આ પ્રવૃત્તિઓમાં મંદિરો અને મૂર્તિઓને અંગે ચાલતી દુકાનદારી મુખ્ય ભાગ ભજવે છે. આ રીતસરની દુકાનદારીના ધીકતા ધંધાથી મંદિરોમાં પુષ્કળ દ્રવ્ય ભેગું થાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે ધંધામાં મેળવેલાં આ દ્રવ્યને દેવદ્રવ્યના નામે ઓળખવામાં આવે છે. અહિં પ્રશ્ન એ થાય છે કે આ દ્રવ્યને દેવદ્રવ્ય કહી શકાય ? આપણા નિરંજન નિરાકાર દેવોના નામે દેવદ્રવ્યનો સંગ્રહ થઇ શકે ખરો ?આ પ્રશ્નોનો જવાબ સાધારણમાં પણ સાધારણ બુધ્ધિ ધરાવતો જૈન આપી શકે કે તીર્થંકરોએ જ્યારે તમામ વસ્તુઓનો ત્યાગ કરીને ત્યાગની ભાવનાને અતિ ઉજ્જવળ અને અતિ મહત્વની ગણી તેની મહત્તા સમજાવી છે ત્યારે એ મહાપુરૂષોની આજ્ઞાને લોપીને, તેમના સિધ્ધાન્તોનું ખૂન કરીને અને તેમની અવજ્ઞા કરીને તેમનેજ નામે એ ધન એકત્ર કરવું એ ધર્મ વિરૂધ્ધનું આચરણ છે અને એથીજ ધન સંચય કરવો એ ધર્મનો–સમાજનો દ્રોહ કર્યા બરાબર ગણાય.

પરન્તુ આ સાદી અને સરળબુધ્ધિની વાત રૂઢીચુસ્તોને ગળે ઉતરતી નથી. તેમને તો ધર્મના નામે જો હૂકમી ચલાવી પોતાની સત્તા અડગ અને અવિચળ રાખવી છે. ધર્મને નામે ભલે ગુંડાશાહી ચાલે, પછી ભલે ધર્મ–બંધુઓનાં ગળાં કપાય કે તેમને ભૂખમરો આવે પરન્તુ પોતાની સત્તા કાયમ રહે અને પોતાનું ધાર્યુંજ થાય એવી તેમના મનની મુરાદ હોય છે. સુધારાના તેઓ વિરોધી હોય છે કારણ એ સુધારો તેમની સત્તાને છિનવી લેવા પ્રયત્ન કરે છે. અને જ્યારે નવજુવાનો તેમના કાર્યની સ્હામે બંડ ઉઠાવે છે ત્યારે એ જુવાનોને ધર્મદ્રોહી–દેશદ્રોહી કહી સમાજમાંથી તેમનો કાંટો પણ કાઢી નાંખવાના નીચ પ્રયત્નો આદરતાં પણ આ રૂઢીચુસ્તો–જરીપુરાણી મનોદશા સેવતાં ધર્માન્ધો શરમાતાં નથી.

ધર્મ અને શાસ્ત્રોને નામે અનેક ફેંકાફેંકી કરવામાં રૂઢીચુસ્તો પારંગત હોય છે. ધર્મના નામે અનેક અગડં બગડં ચલાવી ‘ દેવદ્રવ્ય અનાદિ છે ’ એવો સિધ્ધાન્ત તેઓ ભોળી અને અન્ધશ્રધ્ધાળુ પ્રજામાં ઠેસવી દે છે. **મૂર્તિવાદ** નામના લેખનો જન્મ પણ આજ કારણે ઉદ્દભવ્યો છે. આખા લેખમા માત્ર મૂર્તિપૂજાનો ઇતિહાસજ મૂકવામાં આવ્યો છે છતાં પણ નવું સાંભળીને જેઓ ચમકી ઉઠે છે, જેઓ વ્યાજબી કે ગેરવ્યાજબી કશાનીય ગણત્રી કર્યા વગર ગાડરોની જેમ ચાલવા ટેવાયલા છે તેવાઓએ એ લેખ પ્રગટ થતાંજ કકલાણ કરી મૂકી છે. અને તેમાંએ ‘ મુંબઇ સમાચાર ’ ની જૈન ચર્ચાના લેખકે તો ઉષ્ણ વરાળ ઠાલવી અનેક જુઠાણાં પણ ફેલાવ્યાં છે. પરન્તુ સમાજ હવે સાચ્ચું જુઠું સારી રીતે સમજી શકે છે. એટલે આ ઉહાપોહની તેની પર કશીય અસર ન થઇ. જેનાથી સત્ય દેખી શકાતું નથી, અને દેખાય છે તો મૂઢ બુધ્ધિને લીધે અંતરમાં ઉતારી શકાતું નથી, જે સુધારાનું નામ સાંભળી ભડકે છે તેવાઓના અનેક પ્રલાપો મિથ્યાજ જાય છે. તેમના લેખોની વચનોની કિંમત સમાજમાં કોડીનીજ ગણાય છે. હિતશત્રૂઓ આ વસ્તુ હ્રદયમાં કોતરી રાખે.

આત્મકલ્યાણના સાધનોમાં મૂર્તિપૂજા મુખ્ય સાધન છે. એટલે એની જરૂર છે એમાં કોઇનેય વાંધો નથી–હોયજ નહિ છતાંય ઝેરના બીજારોપણ કરનાર ગમે તે ભસે તેની પરવા આપણે શા માટે કરવી પડે ? અને એ બિચારાં ભસ્યાં સિવાય–બકબકાટ કર્યા વગર બીજું શું કરી શકે એમ છે ? એમની પાસે દલીલો નથી. વિચારો નથી, ભાવનાઓ નથી અને સાચું જુઠું પારખવાની શકિત નથી તેવાઓ ગમે તેમ બોલવામાં બકવામાં અને ચિતરવામાંજ પોતાનું જીવન–સાફલ્ય માને છે ! આપણે તો એ બિચારાંઓની દયા ખાવી જોઇએ !

મુર્તિપુજા આદિ હોય કે અનાદિ હોય તો પણ અમને વાંધો નથી. અમારો મુખ્ય વાંધો તો ધર્મ અને દેવના નામે થતી લૂંટણ નીતિ સ્હામે છે. તિર્થંકર ભગવાનોના ત્યાગ કે વૈરાગ્યના વિચાર અનુસાર આપણે જો વર્તીએ, તેમનો ઉપદેશ જો આપણે બુધ્ધિપૂર્વક સમજીએ તો આજના મંદિરોમાં મંડાયલી દુકાનદારી અયોગ્ય ગેરવ્યાજબી અને ધર્મના સિધ્ધાન્તોનું ખુન કરનારીજ લેખાય. આ અનીતિના આચરણ સમી દુકાનદારી સ્હામેજ અમારો વાંધો છે.

જતીઓ અને સાધુઓ આવી દુકાનદારીના વ્યાપારીઓ છે. એટલે તેમની વાતો સાંભળી આપણે મદાર બાંધવાનું છોડી દેવું જોઇએ. જેમનો જીવન–નિર્વાહ જેમના ઠાઠ–માઠ, જેમના મોજ શોખ જેનીપર રચાયલાં છે તેઓ એના વિરોધની એક પણ દલીલ કેવી રીતે સાંભળી શકે ? અને એ વસ્તુઓનો ત્યાગ પણ કેવી રીતે કરી શકે ? પોતાની લાભદાયક વસ્તુ બીજાઓને ગમે એટલી નુકશાનકારક હોય છતાં પણ તેનો ત્યાગ કરી શકાતો નથી એવીજ રીતે આ સાધુઓનું છે.

વૈરાગ્ય અને ત્યાગની ભાવના જેમણે ગળથુથીમાંથીજ ગ્રહણ કરી છે તેવાં સાચ્ચા અને આદર્શવાદી સાધુઓ તો આ ધરતીના પાટપરથી આંગળીના વેઢાં પર ગણાય એટલાંજ મળી આવશે. એટલે અત્યારના સાધુઓ આપણું કલ્યાણ કરશે અને આપણને મોક્ષ આપી અવિચળ પદ આપશે એ વિચારજ ભુલ ભર્યો છે. એ માન્યતાને ફગાવી દેવી એ હવે આપણો પ્રથમ ધર્મ છે.

અને આપણાં આધુનિક મંદિરો–ઉપાશ્રયો શું આપણામાં ત્યાગ અને વૈરાગ્યની ભાવના પ્રદીપ્ત કરે છે ? જે આરંભ સમારંભથી આપણને મુક્ત કરવાનું ધર્મગ્રંથો આજ્ઞા કરે છે તેજ આરંભ સમૌરંભો,એ મંદિરોના નામે, ભગવાનના નામે થાય છે. ત્યાગની એ મશ્કરી નથી તો બીજું શું છે ?

જેઓ શાસ્રાજ્ઞા સંભળાવે છે, વિતરાગના ઉપદેશની જેઓ ઘોષણા કરે છે તેઓ વિતરાગના નામે ચાલતો યા ધીકતો વ્યાપાર જોવા છતાંય કેમ કાંઇ બોલતાં નથી ? શું તેમનો એમાં કાંઇ સ્વાર્થ છે ? કે પછી ચાલતું આવ્યું ચલાવે રાખવું એ સિધ્ધાન્ત તેમણે ગ્રહણ કર્યો છે ?

તેમની આ ચુપકીદી આપણા હૃદયમાંની શંકા વધુને વધુ મજબુત કરે છે. અને એથીજ તેમની એ મનોદશા સ્હામે આપણે આપણો વિરોધ ઉઠાવવો જોઇએ. ધર્મની એ ક્રૂર મશ્કરી, વિતરાગના નામે થતું એ નિર્લજ્જ કૃત્ય અને મહાવીર સ્વામીના સિધ્ધાન્તોની થતી ઠેકડી સ્હામે હવે એકેએક જૈને વિરોધનો દાવાનળ રેલાવેજ છૂટકો છે. નહિતો મહાવીર પ્રભૂના સાચ્ચા અનુયાયી કહેવડાવવાનો આપણને અધિકાર રહેતો નથી.

અંધશ્રધ્ધાને નામે થતાં આ અત્યાચારો આપણા સમાજને શોષી જાય છે, સમાજની પ્રગતિના તે અવરોધક પણ છે. એટલે ધર્મના નામે ચાલતી એ ધીકતી દૂકાનદારીને બંધ કરાવવાના શક્ય પ્રયત્નો આપણે આરંભી દેવા જોઇએ. સમાજની શોષણનીતિના એ સાંચાં પહેલાંમાં પહેલી તકે બંધ થવાના સુપ્રયત્નો શરૂ કરી દેવા એ સાચ્ચા જૈનોનું પ્રથમ કર્તવ્ય છે.

અને આમ અમારો વાંધો એ દુકાનદારી સ્હામે છે. નહિં કે મૂર્તિ કે મંદિર સ્હામે ?

# ચોરીનું અનાજ !

[મહાત્મા ગાંધીજી અને શ્રી ભણસાળી વચ્ચેનો આ વાર્તાલાપ હરિજન બંધુમાંથી ઉતારવામાં આવ્યો છે. આપણને –જૈન શ્રાવકોને અને સાધુઓને–વ્હોરનાર અને વ્હોરાવનારને એ બોધપ્રદ છે.... ... ... ... ...**તંત્રી.**]

ગાંધીજી–મને કેમ તમારી જેમ કરવાનો ઉલ્લાસ નથી થતો ? તમારી જેમ ભ્રમણ કરવું મને તો ગમે, અને શરીર કબૂલ કરે તો આટો અને લીમડા ઉપર પણ રહું. છતાં એમ લાગ્યાજ કરે છે કે તમારા જીવનમાં ક્યાંક મોટો વિચારદોષ રહેલો છે. તમારો રસ્તો સાચોજ હોય તો સત્યના શોધક તરીકે તેને અનુસરવાનો મ્હારો ધર્મ થઈ પડે એથી ઉલટું જો મને તમારા વર્તનમાં દોષ લાગેતો મારે તે અભિપ્રાય તમારે કાને નાંખવો જોઇએ. મને જે દોષ લાગે છે તે ભ્રમણમાં કે લોટલીમડો ખાવામાં નહીં, પણ તમે યજ્ઞ સાથે લઇને જન્મ્યા છો છતાં એ દેહની સાથે જડાયલી વસ્તુની અવગણનાં કરો છો. 'સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ' ભગવાને પ્રજાને યજ્ઞ સહિત ઉત્પન કરી અને કહ્યું કે આથી તમે વૃધ્ધિને પામજો.

ભણસાળી–એ યજ્ઞ કયો ?

ગાં–ભગવાને એમ કહ્યું છે કે જે યજ્ઞ કર્યા વિના ખાય છે તે ચોરીનું અનાજ ખાય છે. ભિક્ષા તો માગો એ સારી વસ્તુ છે, પણ યજ્ઞકર્મ કર્યા પછી.

ભ–મેં એ સાંભળ્યું છે. આજે આખો દિવસ મને એમજ વિચાર આવ્યા છે કે હું કાંઇ કામ કર્યા વિના ખાઉં છું તેમને આ આટો ખાવાનો હક છે ખરો ?

ગાં:–તમે સાંભળ્યું છે એતો ખરૂંજ. પણ આખું જગત જે ધર્મને ઓળખે છે તે એમજ વર્તે છે, જેમ જૈનસાધુ અને સંન્યાસીઓ આ બંને ભિક્ષાન્નતો જમેજ છે, પણ પોતાને એમ મનાવે છે કે લોકોને ધર્મનો બોધ આપે છે. એટલો યજ્ઞ બસ છે. હું માનું છું કે એમાં તેઓ થોડી ભૂલ કરે છે. ધર્મનાં બોધ અવશ્ય આપવો જોઇએ, પણ તેનીજ સાથે તેઓએ શારીરિક પરિશ્રમરૂપ યજ્ઞમાં પણ ભાગ લેવોજ જોઇએ. તેમ કરતાં છતાં એ યજ્ઞનો બદલો માગવાને બદલે લોકોની દયા ઉપર જીવવાનું પસંદ કરી તેઓ શુધ્ધ બ્રાહ્મણ ધર્મ પાળે. એટલે મારે તમને આટલું ફરી ફરીને સમજાવવાનું છે કે જગતમાં કોઇએ હજુ સુધી નથી કર્યું તેવી નવી વસ્તું. જેમાં કાંઇ ત્યાગ નથી પણ સૂક્ષ્મ ભોગ છે, કેમકે માનસિક આળસ છે, તેમાંથી તમે બચી જાઓ.


## ચીનગારીઓ.

**'તરૂણ જૈન'નું એક ધીકતું પ્રકાશન'**

'તરૂણ જૈન'માં આવી ગયેલાં ઉપયોગી અને મર્મવાહી લેખોનો એક સુંદર સંગ્રહ.

– જેને માટે વર્તમાન પત્રોએ પણ પ્રશંસા કરી છે. –

.·.એકે એક જૈન જુવાન જરૂર વાંચે.·.

**કિંમત ૦–૪–૦** પોસ્ટથી મંગાવનારે પાંચ આનાની ટીકીટો બીડવી.

પ્રાપ્તિસ્થાન ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ **મુંબાઇ** ૩.

# પરીષદ ભરીયે છીએ !

જ્યારથી સાધુઓ સાચી સાધુતાને—તેમને લીધેલી પ્રતિજ્ઞા ઉંચી મૂકી સ્વેચ્છાચારી તરીકે વિહરવા લાગ્યા, ગ્રહસ્થને પણ ન શોભે તેવાં કૃત્યો આચરવા લાગ્યા ત્યારથી સમાજમાં હડધુત થયા. છતાં તુટતી સત્તાને ટકાવી રાખવા કાવાદાવા રચવા લાગ્યા, ધાકધમકીયો આપવા લાગ્યા, છતાં તેમને સુધારવા જેને સમજુ (વૃધ્ધ) વર્ગ કહેવાય છે તેને તેઓને વિનવણીઓ કરી. આજીજીઓ કરી, ત્યારે બદલામાં ધર્મના નામે ઝેરીલો ઉપદેશ શરૂ કરી કલેશ ને કંકાસના વાવેતર વાવ્યાં એનાં વૃક્ષ બનાવવા બે ચાર મુડીદાર શિષ્યો તેમ ભોળી વિધવાઓના નાણાના જોરે રામનગર નામના ગામમાં સાગરમલશેઠની સરદારી નીચે એક મંડળ સ્થાપવામાં આવ્યું તેની ઠેર ઠેર શાખાઓ કે તેવાજ મંડળો સ્થાપવા પ્રબંધ ગોઠવાયો. ગુરૂ અને શિષ્યોએ પ્રચરણો શરૂ કર્યાં ગામે ગામ ભાષણોની ઝડીયો ઉડી, પેપરો શરૂ થયાં, હેન્ડબીલખોરી ચાલુ થઇ નરક શરગની ચીઠીયો ફાટી, ભેટ શોખાદો ને માલમલીદા પાછલ છુટે હાથે નાણું ઉડવા લાગ્યું ઘણી દોડા દોડી ને મહેનતો થઇ પણ જ્યાં ગયા ત્યાંથી ધોયા મહોડે પાછાજ ફર્યાં, આખરે લાંબી લાગવગના જોરે ને આદરેલ મહેનતના પરીણામે બે ચાર ગામડામાં મંડળો સ્થાપવા ભાગ્યશાળી થયા. પછી પૂછવુંજ શું ! લાંબા લાંબા રીપોર્ટો ને રામનગરની ફેક્ટરીમાંથી જુદી જુદી સહીના લેખોને ભાષણોથી પેપરો ભરાવંવા લાગ્યાં, બીજી બાજુ વગર ધંધે બેકાર બનેલાઓ તેમ ઉતારા કરી લેખકમાં ખપતા નવરાઓને રોઝી મળી, તેઓ બિચારા પેટને ખાતર માલીકને ખુશ કરવા ઘણાંયે પાનાં ચિતરતા પણ જાગૃત થયેલ સમાજમાં એની કશીએ અસર નજ થઈ. થોકબંધ પૈસાનું પાણી થયું છેવટે હાર્યો જુગારી બમણું રમે એ નીતીયે છેલ્લા પાષા તરીકે પરિષદ ભરવાના વિચાર પર આવ્યા.

જે બે ચાર ગામડામાં લાગવગ પહોંચતી હતી ત્યાં મંત્રણાઓ કરી તમામ ખર્ચ વ્યવસ્થા ને કામ કરનાર માણસો પુરાં પાડવાની ખોળાધરીયો અપાઇ. ફક્ત તમારા ગામના નામનીજ જરૂર છતાં કોઇએ સમાજ સામે થવાની હામ ભીડી નહિ ને ચોખ્ખો નનૈયોજ વાસ્યો.

કોઇ સ્થળે સ્થાન ન મળવાથી રામનગર પસંદ કરવામાં આવ્યું ને લાડુ, લાપસી, સીરા ને દુધપાકના ફરતા જમણની જોગવાઇ પણ થઇ ગઇ ફક્ત લાગતા વળગતાઓના સહકાર ને સંમતિ બાકી હતાં એટલે તે મેળવવા એક ખાનગી મીટીંગ બોલાવી.

મીટીંગમાં શરૂઆત કરતાં મી. ફડીયાએ જણાવ્યું. ભાઇઓ !

આપણો ધર્મરસાતાળ જવા બેઠો છે. સુધારકના નામે ખપતા ધર્મદ્રોહીઓ, આપણા ગુરૂઓની છડેચોક નિંદા કરે છે મંદિરોની મીલકત હજમ કરવાની ઇચ્છા રાખે છે. અંતેજોથી આપણા પવિત્રધામો અભડાવવા માગે છે, શાસ્ત્રો માનવાની ના પાડે છે, આથી ધર્મનું રક્ષણ કરી સમાજને સાચે રસ્તે વાળવા સંઘઠ્ઠનની જરૂર છે, એવા સંઘઠ્ઠનો પરિષદો દ્વારાજ થાય છે. એથી એક પરિષદ ભરવા અંગે વિચારણા કરવા આપ સૌને એકત્ર કર્યા છે તો આપ આપનો અભિપ્રાય રજુ કરશો.

બાપાલાલ ઘડીઆળી—ફડીયાભાઇએ આપની આગળ ટુંક નિવેદન કર્યા પછી મને લાગે છે કે આપણે આપણું કામ ચાલુ કરીયે તે પહેલાં એક લાયક ગ્રહસ્થને પ્રમુખ તરીકે બેસાડવા જોઇએ. આથી હું વંહોરા જગાભાઈ ચામડીયાની દરખાસ્ત મુકું છું. ટેકાની વિધિ થયાબાદ ચામડીયાશ્રી પ્રમુખસ્થાને બીરાજયા બાદ બાપાલાલ ઘડીયાલી રામજીનાગડો, પૂંજાલાપસીયા, દેવાભગત, અને અમૃત લાખાણીયે એમની ટેવ પ્રમાણે ચારભીંતોની વચમાં જોરદાર ભાષણો કરી જાગૃતીની ભરતી લાવ્યા ત્યાંતો મગન મહેતા ઉભા થયા.

ભાઇઓ, મહારા પહેલા બોલનાર ભાઇઓ ઘણું બોલી ગયા છે. હું સંઘઠનની ને સમાજ સેવાની પૂરેપૂરો તરફેણમાં છું. પણ તમારી ને મહારી રીત જુદી છે એટલે તમારા વિચારોથી જુદો પડું છું માટે મને ધીરજથી સાંભળી જે નિર્ણય કરવો હોય તે કરશો.

મહારા પહેલાં જે બોલી ગયા તેઓ સામા પક્ષને ગાળ ગલીચ ને આક્ષેપો સિવાય બીજુ કશું બોલ્યાજ નથી એમ મહારે કહેવું પડશે. શું ! આપણે આવી રીતે બીજાઓની નિંદા કરી આપણી જાતને હલકી પાડવા પરિષદ ભરવી છે ? ખ્યાલ રાખજો આપણે વર્ષોથી મહેનત કરીયે છીયે છતાં જયાં જઇએ છીએ ત્યાંથી પાછાજ ફરીયે છીયે, બે ચાર ગામડા ઉપર મદાર બાંધતા હોઇએ તો આપણે ભીંત ભૂલીયે છીયે.

આપણે બીજાઓ ઉપર આક્ષેપ મુકીયે તે પહેલાં આપણા પગ નીચે બળતું ઓલવવાની જરૂર છે. આપણે આપણી જાતને ધર્મધોરી ધર્મરક્ષકો, ધર્મસુભટો, ધર્મ માટે ફના થનાર વીરલાઓ, વિગેરે વિશેષણોથી ઓળખાવીયે છીયે છતાં તમને એ ખ્યાલ છે કે આપણામાં ચામડાનો વેપાર કરનાર પડયા છે, હોટલ, સિનેમા ને નાટકામાં મોજ ઉડાડનાર પડયા છે, અસત્ય, દંભ, જુઠ ને વિશ્વાસઘાત કરનાર પડયા છે, સાધુઓ દ્વારા હજારોની મીલકત જમા કરનારે પડયા છે, મંદિરોની મીલકત માટે આપણે કેટલી કાળજી રાખીયે છીયે ? આ દશકામાં ધર્મ ઉંપર અનેક આફતો આવી છે આપણે શું ધાડ મારી છે. શું આપણામાં બીજાની મુડીયો હજમ કરનારા નથી પડયા ? કયા મહોડે અને કઇ વર્તણુંકથી આપણે ધર્મધોરી વિગેરેમાં ખપવા માંગીયે છીયે એ કહેશો.

આપણે બીજાઓ ઉપર છાપ પાડવી હોય તો પહેલાં આપણી જાતને સુધારો, ભલે આપણે ટીલાં ટપકામાં આગળ આવીયે. એ આપણે ખોટુ કરીએ છીએ એમ મહારૂ કહેવું નથી પણ એની સાથે આપણું આંતરીક જીવન શુધ્ધ થવાની જરૂર છે, અને એ શુધ્ધ થશે એટલે સમાજ આપણા ઉપર વિશ્વાસ મૂકશે. અને આપણો પડયો બોલ ઝીલશે. મહેરબાની કરીને બોલો એજ પ્રમાણે વર્તણુંક રાખો દેખાડવાના ને ચાવવાના જુદા ન રાખો.

તમે તમારા આત્માને પૂછી જુઓ કે આટ આટલા વર્ષોથી ધમપછાડા કરીએ છીએ. હજારોને લાખોના પાણી કર્યાં છતાં આગળ વધવા કરતાં પાછળ કેમ હટીએ છીએ ? આપણાં ગુરૂઓના બે ત્રણ મુડીદાર ભક્તો ને તેના આશ્રિતો ને બાકીના ગણ્યા ગાંઠયાં સિવાય કોઇનો આપણને ટેકો છે? મહારી તો તમને વિનંતિ છે કે બીજાઓની શીખવણીએ ચડીને આ ધાંધલ કરવા પહેલાં આપણી જાતને સુધારીએ. જીભ ઉપર કાબુ રાખીયે પછી આગળ પગલાં ભરીએ.

મગન મહેતાના વિવેચનથી જાગૃતિની આવેલી ભરતી ઓટમાં ફેરવાઈ જતાં મી. ફડીયા ઉઠયા ને બોલ્યા.

મહેતા સમજુને ડાહ્યા છે, છતાં મહારે કહેવું પડશે કે તેઓ લગન વખતે મહોકાણના ગીત ગાય છે. એટલે તમારે એમના બોલવા સામુ જોવાનુ નથી.—એક અવાજ, કેમ આપણે સુધરવું નથી.

આપણે શું સુધરવાનુ છે ? આપણે અધર્મી છીએ? ખાત્રી કરવી હોય તો આપણા ગુરૂઓને પૂછી આવો. નકામો શાને વખત ગુમાવો છો.

મી. મહેતા—ગુરૂઓને શું પૂછવાનું છે. પહેલા તારા આત્માને પૂછી જો કે તે જે પાપો કર્યાં છે તેનું પ્રાયશ્ચિત લીધું છે? અને આપણા ગુરૂઓને હું ઓળખુ તેટલા તુ ન ઓળખે. હજુ તો તારે દુધીયા દાંત છે.

પ્રમુખ. સાંત્વનનું ઓસડ પાવા ઉભા થઇ બે ચાર શીખામણોના ઢોળ બોલ્યા ત્યાંતો સભામાં બોલાચાલી ને બોલાચાલી પરથી હાથાબેલી શરૂ થઈ. ને સભા વિખરાઇ, પરિષદ પરિષદના ઠેકાણે રહી.

# ખુલાસો કરશો ?

## તોબા તકતી

ભૂતકાળે થયેલ સમર્થ આચાર્યોની નામાવળીમાં પોતાનું નામ દાખલ કરવા એક કહેવતા તપાગચ્છાધિપતિની ઇચ્છા પૂરી થઇ છે એ જૈન ધર્મનો ફેલાવો કરીને નહિ, સમાજની ઉન્નતિ કરીને નહિ, ભારતમાં જૈન ધર્મનો સંદેશો પહોંચાડીને નહિ, પણ કોઇ મૂડીદારને હાથમાં લઇ બોદાનાનેસ પર લાખોના ખરચે જૈન મંદિર બંધાવી શાસન સમ્રાટ,સૂરીચક્રચક્રવર્તી, જગતગુરૂ જેવાં વિશેષણો વાળી એક તકતી બેસડાવી નેમીસૂરી મહાન બન્યા છે.

વર્તમાનકાળના કહેવાતા સૂરીઓએ સમાજની કેટલી સેવા કરી છે. તે સમાજથી લગારે અજાણ્યું નથી. છતાં જયારે ત્યારે ધર્મના નામે થતા જલસાઓનાં દોઢહાથ લાંબા ટીપણાં ( આમંત્રણ પત્રિકાઓ ) બહાર પડે છે. ત્યારે તેમના ને તેઓના શીષ્યોના નામ આગળ તેમનીજ ઇચ્છાથી વિશેષણોની લાંબી હારમાળાઓ દાખલ કરવાનો સૌને રોગ લાગ્યો છે એટલે તે વિશેષણો અંગે મારે કશુયે કહેવાનુ' નથી. પણ તે તકતીના ઘડનારે તેમાં જે તોબા કલમો મૂકી છે તે અંગેજ મારે કહેવાનું છે.

કદમ્બગીરી ( બોદાનાનેસ ) પર બંધાયેલ જીનાલયમાં મારેલ તકતી બોલે છે.

૧ આ પેઢીના પ્રતિનિધિઓ કાયમ શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છના શ્રાવકોજ થઇ શકશે.

૨ અસ્પૃશ્ય ગણાતી જાતિમાંનો કોઇપણ હાલ તો જૈન જણાતો નથી. પણ કદાચ કોઇ કાળે જૈન થાય અગર જૈન છું તેવું નામ ધરાવે તો પણ તેને મંદિરમાં પ્રવેશવાનો હક નથી,

૩ કોઇપણ પ્રતિનિધિ કોઇપણ કાળે પુરાતન કાળથી આજ સુધી ચાલી આવેલી જૈન લોકોની પ્રણાલિકાથી વિરૂધ્ધ વર્તવા દેવાનો હક નથી. અને નવો વિચાર કરનાર કોઇ નીકળે તો તેજ ટાઇમે પ્રતિનિધિપણાથી રદ સમજવો.

એ તકતીમાં ઉપરના લખાણનો સમાવેશ છે એટલે તેના ઘડનારને પૂછીયે છીયે અને ખાત્રી છે કે તેઓ ખૂલાસો કરશે.

ભૂતકાળમાં થયેલ અનેક નરોએ કરોડના ખરચે બંધાવેલ જિનાલયો હાલમાં મોજુદ છે. તેની માલેકી તેમની કે તેમના ગચ્છની ન રાખતાં શ્રી સંઘની રાખી, ત્યારે તમે આવી સંકુચિત સ્થિતિ કેમ ઉભી કરી ? શ્રાવક સમુદાય ગચ્છભેદ ભૂલવા માંગે છે ત્યારે તમે ગચ્છભેદ મજબુત કરી એકબીજાને અથડાવવા માગો છો ! તપાગચ્છ સિવાય બીજાઓ આર્થિક સહકાર આપશે ? કુલ વહીવટ ને માલેકી તપાગચ્છની રાખવામાં આવશે. તમારો શો હેતુ છે ?

પૂરાતનકાળથી ચાલી આવેલી પ્રણાલિકાનો દાવો કરનાર ' ભટ્ટારકજી ' અસ્પૃશ્ય ગણાતી જાતો માટે તમે જે કલમ નાખી છે તેજ પૂરાતન પ્રણાલીકાનો ભંગ કરે છે. પ્રભુના શાસનમાં વર્ણાશ્રમ જેવું હતુંજ નહિ, કોઇપણ મનુષ્ય જૈન ધર્મ પાળીશકતો–પાળીશકે છે. ત્યારે તમે આ કલમ ઘડીને પ્રભુના આદેશને ઠોકર નથી મારતા ! આ કલમ બીજાઓ માટે જૈન ધર્મના દ્વાર બંધ નથી કરતી ! હિંસકપશુઓ જેઓનો ઉપદેશ સાંભળી શકે તેની મૂર્તિનાં દર્શન માનવીઓ માટે કેમ બંધ ?

તમને એવું કયું જ્ઞાન પ્રાપ્ત થયું છે કે જેથી તમે એમ કહો છો કે અસ્પૃશ્ય ગણાતી જાતોમાંનો કોઇપણ હાલતો જૈન જણાતો નથી ?

મારે કહેવું પડે છે કે એક ભૂલનો બચાવ કરવા જેમ જુઠાણું ચલાવવું પડે છે તેવી આમાં તમારી સ્થિતિ છે. અસ્પૃશ્યજાતિયોમાં જેઓ વિતરાગના ચૂસ્ત અનુયાયીઓ છે તેમાંના કોઇકના સમાચારો પેપરોમાં અનેકવાર આવે છે તેનાથી તમે અજાણ છો ? એનાથી પણ વધુ જાણવા માગોતો એવી જાતોમાંથી અનેક ચૂસ્તજૈનો મળી આવશે. પણ તમારે એ તસ્દીમાં કયાં ઉતરવું છે. શું તમે જૈનધર્મ અમુક કોમ માટે રજીસ્ટર માનો છો ? આ તમારી માન્યતા માટે શાસ્ત્રનો શો આધાર છે ? હિંસક માનવીયો ચુસ્ત જૈન બને એમાં તમે પાપ માનો છો ?

નવા વિચારથી તમને ધ્રુજારી વછુટે છે ? એતો પ્રભુ મહાવીરથી ચાલ્યું આવ્યું છે એ તમારૂં રોકયું રોકાશે ? તમે અને તમારો શિષ્ય સમુદાય પૂરાતન કાળની પ્રણાલીકાથી ચાલો છો ?

ભટ્ટારકજી !

બોદાનાનેસ પર આ તોબા તકતી ચીટકાવીને જૈન સિધ્ધાન્તની તમે અવગણના નથી કરી ? આ અવગણનાથી તમે સંઘના ગુન્હેગાર ગણાયાં કે નહિ ? તમારા સ્મરણ માટે તમારા ભકતોએ આ મંદિર બનાવ્યું હોય તો પણ આવી તોબા તકતી ઘડીને તમે જૈન ધર્મને હાંસીપાત્ર નથી બનાવ્યો ?

વધુ ભટ્ટારકજીના ખુલાસા પછી.

## પ્રભુના નામે.

સમાજમાં, કવિકુળકીરિટો, આગમઉધ્ધારકો, પ્રખરવકતાઓ, આચાર્ય મહારાજાધિરાજો. શાસન સમ્રાટો, સર્વશાસ્ત્રગામીઓ, ગચ્છાધિપતિઓ, વિગેરે અનેક પ્રકારનાં બિરૂદ ધારીઓ વસે છે. સાથે વિદ્વત્તાનો ફાંકો રાખી શાસનના રક્ષણ નિમિ-તે શાસ્ત્રોના નામે અનેક ઓર્ડીનન્સો બહાર પાડે છે, તેવા મહારથીઓ અગર જેઓ શાસ્ત્રો જાણવાનો દાવો કરતા હોય તેવા સાધુઓ ખૂલાસો કરશે !

ઇંદ્રને પણ અદેખાઇ આવે તેવાં રાજપાટ, સૂખવૈભવ ફગાવી દઇને જગતના કલ્યાણ માટે આપણા તીર્થંકર દેવો ચાલી નીકળેલા આંતરીક દુશ્મનો પર વિજય મેળવવા ઘોર તપસ્યાઓ આદરેલી. મહાનસંકટો સહન કરીને જગતના સર્વોત્તમ ત્યાગી તરીકે આગળ આવી જગતને ત્યાગ, અહિંસા, સત્ય, ને સેવાની ઘોષણા કરેલી એજ મહાપુરૂષોના આપણે અનુયાયી છીયે. તમે એમના સિધ્ધાન્તોનો ફેલાવો કરવાનો દાવો કરો છો.

જે અરીહંતદેવના શાસનમાં તમે ને અમે છીયે તેજ શાસનના સ્થાપક મહાત્યાગી અરીહંતદેવનાજ નિમિત્તે સમાજમાં અનેક સ્થળે વર્સગાંઠ તરીકેનું જમણ થાય છે. એ આપણા ખ્યાલ બહાર નહિજ હોય !

તીર્થંકરદેવની મૂર્તિને જે દિવસે મંદિરમાં બીરાજમાન કરવામાં આવે છે તે દિવસ. તેમ કોઇ કોઇ સ્થળે જીર્ણમંદિરનો ઉધ્ધાર થતાં જુની ને નવી એમ વર્ષમાં બે વર્ષગાંઠો હોય છે, ને તે દિવસે તીર્થંકરદેવની વર્ષગાંઠ તરીક જમણવારો થાય છે, તેમાં સેંકડો ને હજારોમાણસો ભાગ લે છે–જમે છે.

(વધુ માટે જુઓ પૃષ્ટ છેલ્લું.)

— પાલીતાણા અને તેની આજુબાજુ મુંડણ ક્રિયાનાં સાંચાં પૂર જોશમાં ચાલુ છે. રાજ્ય તરફથી અયોગ્ય દીક્ષા સ્હામે પ્રતિબંધ છે, છતાં પણ ધર્મના ઇજારદાર દલાલો કિશોર બાલકો અને બાલીકાઓને સ્વર્ગનો પાસ-પોર્ટ આપવામાં વિલંબ કરે એવા નથી!



આવા પરગજુ અને સખીદાતાઓ છે કોઇ બીજા ધર્મમાં!

—કદીન્દ્રીના શ્વેતાંબર જૈન શેઠ શ્રી ચીમનલાલ રઘનાથજી અને સનાતની જૈન આશ્રમના શ્રીમતી ભગવતીના આન્તર જાતિય લગ્ન સનાતન જૈન મંદિરમાં થઇ ગયાનાં સમાચાર મલે છે.

રૂઢીચુસ્તો! દોડો! ધર્મ રસાતળે જાય છે!

—સાંગલી બાજુએ આવેલાં ભીલવડી ગામના અપ્પણ બાબાજી અને ભાહુબાબાજી નામનાં બે ધૂર્ત વર્ષનાં ૬ મહિના મુનીનો સ્વાંગ સજી ભોળી જનતાને ધૂતી–ભમાવી ખીસાં તર કરે છે જ્યારે બાકીના ૬ મહિના ઘરમા ગૃહસ્થ બની મજાહ ભોગવે છે. પૈસાં ખૂટી પડતાં પાછા મુનિ બની જાય છે!

સમાજના સડારૂપ આવા વેષધારી શયતાનોથી જૈનજાતિ ક્યારે ઉગરશે?

—ઇંદોરમાં દીગંબર મુનિઓનાં વિહારને અટકાવતો કાયદો રાજ્યે પાછો ખેંચી લીધો છે.

શહેરનાં નવસ્ત્રાં ભિક્ષુકોએ છૂટકારાનો શ્વાસ ખેંચ્યાના સમાચાર સાંપડે છે.

—એક વેષધારી બગભગત મુનિનો રસિક કિસ્સો નીચે મુજબ છે:—

જ્યારે મુનિન્દ્રસાગર જબલપુર હોસ્પીટલમાં મરી ગયા તથા દેવેન્દ્રસાગરે કુવામાં પડી આત્મહત્યા કરી ત્યારે વિજયસાગર નામના નામચીન મુનિએ પણ ગળામાં ફાંસો ખાઇ આત્મહત્યા કરવા પ્રયત્ન કર્યો હતો. પરન્તુ લોકોને આ વાતની ખબર પડી અને તેને બચાવી લેવામાં આવ્યાં. તે પછી આ મુનિજી માણેકબાઇ નામની એક સ્ત્રીના મોહપાશમાં સપડાયા અને તેમને લઇને ગચ્છન્તિ કરી ગયા. માણેકબાઇ સગર્ભા થયાં અને તેમને એક કન્યા અવતરી હવે છેલ્લાં સમાચાર મુજબ વિજયસાગર સોનાગિરજી પર સેંકડો જૈનોની સ્હામે બેસી ફરી પાછા મુનિ બની ગયાં છે. હવે તેમણે પોતાનું નામ બદલી સિંધુ વિજય રાખ્યું છે.

વાંચકોએ જાણવું અગત્યનું છે કે આ સિંધુવિજય ઉર્ફે વિજય સાગર તદ્દન નિરક્ષર ભટ્ટાચાર્ય છે. એ પોતાનું નામ લખવાનું તો શું પણ મૂળાક્ષરોની પણ તેને માહિતી નથી. ૨૮ મૂળ ગુણોનું પાલન કરવાનું તો દૂર રહ્યું પરન્તુ તેના નામ માત્રથી. પણ અજાણ છે. હજુ પણ લોકો અંધ-શ્રધ્ધાથી તેને પૂજે છે!

મુંબઇમાં 'જૈન એથેલેટીક લીગ' કેટલાક ઉત્સાહી યુવાનોએ સ્થાપી છે.

શીરાપુરી પાછળ પૈસા વેડફી દેતાં અને ખોટ્ટી મોટાઇ મારેતાં શ્રીમન્તોએ આવી સંસ્થાઓ તરફ ઉદાર હસ્ત લંબાવવો જરૂરી છે.

—ઘાટકોપરના જાણીતા જન શહેરી અને ચુસ્ત મહાસભાવાદી શ્રી હીરાચંદ વનેચંદ દેસાઇ અવસાન પામ્યા છે.

## ❋ નગ્ન સત્યો ❋

ખમાસમણાં દેવાથી આંતરડાને વ્યાયામ મળે છે ને પેટ સાફ રહે છે. આ ફાયદો જાણ્યા પછી સાધુની લાયકાતનો પ્રશ્ન ગૌણ બને છે.

*    *

ચાંડલો ઢાલની ગરજ સારે છે. મોટાં ટીલાં પાછળ અનેક પાપો છુપાવવાં સ્હેલાં બને છે. ચાંડલાનું આ અર્થશાસ્ત્ર ત્હમારી અશ્રધ્ધા દૂર કરશે.

*    *

સ્હવારના સામાયીકની શાંતિમાં દિવસભરની શેતરંજની વિચારણા સુગમ બને છે.

*    *

પ્રતિરોજના પ્રતિક્રમણથી પાપનો બોજ હળવો થયાનો આત્મ-સંતોષ મળે છે. અને બોજ હળવો થયાથી નવો બોજ ઉઠાવવાની તાકાત આવે છે.

*    *

સંગિતનો ત્હમને શોખ હોય? અવાજ ગર્દભ સુર સરખો હોય અને સૌ એક સુરે ત્હમારા ગાયન પર અણગમો બતાવતા હોય તો ત્હમારો શોખ સંતોષવાનું ચૈત્યવંદન એ એક અને એકલુંજ ક્ષેત્ર છે. ત્હમારા સ્તવનોને ભાવભીની રીતે સૌને પ્રશંસવા રહેશે.

*    *

ગધ્ધા પચ્ચીશી કે અકકલ પચ્ચીશી ત્હમે વટાવી ગયા હો છતાં નૃત્યનો શોખ ત્હમારો અચુક હોય તો દાદાના મંદિરમાં ત્હમે સુખેથી નિર્બંધ નાચી શકશો. પછી ભલે એ નૃત્ય 'ઉરાંગ ઉટાંગ નૃત્ય'નું એક હળવું અનુકરણજ હોય!

(અનુસંધાન પાનું ૭ થી ચાલુ.)

પરમઉપકારી અરીહંતદેવોના નિમિત્તે થતા આવા જમણવારોમાં શાક સમારાય છે, ચૂલા સળગે છે, હલવાઇને ત્યાં મીઠાઇઓ થાય છે, અપવિત્ર પરદેશી ખાંડ વપરાય છે, પુષ્કળ છંડાય છે? એટલે આરંભ સમારંભને હિંસાનો પાર નથી છતાં જ્યાં આવી વર્ષગાંઠો ન જમતી હોય ત્યાં આપશ્રીમાનો લાગવગ લગાડીને. જમણ પૂરતું નાણું એકઠું કરાવીને વર્ષગાંઠો કાયમી જમે તેવી ગોઠવણો કરાવી આપો છો.

સાધારણ બુધ્ધિના માણસને એમ લાગે કે જે મહાપુરૂષો ત્યાગને વૈરાગ્યમાં સર્વોત્તમ હતા તેમનાજ નિમિ-તે તેમનાજ નામે આવા જમણવારો જમવા તે અજુગતું નથી? બીજાઓની દેખાદેખીથી કરેલી નકલમાં નરી મૂરખાઈ નથી લાગતી?

આપ શ્રીમાનો સાધારણ બાબતોમાં શાસ્ત્રોની વાતો કરો છો, ત્યારે એમ માની લઇએ કે આપ શાસ્ત્ર (આગમ) ના જાણકાર છો. તો શ્રી અરીહંતના નામે આરંભ સમારંભથી ભરેલી જમતી વર્ષગાંઠો કયા શાસ્ત્રના આધારે જમે છે તે ખૂલાશો કરશો?


અમારા જેવા પ્રશ્ન પૂછનારાઓ માટે આપના દિલમાં નાસ્તિકનું ભૂત ઉભૂ થશે એટલે એ ભૂત આપને ધૂણાવે તે પહેલાં આપ શાસ્ત્રોકત દ્રષ્ટિએ ખૂલાસો કરશો તો જૈન સમાજ ઉપર મહા ઉપકાર થશે.

મહેરબાની કરીને બીજા કોઇ ડહાપણ કરવા અથવા વિદ્વતા દાખવતા જવાબ આપવાની તસ્તી ન લ્યે આ પ્રશ્ન મુનિરાજો પ્રત્યે છે.

આ પત્ર શ્રી અમીચંદ ખેમચંદ શાહે ઑનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રીમુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

સમય વ્યય.

Regd No. B. 3220.




વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૩ જો
શનીવાર તા. ૧૫-૬-૩૫

# ભીતરનાં .... સત્યો.

## ગ્રામોફોન રેકર્ડસ

*** 'ઉસકે લીયે ફીટ જાયેંગે એ એ એ:એ........'અને રેકર્ડ ખત્મ થઇ ને મિત્ર બોલ્યો 'વાહ બેટ્ટે એ......કમાલ, કમાલ. કંઇ ગમ નહી પડી મ્હને ને પૂછ્યું 'કોને કહે છે?' 'કાં ! ઉસ્તાદને કહુ છું. આ તો રેકર્ડ છે પણ મૂળ ગાનાર તો ઉસ્તાદ રામરહિમ છે ને !'—એણે કહ્યું.

વર્ષો પૂર્વનો આ પ્રસંગ સ્મરણપટે તાજો બન્યો શાશન પક્ષના સંમેલન વેળાએ. સ્વાગત પ્રમુખ અને પ્રમુખનાં ભાષણો સાંભળી મ્હેં કહ્યું સમીપ બેઠેલા એક ધર્મપ્રીય સજ્જનને, 'વિચાર ભેદ તો મ્હારે આ ભાષણો સાથે છે જ છતાં આ ભાષણો એમનાં પોતાનાં જ હોય તો આટલુંય એ વિચારી શકે છે એ માટે ધન્યવાદના અધિકારી છે.'

'જવાદો ને એ વાત! આ તો બીચારા શણગારાઇને આવ્યા છે પણ પ્રમુખ અને સ્વાગત પ્રમુખ બન્નેને શણગારનાર તો જુદા જ છે. આ બન્ને ભાષણોના લખનાર છે રા. ચીમનલાલ નાથાલાલ શાહ ઉર્ફે માજી ચિત્તવિજય મુનિ, ઉર્ફે રા. 'શ્રીકાંત' જહે પ્હેલાંહતા 'વિરશાસન'ના તંત્રી મંડળમાં અને હવે છે કોઇ પ્રખર વક્તા રામવિજયના સેક્રેટરી કે કલાર્ક.'પેલા ધર્મપ્રિય સજ્જને કહ્યું.

ધન્યવાદ આપવાનો મ્હારો ઉત્સાહ ઓસરી ગયો. શું શું શું? આ બીચારા કસ્તુરભાઇ અમરચંદ અને મગનલાલ રણછોડભાઇ માત્ર ગ્રામોફોનની રેકર્ડસ જહેવા જ હતા? એમણે દીધેલા આ ઉપદેશામૃત ક્યહાંકથી પ્રતિષ્ઠા પેટે માગી આણેલા હતા?

......અને મંડપમાંથી બ્હાર નિકળતા મ્હેં એક મદારી જોયો ડમરૂના અવાજે ને દોરીના અણુસારે મર્કટો નચવતો, એની કળા મ્હને મુગ્ધ કરી રહી.

૨

## જીસકે તડમેં લડ્ડુ.........

*** 'કોન્ફરન્સ પ્રત્યેની આની ભાવના અજોડ છે'—ઉન્હાળાના એક પ્રભાતે મુંબઇ સમાચારની 'જૈન ચર્ચા' જોઈ એના લેખક વિષે મ્હેં અભિપ્રાય આપ્યો.

પસિનો લુછતાં મ્હારા મ્હેમાન છેડાઇ પડયાં. 'જઇન ચર્ચાના એ લેખકને ત્હમે ઓળખતા નથી. 'જઇન'ના ઉપનામથી લખતા એ ગૃહસ્થનું નામ છે. **સાકરચંદ માણેકચંદ ઘડીઆળી** વા ઝવેરી. એમને ભાવના જોડે ભાઇબંધી નથી. કુશળ કારીગરની પેઠે એ ભાવનાને અને વાણી કે કલમને અનેક રૂપ આપી શકે છે. એક બહુરૂપી, સ્ત્રી બને છે, રાજા બને છે કે ગધેડો બને છે ત્યહારે વાસ્તવિક રીતે એ સ્ત્રી, રાજા કે ગધેડો હોતો નથી માત્ર એનાં બાહ્ય પરિધાન જ એનાં રૂપને અનુસરતાં હોય છે. એમ રા. ઘડીઆળી ઘણી વેળા કોન્ફરન્સના હિતેચ્છુ બને છે અને કોઈ વેળા તરૂણોના સલાહકાર બને છે. એક વેળા એ કોન્ફરન્સના પ્રચારક બને છે અને કોન્ફરન્સ મૈયાને માટે પર્યટન કરે છે. બીજી વેળા એ કોન્ફરન્સના સ્હામે પ્રચાર આદરે છે. એકી સાથે એ જઇન શ્વેતાંબર કોન્ફરન્સની સ્ટેંડીંગ કમીટીના સભ્ય હો[illegible] અને શાસનપક્ષી પરીષદની પ્રચાર સમિતીમાં પણ જડે છે'......

'શેઠ ! ચાઇ ઠેવલા' રામાએ કહ્યું અને અતિથીનું ભાષણ અધુરં રહ્યું.

---

### — વાચક બંધુઓને —

"તરૂણ જૈનના ત્રણ અંકો આપને મોકલવામાં આવ્યા છે. ચોથો અંક અમે વી. પી. થી મોકલવાનું નકકી કર્યું છે. તો જે ભાઇઓ તરૂણ જૈનના ગ્રાહક તરીકે રહેવા ન માંગતા હોય તેમણે સત્વર અમને લખી જણાવવું કે જેથી વી. પી. ના નકામાં ખર્ચમાં અમારે ઉતરવું પડે નહિ. ગ્રાહક થનારા બંધુઓએ વી. પી. આવેથી સ્વીકારી લેવું. પત્રના અંગેનો બધો વ્યવહાર 'તરૂણ જૈન' ઓફીસ ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩. એ સરનામે કરવો.

વ્યવસ્થાપક.

—: શનિવાર તા. ૧૫-૬-૩૫ :—

# તરૂણ જૈન

## સમય વ્યય.

જૂનનાં પ્રથમ ત્રણ દિવસે મુંબાઇને આંગણે માધવબાગમાં ભરાયલો જલસો એ રૂઢીચુસ્તોને મન આનંદ, મોજ કે વેરઝેરની મહોર છાપના દિવસો ગણાય. એ ત્રણ દિવસોએ રૂઢીચુસ્તોની જમાતે પોતાનું મનમાન્યું નૃત્ય જનતા સમક્ષ ખેલ્યું હતું.

એ જલસાની જાહેરાતને અંગે પર્યટનો, પત્રિકાઓ અને જાહેર સભાઓની ઘણા સમય પૂર્વેથી ધૂન મચી રહી હતી. દોડાદોડી અને ગભરાટનો પાર પણ નહોતો. આ બધામાં મુળજી જેઠા મારકીટના હોલમાં મળેલી સભા ખાસ નોંધવા લાયક છે. આ સભામાં સંમેલનના આગેવાનોએ આધ્યાત્મિકતાની કરેલી જાહેરાતથી એમ લાગતું હતું, કે આ વખતે આત્મશુદ્ધિનાં જ પગરણું મંડાશે અને કોન્ફરન્સનું સુકાન બદલવામાં આવશે. પણ એ બધું તડાકા ફડાકામાં જ વિરમ્યું. ઠરાવોની હારમાળામાં એનું નામ નિશાન પણ શોધ્યું જડયું નહિ. આધ્યાત્મિકતાને બદલે ગાળીપ્રદાન, ખોટા આક્ષેપો, નિંદા અને હુંપદપણું સ્પષ્ટપણે દ્રષ્ટિગોચર થયાં. કદાચ શાસનપ્રેમીઓ આ વર્તણુકને આધ્યાત્મિકતા કહેતા હશે!

ઠરાવો અને ભાષણોમાં જૈનમહાસભા સ્હામે કાદવ ઉડાડવામાં જરાએ બાકી રાખ્યું નથી. અમને અજાયબી થાય છે કે જૈન સમાજની આ મહાસભાએ એવો તે કયો અક્ષમ્ય અપરાધ કર્યો છે કે જેથી આ રૂઢીચુસ્તોના ચીડીયાખાનામાં આટલો બધો ફડફડાટ થઈ રહ્યો છે.

નીચે આપેલા બનાવો ઉપર અનેક વહાણાં વાઈ ગયલાં હોવા છતાંપણ સમાજ દંભીઓની જાળમાં ન ફસાય તેથી તેવિશે યાદ આપવું પડે છે કેઃ—

આસ્તિક, નાસ્તિક ને ધર્મી, અધર્મીના પાપોએ પ્રમાણપત્રો ફાડવા માંડેલા, સગીરોને મુંડી સમાજમાં આગ પેટાવેલી એવા સંજોગોમાં વીર શીવાજીની જન્મભુમિ જુન્નેરમાં આપણી મહાસભાનું અધિવેશન થયું. તડફોડ કરવાના ઇરાદે આવેલા રૂઢીચુસ્તોએ પગ મૂકતાં જ પોતાની જાત બતાવવાની શરૂઆત કરેલી ત્યાં તો પ્રમુખનું ભાષણ પેપરોમાં બહાર પડયું ને તેમાં અયોગ્ય દીક્ષા અંગે ઈસારો કરેલો એટલે રૂઢીચુસ્તો રણે ચડયા. સમજાવટના ઘણાયે પ્રયાસો થયા! પણ બધું નકામુ ગયું. આખરે જૈન મહાસભાની બેઠક શરૂ થઇ. તરતજ રૂઢીચુસ્તોએ બહારથી આક્રમણ કર્યું. સુલેહ સાચવવા પોલીસ પાર્ટીને હાજર થવું પડયું ને આખરે એજ દિવસે સાંજ સુધીમાં રૂઢીચુસ્તોને જુન્નેર છોડવું પડયું.

ચોર કોટવાળને દંડે તેમ મહાસભાને ઉતારી પાડવા અનેક ગુલબાનો ઉડાડયાં, છેવટે સુરત મુકામે એકત્ર થઈ મહાસભાનું બારમું કર્યું. બહિષ્કાર કર્યો. છતાં મહાસભાની જૈન સમાજ પરની લાગવગને લગારે આંચ આવી જ નહી. એણે તો ગઇસાલ પણ એજ દમામથી બેઠક ભરી, અને એના દીલાવર સુકાનીઓએ રાતોના ઉજાગરા કરી રૂઢીચુસ્તો સાથે મંત્રણાઓ કરી પણ ધારેલું પાર ન પડતાં બિચારા રૂઢીચુસ્તો એની મેળે મહાસભામાંથી બહિષ્કૃત થયા આથી એની સામે પુનઃ કાદવ ઉડાડવાના નીચ પ્રયત્નો થયા લોકોને લલચાવવા જમણો કર્યાં, ચાલુ બેઠકે પ્રભાવનાઓ થઇ છતાં ત્રીસ હજારની વસ્તીવાળા શહેરમાંથી અને સમગ્ર હિન્દુસ્તાનમાંથી આવેલા જાનૈયા મળી ત્રણસો સાડાત્રણસોની હાજરી. આ બધી સ્થિતિમાં જૈન મહાસભા સામે કાદવ ઉડાડવામાં આવે છે, ને એમના જ ખોળા ભારે થાય છે.

વિધવાને તો ગૌમાતા ગણીને પુનર્લગ્નને વ્યભિચારનો અખાડો ઠરાવીને તો કમઅકકલનું પ્રદર્શનજ ભર્યું છે. શુ! એ ખ્યાલમાં ન આવ્યું કે જેઓ અંતરાસણીયાના નામે ઓળખાય છે, લોકોને છેતરવા બાહ્ય ઊજળા દેખાય છે એટલે કે બહારથી દેખાતા બગલા જેવા ભગતો અનેક વિધવાઓનાં જીવન ધુળધાણી કરે છે તેવાઓની હવસખોરી પોષવા આ વાણીવિલાસ સેવાયો છે? કે સાધ્વીઓની જમાત મોટી કરવા? માણસ સાચો રાહ ચૂકે છે ત્યારે એના ચક્ષુએ પડળ વળે છે.

મુની સંમેલનના ઠરાવો પર મહોરછાપ મારી, એ જ ઠરાવોના ઘડનાર તેના મોવડીયો છડેચોક સગીરોને મુંડી રહ્યા છે તેનું પ્રમાણ પત્ર ફાડયું. આ પ્રમાણપત્ર ફાડનારાઓ પારકાં છોકરાંને જ જતિ કરવામાં ડહાપણ સમજે છે. બાકી તેઓ તો તેનાથી બાર ગાઉ વેગળાજ નાસે છે.

ધાડપાડુઓની ધાડોમાંથી કુમળા બાળકોના રક્ષણ માટે વડોદરા રાજ્યે કરેલા નિયમ સામે રૂદન સિવાય બીજુ થઈ શકે તેમ છે જ નહિ એટલે કકલાટ અને ધમપછાડા આવશ્યક ગણ્યા લાગે છે!

હિન્દુ મુસ્લીમમાં ઐક્ય સાધવાની પેરવીઓ થાય છે, ત્યારે એક જ પિતાને માનનારા ત્રણ ફીરકાંમાં ઐક્ય થાય તો એના જેવું રળીયામણું બીજું શું હોઈ શકે? ત્યાં પણ આ વેવલાઓ સિધ્ધાન્તના ઓઠાની બાંગ મૂકી ઐક્યને બદલે વેરવિરોધની વાતો કરે છે. અગીઆર લાખમાંથી અળગા થઇ જવાની ધાસ્તી તો નહિ લાગી હોય?

આ રીતે ઠરાવો કરીને બીજાઓ પ્રત્યે થુંક ઉડાડીને વખત ગુમાવ્યો તેના કરતાં એમનીજ ઉન્નતિ માટે કંઇક પણ કર્યું હોત તોય ઠીક હતું. પણ જેનો રાહજ અવળો છે. જેને બુધ્ધિ સાથે જ બારમું છે, એને બીજું સુઝે શાનું?

# આગે કૂચ કરો

સમાજની આપખુદશાહી રહામે બંડ જગાવી તેમની સત્તાને છિન્ન ભિન્ન કરી નાંખી સમાજનું સુકાન યુવાનોએ કબજે કરી લેવું જોઇએ. કિસ્મતમાં જે થવાનુ હશે તે થશે ધારી માથે હાથ મુકી બેસી રહેવાનો હવે સમય નથી. યુવક શક્તિએ પોતાનો પરચો હવે બતાવી આપવો જોઇએ. રૂઢીચુસ્તોની પોકળ અને સ્વાર્થી વાતો જગત સમક્ષ ખુલ્લી કરી નાંખી તેમની ઇમારતને જમીનદોસ્ત કરી નાખવી એજ આજનાં યુવાનવર્ગનું પહેલુ અને છેલ્લું કર્તવ્ય છે. યુવાનોની આગે કુચ ઇતિહાસમાં પણ પલટો આણી નાખવાની શક્તિ ધરાવે છે. માટે નવજુવાનો આગે કદમ ભરો–કદમ ભરો...

**આગે કુચ કરો.**

સારાએ દેશમાં સૌ સૌ પોતાની સમાજને–દેશને મોખરે લાવવા એટલે ઉન્નત કરવા બનતા પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે રૂઢીચુસ્તો એના વેગની રૂકાવટ કરવા, અરે ! એને થંભાવી પાછળ હટાવવા અનેક પ્રયત્નો કરી રહ્યા છે. કરતાં આવ્યા છે ને કરશે. છતાં જેને પોતાની સમાજમાં મર્દ તરીકે જીવવું છે, જેનામાં જીવતું જીવન છે, જેનામાં ચેતનનો અંબાર છે. જેની નાડીઓમાં ઉષ્ણ રક્ત વહી રહ્યું છે, જેને આળસ સ્પર્શી શકતું નથી, જેઓ એમ સમજે છે કે અમે મુક્ત છીએ, સ્વતંત્ર છીએ, કોઇની છાયામાં **નથી** તેવા જુવાનો પોતાની સમાજની ઉન્નત્તિ કરતાં આવ્યા છે પોતાની સમાજની ઉન્નતિ કરી છે, કરશે ને કરવાના છે.

આજે આપણી સમાજમાંથી પોપશાહી ઉખડી રહી છે, તેને મજબુત કરવા તેમનીજ દોરવણી ઉપર કુદાકુદ કરતા આંગળીના ટેરવે ગણાય તેટલી જુજ સંખ્યાના એક નાનકડા વર્ગે ધર્મના નામે, ત્યાગના ઓઠાનીચે, આત્મકલ્યાણના બહાનાતળે, લોભલાલચના પ્રલોભનોથી સમાજના ગળે પોપશાહીનો ઘંટ બાંધવાના અનેક પ્રયત્નો આદર્યા છે. ત્યારે ઓ ! યુવાનો ? તમે પ્રમાદમાં પડી રહી જોયા કરશો ? શું તમે પુરૂષ તરીકે જ જન્મી કાયર–બનવા માગો છો ! કે ભાગ્યમાં લખાયેલા ભાગ્યના ભરોસે, જીવવા માગો છો ? ભાવિના આધારે સમાજને છોડી દેવા ઇચ્છો છો ? કે જે ભાખ્યું છે તેજ થશે એ માન્યતાએ ચૂપચાપ રહેવા માગો છો ?

તમારે એ તો કબૂલજ કરવું પડશે કે જગતમાં કોઇ મનુષ્ય કે પ્રાણી કીસ્મત–ભાવિના આધારે બેસી નથી રહેતુ. સૌ પ્રયત્ન આદરે છે. જેઓ ભાગ્ય ઉપર આધાર રાખીને બેસી રહેવાની વાયડી વાતો કરે છે તેઓ પણ હાથપગ જોડીને બેસી ન રહેતાં ઉદ્યમ તો કરેજ છે. પણ જ્યારે કોઇ કઠીન કામ આવી પડે છે એટલે જેમાં સાહસ ને જોખમ દેખાય તેવું કામ આવી પડે છે ત્યારે તે બિચારો પુરૂષાર્થહીન બનીને ભાગ્યનો આસરો લઈ ભિરૂતા છુપાવવા પ્રયત્ન કરે છે. એટલે એમ કહેવું પડશે કે એ તો આળસુઓનું–પ્રમાદીઓનું બહાનું છે. એ સાચા યુવાનને લજ્જાસ્પદ છે.

નિદ્રાદેવીની ચાદરને ચીરી બેઠા થયેલા યુવાન બીરાદરો ! ઉઠો ! ઉઠો ! આજે સમાજના સુકાનમાં સમાજશત્રુઓ ખીલા ઠોકી રહ્યાં છે. તેનું સુકાન છિન્નભિન્ન થઇ રહ્યું છે–અસ્ત વ્યસ્ત બની રહ્યું છે, છતાં તમે જોયાજ કરશો તો ભાવી પ્રજા તમને જવાબદાર ગણશે. એ જવાબદારીમાંથી બચવા તમારા ને તમારી સમાજના હિત ખાતર ઘરખૂણો છોડી યથાશક્તિ સેવા માટે બહાર આવો.

તમારા અંતરના ઉંડાણમાં એ ખ્યાલ હોય કે મ્હારી પાછળ કોઇ આવે છે કે નહિ ? મ્હારી વાતો કોઈ માને છે કે નહિ ? તો એ ખ્યાલ કહાડી નાંખી પાછળ નજર સરખી પણ કર્યા સિવાય એની લગારે દરકાર કર્યા સિવાય તમારી કુચ આગે જ વધવી જોઇએ. એટલો ખ્યાલ રાખજો કે તમારી ગતિ સત્યના માર્ગે સેવાભાવી હશે, તેમાં નિ:સંકોચ ને નિર્ભયતા હશે તો કોઇની પણ તાકાત નથી કે તમારી ગતિને રોકી શકે છતાં વિઘ્નસંતોષીઓ, કહેવાતા સાધુઓના રોકેલ ગુંડાઓ, કે ધડમ ધડમ કરીને ભોળી જનતાને ઉંધે રસ્તે લઇ જનાર બુદ્ધિહીનો તમારો સામનો કરી તમારા રૂડા કામને તોડી પાડવાની ગમે તેટલી માયા ઉભી કરશે, છતાં તમારી ચાલમાં સ્વાર્થ, દંભ કે છેતરપીંડી નહિ હોય, તમારા સિદ્ધાન્ત ઉપર મુસ્તાક રહેવાની મરદાનગી હશે તો ભયંકરમાં ભયંકર વિરોધીઓને પણ હઠી જવું પડશે. સદા સત્યનોજ જય છે,

સમાજની ભયંકર સ્થિતિ તમારી જાણ બહાર નથી. તમે જાણો છો કે આજે ધર્મના મુખ્ય સિદ્ધાન્તોને છોડી ગૌણ ધર્મ-માનવા માટેજ–(ક્રિયાકાંડ) ઉપદેશ અપાય છે. બાળદીક્ષાનો ધૂમ વેપાર ચાલી રહ્યો છે. એકજ પિતાના પુત્રોમાં વૈમનસ્ય ઉત્પન્ન કરવાના અનેક દાવો ખેલાઇ રહ્યા છે, ગચ્છભેદોએ હુંસાતુંસીને વેરઝેર પેદા કર્યાં છે. જે ધર્મમાં જાતિભેદને સ્થાન નથી. ત્યાં દશા, વીશા, પાંચા, જેવાં વરતુલોના ઓઠાનીચે સંકુચિત જ્ઞાતિઓ ઉભી કરી સમાજને બેડીઓથી જકડી લેવામાં આવી છે. આ સ્થિતીમાંથી સમાજ ન ચસ્કે તેટલાખાતર જુદી જુદી રીતનાં હાટડાં મંડાયાં છે. એ હાટડાંના ઠેકેદારો દ્વારાં વ્હેમો, કુરિવાજો ને ધર્મ તથા કહેવાતા વહેવારનાં નામે થતા લખલૂટખર્ચા પાછલ સમાજનું શરીર નીચોવાઇ રહ્યું છે. એનું શરીર ભયંકર સ્થિતિમાં આવી પડયું છે. આ ભયંકર સ્થિતિમાંથી સમાજને બચાવી પ્રગતિના પંથે વાળવા દરેક યુવાને એ બેડીયોને તોડી નાખવા કમર કસેજ છુટકો છે.

સમાજને ભીંસી રહેલી અનેક પ્રકારની ભીંસણનીતિથી સમાજનો યુવક જાગૃત તો થયોજ છે. છતાં તે લોકનિંદા ને કહેવાતા વહેવારના ભૂતમાં એવો અટવાયો છે કે બહાર નીકળતાં મુંઝાય છે. એ ઓથ ખોળે છે. એ મર્દોની નિશાની નથી.

જેઓ એ બંધનો, વ્હેમો, ને કુરિવાજોને તિલાંજલી આપી સ્વતંત્ર બન્યા છે તેઓ લોકનિંદા કે રૂઢીના નામે ખપતાં વહેવારની લેશ પણ પરવા કરતાં નથી. તેઓ સમજે છે. કે જેઓ બેડીઓને તેમના કડાં માની બેઠા છે. તેવા અને ડોઢ ડાહ્યા નિન્દા કરશે. કાદવ ઉડાડશે, પથરા ફેંકશે, દ્વેષ કરશે, છતાં જેઓ પૂર્ણ વિચાર કરીને બીજાના હથિયાર બન્યા વગર નિર્ભયતાથી પગલાં ઉપાડે છે તે કદિ પાછા પડતાંજ નથી એમનો વિજય છે.

આ સમય અનુકુળ છે. યુવાનવર્ગ જાગ્રત થયો છે. બેઠા થવાનીજ ખોટી છે. તો ઉઠો ! ખડા થઇ જાઓ ! બંધનો ફગાવી દઇ આગે કુચ કરો.

# શું ધર્મ અને ઇશ્વર ભયાનક છે?

**ઇશ્વર અને ધર્મ ડરામણા નથી. અન્ધશ્રધ્ધા જ ધર્મ અને પ્રભુ પ્રત્યે આપણાં મન પર બિહામણું વાતાવરણ સર્જે છે. સ્વર્ગ કે નર્ક, પાપ કે પુણ્યની લાલચ માટે આપણે ધર્મ અને ઈશ્વર પ્રત્યે આસ્થા ચોંટાડીએ છીએ અને જીવનમાં સાવ બેદરકાર બનીએ છીએ. અન્ધશ્રધ્ધાની ઉત્પત્તિ, તેના અનર્થો અને ધર્મમાં તેની જડ કેટલી ઉંડી ઉતરી ગઇ છે વગેરે વિષયો પર આ લેખ અતિ મહત્વનો પ્રકાશ ફેંકે છે.**

## શ્રધ્ધા અને બુધ્ધિની જરૂરીયાત :

મનુષ્ય સમાજની ઉન્નતિ માટે શ્રધ્ધા અને બુધ્ધિ અતિ જરૂરનાં છે. આ બે ગુણો મનુષ્યનાં જીવનમાં અતિ મહત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે. માત્ર શ્રધ્ધા કે બુધ્ધિથી જ મનુષ્ય-સમાજ જીવંત રહી શકતો નથી. તેના સ્વાસ્થ્ય માટે બન્ને ગુણોની અવશ્યકતા પડે છે. અને જ્યારે તે બેઉ ગુણો એક બીજામાં સરખી રીતે ઓતપ્રોત થયલાં હોય છે ત્યારે જ તે પૂર્ણ કક્ષાએ પહોંચે છે.

## શ્રદ્ધા અને બુધ્ધિમાં તફાવત.

શ્રધ્ધાનું ઉત્પત્તિસ્થાન હૃદય અને બુધ્ધિનું ઉત્પત્તિ સ્થાન મસ્તિષ્ક છે. બન્નેનાં સ્વભાવ પણ જુદાં જુદાં છે, બુધ્ધિ વિચાર અને ચતુરાઇ અનુસાર વર્તે છે જ્યારે શ્રધ્ધા પ્રેમ અને વિશ્વાસને પોષે છે. શ્રધ્ધામાં વિચાર અને તર્કને સ્થાન હોતું નથી જ્યારે બુધ્ધિના રાજ્યમાં વિવેકહીન વિશ્વાસનો બહિષ્કાર હોય છે.

આગળ જણાવ્યું તેમ મનુષ્ય-સમાજને ઉન્નત્ત કરવા માટે શ્રધ્ધા અને બુધ્ધિ એ બેઉ ગુણોની આવશ્યકતા છે. બન્નેમાંથી એક પણ ગુણ અલગ થઇ જાય તો બન્ને ગુણો મહા ભયાનક રૂપ ધારણ કરે છે. બુધ્ધિ દૂર થતાંજ શ્રધ્ધાનો વિશ્વાસ અન્ધવિશ્વાસમાં, પ્રેમ મોહમાં અને ભાવિકતા મૂર્ખતામાં પરિણમે છે, જ્યારે શ્રધ્ધા અલગ થતાં બુધ્ધિની પણ દૂર્ગતી થાય છે. એનો તર્ક કુતર્કમાં, વિવેક ધૂર્તતામાં અને વિજ્ઞાન નાસ્તિકતામાં પરિવર્તિત થાય છે. જેવી રીતે વિવેકહીન વિશ્વાસ મનુષ્ય માટે ભયંકર છે તેવી જ રીતે વિશ્વાસ હીન વિવેક પણ મનુષ્યજાતિ માટે એક શત્રુ સમાન છે.

## અન્ધશ્રધ્ધાની ઉત્પત્તિ :

જ્યારે શ્રધ્ધામાંથી બુધ્ધિનો અંશ નીકળી જાય છે ત્યારે તે 'અન્ધશ્રધ્ધા'ના નામથી ઓળખાય છે. આ અન્ધશ્રધ્ધા સાથે વિચાર અને વિવેકને દુશ્મનાવટ હોય છે. વિચાર અને વિચાર કરવાનો તેમજ સત્યાસત્યનો નિર્ણય કરવાનો મનુષ્યનો જે એક સ્વાભાવિક અધિકાર હોય છે તેને તે છિનવી લે છે. શું યોગ્ય છે અને શું અયોગ્ય છે? શું ન્યાય અને શું અન્યાય છે? વગેરે વાતોનો નિર્ણય કરવા માટે તે મનુષ્યને જરાય અવકાશ આપતી નથી. મનુષ્ય સમાજપર બળાત્કારે તે પોતાનું એકાધિપત્ય સ્થાપિત કરે છે.

## અન્ધશ્રધ્ધા વ્યકિતવાદને પોષે છે :

અન્ધશ્રધ્ધાનું સૌથી મોટામાં મોટું દુષ્પરિણામ એ આવે છે કે મનુષ્ય સિધ્ધાન્તવાદની ઉદાર ઉપાસના ત્યજીને વ્યકિતવાદનો ઉપાસક બની જાય છે. વ્યકિતવાદનું આ ભૂત તેની રાજનીતિ, ધર્મનીતિ, સમાજનીતિ આદિ નીતિઓમાં ઘુસી જાય છે. પરિણામ એ આવે છે કે તેની રાજ્યનીતિમાં અત્યાચાર અને અમાનુષી વર્તાવ, ધર્મનીતિમાં ધર્માંધતા અને વહેમ, સમાજ નીતિમાં વિઘાતક જાતિપ્રથા અને અનિષ્ટ રિવાજોની ઉત્પત્તિ થાય છે. અને અન્તે સમાજનું જીવન દુર્ભાગ્યની ભીષણ ચકકીમાં અટવાઇ ખાના ખરાબીએ પહોંચી જાય છે.

આવાજ પ્રકારે અન્ધબુધ્ધિવાદથી પણ સમાજમાં નાસ્તિકતા, અમાનુષિકતા, અવિશ્વાસ આદિ ગુણો પ્રવેશ છે. જે સમાજમાં હત્યા, ખૂનામરકી, પાપાચાર અને એવાં બીજાં અનિષ્ટ તત્વો ફેલાવે છે.

રાજનીતિ અને સમાજનીતિ એ એવી વસ્તુઓ છે કે જે એક પ્રત્યક્ષ સિધ્ધાન્તની સાથે સંબંધ રાખે છે. એનું શુભાશુભ પરિણામ આપણે આપણી દ્રષ્ટિ સન્મુખ જોઈ શકીએ છીએ. તેમાં પ્રવેશેલી અન્ધશ્રધ્ધા ગમે એટલી વાર સુધી ટકે પરંતુ તે અતિ દીર્ઘ કાલ સુધી બલવતી રહી શકતી નથી. પરન્તુ ધર્મનીતિ એક એવી વસ્તુ છે કે જે કોઇ પ્રત્યક્ષ, સિધ્ધાન્ત સાથે સંબંધ રાખતી નથી. તેનો સંબંધ અપ્રત્યક્ષ, અગોચર અને અદ્રષ્ય સિધ્ધાન્ત સાથે હોય છે. ઇહલૌકિક સુખઃદુઃખ સાથે એને અધિક સંબંધ હોતો નથી. તેનો સંબંધ તો એવા સ્થાન સાથે હોય છે કે જ્યાંનો સાચ્ચો ઇતિહાસ આજસુધી દુનિયાએ જોયો કે જાણ્યો નથી.

## અન્ધશ્રધ્ધાના પરિણામ :

ધાર્મિક અન્ધશ્રધ્ધાના પરિણામે વ્યકિતવાદનો ઉદય થાય છે. આ ધાર્મિક વ્યકિત કયાંક ઇશ્વરીય દૂતના નામથી, કયાંક પયગમ્બરના નામથી તો કયાંક અવતારના નામથી ઓળખાય છે. અસલમાં આ પૂજનીય પુરૂષ મહાન અને પવિત્ર લેખાતા પરન્તુ એમનાં ઉપાસકોએ તેમનાં નામ નીચે ભોળી અને અભણ પ્રજાપર મનમાન્યા જુલ્મો આદરી મનસ્વી વર્તન ચલાવવા માંડ્યું. અને તેમની કિંમત દિનપર દિન ઘટાડવા માંડી. બધાં ધર્મો માનવ કલ્પાણના સિધ્ધાંત પર રચાયલાં છે. આમ છતાં પણ અવિવેક અને અન્ધવિશ્વાસ આ ભિન્ન ભિન્ન વ્યકિતઓના ઉપાસકોમાં ભયંકર મતભેદ ઉપસ્થિત કરે કરે છે અને પરિણામે ધર્મના નામપર આ લોકો એક બીજાંનું ગળું કાપવાની વાતપર પણ આવી જાય છે.

## ધર્મનાં ધતીંગ અન્ધશ્રધ્ધામાં જ છે :

કહેવાનું તાત્પર્ય એટલુંજ કે ધર્મનાં ધતીંગ અન્ધશ્રધ્ધાપર રચાયલા છે. કોઇપણ ધર્મના કહેવાતા ઇજારદારો પોતાના સમર્થ-

નમાં બુધ્ધિગ્રાહ્ય યુકિતઓ બતાવી શકતો નથી. અને એ માટે જ તેને ધર્મ-ગ્રંથો, ઇશ્વરીય વચનો અને પૂજારીઓનાં આદેશોનો સાચો ખોટો આશરો લેવો પડે છે અને જ્યારે બુદ્ધિનો આવી રીતે બહિષ્કાર પોકારવામાં આવે છે ત્યારે ધર્મપંથીઓનાં કાર્ય પણ જ્ઞાન શૂન્ય અને પશુવત જેવાં હોય તો તેમાં કોઇપણ પ્રકારનું આશ્ચર્ય નથી.

**ધર્મના નામે માનવહત્યા:**

ઇશ્વરની એકતા તથા મનુષ્ય માત્રના ભ્રાતૃત્વને માનવા છતાં પણ ધર્મને નામે અસંખ્ય નિરપરાધીઓને રીબાવ્યાં છે, તેમની હત્યા કરી છે કે જેનાં હાડકાંઓ એકત્રિત કરી તેનો જો એક મિનારો ચણવામાં આવે તો તે આખી સૃષ્ટિમાં એક ઉંચામાં ઉંચો મિનારો બને. ધર્મના ઓઠાં નીચે લોકોને એટલી તો સખ્ત અને ભયાનક યંત્રણાઓ પહોંચાડી છે કે જેની સ્હામે ધર્મમાં કલ્પાયલી નરકની યંત્રણાઓ પણ ફીકકી પડી જાય. જગવિખ્યાત રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ પંથીઓના લોહી તરસ્યાં હત્યાકાંડો આ વાતની પ્રત્યક્ષ સાક્ષી પૂરે છે. એને અન્ધવિશ્વાસ અને અન્ધશ્રદ્ધાના જ અનર્થો કહી શકાય.

**ધર્મ અને શાસ્ત્રની હવાઈ વાતોપર શંકા કરો તો?**

મનુષ્યની સૃષ્ટિ કેવી રીતે રચાઇ? પુરાણ કહે છે કે શેષશાયી ભગવાનની નાભિમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા. આ બ્રહ્માએ મનુષ્યજાતિ ઉત્પન્ન કરી, પુરાણના આ કથનપર જો કોઇ શંકા કરે તો તેને નાસ્તિક ગણવામાં આવે અને તેને માટે સ્વર્ગના દ્વારા પણ બંધ થઇ જાય કુરાન અને બાયબલનું કહેવું છે કે ખુદા એ છ દિન સુધી સખ્ત મહેનત કરી બધાં જીવોની સૃષ્ટિ કરી અને સાતમે દિવસે રવિવારે છુટ્ટી મનાવી. આ પર કોઈ શંકા બતાવે તો તે કાફિર ઠરે અને એને માટે જન્નતનો રસ્તો બંધ થઇ જાય. તીર્થંકર ભગવાન જ્યારે ઉત્પન્ન થયા તે પહેલાં એમના માતા-પિતાને ત્યાં છ માસ સુધી રત્ન-વૃષ્ટિ થઇ હતી. એઓ ઉત્પન્ન થયાં કે તરતજ ઇન્દ્ર તેમને કૈલાસ પર્વતપર લઇ ગયાં. અહીં એક યોજન લાંબા, એક યોજન પહોળા અને એક યોજન ઉંડા એવા ૧૦૦૮ કલશોથી તેમને સ્નાન કરાવવામાં આવ્યું. શું તમને શંકા આવે છે કે તરતના જન્મેલા બાલકે આટલું બધું પાણી કેવી રીતે સહન કર્યું હશે? શંકા આવે તો તમે અવિશ્વાસી છો? દસ જન્મો સુધી તમારે તિર્યંચયોનિમાં ભટકવું પડશે!

**તમે નાસ્તિક છો:**

કદાચ કોઈ એમ કહે કે દેવને આવા મોટાં મંદિરો અને આ બધાં હીરામાણેકના દાગીના તેમજ ઠાઠ-ઠઠેરાની શી જરૂર છે? તમારે ભકિત કરવી હોય તો એકલી મૂર્તિ સમીપ કયાં નથી કરી શકાતી? અને વળી દેવ આ બધાંનાં ભૂખ્યા પણ કયાં છે? આ કહેનાર પર લોકો તરતજ તૂટી પડશે અને તેને નાસ્તિક, ધર્મદ્રોહી અવિશ્વાસી વગેરે કહી સમાજમાંથી તેનો બહિષ્કાર કરવાની પણ તત્પરતા બતાવશે.

**પાપ-ચોરી કરવાની છૂટ છે!**

અન્ધશ્રધ્ધાના યુગમાં પાપ કરવું જેટલુ સ્હેલું છે. તેટલુંજ પાપમાંથી મુકત થવું પણ સ્હેલું છે! લાખો પાપ કરો ચોરી કરો વ્યભિચાર કરો, વિશ્વાસઘાત કરો-એકવાર ગંગાજીમાં સ્નાન કરાવ્યું કે બધું માફ, એકવાર સાધુ સંતોને જમાડયાં કે બધાં પાપો બળી જાય, ગમે એટલું ખરાબ આચરણ કરો પણ મંદિરમાં જઇ દાન-દક્ષણા આપો કે અઠાઈ ઉત્સવ કરો તો તરતજ પાપ ધોવાઈ જાય અને ધર્મના દરવાજા ખુલ્લા થઇ જાય!

**અન્ધશ્રધ્ધાથી આપણા મનપરથી થતી અસર**

અન્ધશ્રદ્ધા આપણા મન પર ખરાબ અસર ઉત્પન્ન કરે છે. આપણે પાપ કે પુણ્ય, સ્વર્ગ કે નર્કના પ્રલોભન તેમજ ભયથી ધર્મ પ્રત્યે આસ્થા ચોંટાડીએ છીએ. કદાચ ધર્મ વિરૂદ્ધ આપણે કાંઈ કરી બેસીએ અને ઇશ્વર આપણને દંડે તો? પ્રભુને પૂજીશું તો સ્વર્ગમાં જઇશું વગેરે લાલચ અને ભયથી જ આપણે ઇશ્વરને માનીએ છીએ. મન ન માનતું હોય તો પણ ઇશ્વર નામની કોઇ વ્યકિતની મૂર્તિને આપણે બલાત્કારે પણ આપણા મગજમાં ઠસાવવી પડે છે. આ સ્થિતિ જ્યાં હોય ત્યાં આપણા મનમાં ધર્મ અને પ્રભુ પ્રત્યે આન્તરિક સદ્ભાવના કયાંથી ઉત્પન્ન થાય? ઇશ્વરના સૌમ્ય સ્વરૂપને ભૂલી આપણે તેને ભયંકર રૌદ્ર રૂપમાં કલ્પીએ છીએ. એને રાજી ન કરીશું તો આપણો નાશ થશે, આપણું અહિત થશે વગેરે ભાવનાથી........આપણે નથી તેને સાચ્ચા સ્વરૂપે પિછાની શકતાં કે નથી તેની સાચ્ચા દિલથી પૂજા કરી શકતાં.

**ઇશ્વર ભયાનક છે જ નહિ.**

ઇશ્વરની મૂર્તિને આપણે જેવી ભયાનક અને ડરામણી કલ્પીએ છીએ તેવી તે વાસ્તવિક રૂપે છે જ નહિ, આપણી માન્યતા જ ભૂલ ભરેલી છે. અન્ધશ્રદ્ધાના પડળ આપણને ધર્મ અને પ્રભુથી વધુ દૂર અને દૂર લઇ જાય છે. જે દિવસેથી એ અન્ધશ્રધ્ધા દૂર થશે તે દિવસથી જ આપણે પ્રભુને અને ધર્મને સાચ્ચા સ્વરૂપે પિછાની શકીશું. તે દિવસથી જ ધર્મ અને ઇશ્વરપર આપણી સદ્ભાવના હૃદયના ઉંડાણમાંથી પ્રગટશે અને મનુષ્ય સમાજમાં ધર્મની સાચ્ચી પ્રતિષ્ઠા સ્થાપિત થશે. પછી કોઇ દંડ કે પુરસ્કાર આપનાર ઇશ્વર તથા સ્વર્ગ કે નર્કની આવશ્યકતા પણ આપણને રહેશે નહિ. આપણું સ્વર્ગ આપણે જાતે જ નક્કી કરી લઇશું, અને જ્યારે આપ્રમાણે થશે ત્યારે જ માનવી જીવનનું સાચ્ચું રહસ્ય સમજી શકશે.


## કન્યા દાનમાં આપો

### સ્ત્રી શકિત માળાનો સટ

હવે લોકો શિક્ષણની મહત્તા સમજવા લાગ્યા છે, અને પરણતી કુમારિકાને કન્યાદાનમાં સ્ત્રી શકિત માળાનો સટ આપવા લાગ્યા છે. સુંદર પચાસ પુસ્તકો, જેમાં ગૃહિણીને જરૂરનું દરેક પ્રકારનું જ્ઞાન દા. ત. ગૃહવ્યવસ્થા, ગરબા, માંદાની માવજત, ભરત ગુંથણ, સ્ટવનું શાસ્ત્ર, લગનગીતો, વીરાંગનાનાં જીવન ચરિત્રો, વાર્તાઓ, રમુજી લેખો વગેરે આપેલું છે. એમાંથી તમારી પુત્રી કપરા સાસરિયાની એકાંત પળોમાં અપાર પ્રેરણા મેળવશે, સુંદર પુસ્તકો સુંદર લોખંડની પેટીમાં આવે છે જેથી લગ્નમંડપ પણ ઝગઝગી ઉઠશે, કિં. રૂા. ૨૦]

**સ્ત્રી સાહિત્ય મંદિર સુરત.**

## વિ∗લો∗ક∗ન

**અભ્યુદય માર્ગ:** લેખક સ્વ. મેઘજી હિરજી બુકસેલર, પ્રકાશક મેઘરાજ જૈન પુસ્તકભંડાર—મુંબઇ ૨. બીજી આવૃત્તિ કિંમત આઠ આના.

જૂની જૈન કથા સાહિત્યની શૈલીએ લખાયલું આ પુસ્તક એક વ્યાપારીના વ્યવહારૂ ચિંતનનું પરિણામ છે.

**જૈન ધર્મ પ્રકાશ :** સુવર્ણ મહોત્સવ વિશેષાંક – ભાવનગર અર્ધી સદીપર જહેણે જીવન શરૂ કર્યું અને જૈન સાહિત્યની જ્યોત પ્રકટાવી ધીમી ઝળકે ચાલુ રાખી એવા આ માસિકનો વિશેષાંક ગુજરાતી જૈન જનતા સકારણ ગર્વ લ્યે એટલો મનહર ને સમૃદ્ધ છે. પુરાતત્વવાદીકોને રસપડે એવા કેટલાક લેખો, તીર્થોનાં વિવેકી વર્ણન અને આજના આપણા પ્રશ્નો પરત્વે મનનીય, વિચાર પ્રેરક લેખો એમાં સંગ્રહીત છે. 'જૈન ધર્મ પ્રકાશ' તરફની આપણા તરૂણોની ઉદાસીનતા કદાચ આ અંકે દૂર થાય. વનમાં પ્રવેશતાં 'જૈન ધર્મપ્રકાશ'ને શતાયુ પ્રાર્થી, ઇચ્છીએ કે એના ચાલકો અર્ધી સદી પૂર્વેની રગશીયા ગાડાની ઢબે રસહીન રીતે પત્રસંપાદન કરવાનું છોડી, વિશેષાંકમાં અખત્યારેલી નવી ઢબે, નૂતન બળો આવકારીને જૈન સમાજમાં ચેતન રેડે—ને માર્ગદર્શક બને. અંકના સંપાદકોને અભિનંદના

**રગશિયું ગાડું:** લેખક, પ્રકાશક શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરી ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩. કીંમત એક રૂપીયો.

પરદેશની સતત મુસાફરીથી લેખકમાં દ્રષ્ટિની વિશાળતા ઉદ્‌ભવે છે. એ સરખામણી આદરે છે રહેણી કરણીની અને એને દર્દ થાય છે. સાવ સાદી સરળ ભાષામાં આચાર વિચારના પ્રશ્નો છેડી કેવળ અજ્ઞાનતાને લીધેજ કે સામુદાયીક આચાર તરફની બેદરકારીને લઇને આપણે જહે વ્યકિતગત ગંદુ જીવન જીવીએ છીએ તે માત્ર થોડાક વ્યવહારૂ ડહાપણને આવકારવાથી આપણે સહજમાં મીટાવી શકીએ એ સત્યનું લેખક આખા પુસ્તકમાં પ્રતિપાદન કરે છે.

લેખક જૈન છે અને એથી એમની પ્રધાન દૃષ્ટિ જૈન સમાજ પર પડી છે. સંકુચિત જ્ઞાતિ તડાથી શરૂ કરી, બાળ સગપણ, સ્વચ્છતા, સભ્યતા, ગંદીભાષા, વ્હેમ, મંદવાડ ને મરણના રીવાજો વૈધવ્ય અને છુટા છેડા સુધી આજના રોજના પ્રશ્નો આ પુસ્તકમાં મનન પૂર્વક ચર્ચાયા છે.

નિબંધ દૃષ્ટિએ આમાં કેટલીક ઉણપો છે અને ઘણા પ્રશ્નો એકમેકમાં ભેળાઇ ગયા છે પણ પુસ્તકના લેખક સાક્ષર નથી. એક વ્યાપારીની વ્યવહારૂ દૃષ્ટિએ આજના પ્રશ્નો જહે સરળતા અને હિંમતથી એણે છણ્યા છે એ પ્રશંસનીય છે. ધંધામાં રચ્યો પચ્યો રહેતો એક શ્રીમંત વ્યાપારી સમાજ સુધારાની પ્રવૃત્તિ તરફ લક્ષ આપે એ ઇષ્ટ ને આદરણીય છે.

સૌરાષ્ટ્ર કાર્યાલયનું સુંદર મુદ્રણ, પાકી બાંધણી ને સરસ જેકેટ છતાં એની કિમ્મત વધારે ગણાય.

**જૈની સપ્તપદાર્થી:** સંશોધક મુનિહિમાંશુવિજયજી, પ્રકાશક દીપચંદ બાંઠીયા, છોટા સરાફા ઉજ્જૈન કિંમત પાંચ આના.

જૈન શાસ્ત્રના અભ્યાસીઓને આ પુસ્તક જોઇ લેવા જેવું છે.

## ....ગૈ:રી:જ:ન....

[ અમેરિકાની ગુલામ પ્રજાનાં ઉદ્ધાર માટે સર્વસ્વની આહુતિ આપનાર નરશાર્દૂલની રોમાંચક અને સાહસશૂરીકથા પહેલાં અંકથી અપૂર્ણ રહેલી અહિં સંપૂર્ણ થાય છે............]

હવે નૃશંસતાનું તાન્ડવ નૃત્ય ખેલાયું. ગુલામ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવી એ પણ એક અક્ષમ્ય અપરાધ ગણાવા લાગ્યો. એક વિદ્યાર્થીને જાહેર રસ્તાપર ચાબુકનાં ફટકા મારી તેની ચામડી ચીરી નાખવામાં આવી. કારણ તેની પાસે ગુલામી પ્રથા વિરૂધ્ધ સાહિત્ય હતું. બીજા વિદ્યાર્થીપર હલ્લો કરી તેનું માથું ફોડી નાખવામાં આવ્યું કારણ તેણે ગુલામી વિરોધી સભામાં હાજરી આપી હતી.

સાધારણ જનતાજ માત્ર ગૈરીજનના કાર્યની વિરૂધ્ધ ન હતી પરન્તુ મોટાં મોટાં અમલદારો પણ આ કાર્યને ધુત્કારી કાઢતાં હતા. ન્યાયાધીશો ગુલામીની પ્રથા પસંદ કરતાં હતા, એટલે તેના વિરોધી ઓને જેર કરવા માટે તેમણે આકરી સજાઓ ફટકાવવા માંડી. ગૈરીજનને પણ લોકોએ છોડયો ન હોતો. એક વખતે તો તેને નગ્ન કરી રસી બાંધી જાહેર રસ્તાપરથી ઘસડી જવામાં પણ આવ્યો હતો.

આટલી દમનનીતિ છતાંય આ કાર્ય અટક્યું નહિ. ગૈરીજન અને તેના સાહસશૂરા મિત્રોએ ગુલામી પ્રથાના વિરોધીઓને એકત્રિત કરી તેમનાં મંડળો રચ્યા અને તે દ્વારા અમેરિકાના એક ખુણાથી માંડીને તે બીજા ખુણા સુધી ગુલામી વિરૂધ્ધ સંદેશ પહોંચાડયો.

આ પ્રકારની વ્યવસ્થિત અને સમૂહબંધ લડતે આખો રંગ પલટાવી દીધો. અત્યાર સુધી અમેરિકામાં પ્રમુખની ચુંટણીમાં ગુલામીની પ્રથાના સમર્થકો જ ચુંટાતા હતા હવે સમય બદલાયો. અને નવી ચુંટણી થતાં અબ્રાહમ લીંકન કે જેઓ ગુલામી પ્રથાના ઉચ્છેદક હતા તેઓ રાષ્ટ્રપતિ બન્યા આ માટેનો યશ ગૈરીજનને ફાળે જાય છે.

અને પછી તો અમેરિકામાં નવો યુગ પ્રવર્ત્યો. લોકો હવે ગુલામી પ્રથાને ધીકકારવા લાગ્યા. નીગ્રો પ્રત્યે તેમણે દયાભાવથી જોવા માંડયું. તેમના પરના જુલ્મ અટકયા અને ઘણા ગુલામોને મુકત કરી તેમને સ્વતંત્રતા બક્ષવામાં આવી જેઓ પાસે ગુલામો હતા તેઓની પાસે પ્રજા પ્રતિનિધી મંડળો લઇ ગઇ. અને તેમને વિનંતી કરી ગુલામોને મુકિત અપાવી, અને ૧૮૬૫ માં અમેરિકાએ ગુલામીની પ્રથા સદંતર નાબુદ કરવા ઐતિહાસિક ઢંઢેરો પીટયો.

ગૈરીજનનું કાર્ય ખત્મ થઇ ગયું. માનવ જાતના એ પ્રેમીએ સતત આન્દોલનો જગાવી હવે દેશ સેવાના ક્ષેત્રમાંથી:મુકિત મેળવી. અવિરત પરિશ્રમ અને કાર્યની ધગશ શું કરી શકે છે એ ગૈરીજનની જીવન પરથી સ્પષ્ટ સ્હમજાઇ આવે છે.

૭૦ વર્ષની વયે એમની સ્ત્રી મૃત્યુ પામી અને તે પછી ત્રણ વર્ષ રહીને ૭૩ વર્ષની વયે ગુલામોના રક્ષણહાર—માનવજાતના ઉધ્ધારક ગૈરીજને આ પૃથ્વી પરથી પોતાની જીવનલીલા સમાપ્ત કરી.

# કડીયાને માનપત્ર ?

નિચેનું પ્રસિધ્ધ કરવાની અમને વિનંતી કરવામાં આવી છે.

તંત્રીઃ ત. જૈ.

'હું આજ કેટલાક વર્ષોથી ધર્મધુરંધર, સદ્દગુણાનુરાગી, શાશન-સંરક્ષક, શ્રાવકકુળ તારક એવા શ્રી, ચીમનલાલ કડીયાનો પ્રશંશક હતો. ડૂબતા ધર્મને કિનારે ખેંચી આણવા એમણે જ્હે કમ્મર કસી છે એ મ્હારે મને અતિ પૂણ્યદાયી છે. મુનિ મહારાજ રામવિજયનાં ડમરૂ બજાવવાનો એમનો નિર્ધાર માનવલોકના રંજનાર્થે છે એમ હું માનું છું. બાળમુંડનની એમની અનુમતીમાં બેકારોને ઠેકાણે પાડવાની અને શ્રાવકોને ભીખારી બનાવી ક્રાન્તિ માર્ગે વાળવાની દિર્ઘદ્રષ્ટિ સમાયલી છે. આવા તો અનેક ગુણો એમનામાં પ્રકટ–અપ્રકટ વસેલા છે.

'આ બધું જોઇ, ગુણાનુરાગી એવો હું એમને સારૂં કૈંક કરવું જોઇએ એમ વિચારવા લાગ્યો. મ્હારા મિત્રો સમક્ષ આ વાત મ્હેં મૂકી અને એ સૌ એ એકધ્વનિથી એને સત્કારી. પરિણામે અખીલ ભારત જૈન સમાજ તરફથી એમને એક માનપત્ર એમની સેવાઓ બદલ આપવાનું ઠરાવ્યું. માનપત્રની શાહી કાળી લેવી કે લાલ લેવી એ ચર્ચાએ અમારો ઠીક સમય રોકયો. આખરે કાળી શાહી લેવાનો ઠરાવ ત્રણ વિરૂદ્ધ બે મતની વિશાળ બહુમતિએ પસાર થયો. છપાવવાનો કોન્ટ્રાકટ તો વીરશાસન જહે પ્રેસમાં છપાય છે એ જ પ્રેસને આપશું તો આપણે ભવસાગર તરી શકીશું એમ વકતૃત્વકળાના અધિષ્ઠાતા એક મુનિએ કહ્યું અને અમે ભવસાગર તરવાની લાલચે એને વધુ ચર્ચા વિના માન્ય રાખ્યું.

આખરે અખિલ ભારત જૈન સમાજ તરફથી માનપત્ર આપવાનું હોઈ, ગામે ગામના સંઘપતીઓની સહીઓ લેવા હું પ્રવાસે સીધાવવા ગાડામાં બેસી સ્ટેશને પ્હોંચ્યું. ત્યહાં રસ્તામાં જ એક છાપાની કાપલી લઇને અમારી 'કડીયા માનપત્ર સમીતિ' ના બાકી રહેલા ચાર સભ્યો આવી પ્હોંચ્યા. પરિણામે પ્રવાસનાં મ્હારાં સ્વપ્ન પીગળી ગયાં અને આ નિવેદન કરવાની મ્હને જરૂર લાગી.

'છાપાની કાપલીનું તારણ આ રહ્યું.'

'અમદાવાદના ઝવેરીવાડમાં રહેતા ચીમનલાલ કેશવલાલ કડીઆનો પંદર વર્ષની ઉમ્મરનો ભાણેજ બાબુ તે પુરૂષોત્તમદાસનો પુત્ર દિક્ષા લેવા નાસી ગયો. પાટણ જઇ પૂણ્યવિજય પાસે એણે દિક્ષા આપવા વિનંતી કરી પણ બાળદિક્ષાના વિરોધી એવા પૂણ્ય-વિજયજીએ દિક્ષા આપવા ના પાડી અને છોકરાના પિતાને એમનો પુત્ર તાકીદે લઇ જવા પત્ર લખ્યો. પુરૂષોત્તમદાસ સાતમી જુનનો રોજ પાટણ જઈ એમના પુત્રને તેડી લાવ્યા.'

આ કાપલી વાંચ્યા છતાં આ વાત અમારા માનવામાં આવી નહિ. અને અમે એક તપાસ સમિતી નીમી. તપાસ દરમ્યાન અમને ઘણી ઉલ્ટી સુલ્ટી વાતો જાણવા મળી એમાંની ઘણી વાતો જો સાચી હોય તો કાયમને માટે 'કડીયા માનપત્ર સમીતિ' વિખેરી નાંખવી જોઇએ. એ બધું સાચું હોય તો કડીયાએ આજ સુધી ઘાંટા પાડી પાડી કરેલાં ભાષણો ઉપર કલંક મનાય. પણ અમે એ બધું સાચું હોય એમ માનતા નથી એથી ખળભળાટ મચાવવામાં વિખ્યાત બનેલા આપના પત્ર મારફત શ્રી કડીયા શેઠને નીચેના પ્રશ્નો પૂછીએ છીયેઃ–

૧. બાબુ આપનો ભાણેજ છે. દિક્ષા લેવા માટે એ ન્હાસી ગયો. બાળદિક્ષાના આપ હિમાયતી છો. તો પછી બાબુ ઉપર ગુસ્સે કેમ થયા!

૨. આપને વ્હેમ પડયો કે દુર્લભવિજય બાબુને દિક્ષાનું રહસ્ય સ્હમજાવનાર છે. દુર્લભવિજયને હાર્દિક અભિનંદન આપવાને બદલે આપે ગાળોથી નવાજ્યા એ વાત સાચી છે ?

૩. સાધુ સેવામાં આપ માનો છો. ઉજમ ફઇની ધર્મશાળામાં દુર્લભવિજયની શી સેવા કરવાની આપે ખાત્રી આપી કે જહેથી બીજે જ દિવસે એ અમદાવાદ છોડી ગયા ?

૪. ભવસાગર તરીને આપનો ભાણેજ સ્વર્ગસુખ મેળવત એમાં આપને ઇર્ષ્યા કાં આવી ? ઇર્ષા આવી તો ભલે આવી–આપે પણ સાથે જ દીક્ષા લઇ લેવી હતી એને બદલે આપ બાબુને એની ઉન્નતિમાંથી ડગાવો એ સારૂ કહેવાય ?

હું ઇચ્છું છું કે આપ આનો જવાબ આપો. અઠવાડીયામાં જવાબ મળે તો 'કડીયા માનપત્ર સમીતિ' ની હવે મળનારી બેઠકમાં મૂકવામાં આવશે. જવાબ સંતોષકારક હશે તો સમીતિની પ્રવૃત્તિ ચાલુ રહેશે. અને કોઇ ચક્રવર્તીનુંય નહિ થયું હોય એવા માનના આપ અધિકારી થશો. સંતોષકારક નહિ હોય તો સમીતિ ન્હાઇ નાખી. વિખરાઇ જશે.'

—'**એક શાશનભકત**'

## : લ ∗ ગ્ન ∗ સ્વા ∗ તં ∗ ત્ર્ય :

**મારી** દઢ માન્યતા છે કે સ્ત્રી તેમજ પુરૂષને પોતે જેની સાથે લગ્ન કરવા ઇચ્છે તેની સાથે પરણવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ. આ કથનથી ચમકી ઉઠવાની જરૂર નથી. હું એમ નથી સુચવતો કે છોકરા અને છોકરીઓ એક બીજાને લઇને ન્હાસીજાય. હું એટલુંજ કહેવા માંગું છું કે લગ્નની બાબતમાં ઘરડાઓની ઇચ્છા કરતાં યુવાનોની ઇચ્છાને વધારે મહત્વ આપવું જોઇએ. માબાપો પસંદગી કરવા ઇચ્છતાં હોય તો તે બંધન વિનાની પસંદગી હોવી જોઇએ. તેને જ્ઞાતિનું બંધન આડે આવવું ન જોઈએ. લગ્ન એ કાંઇ રમત કે સોદો નથી પરન્તુ એ તો ભાગીદારી અથવા મિત્રતાનું જીવન્ત સ્વરૂપ છે. આપણે ન્યાત જાતના નડતર સિવાય ભાગીદારો થઈ શકીએ, મિત્રો બની શકીએ, તો પછી લગ્નને ન્યાતના કાયદાથી બાંધી લેવાનું ન હોય. આ નિયમો ટકાવી રાખવાનું હવે શકય બનવાનું નથી. જૂના જરીપુરાણાં કાયદાઓ તોડી આપણે પ્રગતિને તાબે થવું જોઇએ અને લગ્નની બાબતમાં સ્વતંત્રતા આપવી જોઇએ. મારે જે કાંઇ ખાવું હોય તે ખાવાની મારે છૂટ હોવી જોઇએ. એનો અર્થ એમ નથી કે ખાવા લાયક ન હોય એવી ચીજ ખાવાને પણ હું સ્વતંત્ર છું. સ્વતંત્રતાનો અર્થ ખરાબ છૂટ એવો નથીજ. સ્ત્રીઓ અને પુરૂષો જે પ્રમાણિકપણે સારૂં માનતા હોય તે કરવાની તેમને છૂટ હોય એજ એનો અર્થ છે.

અને લગ્ન એ ન્હાની સૂની વાત નથી. એ વ્યકિતના સમસ્ત જીવન ઉપર અસર કરનાર વસ્તુ છે. પરસ્પરના સુખની દષ્ટિએ ઉંડામાં ઉંડી વિચારણાને પરિણામેજ લગ્ન યોજાવા જોઇએ. પણ એમાં સ્વતંત્રતા હોવી જોઇએ. એથી વિશેષ હું કાંઈ કહેતો નથી.

—**ચક્રવર્તી રાજગોપાલાચાર્ય.**



— "અંગરચનાની ખોટી ટીકાઓ કરનારા શ્રી વીતરાગની મૂર્તિને આભૂષણ શાં ? એમ કહેનારા તો મૂર્તિપૂજાના વિરોધી છે ! શ્રધ્ધાહીન છે !"

આ શબ્દો ઉચ્ચારનારે અને તેના સાગ્રીતોએ જાણવું જરૂરી છે કે ટીકા કરનારાઓ મૂર્તિપૂજાના વિરોધી કે અંધશ્રદ્ધાળુ નથી. તેમનો વિરોધ આજના નાટકના ઢબે ચાલતાં મંદિર અને પૂજારીવાદ સ્હામે છે, ધર્મ અને દેવના નામે થતી લૂંટણનીતિ સ્હામે છે. વિરોધીઓ બકબકાટ કરતાં પહેલાં આટલું હૃદયમાં કોતરી રાખે.

— "દેવદ્રવ્યના નાણાં જૈનોને વ્યાજે પણ ધીરવાં એ કોઇ પણ પ્રકારે ઇષ્ટ નથી ?"

તદ્દન ખરી વાત છે. આમ જ જો દેવદ્રવ્યને વેડફી દેવામાં આવે તો પછી ટ્રસ્ટીઓના વિશાળ ઘરખર્ચા અને તેમના વૈભવ વિલાસ કેવી રીતે નભી શકે ? ટ્રસ્ટીઓ પણ એક જાતના પ્રાણી છે એટલે તેમના મોટા પેટ સ્હામે પણ આપણે દૃષ્ટિ કરી તેમની દયા ખાવી જોઇએ !

— "જૈન બેન્ક સ્થાપવી હોય તો જૈન શ્રીમન્તો પાસેથી મદદ લેવી જોઇએ"

જૈન બેન્ક સ્થાપવાની શુભ પહેલ લાંબુ નામધારી સંમેલન ન કરી કરી શકે ? જૈન સમાજના ધર્મચુસ્ત શ્રીમન્તોએ પોતાની કોથળીના મુખ આર્થિક સંકડામણમાં આવી પડેલા જૈન બંધુઓ માટે છોડી નાંખવા ઘટે છે. સાચી જીવદયાનો આ પણ એક માર્ગ છે.

— "જડવાદીઓ ભગવતી દીક્ષા સ્હામે વર્ષો થયાં મલીન પ્રચારકાર્ય કરે છે, સાધુઓ અને સાધુમાર્ગને વગોવે છે." હું બાવા અને મંગલદાસ મંડળના પ્રમુખશ્રી વદે છે.

જડવાદીઓ કોને કહેવા એ પ્રશ્નનો ઉકેલ તેના અર્થ પરથી જ સ્પષ્ટ થઇ જાય છે. સૈકા જૂનાં ચાલતાં ચીલાએ એક જડની જયમ જરાએ બુદ્ધિ, જ્ઞાન, વિવેક કે શકિતનો ઉપયોગ કર્યા વગર ચાલ્યાં કરવું એ જડવાદ બતાવે છે. અને સાધુઓ જ પોતાના નિંદ્ય અને ધર્મ વિરૂદ્ધના આચરણોથી સાધુમાર્ગને તેમજ પોતાની જાતને વગોવી રહ્યાં છે.

— "દીક્ષા વિરોધીઓએ તર્કટો રચી દીક્ષા માર્ગને મુશ્કેલ બનાવ્યો છે"

તર્કટો કોણે રચ્યાં છે ? કાવત્રાંના ઉત્પાદકો કોણ છે ? જોર જુલ્મ કોણે આદર્યાં છે ? અને મરજી વિરૂદ્ધ કાર્ય કોણે કર્યાં છે ? એ તો હવે દીવા જેવું સત્ય છે. આ માટે તો વિરોધીઓએ ચૂપકીદી જ ગ્રહવી જોઇએ.........

— "બેકારીને ટાળવાનો માર્ગ જીવનશુદ્ધિ અને સાદાઈ છે."

શાબાશ છે ! અને છેલ્લા સમાચાર મુજબ અમેરિકાના પ્રેસીડન્ટ રૂઝવેલ્ટે ઉપરના શબ્દો બોલનારા હિન્દી માનવીનું સુવર્ણ—બાવલું ન્યુયોર્કના ચોગાનમાં ખડું કરવાનો નિશ્ચય કર્યો છે. પ્રતિમા ઘડાવવા માટે તેમણે સોસાયટી સંમેલન પર એક અરજન્ટ કેબલ કરી તેમની છબી તુરત મોકલી આપવાની વિનંતિ કરી છે. હિન્દુસ્તાન તને ધન્ય છે ?

હિન્દનાં ભૂખે મરતાં શ્રમજીવીઓ–કંગાલો–કિસાનો અને બેકારો શું નાસ્તિક કે ધર્મદ્રોહી છે ?

## પરદેશમાં વસતાં હિન્દીઓની સંખ્યા.

સૌથી વધારે ભારતવાસીઓ આફ્રિકામાં વસે છે. તેમની સંખ્યા—નાટાલમાં–૧૪૨૯૭૯, ટ્રાન્સવાલમાં ૧૫૭૪૭, કેપકોલોનીમાં ૬૬૫૫ અને ઓરેન્જ ફ્રી સ્ટેટમાં ૧૨૭ ની છે.

પૂર્વ આફ્રિકામાં–કેનિયામાં ૪૫, યુગાન્ડામાં ૧૪, ટાંગાનિકામાં ૨૫ હજાર અને ઝંઝીબારમાં ૧૨૮૪૬ ની છે.

મોરીશસ ટાપુમાં ૨૭૯૧૪૩ હિન્દીઓ વસે છે.

અમેરિકામાં–બ્રિટીશ ગીયાનામાં ૧૩૦૦૭૫, ત્રીનીદાદમાં ૧૩૩૨૭૭, જમૈકામાં ૧૭૫૯૯ અને સુરીનામમાં ૩૬ હજારની છે.

એશિયામાં–બર્મા, મલાયા અને બીજા સ્થાનોમાં ૬૨૭૭૨૦ અને સિંહલદ્વીપમાં ૯૦ હજાર છે.

ઍસ્ટ્રેલીયામાં–ફીઝીદ્વીપમાં ૭૬૭૨૨, ઑસ્ટ્રેલીયામાં ૨૬૨૦ અને ન્યુઝીલન્ડમાં ૬૫૧ છે.

આ સિવાય–પોર્ટુગીઝ પૂર્વ આફ્રીકામાં ૮૪૭૫, બ્રિટીશ કોલોમ્બીયામાં ૧૦૧૬, પનામામાં ૩૦૦, ક્યુબામાં ૧૦૦૦, મેક્સિકોમાં ૨૫૬, બ્રાઝીલમાં ૪૪, ફિલસ્ટીનમાં ૨૦૧૮ અને માડાગાસ્કરમાં ૧૮૮ ભારતીય વસે છે.

## ગ્રાહકોને મફત.

'તરૂણ જૈન'ના ગ્રાહકોને એક વધારાની ભેટ તરીકે સુરતના સી સાહિત્યમંદિર તરફથી એક અત્યંત રસીક પ્રવાસ વર્ણનનું પુસ્તક આશરે બસો ગ્લેઝડ પાનાનું સવા રૂપીઆની કીંમતનું પુસ્તક ભેટ આપવાની ઇચ્છા પ્રદર્શન થઈ છે. જેમને તે પુસ્તક મેળવવાની ઇચ્છા હોય તેમણે સ્રી સાહિત્યમંદિર ઠે. કેળાંપીઠ સુરત એ શીરનામે ટપાલ ખર્ચ અને કારકૂની માટે ચાર આનાની ટીકીટો બીડી મોકલી મંગાવી લેવું.

વ્યવસ્થાપક "તરૂણ જૈન."

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઑનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રીમુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

જામનગરી જુવાનને અભિનંદન:

Regd, No. B. 3229

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૪ થો
સોમવાર તા. ૧-૭-૩૫.

## પ્રારબ્ધ અને પુરુષાર્થ

**અ**વનિના કોઇયે ખુણે જાઓ, માનવી મળશે બે પ્રકારનાં: પુરુષાર્થી કે પ્રારબ્ધવાદી. પુરુષાર્થી એટલે સાહસવીર. પ્રારબ્ધવાદી એટલે નિરાધાર કંગાળ. પુરુષાર્થી એનાં કાર્યોનો સ્વામી બનશે, સિધ્ધી મેળવવા એક નહિ અનેક માર્ગે મથશે, પછડાશે તો ઉભો થશે. પ્રારબ્ધવાદીનાં કાર્યો લક્ષ્યભેદી નહિ હોય, એકજ કાર્ય કરશે ને પડયો રહેશે, માનશે કે પ્રારબ્ધમાં હશે તે આંગણે આવી મળશે; ઘણુંખરૂં તો એ સુતો સુતો નિરૂદ્યમી બની ખાવાની વાંચ્છના કરશે અને અકાળે મરી રહેશે.

પ્રારબ્ધમાં આશ્વાસન છૂપાયું મ્હને લાગે છે. પરિણામ કલ્પીને પુરુષાર્થ કરવાની માનવી ગણત્રી કરે અને સાહસ આદરે, કોઇ પ્રબળ સંજોગો કે થોડીક ગણત્રી–ભૂલ થાય અને પ્રયત્ન નિષ્ફળ નિવડે ત્યહારે પ્રારબ્ધ જ એક એવી વસ્તુ છે કે જહેમાંથી એ તાત્કાળ આશ્વાસન પામી શકે. પ્રારબ્ધની માન્યતા એનો થાક ઉતારી દે અને ફરી પુરુષાર્થ કરવાની તમન્ના જગવે.

પુરુષાર્થીની જયમ પ્રારબ્ધવાદી પણ મહત્વાકાંક્ષી હોય છે પણ એની મહત્વાકાંક્ષા લગભગ વાંઝણી નિવડે છે. કારણ કે તગદીરમાં શ્રધ્ધા રાખીને હવામાં મ્હેલો ચણતો એ પડયો રહે છે.

નબળાં, ભીરૂ, સાહસહિન મુખ્યત્વે પ્રારબ્ધવાદી હોય છે. આજ નહિ આવતી કાલે, આ વર્ષે નહિ આવતે વર્ષે ધનમકરની ગણત્રીઓ કરતાં, ભાગ્યોદયની ઘડીઓ ગણતાં આખરે હારી, થાકી, આશાહિન બનીને પ્રારબ્ધવાદીઓને મરતાં મ્હેં જોયાં છે. અને આખરી ઘડીએ પણ એને કહેવાનું રહે છે, 'મ્હેં આ કર્યું નહિ, તે કર્યું નહિ, ત્યહાં લૂટાઇ ગયું ત્યહારે હું મોડો પડયો, આ મ્હને મળત પણ આમ થઇ ગયું. નશીબ બે ડગલાં આગલ રહેતું'......અને કપાળને નશીબ માની, એ બદબખ્ત માનવીઓ કપાળ કૂટવાનું બાકી રહેલું કાર્ય પૂરૂં કરે છે.

એક કરોળીયાની વાર્તા છે: એક નહિ, બે નહિ, છ વારની નિષ્ફળતા પછી સતત પુરુષાર્થે સાતમી વેળાએ સફળ થાય છે.

શિવાજી જુઓ. એને પુરુષાર્થનું એક અનુપમ ઉદાહરણ હું માનું છું. પ્રતાપ હતો પ્રારબ્ધવાદી શૌર્યવાન–આદર્શ માટે મરી છૂટવાની એને ધગશ હતી પણ હાર સત્કારવાની અને ફરી મથવાની એનામાં નકકરતા ન હતી. એ હાર્યો એની મહત્વાકાંક્ષાના ટુકડા થઈ ગયા અને નિરાશા એને ઘેરી વળી. શિવાજી હતો મહત્વાકાંક્ષી પુરુષાર્થી, એ જીત્યો ને હાર્યો, એ હાર્યો ને જીત્યો. વારવાર એણે પ્રયત્નો કર્યા ને હારતાં જીતતાં એ વિજયી નિવડયો.

પુરુષાર્થીને પસ્તાવાનું રહેતું નથી. બુધ્ધિ પુરઃસર થઇ શકે તે એની શકિત અનુસાર કરી ચૂકયાનો એને મન સંતોષ છે. અને વધારે કે ઓછી વિજયપ્રાપ્તિ જીંદગીને સરવાળે એણે મેળવેલી જ હોય છે. પુરુષાર્થ એટલે બુધ્ધિપૂર્વકના હેતુ સિધ્ધીઅર્થે સતત્ પ્રયત્નો.

પાણીમાં જુઓ ને પ્રતિબિંબ જણાશે. દિપકની પાછળ પડછાયો છે. દિપકની પ્રતિભા પડછાયો સાચવે છે ત્હેમ પ્રારબ્ધ એ પુરુષાર્થનો પડછાયો છે.

[આદર્શ મિત્ર મંડળ સમક્ષ શ્રી તારાચંદ કોઠારીએ કરેલી ચર્ચામાંથી. ]

**તમારા ગામની ખબર ગોતો છો ?**

–તો 'તરુણ જૈન'ને નિયમિત તમારા ગામના સમાચાર પૂરા ન પાડો? તમારા સમાજના બનતા બનાવો 'તરુણ'ને મોકલી આપો: 'તરુણ' તમને ટપાલ ખર્ચ મજરે આપશે.

—: સોમવાર તા. ૧–૭–૩૫ :—




**શ્રી**માળી, ઓસવાળ ને પોરવાડ, દશા ને વિશા, શ્વેતાંબર, દિગમ્બર......આવા તો કેટલાય તડો ને ગચ્છોમાં જૈન સમાજના સુંદર કલેવરનાં અંગ ઉપાંગો આજ રઝળતાં પડયાં છે. હાથ છૂટાં પડયા છે, તુટેલા પગ જુદાં પડયા છે, મસ્તક વિખુટું પડયું છે, એક ગમ આંખો પડી છે, બીજી ગમ કાનો પડયા છે અને તૂટેલા આંગળાં વેરાયલાં પડયાં છે. એક સુંદર દેહના આ અતિ ઉપયોગી અંગોનાં છેદન કરી. એને વીંખી નાખી એ પ્રત્યેકને ગચ્છ કે તડાના નામની શુશોભીત બરણીમાં સંભારવામાં આવ્યા છે. જહે આ જોઈ શકશે તે અભિશાપ આપશે આવા ક્રૂરતમ કૃત્યના કરનારને.

**આજે** પ્રત્યેક ગચ્છ, જ્ઞાતિ, કે તડો આપ વ્હોરી અલિપ્તતાથી મુંઝાય છે, પોતે બાંધેલા બંધથી નવું પાણી નહિ આવવાથી એનાં ખાબોચીયાનાં પાણી સડે છે; હવા દ્વારા બંધ થવાથી અને શ્વાછોશ્વાસ ચાલુ રહેવાથી હવામાંનાં હાઇડ્રોજન ઓકસીજન ખત્મ થઈ નાઇટ્રોજનથી એનામાં વિષ વધવા માંડયું છે.

**પરિ**સ્થીતિ આ છે છતાં કેટલાક અણુઝ છે જહે પારખી શકતા નથી કે વિનાશ ધસમસતો આવી રહ્યો છે. કેટલાક અકળાતા છતાં બાપના કુવામાં બુડી મરવામાં આત્મકલ્યાણ, પરલોકની સીધ્ધિ અને આલોકની ઇજ્જત માને છે. કોઇક કોઇક આ પરિસ્થિતિ કળી શકયા છે તો હિમ્મતને અભાવે એ બંધમાંથી છૂટી શકતા નથી. એમને ડર રહે છે પેલા વિનાશ દ્વારે વધ્યા જતાઓના બહિષ્કારની. એ સ્હમજતા હોય છે કે એમનો સાથ એમને ઉપયોગી નથી છતાં એ સાથ છોડી, આત્મવિકાસ સાધવાની, નવી હવા ને નવો પ્રાણ પામવાની પળ એ જતી કરે છે. આજની જ્ઞાતિઓમાં આવા મુંઝાયલાં ભીરૂ અનેક મળશે.

આવે વખતે મર્દની હિમ્મતથી માર્ગદર્શક બને એ રીતે જ્ઞાતિની કિલ્લેબંધીને ઠોકરે ઉડાવતો કોઇ જુવાન અમે જોઇએ છીએ ત્હારે અમને થાય છે શ્મશાનની નિરવતમાં અણબોલવાયું એવું ચેતન છે ખરૂં.

## જામનગરી જુવાનને અભિનંદન !

જામનગરમાં એક જુવાને તાજેતરમાં આંતર જાતિય અને આંતર પ્રાંતિય એમ બે કિલ્લા તોડયા. એ જુવાનનું આ કર્તવ્ય અમારૂ અભિનંદન વ્યાજબી રીતે માગી લ્યે છે. અંતરના ઉંડાણથી અમારાં એને અભિનંદન હો! એણે ઠોકરે દીધેલી કિલ્લા કરતારનો સત્વર વિનાશ હો!

અને જુદી જુદી બરણીઓમાં હવા વિના, સડતા જૈન સમાજના અંગ ઉપાંગો મુક્ત પામો!

# ભેખધારીઓ જોઇએ

રાજકીય કારણો જેટલાંજ સામાજીક દુષણો પણ આપણી અવનતીનાં ઉત્પાદક છે. આપણી આસપાસ વેરાયલી, મૂર્ખ રીતીઓ, બેવકુફીઓ અને અજ્ઞાનનો અંધાપો દૂર થાય તોજ આપણી ઉન્નતિ થઇ શકે.

અવનતીનાં ઉત્પાદક એવાં દૂષણોનો વિનાશ જો યુવાનો નહી કરે તો કોણ કરશે? યુવાનોએ સમાજના સડા સાફ કરવા જરૂર મથવું જોઇએ. સામાજીક દૂષણોના વિનાશને જીવનનું ધ્યેય બનાવીને એની પાછળ મંડી–મથી રહેનારા ભેખધારીઓ હોય તો આ કાર્ય સરળ બને જૂનવાણી વિચારના એક ધડાકાની સ્હામે બે ધડાકા કરી શકાય એટલું સતત કાર્ય ત્યારેજ શકય બને; અને તો જ અસરકારક નિવડે.

ત્હમે સૌ ધંધાદારી રહ્યા. અવકાશના સમયે સામાજીક સુધારણાનું કાર્ય ત્હમે કરો એ સારૂં છે. ભેખધારીઓની ગેરહાજરીમાં ત્હમે સૌ જે કાર્ય કરી રહ્યા છો એને હું આવશ્યક માનું છું. છતાં જૈન આલમની સુધારણા અર્થે પ્રમાણિક ભેખદારીઓની ખાસ આવશ્યકતા છે એમ હું માનું છું.

[ મુનિશ્રી જીનવિજયજી સાથેના વાર્તાલાપમાંથી ]

### જાગ અમદાવાદ!

જૈન યુવક પરિષદની આગામી બેઠક અમદાવાદ મળવાની છે. અમદાવાદનો યુવકસંઘ એની પૂર્વ તૈયારીની વિચારણા કરી રહ્યો છે. અમદાવાદ પર કલંક છે. અમદાવાદ બાળ મુંડનની પ્રવૃત્તિનું કેન્દ્રસ્થાન મનાતું. અમદાવાદના જૈન જુવાનો અધર્મના એ કાર્યમાંથી હાથ ઉઠાવી લે, અને પરિષદની પ્રવૃત્તિમાં ત્યાંના જૈન યુવક સંઘને સક્રિય સાથ આપી અમદાવાદનું કલંક મીટાવશે એમ આશા રાખીએ!

# અધમ સાધુતા યાને અયોગ્ય દિક્ષા

પ્રયોજકઃ—**વીરકુમાર**

-: **આવતાં પાત્રો** :-

**મુની કીર્તિસાગરજીઃ** અયોગ્ય દીક્ષાનો વિરોધ ફેલાવી જૈનશાસનની કીર્તિ પ્રસરાવનાર પવિત્ર સાધુ

**નીતિકાન્તઃ** જૈનરક્ષક સેવાદળના સરદાર.

આ સિવાય સ્વયંસેવકો વગેરે.

આ ટુંક નાટિકાનો હેતુ દિક્ષાના વિરોધ અર્થે નથી. દિક્ષા એ મનુષ્યને ભવસાગરમાંથી તારનારી અમૃત ગુટિકા છે. અમારો વિરોધ છે માત્ર બાલદિક્ષા અને અયોગ્ય દિક્ષા સ્હામેજ.

**અંક ૧ લો.** **પ્રવેશ ૧ લો.**

(જૈન સેવાદળના સ્વયંસેવકો ચાર ચારની હારમાં ગોઠવાઇને ઉભા છે. પાંચ પળ મધુર સ્વરથી બેન્ડ વાગે છે. પછી સરદાર નીતિકાન્ત હાથ ઉંચો કરે છે એટલે બેન્ડ બંધ રહે છે અને સૌ પ્રાર્થના કરે છે. નીતિકાન્ત બોલે છે અને બધાં ઝીલે છે.)

**પ્રાર્થનાઃ—** (વંદેમાતરમ્‌નો ઢાળ)

વંદે મહાવીરમ્
સુધર્મમ્, સુકર્મમ્, જીનકુલ તારકમ્
ભક્તોધ્ધારકમ્ મહાવીરમ્
વંદે મહાવીરમ્—વંદે મહાવીરમ્.

(પ્રાર્થના કરી રહ્યા બાદ)

સ્વયંસેવક નં. ૧ઃ—આપણા જૈન સમાજની પ્રાચિનકાળની જાહોજલાલી આજે અસ્ત પામી છે. સાપ ગયા છે અને તેના લીસોટાં પણ રહેવા પામ્યા નથી. વર્તમાન કાળમાં આપણા સમાજની જે દુર્દશા થઇ રહી છે તે શાને આભારી છે તે જ સમજાતું નથી.

સરદારઃ—વીરપુત્ર ,એનું કારણ બીજું શું હોય? જેમ આપ મુવા વિના સ્વર્ગે જવાતું નથી તેમ આપ બગડયાં વિના દુર્ગતિ પણ આવતી નથી. જે જૈન સમાજ એક સમયે સંસ્કૃતિની ટોચે હતો, માનવતાના શિખરે વિરાજતો હતો તે આજે પતનની ઉંડી ખાઇમાં પડયો છે ચોમેર કાળાં વાદળાં છવાઇ રહ્યાં છે. ચોમાસાના વાદળાંમાં સુર્ય છુપાઇ જાય તેમ આપણા સમાજમાં અંધકાર સિવાય બીજું કંઇ નથી.

સ્વયંઃ ૨—સાચું કહો છો નીતિકાન્તભાઇ! આપણી ચોમેર ઘોર તિમીરનાં ગાઢ આવરણો વીંટળાઈ ગયા છે.

સ્વયંઃ ૩—અને એ આવરણોમાં આપણી દુર્દશાનાં ઢોલ વાગી રહ્યા છે.

સ્વયંઃ ૪—પણ એ આવરણોનાં પડળોમાં આપણે કયાં સુધી અટવાયા કરવાનું છે?

સરદારઃ—જ્યાંસુધી આપણે પોતે એ આવરણોને છેદવા કટીબધ્ધ નહી થઇએ ત્યાં સુધી આપણી મુકિત શકય નથી. જો આપણે વેળાસર નહી ચેતીએ તો આપણી અવનતીની ખાઇ વધુને વધુ ઉંડી બનવાની છે અને આપણી આસપાસના અંધકારનાં આવરણો વધુને વધુ ગાઢ બનવાના છે.

સ્વયઃ ૫—પણ નીતિકાન્તભાઇ ! આ બધી મોંઘમ વાતો અમે શે સમજીએ ? એ આવરણો શા છો ? એને માટે કોણ જવાબદાર છે ? એ બધું કંઈ વિગતવાર સમજાવો તો સારૂં ?

સરદારઃ—તેં ઠીક પ્રશ્ન પૂછયો, વીરમણી ! એ આવરણો છે અંધકારના, અંધકાર છે અજ્ઞાનતાને કારણે, અને અજ્ઞાનતાનું કારણ આપણાં કહેવાતા જ્યોતિર્ધરો છે. આપણા આગેવાનો તદ્દન રૂઢીચુસ્ત અને કુપમંડુક સમા છે. બીજી તરફથી આપણે ઉધ્ધાર માટે જેમના પર નજર ઠેરવી શકીએ તે આપણી સાધુ સંસ્થા પણ કેટલેક અંશે આપણી અવનતીનું કારણ બની છે. આપણાં આગમોમાં જે જે બાબતોનો નિષેધ કરેલો છે તે બધી બાબતોમાં આપણાં સાધુઓમાંથી જ કેટલાક જ્યારે પાવરધા બન્યા હોય ત્યારે પછી સંઘ સમુદાયનું તો પુછવુંજ શું ?

સ્વયંઃ ૬—પણ આપણી સાધુ સંસ્થા તો જગતની કોઇપણ સાધુ સંસ્થા કરતાં વધુ ઉત્તમ મનાય છે !

સરદારઃ—સાચી વાત છે. ચારિત્ર્ય અને સન્યસ્ત તથા ત્યાગની ભાવના તો આપણી સાધુ સંસ્થાની બેનમુન છે; પરંતુ આપણા સાધુઓમાંના કેટલાક સમયને ઓળખવાને બદલે પ્રાચીન ચીલા પરજ ચાલી રહ્યા છે અને આપણને જમાનાને અનુકુળ ઉપદેશામૃતનું પાન કરાવવાને બદલે આધુનિક સમયમાં જેને ઝેર કહી શકાય તેવું પીરસી રહયાં છે.

સ્વયંઃ ૭—પણ એવું તે તેઓ આપણું શું અનિષ્ટ કરી રહ્યાં છે. ખરી રીતે તો આપણે તેમને લીધે ઉજ્જવળ છીએ. તેમની પાસેથી અંધકારને ભેદવાના જ્ઞાનરૂપી પ્રકાશ આપણે મેળવવાની આશા રાખીએ છીએ. આપણા તો એ સુકાનીઓ છે. આ કીર્તિસાગરજી મહારાજનો જ દાખલો લો ને ? આપણા તો એ રાહબર છે.

સરદારઃ—એ સાચી વાત છે; પરન્તુ આપણા સાધુ સમુદાયમાં એવા મુનીવરો બહુ જુજ છે. બાકી તો ઝગડાખોરી કલેશ, હઠાગ્રહ, અભિમાન અને એવા દુર્ગુણોથી છવાયલા સાધુઓ પણ છે કે જેઓ માત્ર પોતાનો કક્કો ખરો કરવા ખાતર સમાજનું સામુદાયિક હીત જોખમમાં મૂકે છે. અંદરો અંદર કુસંપ ફેલાવે છે. અને તેમનો સમગ્ર સમય આવા ટંટા ફીસાદોમાં જ વ્યતિત કરે છે.

સ્વયંઃ ૮—એવો તે કયો વર્ગ છે કે જે આપણાં પવિત્ર આગમોના વાંચન મનનને બદલ ઝગડાખોરીમાં સમાજનું હિત પણ બગાડે છે ?

સરદારઃ—બાળદિક્ષા ઉત્તેજક નામથી એ વર્ગ ઓળખાય છે. નાની ઉમરનાં અને અણસમજુ બાળકોને સીધા મોક્ષમાં મોકલવાની આ વર્ગ તમન્ના સેવે છે. શાશનની એ સાર્ગે મહદ્ સેવા બજાવાય છે. તેમ એ વર્ગ માને છે. જે બાળકો ધર્મ એ કયા ઝાડની ચકલી છે તે પણ નથી જાણતા હોતા તેમને કાંતો તેમનાં સાબાપોને લલચાવીને કે પછી ઉઠાવી જઇને દિક્ષા આપવામાં આવે છે. અરે ! વિધી વિના પણ કપડાં પહેરાવી દેવાય છે.

—અપૂર્ણ.

# જૈન સમાજ અને કેળવણી

( કેળવણી એ આજના યુગનો મુખ્ય પ્રશ્ન છે. સમાજની પ્રગતિને તે અવરોધતાં પ્રશ્નો પર કેટલાંક વિચારો નીચે રજુ થાય છે. )

હીરા અને મોતીના ઢગલામાં રાચવા છતાં પણ જૈન સમાજ ઉન્નતિને પંથે વળી શકતો નથી એ મહા દુર્ભાગ્યની વાત છે. ધનની સમૃદ્ધિ, પાઈ પાઇને પૈસા વાપરવાની ટેવ, ચીવટ અને ચોકસાઈ હોવા છતાં પણ જૈનોની દુર્ગતિ થતી જાય છે. ખોટાં વહેમ અંધશ્રદ્ધાળુ રીતરિવાજો અને અતિ ધર્માંધતા જાતિના હાડ–ચામ ચૂસી જાય છે. સમાજના આ ભીંસતા રીત–રિવાજો અજ્ઞાનતાના તિમિર વધુને વધુ ગાઢ પાથર્યા જ જાય છે.

પૂર્વે જૈન સમાજનો ડંકો ચોમેર ગાજતો દૂર દૂરના દેશાવરોમાં પણ શાસનની આણ વર્તતી મોટાં મોટાં ચમર બંધીઓ પણ જૈનોની રાજકારણમાં સલાહ લેતા, ટુંકમાં કહીએ તો જ્ઞાન–શકિત અને વ્યવહારમાં જૈન જાતિ અગ્રપદે વિરાજતી.

આજે એ પરિસ્થિતિ રહી નથી. સમાજપર ચોમેરથી હલ્લા થઈ રહ્યા છે. રૂઢિચુસ્તો ધર્મનું નાક પડકી સર–અવસર જોયા વગર પોતાની શકિતનો દુર્વ્યય કરી રહ્યા છે. તેમને નથી સમાજની ઉન્નતી કરવી કે નથી સાધવો પોતાનો ઉત્કર્ષ ધર્મ તેમના દેહનું તેમજ આખી જાતિનું કલ્યાણ કરી નાંખશે આવી તેમની જરી-પુરાણી મનોદશા હોય છે.

એકંદરે જો જોઇએ તો જૈન જાતિ સમૃદ્ધ અને લક્ષ્મીની રેલંછેલમાં રાચતી કરી શકાય. આમ છતાં પણ જૈન સમાજમાં કેળવણીને નામે મોટું મીંડુંજ ફરી વળ્યું છે. જડવાદી માન્યતાઓએ સમાજના કલેવરને એવો તો પોતાના સાણસામાં ઝાલી રાખ્યો છે કે તે તેમાંથી જરાએ છૂટતો નથી. પરિણામે કેળવણી અને મનુષ્યને બારમો ગ્રહ લાગુ પડે છે.

કેળવણીની શી જરૂર છે? પછી ધંધો કરશે કોણ? ઉદ્યોગ મરી જશે અને છોકરો જંગલી જેવો થઇ ધર્મને ડૂબાડશે. ભણવા કરતાં ઘરની રખેવાળીમાં છોકરો પડેતો ભવસાગર તરવા જેવો સંતોષ વૃદ્ધોને અને વડીલોને થાય છે. આ સ્થિતિ પલટાવે જ આપણો છૂટકો છે.

આજે જેઓ ભણી શક એવી સ્થિતિમાં છે તેઓ ભણવા માંગતા નથી. જેમને ભણવાની ઉત્કંઠા છે તેમને સમય અને સ્થિતિ અનુકુળ નથી. જૈન જાતિ ધનિક અને સખાવતી હોવા છતાં પણ તેના પૈસાનો દુર્વ્યય થઇ રહ્યો છે એમ કહીએ તો તે ખોટું તો નથી જ.

દેવ મંદીરોમાં ધનનાં ઢગલાં ખડકે જવાથી ધર્મ, સમાજ કે મનુષ્યની ઉન્નતિ થતી નથી. જેઓ આ માન્યતા સેવી રહ્યા છે તેઓ મૂર્ખાઓના સ્વર્ગમાં વસે છે. અને ધર્મે સમાજ આખાની ઉન્નતિ કરી છે ખરી? આ પ્રશ્ન લાંબી વિચારણા માંગી લેછે. પરંતુ એટલું કહેવું તો આવશ્યક છે કે ધર્મ સમાજની ઉન્નતિના એક અંગ તરીકે ગણી શકાય પરન્તુ આખા અંગરૂપે તેને મહત્વ આપવું એ એક પ્રકારની ભ્રમણા છે. ગાંડપણ છે.

અનેક લક્ષાધિપતિ જૈનો હોવા છતાં પણ તેની જાતિના બાલકો કેળવણી વગર ઉછળે,–જીવન જીવે એ ખરેખર આપણને શરમાવનારૂં છે. આંગળીના વેઢાંપર ગણાય એટલાં દાનવીરોએ આ ક્ષેત્ર તરફ પોતાનો ઉદાર હસ્ત લંબાવ્યો છે તેમનો ધન્યવાદ ઘટે છે. પરંતુ જ્યાં વિશાળ મદદ જોઇએ છે ત્યાં આટલી સેવાથી શું વળે? કેળવણી વગર સમાજનો કે દેશનો ઉધ્ધાર નથી એ વસ્તુ તો હવે દીવા જેવી સત્ય છે. તેની પર લાંબી વિવેચના કરવાની જરૂર નથી. પરન્તુ જે ગરીબાઇ અને બેકારી અત્યારે આપણી જાતિના જુવાનોમાં પ્રવર્તી રહી છે તે તરફ આપણે આંખ વિંચામણા કરીએ તો સમાજના આપણે ગુન્હેગાર કહેવાઇએ.

કેળવણીની દિશામાં ગુજરાત કાંઇક પ્રગતિ કરી રહ્યું છે. પરન્તુ મહારાષ્ટ્ર, મારવાડ અને કચ્છ દેશમાં તો કેળવણી ઘણાં અલ્પ પ્રમાણમાં જોવામાં આવે છે. આ દેશમાં અજ્ઞાનતાનું કારણ મોટે ભાગે ખોટાં રીતરિવાજો અને જૂની માન્યતા જ છે. તેમની આ મનોદશા જો આપણે પલટાવવા પ્રયત્ન કરીએ. જે વહેમ અને વિચાર વંટોળમાં તેઓ જકડાઇ ગયા છે, તેમાંથી જો આપણે તેમને મુકત કરીએ તો જરૂર આ દેશના જૈનો પણ પ્રગતિ સાધી શકે.

ધર્મને નામે ખોટા ભય બતાવી મનુષ્યને તેની પ્રગતિના માર્ગમાં અંતરાય રૂપ થવું એ એક શત્રુની ગરજને, સારનારૂં છે. જેઓ આ માર્ગમાં અવરોધના કાંટા વાવેછે તેઓ સમાજના શત્રુ સમાન છે અને તેમને સખ્ત નશ્યતની જરૂર છે.

દિલગીરી ભરી વાત તો એ છે કે સમાજના બડેખાંઓને આજે કેળવણીનું મહત્વ સમજાતું નથી. જ્ઞાતિની પટેલાઇ અને ધર્મની બાંગ મારવા સિવાય તેમનાથી બીજું કાંઇ થઇ શકતું નથી. ખરૂં કહીએ તો સમાજની તેમને પડી જ નથી. સત્તા તેમના શોખની વસ્તુ છે, કર્તવ્યની નહિ આવી મનોદશા તેમના મગજમાં ઘૂસી ગઇ છે.

જૈન સમાજમાંથી અજ્ઞાનતાં મિટાવવાની સૌથી અધિક જરૂરી-આત આજે ઉભી થઇ છે. આ તરફ હવે આપણે દુર્લક્ષ્ય રાખવું પરવડે એમ નથી સમાજના હિતેચ્છુઓએ આ તરફ પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કરવું ઘટે છે.

**કેળવણી પરિષદ** જેવી સભા બોલાવી તેમાં વિચારોની આપલે કરી કોઇ નક્કર યોજના ઘડી નાંખવામાં આવે તો જરૂર સમાજને તે લાભદાયી થઇ પડે. ધર્મને નામે ધનનાં ઢગલાં અને ઉપદેશો કર્યા કરતાં, આ દિશા તરફ દ્રવ્ય તેમજ શકિત ખર્ચી નાંખવામાં આવેતો જરૂર તે સમાજ અને ધર્મને લાભદાયી થઇ પડે. એ આજે નહિ તો કાલે પણ સમય દેખાડી આપશે.

એક–બે જૈન વિદ્યાલયો, બે ત્રણ શિક્ષણ ફંડો કે થોડીક પાઠ-શાળાઓથી સંતોષ પામી બેસી રહેવાનું નથી. ગામે ગામ શાળાઓ થઈ જવી જોઇએ ઘેરે ઘેરે કેળવણીનો મંત્ર પહોંચી જવો જોઇએ. જ્યારે આમ થશે ત્યારે જ સમાજ પ્રગતિને માર્ગે આગે કદમ ભરશે.

# ત • રૂ • ણ • જૈ • ન • નાં • તં • ત્રી • શ્રી • ને

## કોણ સાચું: આપ કે ઘડીઆળી ?

**તંત્રીશ્રી,**

પંદરમી જુનના તરૂણ જૈનમાં "જીસકે તડમેં લડ્ડુ" એ મથાળા હેઠળ એક હકીકત પ્રસિધ્ધ થઈ છે કે મુંબઇ સમાચારની જૈનચર્ચાના લેખક સાકરચંદ માણેકચંદ ઘડીઆળી છે.

મને લાગે છે કે એ હકીકત બરાબર નથી કારણ કે પાટણ જૈન મિત્ર મંડળની એક સભામાં તેના મંત્રી ભાઇ કેશવલાલ મંગળચંદે જૈનચર્ચામાં આવેલા અમુક લખાણને અંગે ઘડીઆળીને પૂછતાં જૈન ચર્ચાના લેખક હોવા વિશે તેમણે ઇન્કાર કર્યો હતો.

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીમાં થતી ચર્ચાનો ઉલ્લેખ જૈન ચર્ચામાં આવતો હોવાથી સ્ટેન્ડીંગ કમીટીના કેટલાક સભ્યોને આ ચર્ચા રા. ઘડીઆળી લખતા હોય તેવી શંકા ઉદ્દભવેલી. સ્ટેન્ડીંગ કમીટીની એક સભામાં આ શંકા અંગે રા. ઘડીઆળીને પૂછવામાં આવેલું ત્યારે પણ જૈન ચર્ચાના લેખક પોતે નથી એવો એમણે સાફ સાફ એકરાર કર્યો હતો.

આ બન્ને હકીકતો શ્રી ઘડીઆળીના સ્વમુખની છે. એ આપે પ્રસિધ્ધ કરેલી હકીકત સ્વીકારતાં સંકોચ થાય છે.

રા. ઘડીઆળી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય હોય અને કમીટીમાં ચર્ચાની વસ્તુ જાહેર પત્રમાં ચર્ચીને સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય તરીકેની નાલાયકાત દર્શાવે એટલી નીચાણની કક્ષાએ ઉતરી ગયા હોય એમ માનવાને હું તૈયાર નથી.

હું ઇચ્છું છું કે આપ અગર રા. ઘડીઆળી આ વસ્તુપર પ્રકાશ પાડો. ∴

લી૦

**સ્ટેન્ડીંગ કમીટીનો એક સભ્ય.**

∴ સ્ટેન્ડીંગ કમીટીના આ સભ્ય કશુ માને કે નહિ એ પરત્વે અમે સાવ બેફીકર છીએ. અમે એમને ખાત્રી આપીએ છીએ કે તરૂણમાં પ્રસિધ્ધ થતી હકીકત ચોકસાઇ પૂર્વક તપાસ્યા પછીજ પ્રસિધ્ધી પામે છે.

રા. ઘડીઆળીએ પાટણ જૈન મિત્ર મંડળની સભામાં કે શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીમાં ગમે તે કહ્યું હોય તે વિશે અમને નિસ્બત નથી. રા. ઘડીઆળી એમને યોગ્ય લાગે તો એ અંગે ખુલાસો કરે. તરૂણ એ જરૂર છાપશે.

બાકી જૈન ચર્ચાના લેખક રા. 'જૈન' એ રા. ઘડીઆળીનું જ ઉપનામ છે. એ હકીકતને અમે વળગી રહીએ છીએ.

**તંત્રી, તરૂણ જૈન.**

---

### આવતો અંક વી. પી. થશે.

તરૂણ જૈનનો આ અંક વી. પી. થી અમે રવાના કરવાના હતાં પરંતુ વાંચકોને એક વધુ તક મલે તે માટે આ અંક વી. પી. ન કરતાં આવતો અંક ચોકકસ વી. પી. થી રવાના કરવામાં આવશે. તો જે ભાઇઓને ગ્રાહક તરીકે ન રહેવું હોય, તેઓ અમને આગળથી લખી જણાવે કે **જેથી અમને** ખોટી નુકશાનીમાં ઉતરવું ન પડે.

---

## આ તે જુવાન સંસ્થા કે સાધુ સંસ્થા !

**તંત્રીશ્રી,**

જુવાન જૈનોના નામથી ઓળખાતી ઑલ ઇન્ડીઆ યંગમેન્સ જૈન એસોશિએશનનું છેલ્લું અધિવેશન હજુ હમણાં જ સમાપ્ત થયું છે. આ અધિવેશનની કાર્યવાહી માટે હું મોટી આશા સેવતો હતો પરન્તુ મને સ્પષ્ટ કહેવા દો કે મારી આશા સાવ તૂટી ગઈ છે.

ત્રણ દિવસોના જંગી કાર્યક્રમ, લખલૂટ પ્રચારકાર્ય અને મોટી મોટી વાતો ઉપરથી મને પ્રતિતી થવા લાગી કે હવે જૈન જુવાનોના ઉધ્ધારનો સમય નજીકમાં છે અને જે અનિષ્ટ તત્વો અત્યારે જુવાનોનું શોષણ કરી રહ્યા છે તે સ્હામે સખ્ત ઉપાયો લેવામાંઆવશે.

પણ કહેતાં દિલગીરી થાય છે કે જુવાનોના નામથી ઓળખાતી આ સંસ્થાએ અત્યારસુધી એકપણ કાર્ય એવું કર્યું નથી કે જે જુવાનોનું જીવન–ધ્યેય હોય. પરિષદમાં પણ ધર્મ ભયમાં છે, બાલ-દીક્ષાને આવકારી છે, વડોદરાના દીક્ષા વિરોધી કાયદાને પણ તિરસ્કારી કાઢયો છે અને જે નાસ્તિક ( ? ) જુવાનો ધર્મપર આક્રમણ કરી રહ્યા છે તેનો સખ્ત ભાષામાં વિરોધ કરવામાં આવ્યો છે.

સત્તાની આ કાર્યવાહી જુવાનોથી વિરૂધ્ધ જનારી છે. યુવાન હંમેશા પ્રગતિનો મશાલધારી મનાય છે. જૂના વિચારો સ્હામે તેનું ઘર્ષણ સદા કાયમ રહે છે, સમાજના અનિષ્ટ તત્વો સ્હામે તેની જેહાદ ચાલુ જ હોય છે. આ યુવાન લક્ષણથી ઉલટુંજ મેં જોયું–અનુભવ્યું.

પ્રમુખ–સ્વાગતાધ્યક્ષના ભાષણો માત્ર ધર્મ પ્રત્યે જ ઉદ્દેશીને લખાયા છે, ધર્મ આમ છે ને ધર્મ તેમ છે. જુવાનો ધર્મને વગોવે છે. તેમને સખ્ત નશ્યત કરવી વગેરે. એક જુવાન સંસ્થા જુવાનો સ્હામે જ બખાળા કાઢે એ આશ્ચર્યની વાત છે.

વળી વધુ આશ્ચર્ય તો એ માટે થાય છે કે જુવાનોને જે પ્રશ્નો અત્યારે ભરખી જાય છે તે સ્હામે જરાએ અવાજ ઉઠાવવામાં આવ્યો નથી. બેકારી કે જે જૈન જુવાનોમાં એટલી તો ઝડપથી ફેલાવા માંડી છે તે સ્હામે માત્ર પાંચ–સાત અર્થ વગરની લીંટીઓ જ લખવામાં આવી છે. કેળવણી માટે મીંડું જ મૂકયું છે, ધર્મીઓના હલ્લા સ્હામે બખાળાં કાઢયા પણ વિધર્મીઓના હુમલા સ્હામે શું કર્યું, જૈનોને મારી મચડીને મુસલ્રમાન બનાવવામાં આવે છે તે સ્હામે તો આખી પરિષદે ચૂપકીદી સેવી છે. શરમની વાત છે ?

જુવાનોને ભમાવનારા આ મંડળે કાં તો તેની કાર્યપ્રણાલી બદલવી જોઇએ યા તો છેતરનારૂં આ નામ છોડી ધર્મ મંડળ કે સાધુ સંસ્થા જેવું નામ રાખવું જોઇએ. સંસ્થાના સંચાલકોને મારી વિનંતિ આજે ઘણા વિચાર–મંથન પછી રજુ કરૂં છું કે તેઓ પોતાની સંસ્થાનું નામ બદલે. હવે બહારની દુનિયાને છેતરાતો–ભમાવતો આ નાટક પૂર્ણ થવોજ જોઇએ.

જુવાનોને મારી અર્જ છે કે તેઓ પણ આ સ્હામે જેહાદ ઉઠાવે એજ.

**એક જૈન જુવાન.**

# જ્યારે પચ્ચીસમો તિર્થંકર ટળવળે છે ત્યારે 'દાદા' શણગાર સજે છે.

**[ એક શ્રીમન્તનું સ્વપ્નું ]**

લેખકઃ—**શ્રી. લાલચંદ જયચંદ વોરા.**

એલા નાસ્તિક! તું શા માટે આવી વાણી ઉચ્ચારે છે? ધર્મની જ્યોત મોટી કરવા માટે તો મહાસંઘો નિકળી રહ્યા છે, મુર્તિઓની પ્રતિષ્ઠા થઇ રહી છે, અને પ્રભુને શણગારવામાં આવે છે.

અય જુવાન! લાખોની ઉદારતા આ યુગમાં તેં ક્યારે દીઠી હતી? આજે માકુભાઇ દશ લાખ ખરચે છે તો આવતી કાલે બીજાનેય મન થશે. કિર્તિને ખાતર પણ માકુભાઇ જેવા દ્રવ્ય વ્યય કરે છે એમાં શું ખોટું છે?

સમય ધર્મી! તને શું ટીકા કરવાનો પરવાનો મળ્યો? હરકોઇ માણુસ પોતાની ધર્મકીર્તિ ફેલાવવા, પોતાના દ્રવ્યને ગમે ત્યાં વાપરી શકવાને મુખત્યાર છે.

સ્વતંત્રતાના ઉપાસક! તું આટલી બીજાની સ્વતંત્રતા કેમ નથી જીરવી શકતો? ધર્મ પ્રત્યેનાં પ્રેમને અંગે લક્ષ્મી છો લુંટાતી! આખરે લક્ષ્મી એ તો હાથનો મેલ જ છે ને!

સુધારક! તારે સુધારો જોઇએ તો કંઇક સારા માર્ગે જા, સ્વતંત્રતાનું નામ લઇને ધર્મને કાં વગોવવા બેઠો? માકુભાઇઓ પોતાની ભાવના પોષે તેમાં દાદાને પણ ઠપકો?

ગાંધીઘેલા! જા જાં! દૂર થા! તારે ને પચ્ચીસમાં તિર્થંકરને શું લેવા દેવા? પચ્ચીસમાં તિર્થંકરને તું માનતો હતો ત્યારે ચતુર્વિધ સંઘની સેવા કેમ ભૂલ્યો? છ...રી પાળતો સંઘ તારા પાસેથી પસાર થયો તેં તો વંદના પણ ન કરી?

ઢોંગી! તું સમજી લે કે સૌ પોત પોતાના કર્મે દુઃખ ભોગવી રહ્યા છે, કાઠીયાવાડ તો ગુજરાત કરતાં ય ચડી જાય છે છતાં ગુજરાતી પાસે ભીખ માગે છે. અને પૈસાથી શું કોઇનું દળદર ફીટયું છે?

જુવાન! મારા સંઘને મારગ દે, આડેથી આઘો જા!

અય નાદાન! તારે ને દાદાને લેવા દેવા શું? અમારા આદેશ્વર દાદાને અમે હીરે મઢાવીશું, તેમાં તારે શું? આ ભવે અમને આપ્યું છે તો આવતો ભવ કાં ન સુધારીએ?

મુરખ! તું શા માટે નથી જોઇ શકતો? અમે વાપરીએ તેમાં તને કાં ઇર્ષા થાય છે? શું તારે કંઇ કર્મ ખપાવવાના છે જ નહી?

અરે અભિમાની! દેવ ગુરૂની નીંદા ન કર! તને તો સાતમી નરક જ મળવી જોઇએ, દેવગુરૂની ભકિત વિના પચ્ચીસમાં તિર્થંકર ક્યાંથી સાંપડે?

અરે વટલેલા! આ તારો સમાજ! આ તારો પચ્ચીસમો તિર્થંકર! છટ! છટ!! ભંગીવાડે જઇને તેં તારી બુધ્ધિ ભ્રષ્ટ કરી જણાય છે. પંચમહાવ્રત ધારી નેમવિજયોની છબી તને નથી ગમતી અને આ ગંદા છોકરાને રમાડવા બેઠો છે?

જા લબાડ! તારૂં કાળું કર, આઘો જા! તારાથી નથી થતું તો બીજાને કાં રોકે છે? તને ફુરસદ નહી હોય! અમને સંઘભકિત, ગુરૂભકિત અને તિર્થભકિત કરવા દો! માંડ માંડ આ મનખા દેહ અને જૈન ધર્મ જડયો છે, તને રત્ન ચિંતામણીની કિંમત નથી. મને આ તરવાનું નાવ સાંપડયું છે, બધા મારો જય જયકાર કરે છે અને માનપત્રો આપે છે, એ મારે માટે ઘણું છે.

જુવાન! મારો પીછો ન પકડ.

# ગામમાંથી કાઢી મૂકો

પ્રભુ મહાવીરના ત્યાગાદર્શને ઝાંખપ લગાડે તેમ નાના બચ્ચાને નસાડી સંતાડી ખરીદી દીક્ષાનો વેપાર જ્યારથી શરૂ થયો ત્યારથી આખા સમાજમાં ખળભળાટ થયો. અને કુસંપ છવાઇ રહ્યો કલહનો દવાનળ વધતો જતો હતો છતાં એ દીક્ષાના વેપારીઓ કોઈ પાગલ માન્યતાની પાછળ બેવકુફ બનીને સગીરોને મુંડેજ ગયા.

નહિ સહેવાય તેટલી કક્ષાએ જ્યારે આ અત્યાચારો વધી પડયા ત્યારે યુવાનોએ એ અયોગ્ય દીક્ષા પદ્ધતિ સામે મોરચા માંડયા. પરિણામે સંઘોએ નિયમન કર્યું, જૈન શ્વે. કોન્ફરન્સે એનું મંતવ્ય જાહેર કર્યું. છતાં તેની અવગણના કરવામાં આવી કોઇક કોઇક જગ્યાએ સંઘ બહાર પણ કરવામાં આવ્યા છતાં મુંડન ઘેલછા ઘટી નહિ.

વડોદરા સ્ટેટે અયોગ્ય દીક્ષા પ્રતિબંધ કરતો કાનુન કર્યો ત્યારથી ગુજરાતમાંતો દીક્ષાની દુકાનદારી લગભગ બંધ પડી. મુંબઇની ધારા-સભામાં આવોજ કંઇક ઠરાવ લાવવાની તૈયારીના ભણકાર સંભળાયા આથી રૂઢીચુસ્ત સંસારીઓ અને તેમના ગુરૂઓમાં સનસનાટી ફેલાઈ અને ભીનું સંકેલવા મુનિ સંમેલનની મંત્રણાઓ ચાલી ને પડી ભાંગી. આખરે આચાર્ય વિજય નેમિસૂરિની આગેવાની તળે અમદા-વાદમાં મુનિ સંમેલન ભરાયું. એક મહિનાની ભાષણખોરી, રીસામણા ને મનામણાં પછી કેવળ પ્રતિષ્ઠાને અંગે ઠરાવો થયા. એ ઠરાવોમાં બાળદીક્ષા અંગે પણ એક ઠરાવ થયો.

આ સંમેલનમાં થયેલા સગીર દીક્ષાના ઠરાવથી સુધારકો સંતો-ષાયા નહોતા. એમને ખાત્રી હતી કે જ્યાં સુધી આપણા સાધુઓમાં બેજવાબદારીનું તત્વ પ્રવર્તે છે ત્યાંસુધી આ ઠરાવથી બેલગામ સાધુઓના દંભથી વિશેષ કાંઇ નહતું. પરંતુ બીજાના બાળકોને દીક્ષા દેવરાવી મોક્ષને ભર્યું ભર્યું રાખવા ઇચ્છનારા રૂઢીચુસ્તો આ ઠરાવથી ઉત્સાહ માણતા હતાં.

(વધુ માટે જુઓ પાનું ૮ મું.)

# : પૃથ્વીનું પેટાળ સડે ત્યારે ભૂકમ્પ થાય :

ગયે વર્ષે થયેલો બિહારનો ધરતીકંપ અને હાલમાંજ થયલાં કવેટાના નાશકારક ધરતીકંપે હિન્દી જનતામાં જબ્બર ખળભળાટ મચાવ્યો છે. કયી પળે કુદરત રૂઠશે તેની ચિન્તામાં ને ચિન્તામાં માનવી ચગદોળે ચઢે છે. આજનું શકિતશાળી વિજ્ઞાન કુદરતના આ ભયંકર જીવલેણ શસ્ત્ર સ્હામ પામર બન્યું છે.

## ધરતીકંપ શાથી થાય છે?

ધરતીકંપ થવાના ચોક્કસ કારણો આજના વૈજ્ઞાનિકો આપી શક્તાં નથી. છતાં એટલું તો સર્વાનુમતે નિર્ણિત થયું છે કે બહારની ઠંડીને લીધે તેમજ ઓચીંતું હવાનું ઝડપી દબાણ પૃથ્વીના અંદરના પડમાં થતાં, જમીનની નીચે આવેલું જીર્ણ પડ દબાણના ભારથી તૂટવા માંડે છે અને એથી પૃથ્વીના ગર્ભમાં એક આન્દોલન ઉત્પન્ન થાય છે. આ હીલચાલથી એક તીવ્ર ઝડપી લહર ઉઠે છે અને તે એક છેડાથી બીજા છેડા સુધી આખી પૃથ્વીને કમ્પિત કરતી કરતી પસાર થાય છે. આ લહર પૃથ્વીના પોપડામાં ઝનુની ખળભળાટ મચાવે છે. જ્યાં એનું જોર વિશેષ હોય છે ત્યાં તે ભયંકર સંહાર કરે છે. ભૂકમ્પનું બીજું કારણ જવાળામુખી ફાટવાનું પણ છે. સાધારણ રીતે જવાળામુખી પહાડોની નજીકમાં યા તો જમીનની તેવી સપાટીવાળા મુલકપર હવાનું સખ્ત દબાણ થાય છે. પરિણામે ધરતીકંપ થાય છે. અને જાપાનમાં આજ કારણે વારંવાર ભૂકમ્પ દેખા દે છે.

## દર વર્ષે ૬૦,૦૦૦ ભુકમ્પ થાય છે.

પૃથ્વીના પડ પ્રતિક્ષણ હાલતા રહે છે. જો કે તેનું હલન ચલન આખો વખત માલમ પડતું નથી પરન્તુ ગણત્રી ઉપરથી એટલું તો અનુમાન થઇ શકયું છે કે આખા વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૬૦,૦૦૦ ભૂકમ્પ પૃથ્વીના પડ પર થાય છે. આખી દુનિયાના મુખ્ય મુખ્ય વિભાગોમાં ઠેકાણે ઠેકાણે ધરતીકમ્પના આંચકાઓ નોંધનારૂં યંત્ર ગોઠવવામાં આવ્યું છે. આ યંત્ર સિસ્મોગ્રાફના નામથી ઓળખાય છે. અને તેમાં ગમે તેવો ન્હાનામાં ન્હાનો આંચકો પણ આબાદ રીતે જણાઇ આવે છે.

## સિસ્મોગ્રાફની શકિત.

સિસ્મોગ્રાફ યાને કમ્પસૂચક યંત્રની શકિત ઘણી અદભૂત છે. આ યંત્ર ન્હાની સોય કરતાં પણ બારીક ચીજદ્વારા કાગળપર ભૂકમ્પનો કમ્પ અંકિત કરે છે. કમ્પની સ્થિતિ, પરિમાણ અને કયાં કંપ થયો તેની નોંધ કાગળ પર તે કરે છે. કુસ્તુનિયામાં થયલા ધરતીકંપનો આંચકો મુંબઇની વેધશાળામાં નોંધાય છે, આ યંત્રની સાથે એક ભયસૂચક ઘંટ પણ રાખવામાં આવ છે. છેક નજીકના સ્થળે જો ધરતીકંપ થાય તો આ ઘંટ રાક્ષસી જોરથી ગાજી ઉઠે છે. તા, ૧૬-૧-૩૪ ને રોજ થયલા બિહારના ભૂકમ્પ વખતે પણ કલકત્તા, મુંબઇ, બનારસ વગેરે સ્થળોની વેધશાળા ઉપરાન્ત પેરીસ લંડનની વેધશાળાઓ પણ ભયસૂચક ઘંટથી ગાજી ઉઠી હતી. આ યંત્રની શોધ મુખ્યત્વ જાપાનમાંથી થયાનું કેટલાકોનું માનવું છે.

## ભુકમ્પનાં આંચકાઓ.

ધરતીકંપના ભિન્ન ભિન્ન પ્રકારના આંચકાઓ હોય છે. જો વેગ અતિ તીવ્ર હોય તો આંચકો ઘણો સખ્ત હોય છે. સામાન્ય રીતે મોટા આંચકાનું બળ વધારેમાં વધારે ૧૫૦ અબજ હોર્સ પાવર જેટલું હોય છે. સને ૧૯૩૨ માં જેમેકામાં થયેલો ભૂકમ્પ એટલો વેગવાળો હતો કે મોટી મોટી ઇમારતો પણ પડી ગઈ હતી. મનુષ્યો તેમજ પશુઓ કંપના આંચકાથી હવામાં ઉછળી ઉછળી પડયા હતા. કેટલાંક મકાનો તો ગોળ ગોળ ફરી વાંકીચુંકી દિશામાં સ્થિર થયા હતા.

## ભુકમ્પ પહેલાંની હિલચાલ.

ભૂકમ્પ થતાં પહેલાં પૃથ્વીના ગર્ભમાં ભયંકર આન્દોલન ઉત્પન્ન થાય છે, એ હિલચાલનો અવાજ કોઇવાર આપણાથી સંભળાય છે પણ ખરો. અવાજ ગાડીઓના ઘઘરાટ જેવો હોય છે કોઇક વખત પૃથ્વીના પેટામાંથી તોપના ગોળા છુટતા હોય તેવું પણ સંભળાય છે. સંને ૧૮૨૨ માં મલામાદ્વીપમાં લોકોએ ઘણા દિવસ સુધી આવો અવાજ સાંભળ્યો હતો અને અન્તે એક દિવસે ભૂકમ્પ એવા તો સખ્ત પ્રમાણમાં થયો કે આખો મલાયા ટાપુ ખેદાન મેદાન થઈ ગયો. સને ૧૮૯૭માં થયલાં આસામના ભૂકમ્પ વખતે લોકોએ વાદળાંની ગર્જના જેવા અવાજો સાંભળ્યા હતા.

## કેટલાંક યાદગાર ધરતીકમ્પો.

૧૭૫૫ માં લીસ્બનમાં ભયંકર ભૂકમ્પ થયો હતો માત્ર ચાર મીનીટમાંજ ૫૦,૦૦૦ મનુષ્યો મરી ગયાં હતા. આખું શહેર ખંડીએર બની ગયું હતું, લીસ્બનની નદી પણ અદ્રસ્ય થઇ ગઇ હતી. ૧૮૯૭ માં આસામમાં પૃથ્વી હીંચકાની જેમ ઝુલી ભૂકમ્પ થયો હતો. ૧૯૧૯ માં કચ્છે પણ ધરતીકંપનો સ્વાદ લઇ મોટી નુકસાની ભોગવી હતી. સને ૫૨૬ માં એન્ટીઓમાં ધરતીકંપે ૨,૫૦,૦૦૦ મનુષ્યોના ભોગ લીધાં હતાં. આ એક રેકર્ડ સમાન છે. છેલ્લાં કવેટામાં થયલાં ભૂકમ્પે ૫૦,૦૦૦ જનોના જાન લીધા છે.

## કેવા મકાનો જોઇએ?

એક સાથે જેના અણુએ અણુ જોડાયલાં હોય તેવી વસ્તુદ્વારા મકાન ચણાય તો કંપથી તે કેટલેક અંશે બચી જાય છે. આ માટે કાંક્રીટથી બંધાયલા મકાનો મજબુત ગણવામાં આવે છે. વળી મકાનોના પાયા પણ ઉંડા અને મજબુત જોઇએ. અમેરિકાની ગગનચુમ્બી મહેલાતોના પાયા છેડ પૃથ્વીના તળસુધી ગયલાં હોય છે એટલે તે કમ્પથી સહિસલામત હોય છે. જાપાનમાં પણ હવે એવી ઇમારતો બંધાવા માંડી છે.

(સંકલિત).



— સ્ત્રી અમુક પુરૂષની મતા છે અથવા થવાની છે, એમ જગત જાણે તે માટે તેણે માથે વાળ રાખવા, કપાળે ચાંલ્લો કરવો. હાથે બંગડી પહેરવી એ મતાનો માલીક મરી જાય તો તેથી વિધવા થયલી સ્ત્રીએ એમાનું કશું નહિ કરવું જોઇએ, પુરૂષને એવા કશા વિધિ નહિ !

— સ્ત્રી એ પુરૂષની મીલ્કત છે. એથી જ સ્ત્રીના વ્યભિચાર માટે તેનો માલેક કોર્ટે ન્યાય મેળવી શકે, સ્ત્રી કાંઇ પુરૂષની માલેક નથી. એટલે પુરૂષના વ્યભિચારની વિરૂધ્ધ તેનાથી ચૂંકે ચાં થાય નહિ.

— વિધવાઓ પાસે બ્રહ્મચર્ય પળાવવા તેમને સ્વર્ગની સીડી દેખાડી પણ એમ એક પક્ષી બ્રહ્મચર્ય સ્વભાવિક રીતે જ નિષ્ફળ નીવડ્યું છે. સ્વર્ગને બદલે આજે પૃથ્વી ઉપર વ્યભિચારનું રૌરવનર્ક પ્રર્વતી રહ્યું છે. હિંદુસમાજમાં આજે આથી કેટલાં ગર્ભપાત થાય છે, કેટલી બાળહત્યા થાય છે. એનો હિસાબ કોણ કાઢી શકે ?

— " સ્ત્રીઓ પુરૂષોથી અધિક શૃંગાર શા માટે સજે છે ? સ્ત્રીઓની એક સભામાં મહાત્માજીએ પ્રશ્ન કર્યો.

આખી સભામાં ચૂપકીદી છવાઇ ગઈ. કોઇ કાંઇ બોલી શક્યું નહિ, અન્તે એક સ્ત્રીએ કહ્યું:- "પુરૂષોને રાજી રાખવા, સ્ત્રીઓ ભપકો ન કરે તો પુરૂષો રીઝે પણ કેવી રીતે."

— વિલાસ અને વૈભવ એ ધનના મદની નિશાની છે. મનુષ્યનો અહંકાર તેની સમૃધ્ધિની રેલછેલમાં પ્રદર્શિત થાય છે. એ વિલાસ અને ઐશ્વર્યજ તેના સર્વનાશને આમંત્રે છે.

— એક શ્રીમન્તે એક ગરીબની વસ્તુ જોઇ તેને તે ગમી ગઇ. શ્રીમન્તે તે માંગી ગરીબે બદલામાં ધનની યાચના કરી. શ્રીમન્તે તેમ ન કરતાં તે વસ્તુ બળાત્કારે ઝુંટવી લીધી.

આ શ્રીમન્ત અને લૂંટારામાં ફેર શો ?

— ઇંગ્લાન્ડમાં સને ૧૮૩૮ થી માત્ર ખૂનનાં અપરાધ માટે જ ફાંસીની સજા આપવામાં આવે છે. રાજ્યદ્રોહના ગુન્હામાં કવચિત કોઇને ફાંસીની સજા થાય છે. હિન્દુસ્તાનમાં પીનલકોડ અનુસાર રાજાની વિરૂધ્ધ યુધ્ધ કરનારને, ષડયંત્ર કરનારને તેમજ ખૂન કરનાર કરાવનારને ફાંસીનો અધિકાર છે. ડેન્માર્કમાં પહેલાં વિશ્વાસઘાતીને, રાજ્યદ્રોહી અને ખૂનીને ફાંસી આપવાનો રિવાજ હતો પરન્તુ આજ ૩૦ વર્ષથી એ રિવાજ નષ્ટ કરવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલીયામાં વિશ્વાસઘાત માટે, હત્યા અને સ્ત્રીના સતીત્વનો વિનાશ કરનારને મૃત્યુદંડની સજા મલે છે. ફ્રાન્સમાં ખૂનનો પ્રયત્ન કરનારને, ખૂન કરનારને. ઝેર દેનારને, અને ઘરમાં આગ લગાવનારને પ્રાણદંડની સજા આપવામાં આવે છે. કોલંબીયા, લાટેલીયા, લકસમબર્ગ, નેધરલેન્ડ, પોર્ટુગલ આદિ દેશોમાં મનુષ્યને પ્રાણદંડની સજા કોઇપણ ગુન્હા બદલ કરવામાં આવતી નથી.

— વિચાર-સત્યો તો વડવાનલ સમાં છે. એનો વિરોધ કરનારાઓ કેવળ આગ જ સંકોરે છે. એવી આગમાંથી કેવળ તણખાજ ઉડે છે. અને આગે સ્પર્શ ન કર્યો હોય એને પણ જલાવવા માંડે છે.

— એક દિવસનું ઇન્સાફી વર્તન સો વર્ષની પ્રભુ પ્રાર્થનાની બરાબર છે.

— ધર્મ માટે અનેક જીવહિંસા થઇ છે. હજારો અને લાખો માનવીઓના જીવન ધર્મે હરી લીધાં છે. તૈમુર લંગ, મહમ્મદ ઘોરી, રોમનો, તાર્તરો વગેરેના પૈશાચિક કૃત્યો આ વાતની સ્પષ્ટ પ્રતિતી આપે છે.

— તપ વિના ધર્મ જાગૃતિ કે તેનો ઉધ્ધાર નથી. તપ એજ એક મહાન શકિત છે. કે જે વડે રક્ષાય, તેનું સંસ્થાપન થાય.

— આખા જાપાનમાં ૪૬,૦૦૦ શિક્ષણ સંસ્થાઓ છે. દર ૧૦ સ્કેવર માઇલે ૩ શાળાઓ હોય છે.

— જાપાનનું વહાણવટું આખી દુનિયામાં ત્રીજે નંબરે આવે છે.

( અનુસંધાન પાના ૬ થી ચાલુ )

આખરે સુધારકોની આગાહી સાચી પડે છે અને ઠરાવોના ખરડા ઉપર સહી કરનાર નવ સાધુઓમાંના જ સાધુઓએ ઠરાવોની ઉપરવટ થઇને બાળમુંડનનો ધંધો શરૂ કરી દીધો.

( ૧ ) કદમ્બગીરી ઉપર શ્રી. નેમિસૂરિએ એક બાળ મારવાડીને દીક્ષા આપી.

( ૨ ) વિખ્યાત મુંડનારા ! સાગરાનંદે ઘેટી ગામે એક નવ વર્ષની બાળાને મુંડી નાખી.

( ૩ ) રા. રામવિજયે રાધનપુરમાં એક અગીઆર વર્ષના બાલકને મુંડયો, અને દશ વર્ષના એક બીજા બાળકનો સોદો કરવાની વાટાઘાટ ચાલી રહી છે.

અમને લાગે છે કે આ જાતના સાધુઓની સાન ઠેકાણે લાવવા, તે તે ગામના સંઘોએ પ્રયત્ન કરવો જોઇયે અને એમાં નીષ્ફળ થવાય, બાળ મુંડનની દુકાનદારી સામાન્ય સમજાવટથી બંધ નજ થાય તો આ સાધુઓને ઘડીનાય વિલંબ વિના વહોરાવવાનું બંધ કરીને ગામમાંથી રવાના કરી દેવા જોઇયે.

રાધનપુરના નવજુવાનો પાસે અમે આશા રાખીએ છીએ કે રા. રામવિજય જે દશ વર્ષના બાળકને ખરીદી લેવાની તૈયારી કરી રહ્યા છે તે બાજીને તમે ઉથલાવી પાડો. રાધનપુરની જુવાની ! એક જુવાનને બરબાદ થતો અટકાવશે !

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઑનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રીમુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

(૭)

# ગ્રાહકોને ભેટ.

તરૂણના ગ્રાહકોને વાંચન લાભ વિશેષ મળે તે માટે—

| | | |
|---|---|---|
| પર્યુષણની વ્યાખ્યાન માળા | કિંમત | ૦—૮—૦ |
| ચીનગારીઓ | ,, | ૦—૪—૦ |

## ભેટ આપવાનું નક્કી થયું છે.

એટલે ગ્રાહકોને આ બન્ને પુસ્તિકાઓનું વી. પી. કરવામાં આવશે. મનીઓર્ડરથી લવાજમ મોકલવા ઇચ્છતા ગ્રાહકોએ ૧-૮-૦ લવાજમના અને ૦-૪-૦ પુસ્તકોના ટપાલ ખર્ચના મોકલવા કૃપા કરવી.

જેમના લવાજમ આવતા પખવાડીયા દરમ્યાન નહિ આવે તેમને ઉપરોક્ત પુસ્તકો વી. પી. થશે. આશા છે કે ગ્રાહકો અમારી ભાવના વધાવી લેશે અને વી. પી. સ્વીકારશે.

વ્યવસ્થાપક,

**તરૂણ જૈન.**

એ કાયદો આવકારો !

Regd, No. B. 3229

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૫ મો
સોમવાર તા. ૧૫-૭-૩૫.

## એ સાધુ હતો !

લેખકઃ-જયંતિ કોઠારી.

સફેદ કપડાં પહેર્યાં હતાં. અહંભાવે ક્રોધની ભ્રકુટી ચડી રહેતી. મુખ ઉચ્ચારતું 'હમારે તો સબહી સરખે હૈં.' ઉપદેશ અપાતો-સમાનતાનો વ્યાખ્યાન ચાલતાં ને મોડાં પધારતા શ્રીમંત ભક્તોને આવકાર આપતો એ હતો સમાનભાવી.

પૈસાને અડકવામાં એ પાપ માનતો. ગુરુની શતાબ્દિ ને જયંતિ ઉજવવા એ શ્રાવકો પાસેથી પૈસા ઓકાવતો. જબાનની જાદુગરીથી પુસ્તકો છપાવવા એ ફંડ ભેગું કરતો. દયાવૃત્તિ ઉશ્કેરી કોઇકને નામે એ પૈસા ગોખમાં મૂકાવતો એ હતો વૈરાગી.

ફાઉન્ટનપેન એ પડાવતો; માઇક્રોસ્કોપ, ટેલીસ્કોપ ને કેમેરા, ધર્માંધ માનવીઓને સ્વર્ગ નિર્દેશી એ ભેટ લેતો-એ હતો અપરિગ્રહી.

સોપારીના એને મુખવાસ જોઇતા, છીંકણીની એને આદત હતી. ચાર વખત એને ચાહ જોઇતો-એ હતો નિર્વ્યસની,

થોકે થોકે એને ટપાલ આવતી, રોજે રોજ એ ટપાલ લખતો. પ્રેમના સંદેશા આવતા અને એ મોકલતો-એ હતો સંસારી માયાથી મુક્ત.

કામળો એને સૂવા જોઇતી, દુશાલા એને ઓઢવા જોઇતા, બારીક વસ્ત્રો એને પહેરવા ગમતાં-એ હતો ત્યાગી.

એ સાધુ હતો. સમાજના કલ્યાણ ખાતર એણે ભેખ ધર્યો હતો.

## રોટી બંધ કરો.

દયાથી પીગળીને કે મ્હોટપથી મ્હોરાઇને શ્રમ લઈ શકે ત્હેવા સશક્તને ભીખ માગતો કરી દેવો એમાં સમાજને નુકશાન છે. ધર્મને નામે ભિક્ષુક વૃંદો વધારવાં એમાં સમાજનાં હિતોને હાનિ છે.

જૂની કથાઓ ગમે તે કહે-એ કાળને એ અનુરૂપ હશે. ચાલ્યા આવતા રીવાજો ગમે તે હોય-નીચે મ્હોંડે એનાં અનુસરણમાં નહિ, વિવેકપૂર્વક વિલોકનથી એ હાનિકારક લાગે તો એને વિનાશવામાં ડહાપણ મનાવું જોઇએ.

આજની બેકારી એ કાળે નહિ હોય. આજ જહેટલા ધૂર્તો એ કાળે નહિ હોય. સંસાર જહેને રસહિન જણાય, અંગત પ્રલોભનોમાંથી જહે વિરક્ત હોય, મમત્વ જહેને હોય નહિ. દેહ દમનથી તપ અને માનવ કલ્યાણનાં શ્રેય જહેની સાધના હોય, સામાજીક શિષ્ટતા પૂરતાંજ જહે વસ્ત્રો પ્હેરે અને રસાસ્વાદની દરકાર વિના શારિરીક ટકાવ પૂરતુંજ જહે ભોજન લ્યે-એવાં પૂજ્ય સ્ત્રી-પુરૂષોની સાધના સુલભ બને એ પૂણ્યભાવ પ્રેરાઇ આપણા પૂર્વજોએ સાધુ સાધ્વીઓની અન્નવસ્ત્રની જવાબદારી ઉપાડી લીધી હશે.

વર્ષો વહી ગયાં અને સ્વેચ્છાએ સ્વીકારેલી એ જવાબદારી આજે પ્રથા થઈ પડી છે. ગમે તે પ્રકારનો અને ગમે ત્હેવા સંસ્કારનો ગમે તે આદમી સાધુનાં વેશ પરિધાન કરે કે એ પૂજ્ય બની જવાનો અને તરતજ એની અન્ન-વસ્ત્રની જવાબદારી સમાજે ઉઠાવવી પડવાની.

'આંખ મીંચો, લાયકાત મા જુઓ ચારિત્ર આંકો નહિ, એ સાધુ છે માટેજ એ પૂજ્ય છે. એને વ્હોરાવો; એમાં ધર્મ છે.' આ અંધ મનોદશા હવે બહુ વાર ચાલી.

આજની સાધુસંસ્થા નિહાળો. એના ચણતરમાં પાયાથી તે મોભ લગી વિકૃતિની ઉધઇઓ લાગી છે. એ સુંદર મકાનમાં આજે છીદ્રો પડયાં છે અને એ છીદ્રો વાટે અનાવશ્યક ને અનર્થકારક તત્વો પ્રવેશ પામ્યા છે.

એમનાં વર્તન શીથીલ થયાં છે. તપની એમને કામના નથી. દેહદમનનો એમને મોહ નથી. ત્યાગ એમને ખપતો નથી. બ્રહ્મચર્ય માત્ર શબ્દોમાંજ બાકી રહ્યું છે અને સંયમના અવશેષો શોધ્યા સાંપડતા નથી.

જહેની પાછળ મહત્તા ન હોય એવાં સ્ત્રી પુરૂષોનાં અધમ જીવન, બીજાંનાં જીવન બગાડતાં નથી; જહેનામાં આપણે મહત્તા રોપી છે, જહેનામાં આપણે આદર્શ જોવા મથીએ છીએ એવાં જીવન જ્યહારે અધમતા પામે ત્યહારે સમાજમાં અનિતી પ્રસરે ને દુરાચાર વધે.

આવું થાય ત્યહારે સમાજ સેવકોનું કર્તવ્ય સ્પષ્ટ છે. જહે માર્ગે અધમતા પ્રવેશે આ સામાજમાં એ માર્ગનાં દ્વાર બંધ કરી દેવાં જાઇએ. સારાય સમાજ પર આજની વિકૃત સાધુતાના ઓળા જામ્યા છે. પ્રયત્ન પૂર્વક આપણે એ વિદારવાજ જોઇએ.

અનુસંધાન...............પૃષ્ઠ-બે

# ત : રુ : ણ જૈ : ન

— તા. ૧૫-૭-૩૫ —


## એ કાયદો આવકારો !

કેટકેટલાં ધર્માદા ટ્રસ્ટસ આજે જૈન સમાજમાં છે? અને અપવાદો બાદ કરતાં એવાં ટ્રસ્ટસનો આજે કેટલો બધો દુરૂપયોગ થઈ રહ્યો છે?

કોઈક પુનીત ભાવનાએ, કોઈક પાપના પ્રાયશ્ચિતાર્થે દાન દે છે. એ સખાવતી ભંડોળો દામ દેનારની ઇચ્છાનુસાર ખર્ચાય એ હેતુપૂર્વક જહેનામાં વિશ્વાસ હોય એવાં માનવીઓને ટ્રસ્ટી નિમવામાં આવે છે.

પરંતુ ટ્રસ્ટીઓ ટ્રસ્ટને બાપુકી મિલ્કત માને છે અને કોઇ એમને રોકતું નથી. પિતાની મિલ્કત વેડફતા પુત્રને સૌ સગાંઓ સલાહ દેવા દોડે છે પણ ટ્રસ્ટની મિલ્કતની અંગત ઉડાઉગીરીઓ જાહેર રીતે થતી હોય તો પણ કોઈ એને મના કરતું નથી કારણ કે કોઇને એની પડી નથી.

ગામે ગામના દેવાલયોના, ઉપાશ્રયોના, પાંજરાપોળોના વહીવટો તપાસો અને ધર્માદાની રકમો પ્રવાહી બની જઇને કેવી રીતે વહી ગઈ હોય છે એના ચાલાકી ભર્યા દ્રષ્ટાંતો જોઇ ત્હમે તાજ્જુબ બનશો.

જરા ઉંડાણનો તાગ લેવા આમ્યજનો જોડે વાતે વળગશો તો કેટકેટલી હવેલીઓ ધર્માદાની રકમ—હજમી પછી ઉભી કરવામાં આવી છે એનાં કરૂણ બ્યાન ત્હમને સાંભળવા મળશે. અને હૈયું ત્હમારે હશે તો, થશે કે બાપડાં શી અચળ શ્રધ્ધાથી અજ્ઞાન લોકો ધર્મનું ભથ્થું બાંધવા પૈસા ખરચે છે અને કેવો એનો દુરૂપયોગ મંડાઇ રહ્યો છે.

ભગવાનના નામપર, માનવ દયાથી પ્રેરીત જનો કેવળ સમજ રહિત શ્રધ્ધાથી મંદિરો—ઉપશ્રયોમાં પૈસા આપી આવે છે. સમાજના પ્હેલી હરોળમાં બેસતા શેઠીઆઓ આ પૈસાઓનો વહીવટ કરતા હોયછે.

તદ્દન વેપારી દૃષ્ટિ મુજબ આ વહીવટોમાંથી અંગત્ લાભ તારવવાના અભિલાષથીજ વહીવટી જવાબદારી મેળવવાના પ્રયાસો કરવામાં આવે છે. કેટલીક વેળા જૂની આબરૂને ચાલી જતી અટકાવવા અને ભોગવેલી જાહોજલાલી ભોગવ્યે જવાના હેતુ ખાતર સાવ ખાલી બની બેઠેલા શ્રીમંતો આવાં ફંડો હાથ કરે છે. કોઇક ટ્રસ્ટને પૈસે દાનેશ્વરી કહાવવા અને કાકલુદી કરતા લોકોથી રિઝવા ટ્રસ્ટસના સરમુખત્યાર બનવા પ્રયાસ કરે છે. મહાજનોમાં ખુશામત ખોરો એમના કહ્યાથી એમના નામ રજુ કરે છે અને એ ટ્રસ્ટસ એમણે બીછાવેલી જાળ મુજબ એમના હાથમાં આવી પડે છે.

થોડોક કાળ વિતે છે અને આપખુદી ચાલવાં માંડે છે. આવશ્યક જણાતા કાર્યોમાં એની ઇચ્છા ન હોય તો એક પાઇ પણ ખર્ચાઈ શકે નહિ. એ ચાહેતો સમાજને સાવ નિરૂપયોગી કાર્ય પાછળ, તમામ ટ્રસ્ટની મતા ધુળ ભેગી કરી દે.

સામાજના આપણા બેકાર ભાંડુઓને ધંધે લગાડવા પૈસા ધીરવાની કોઈ વાત કરે તો ધર્મ એને રસાતાળ જતો લાગે કારણ કે બેકારોને ધીરવામાં એનું હિત સચવાતું નથી. એજ પૈસા એના સગાવ્હાલા કે સબંધીને ધીરતાં એના ધર્મને વાંધો નહિ આવે.

અંગત બક્ષિસો લઇ ટ્રસ્ટના પૈસા ધીર્યા હોવાના અનેક દાખલા અમે જાણીએ છીએ. ટ્રસ્ટીઓનાં હિત સચવાતાં હોય તો ટ્રસ્ટના પૈસા છેક નાદારીની પગથારે ઉભેલાંને ધીરવામાં એમને વાંધો નથી.

ધર્માદાના આવા ધીરાયલા પૈસાની વ્યાજ રહીત વસુલાત લેવાનો કોઈ પ્રયત્ન કરે તો આજના આપણા કેટલાક શેઠીઆઓ સવેળા નાદારીની અદાલતનો આશ્રય શોધે એવી આજે પરિસ્થિતિ છે. એક દાખલો અમારા જાણવામાં છે કે એ શેઠની પોતાની જે મિલ્કત છે ત્હેમાંથી ધર્માદાના પૈસા નિકાળી લો એ ઘડીએજ એને મોટરો વેચવા નિકળવું પડે ને ચણા ફાકવાનો પૈસો પણ એની પાસે ન રહે.

ટ્રસ્ટસની પાછળ રચાતા કાવા દાવાને અંધાર ખુણેથી કહાડી કોઇ એના પર પ્રકાશ પાથરે તો સૌ ચમકી ઉઠે. કાવાદાવાજ શા માટે, માત્ર હિસાબોજ બ્હાર પાડવામાં આવે ત્હોય આપણે દીધેલાં દાનનો થએલો ઉપયોગ જોઇ આપણે રડી ઉઠીયે.

આણંદજી કલ્યાણજીની પેઢી જુઓ. એના હિસાબ જાણવા માટે કેટકેટલા પ્રયત્ન કરવામાં આવ્યા છે છતાં જવાબદારીનું કોઇયે તત્વ સ્વિકારવાની એના ટ્રસ્ટીઓની તૈયારી નથી. પાલિતાણા જતો પ્રત્યેક આદમી એમાં પૈસા આપે છે છતાં એનાજ પૈસાના ઉપયોગ વિશે એને અંધારે અથડાવવામાં આવે છે. આપણે સ્વર્ગ મેળવવાની લાલચમાં કેટલા મૂર્ખ બન્યે જઇએ છીએ એનું આથી સચોટ ઉદાહરણ આપણે નહિ જોઇ શકીએ.

આબુની પણ એજ હાલત છે. એના મંદિરોની ઉપજનો વહીવટ કરતી જૂની સમીતિ લાખ્ખોની રકમો દબાવી છૂટી થઇ છે અને નવી સમીતિ ચાલુ ખર્ચાને પ્હોંચી વળવા પણ અશક્ત બની રહી છે.

આવી તો લગભગ ઘણાં ટ્રસ્ટસની ભીતરની હકિકત છે. છતાં ધર્માદા ફંડો ચાવી ચાવીને પચાવી બેઠેલા આદમીઓ મહાજનો મનાય છે અને આપણા ઉપાશ્રયોમાં પ્હેલી હરોળમાં એમનું સ્થાન અવિચળ સચવાય છે.

આ ધર્મી લૂટેરૂઓપર અંકુશ મૂકાય અને દાન દેનારની ઇચ્છાનુસાર ટ્રસ્ટનો બરાબર વહીવટ થાય એ માટે મુંબઇની ધારાસભામાં સખાવતી ભંડોળોનું નિયમન રચતો એક કાયદો સરકાર તરફથી રજુ થયો છે. જૈન તરીકે, જૈન જનતાના હિતાર્થે એ કાયદાને અમે આવકાર આપીએ છીએ.

---

અનુસંધાન...............પૃષ્ઠ ૧ થી ચાલુ.

વિજ્ઞાન આપણને માર્ગ દર્શક બનશે. માનવ રકતમાં રોગનાં જંતુઓ ઉદ્દભવે છે ત્હારે એ જંતુઓનાં પોષક તત્વો ઇંજકશન દ્વારા રકતમાંથી દૂર કરવામાં આવે છે......અને રોગનાં જંતુઓની હસ્તિ દૂર થાય છે ને વિશુધ્ધ લોહી તંદુરસ્તી પાછી આણે છે.

સરસ છે આ માર્ગ—સાધુઓની સુધારણાર્થે. અન્ન વસ્ત્ર એમને આપવાનો ઇન્કાર કરીએ, આપણે ઘર ઘરથી એમને પાછા ફેરવીએ, કમાઇ લઇ પેટ ભરવાનુ એમને સુચવીએ, પૈસા દઇ વસ્ત્રો ખરીદવાનું એમને કહી દઇએ. એમને જીવવું હોય તો જાત મ્હેનતથી ભલે જીવે. આપણે પસીનો નિતારી એમને અન્ન વસ્ત્ર આપી એમના કુકર્મોની ભાગીદારી નહિ કરવી જોઇએ. રોગનાં જંતુઓને પોષી સમાજ પર અત્યાચાર નહિ વધારવો જોઇએ.

જહે ઘડીએ આપણે આ ફરજ સ્હમજી લઇશું એ ઘડીયે હશે તો ઇન્સાનીયત એમનામાં પ્રકટી રહેશે—નહિ હોય તો એ નાબુદ થશે.

# : : અધમ સાધુતા યાને અયોગ્ય દિક્ષા : :

## : આવતાં પાત્રો :

**મુની કીર્તિસાગરજીઃ** અયોગ્ય દિક્ષાનો વિરોધ ફેલાવી જૈન શાસનની કીર્તિ પ્રસરાવનાર પવિત્ર સાધુ

**નીતિકાન્તઃ** જૈનરક્ષક સેવાદળના સરદાર.

**રસિક વિજયજીઃ** કુમળાં બાળકોને મુંડનાર જૈન સમાજમાં ઝેર–વેર ઉત્પન્ન કરનાર 'છોકરાં–ચોર' સાધુ.

આ સિવાય સ્વયંસેવકો વગેરે.

**પ્રયોજકઃ–વીરકુમાર**

અંક ૧ લો પ્રવેશ ૧ લો.

[ ગતાંકથી ચાલુ ]

સ્વયં:૯–પણ મોટાભાઈ ! એ બધું શું શાસ્ત્ર વિરૂધ્ધ અને ગેરમાર્ગે થાય છે?

સરદારઃ–શાસ્ત્રોને તો નવે મુકી દેવાય છે. તમોને શું વાત કહું? એક આચાર્યવરે મુંડી નાખેલા જુવાન ચેલકાને એના બાપના હાથમાં જતો અટકાવવા માટે સાધ્વીના વસ્ત્રો પહેરાવીને સાધ્વીઓના સમુદાય વચ્ચે રાખેલો.

સ્વયં:૪–ગજબ ! આ તો અધમતાની હદ આવી રહી કહેવાય. એક તો ગુપચુપ માબાપની પરવાનગી વિનાજ દિક્ષા આપી દેવી અને પછી આવાં ધતીંગો કરવાં ! છી......

સરદારઃ–અરે અધમતાની માપી તો તે પછી એ આચાર્યે દેવે મુકી હતી. એમની પાસે આ માટે ખુલાસો માંગ્યો ત્યારે કોઈ કપોળ કલ્પિત શાસ્ત્રનો આધાર ટાંકવાની હિંમત પણ એમણે કરેલી!

સ્વયં:૧–અને એ બાળકોને દિક્ષા આપવામાં આવે છે તે બાળકો બિચારાં તદ્દન અણસમજુ અને રમતીયાળ હોય છે. આઠ વરસની ઉમરના એક મુનીરાજને મેં ઓઘા સાથે રમત કરતાં જોયા છે, અને એવાજ એક બીજાં બાળ મુનીવરને તેમના ગુરૂપાસે પતાસું ખાવાની હઠ કરતા જોયાં છે. એમનાથી ન તો ક્રિયા પાળી શકાય કે ન તો કંઇ અભ્યાસમાં પણ ગંભિરતા જાળવી શકાય. મોટા સાધુ સમુદાયની વચ્ચે એક રમકડાની જેમ એમને રાખવામાં આવ્યાં હોય એવો આપણને ભાસ થાય.

સ્વયં:૮–નીતિકાન્તભાઇ! સાધુઓ જ્યારે શાસ્ત્ર વિરોધી કાર્યો કરે ત્યારે શું તેમને અટકાવનારૂં કોઇ નહિ હોય? આપણા સમાજમાં ધનપતિઓ અને વિદ્વાનોની કંઈ ખોટ નથી. તેઓ શા માટે સાધુઓને ઉન્માર્ગે વર્તતાં અટકાવતા નથી?

સરદારઃ–મોટી મુશ્કેલી તો એજ છે, કેમકે આ કહેવાતાં બડેખાંઓનો તો સાધુઓને મોટો ટેકો હોય છે! સાધુઓ તો અપરિગ્રહ વ્રતના પાળક હોય છે. પણ આવા પરિગ્રહશૂરાઓની મિલ્કતોના જોર ઉપર જ એમનાં ગાડાં ગબડે છે. અને જૈન ધર્મના દાન આપ્યાના અને પુણ્ય કરવાના સિધ્ધાંતનું એમાં પાલન થતું હોય તેનો સતોષ માને છે.

સ્વયં:૫–જો બીજા કોઇને દિક્ષા આપવામાં આ લોકો રસ લેતા હોય તો પછી તેઓ જાતેજ શું કામ દિક્ષા નથી લઇ લેતા?

સરદાર–કેમકે સૌને પારકા છોકરાંને સાધુ બનાવીને લ્હાવો લેવો છે. વળી આપણા દિક્ષા શૂરા સાધુઓ એમને એવું સમજાવે છે કે કરવું કરાવવું અને અનુમોદવું એ ત્રણેનું એક સરખું ફળ છે. એટલે દિક્ષા લો, લેવડાવો કે લેનારને અનુમોદો ફળસરખું છે, આવી જાતનો ઉપદેશ અપાય છે.

સ્વયં:૧૦–(અત્યાર સુધી ચૂપ હતો) એમનામાં સાદી સમજી પણ હોય તેમ નથી લાગતું!

સરદાર–અને વધારે દુઃખદ વાત તો એ છે કે આવી અયોગ્ય દિક્ષાને ઉત્તેજન આપનારો વર્ગ ધનવાનોનો છે. સાધુઓ તેમને એટલે સુધી ભમાવે છે કે એવી રીતે કોઇને દિક્ષા આપવામાં તેઓ મદદ કરે તો તિર્થંકર ગોત્ર બંધાય છે.

સ્વયં:૧૦–ઓત્તારીની ! સીધી જ સ્વર્ગની સીડી!

સરદાર–અને અંધશ્રધ્ધાળુઓ પણ એવા પાકયા છે કે કકડી રોટી માટે રખડતાં ભાંડુઓને બે પૈસાની માંગણી માટે સ્વસ્તિ વચનો સંભળાવશે અને ગુરૂ મહારાજની આજ્ઞા થઇ એટલે કાઢયો કેસરીયાજીનો સંઘ અને સીધો સાત લાખનો ધુમાડો.

સ્વયં:૧૦–એ લોકોને ચાલુ પરિસ્થિતિનો ખ્યાલ જ નથી આવતો! કેળવણી માટે, ઉદ્યોગો માટે, બેકારી દૂર કરવા માટે, વિધવાઓના ઉધ્ધાર માટે. એવા પૈસા ખર્ચવાને બદલે સંઘમાંથી સીધી સીધ્ધિ શિલા એમને મેળવવી હોય એમ લાગે છે.

સ્વયં:૩–પણ આનો કંઈ ઉપાય છે કે નહીં? આટલા આટલા અંધકારમાં કોઇ દિવો હાથ લાગે તેમ છે? કોઇ અવાજ પણ કરતું નથી?

સરદાર–અવાજ? અવાજ કરનારો સુધારક વર્ગ છે ખરો, પણ આર્થિક હાલત ખરાબ, અને મોટા ભાગને દિક્ષા પ્રેમી સજ્જનો ઉપર નભવું પડે છે એટલે એમના અવાજને તેઓ અંદરજ સમાવી દે છે. અને જેઓ અવાજને બહાર કાઢવાની હિંમત કરે છે તેમની ઉપર ચોમેરથી આક્રમણો કરવામાં આવે છે. લ્યો ને! હું મારીજ વાત કરૂં. મેં એક વખત રસિક વિજય મહારાજનો જાંહેર સભામાં વિરોધ કર્યો હતો; પરિણામ એ આવ્યું, કે બીજે દિવસે વ્યાખ્યાનમાં એમણે મને શાસનના અંગારાની ઉપમા આપી અને દહેરાસરમાં જાઉં તો કાનબુટ્ટી પકડીને કાઢી મુકવાની એમનાં અનુયાયીઓને એમણે સૂચના આપેલી; પરંતુ, આપણે એથી કંઇ ગભરાઇ જવાનું કે હિંમત હારી જવાનું નથી.

સ્વયં:૧૦–ખરી વાત છે. એ મૂર્ખાઓ...............

સરદાર–જરા શાંતિ પકડો. આ વાતનું ઓસડ આઘાત કે પ્રત્યાઘાત નથી; પણ ખામોસી અને સહિષ્ણુતા છે.

સ્વયં:૫–પણ ત્યારે આ સ્થિતિ નિવારવાનો કંઇ ઉપાય છે કે નહિં

સરદાર–ચોકકસ છે. પહેલાં તો આપણે આપણી શકિતઓને સંગઠિત કરવી પડશે, આપણા વિચારોને ઘડવા પડશે, આક્રમણોને શાંત અને અહિંસક સામનો કરતાં શાખવું પડશે, અને એકવા આપણી જાતને આપણે સ્વસ્થ કરી શકયા. (વધુ ભાગ આવતા અંકે

# કદંબગિરિનો શિલાલેખ

બોદાનેસની બાજુએ આવેલી, કદંબગિરિની ટેકરી ઉપર ભવ્ય મંદિરો બંધાવીને શ્રી વિજયનેમીસૂરિએ એ સ્થળને પોતાના પ્રભાવથી નંદનવન બનાવ્યું છે. આ નવસર્જન સાથે પોતાનું નામ સદાને માટે અંકાયેલું રહે એ આશયથી એ મંદિર ઉપર એક ભવ્ય શિલાલેખ રોપવામાં આવ્યો છે. આ શિલાલેખમાં શ્રી વિજયનેમીસૂરિનાં નામ આગળ " સાશનસમ્રાટ, સૂરિચક્રવર્તિ, જગદ્ગુરૂ, સર્વતંત્ર સ્વતંત્ર, તીર્થરક્ષક, તીર્થપ્રભાવક, તપગચ્છાધિપતિ, ભટ્ટારક આચાર્ય, મહારાજાધિરાજ" આવી મોટી વિશેષણોની હારમાળા જોઇને કોઈ એમ સહજ શંકા કરે કે, પોતે જ શિલાલેખ કોતરાવી પોતાના નામ પાછળ આટલાં બધાં વિશેષણો મુકાવવાનો ઔચિત્યભંગ આચાર્ય મહારાજ ન કરે; પણ જેમની પ્રેરણાથી આવડું મોટું જિનાલય ઉભું થયું છે, એમનો પ્રસ્તુત શિલાલેખ પાછળ હાથ ન હોય એમ બને જ નહિં. વળી આપણે આગળ જોઇશું તેમ પ્રસ્તુત શિલાલેખમાં કોરાયલા કેટલાક વિચારો આચાર્ય મહારાજનીજ સ્થિતિચુસ્તતા અને જુનવાણીની ઉપાસના પ્રગટ કરે છે. તે પણ શિલાલેખ સાથે આચાર્ય મહારાજનો નિકટ સંબંધ પુરવાર કરે છે. તદુપરાંત ઔચિત્ય ભંગના આપણા ખ્યાલો અને વ્યાસપીઠ ઉપર વિરાજતા આચાર્યોના ખ્યાલોમાં ઘણો ફરક હોય છે. આપણને તો આપણી સામે આપણા વખાણનાં બે શબ્દો કોઇ બોલે તો શરમ આવે છે. ધર્માધિકારીઓ તો પોતાની પ્રશસ્તિની આગળ પાછળ યોજનાઓ કરતા જ રહે છે અને તેમ કરવામાં ધર્મની જ ઉપાસના થાય છે એમ તેઓ માને છે અને મનાવે છે. હજારો માણસો જ્યારે તેમને વંદન કરતા હોય છે, ત્યારે **આ તે** બધા મને શાને વંદે છે? એવો તેમને સ્વપ્ને પણ પ્રશ્ન થતો જ નથી. એ તો આમ થવું જોઇએ એમ આ બધી સ્વાભાવિક ઘટના માની મનાવીને આત્મપૂજાનાં—આત્મપ્રશંશાનાં—અનેક વિધાનો તેઓ ચાલવા દે છે અને સર્વત્ર ઉત્તેજતા રહે છે. આમ હોવાથી ઉપરની વિશેષણહારમાળા તો સહજ સમજી શકાય તેવી છે.

પણ આ શિલાલેખમાં આચાર્ય મહારાજની પ્રશસ્તિ ઉપરાંત એવી કેટલીક વિગતો ભરી છે કે, જેની સચોટ નોંધ લેવી આવશ્યક છે. આ મંદિરનો પ્રતિનિધિ કોણ હોઇ શકે, આ મંદિરમાં કોણ પ્રવેશ કરી શકે, આ મંદિર ઉપર માલેકી હક્ક કોનો, આ મંદિરના પ્રતિનિધિમાં શું ફેરફાર થાય તો પ્રતિનિધિપણાથી તે છુટો થાય વિગેરે બાબતો ઉપર આજસુધીનાં જૈન મંદિરોના કોઇ પણ શિલાલેખોમાં નહિ જોવામાં આવેલી તેવી નિયમાવલી માલમ પડે છે.

પ્રથમ તો આ મંદિર ધર્મશાળા વિગેરે જે કાંઇ બંધાયું છે. તે ઉપર તપગચ્છની માલેકી ઠોકી બેસાડવામાં આવી છે. આ સર્વ મહાલયો બાંધવામાં તપગચ્છના જ શ્રાવકોએ પૈસા આપ્યા છે એવું કાંઇ નથી. જો કે જિન મંદિર અમુક ગચ્છના લોકોએ બંધાવી આપ્યું હોય, તેથી તે ગચ્છની જ માલેકીનું તે મંદિર બને છે એવો કોઇ નિયમ નથી. અહિં તો નીચેની તેમજ ઉપરની જમીન તપગચ્છનાં શ્રાવકોના નામે વેચાણ લેવામાં આવી છે, એટલા કારણથી જ આખી મિલ્કત તપગચ્છની માલેકીની કરી દેવામાં આવી છે. એ મિલ્કતનો વહીવટ જીનદાસ ધર્મદાસનાં કાલ્પનિક નામથી ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. એ જીનદાસ ધર્મદાસને પણ "તપગચ્છીય" તરીકે વર્ણવામાં આવ્યા છે.

શિલાલેખમાં આગળ જણાવવામાં આવે છે કે ઉપરનાં અને નીચેનાં તમામ મંદિરો વગેરેમાં શ્રી શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સંઘ સિવાય કોઇએ પણ આ પેઢીની આજ્ઞા સિવાય પેસવું નહિ અને પેસવાનો હક્ક પણ નથી. આવી અસાધારણ પ્રવેશમર્યાદા અત્યાર સુધી કોઇ પણ જૈન મંદિર ઉપર અંકાયેલી જોવામાં આવતી નથી. ક્યાં "સવી જીવ કરૂં શાશન રસી"ની ભાવના અને ક્યાં અભંગદ્વાર ગણાતા જિનમંદિર ઉપર પ્રવેશપ્રતિબંધોનાં પાટીયાં મકવાની પ્રવૃત્તિ? જિનમંદિર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સિવાય અન્ય જનતા માટે બંધ કરવાની આ પહેલી જ પ્રવૃત્તિ છે. જિનમંદિરની એ જ વિશેષતા છે કે તે સદા સર્વને માટે ખુલ્લું હોય છે. માત્ર મંદિરજ નહિ, પણ જિનેશ્વર ભગવાનની મૂર્તિની પણ જગતનો કોઇ પણ માનવી પૂજા કરી શકે છે અને તિર્થંકર પ્રરૂપિત ધર્મનું આરાધન કરી શકે છે. આજે જૈનના એક મહાન આચાર્યના મગજમાં ધુન આવે છે, તેઓ એક અગોચર સ્થળ ઉપર જૈન સમાજનાં દ્રવ્યવડે બાવન જીનાલય બંધાવે છે, અને તે મંદિરમાં દાખલ થવા ન થવા વિષે પોતાને ફાવે તેવાં ફરમાનો કાઢે છે. જૈન ધર્મ, અને જિનમંદીર જે વિશાળતા અને ઉદારતાના પાયા ઉપર ઉભા રહીને અન્ય ધર્મો અને સંપ્રદાયોની સંકુચિતતાને હસી રહેલ છે, તેજ જૈન ધર્મ અને જિનમંદિર આસપાસ કોઇ જૈનાચાર્યના હાથે આવી સાંકડાપણાની દિવાલો ચણાતી જોઇને કોઇ પણ સહૃદય જૈનને દિલગીરી થયા વિના રહે તેમ નથી.

ઉપર જણવ્યા મુજબ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સિવાય અન્ય કોઇને પણ કદંબગિરિની પેઢીની આજ્ઞા સિવાય પ્રસ્તુત મંદિરોમાં પ્રવેશ કરવાનો હક્ક નથી એ પ્રમાણે આખી દુનિયાને જિનમંદિરની બહાર ધક્કેલી કાઢવા છતાં શિલા લેખકને જ્યાં સુધી અસ્પૃશ્યો સંબંધમાં વધારે સ્પષ્ટ ન લખાય, ત્યાં સુધી સંતોષ વળે જ નહિ તેથી અસ્પૃશ્યો સંબંધમાં શિલાલેખક ભારે વિચિત્ર નિયમ ઘડે છે. તે લખે છે કે "અસ્પૃશ્ય ગણાતી જાતિમાંનો કોઇ પણ હાલ તો જૈન જણાતો નથી; પણ કદાચ કોઈ કાળે જૈન થાય, અગર હું જૈન છું: તેવું નામ ધરાવે, તો પણ તેને મંદિરોમાં પ્રવેશવાનો હક્ક નથી." આપણા દેશના અન્ય શંકરાચાર્યોથી આપણા આચાર્ય મહારાજ જો અસ્પૃશ્યો સંબંધોના વિચારમાં જરા પણ પાછા પડે તે કેમ ચાલે? એટલા માટે આગળ જણાવેલા નિયમ પ્રમાણે મંદિરનો વહીવટ કરનાર પેઢી મહેરબાનીની રાહે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક નહિ એવા કોઇપણ જૈન, હિંદુ, મુસલમાન, પારસી કે અંગ્રેજને મંદિરમાં દાખલ થવાની રજા આપી શકે છે પણ આ નિયમ મુજબ જિનદાસ ધર્મદાસની પેઢી કોઇ સામાન્ય અંન્ત્યજ તો શું પણ જૈન

ધર્મ અંગીકાર કરેલા અંન્ત્યજને પણ આ ભવ્ય, જીનાલયોમાં પ્રવેશ કરવાની રજા આપી શકતી નથી. એટલે કે હિંદુ, મુસલમાન, ક્રિશ્ચિયન કે અંગ્રેજથી પણ જૈન ધર્મ અંગીકાર કરેલો અંન્ત્યજ ઉતરતો ગણાયો. મૌલાનાં મહમદઅલી એકવાર બોલેલા કે "દુરાચારી મુસલમાનને પણ ગાંધીજી કરતાં હું ચડીયાતો ગણું. કારણ કે ગાંધીજી મુસલમાન નથી." આ કથન તે કાળે ખૂબ ટીકાપાત્ર ગણાયેલું. આપણા આચાર્ય મહારાજ આમ તો ધર્માંધતામાં મૌલાના મહમદઅલીથી જરા પણ ઉતરતા નથી, પણ અંન્ત્યજ નામનાં પ્રાણી વિષે તો તેઓ એટલો બધો તિરસ્કાર ધરાવે છે કે, પહેલાં તો અંન્ત્યજ કોઈ જૈન થઇ શકે કે નહિં, તે વિષે તેઓ શંકા ધરાવે છે. કારણ કે શિલાલેખ એમ કહે છે કે "કદાચ કોઈ કાળે કોઇ અંન્ત્યજ જૈન થાય, અથવા તો હું જૈન છું એવું નામ ધરાવે." આ કથન સંદિગ્ધતા સૂચક છે. આપણાં શાસ્ત્રમાં માતંગાચાર્ય અને હરિબળ મચ્છીનાં દ્રષ્ટાન્તો સુપ્રસિધ્ધ છે. વળી મંદિરનાં ગર્ભદ્વારના દરવાજા સ્વતઃ ખુલી જઇને અથવા તો બાજુનું કે પાછળનું દ્વાર ખુલી જઇને ભગવાને કોઇ અંન્ત્યજ ઉપાસકને દર્શન દીધાની અનેક તીર્થોને લગતી આખ્યાયિકાઓ આપણામાં પ્રચલિત છે; પણ રૂઢીચુસ્તતા માણસની આંખોને અંધ બનાવે છે અને જે જૈન ધર્મમાં નથી જાતિ નથી જ્ઞાતિ, નથી સ્પૃશ્ય નથી અસ્પૃશ્ય, નથી વર્ણ નથી વિવર્ણ તેજ જૈન ધર્મના એક મહાન આચાર્ય આ સર્વ ભેદો સ્વીકારે છે, અને અસ્પૃશ્યો વિષે એકાન્ત તિરસ્કારની દ્રષ્ટિ ધરાવે છે. બીજું જૈન ધર્મ પ્રચારક ધર્મ છે, એટલે કે કોઇ પણ માનવીને પોતામાં સમાવવાને, અને પોતાનું અવલંબન આપવાને હંમેશા તૈયાર હોય છે અને એ જાતની વિશાળતા ઉપરજ જૈન ધર્મ ટકી રહયો છે. હવે પોતાનાં ધર્મનો ફેલાવો કરવામાં જે માનતા હોય, તેણે સમજવું જોઇએ કે ઉન્નત વર્ગના માણસો ધર્મપરિવર્તન કરવાના નથી. જે દલિત વર્ગનાં હોય, જે અસ્પૃશ્ય વર્ગના હોય, જેને ઉપરના વર્ગો અનેક રીતે પીડતા હોય, તે જ વર્ગોમાં ધર્મપરિવર્તન કરાવવાનો પ્રયત્ન સફળ થઇ શકે છે. ખ્રીસ્તી ધર્મ, અને મુસલમાન ધર્મ આટલો મોટો ફેલાવો શી રીતે પામ્યા, તેનો ઇતિહાસ વિચારવાથી ઉપરનું સત્ય સ્હેજે સમજી શકાશે. જેને ઉંચી સ્થિતિનો સમુદાય હડધુત કરતો હોય, તેને તમે ટેકો આપો, સમાનતાની કોટિએ સ્થાપો, તમારામાં ભેળવો, ઉદ્યોગે ચઢાવો, તેનાં ખાલી પેટમાં રોટલાનાં બે ટુકડા નાંખો, તો તે તમારા ધર્મ તરફ આકર્ષાય. ઉત્તરોત્તર ક્ષીણતાને પામતા જતા જૈન સમુદાયને ટકવું અને વિસ્તરવું હોય તો તેણે આવી વિશાળતાની સર્વ કોઇને પોતામાં સમાવી દેવાની, નીતી સ્વીકારવી જોઈએ, તેને બદલે સૂરિ સમ્રાટ જ્યારે કદંબગિરિના શિખરેથી એવી ઉદ્દઘોષણા કરે કે, "મારા મંદિરમાં બીજા કોઇ આવશો નહિ. અંન્ત્યજનો તો મને ભવોભવમાં પણ પડછાયો ન જોઇએ." ત્યારે સંકીર્ણતાની અવધિ આવી સમજવી.

જે રૂઢીચુસ્તતા શિલાલેખના શબ્દે શબ્દે અંકિત થયેલી છે, તે છેવટની કલમમાં વધારે હાસ્યાસ્પદ રીતે ખુલ્લી પડે છે. તે છેવટની કલમ એ છે કે "આ સ્થાનકોની બાબતમાં કોઇપણ પ્રતિનીધિને કોઇપણ કાળે પુરાતન કાળથી આજસુધી ચાલી આવેલી જૈન લોકોની પ્રણાલિકાથી વિરૂધ્ધ વર્તવા દેવાનો હક્ક નથી. અને નવો વિચાર કરનાર કોઇ નીકળે તો તે જ ટાઇમે પ્રતિનિધિપણાથી રદ સમજવો. આ કલમમાં કશો વાક્યમેળ નથી. એવી ટીકા કરવામાં આવે તો જવાબ મળે કે આ કંઈ સાક્ષરી લખાણ નથી. 'ટાઇમ' જેવો અંગ્રેજી શબ્દ શિલાલેખમાં દાખલ થયો તેથી આપણે એમ ધારી લઇએ કે ગમે તેવા અંગ્રેજને તો આ મંદિરમાં દાખલ થવા દેવા સામે કદી પણ વાંધો લેવામાં નહી આવે. હવે આ કલમમાં એક મંતવ્ય એવું છે કે, આજે જે જૈન ધર્મનાં નામે ચાલી રહ્યું છે તે અનાદિ કાળથી તેજ પ્રમાણે ચાલતું આવ્યું છે. જેણે ઇતિહાસ જાણ્યો હોય; કાળાન્તરે રૂઢી વ્યવહારો પરિવર્તન પામતાજ જાય છે એ જેણે જોયું અને જાણ્યુ હોય, પાંચમની ચોથ કેમ થઈ, શ્વેતાંબર કહેવાવા છતાં પીળું વસ્ત્ર ધારણ કરવું પડયું, તીર્થંકરનાં દિગંબરત્વમાંથી સાધુઓનું શ્વેતાંબરત્વ આવ્યું–આ બધું જેને બરાબર દેખાતું હોય તે ઉપરનું મન્તવ્ય કેમ રજુ કરી શકે તે સમજી શકાતું નથી. પણ પ્રણાલિકાની પૂજા એટલે ઇતિહાસની આંખોથી કદિ પણ, નહિ જોવાની પ્રતિજ્ઞા કરવી અને વર્તમાનકાળમાં પચ્ચીસો વર્ષ પહેલાનો ભૂતકાળ ચિન્તવ્યા કરવો. આવા શિલાલેખકો રવીન્દ્રનાથ ટાગોરના "અચલાયતન" નામનાં નાટકનું સ્મરણ કરાવે છે. આવા અચલાયતનો સમાજ પ્રગતિનાં ખરેખરા રોધક બને છે અને બાપનાં કુવામાં સમાજને ડુબાડે છે. ઉપરની છેલ્લી કલમમાં ભવિષ્ય કાળ જે ભારે ભયંકર છે, તેનાં પૂર સામે પાળ બાંધવાનો પ્રયત્ન છે. આમાં મંદિરનાં પ્રતિનિધિને ધમકી છે, અને તે આ મુજબ કે, દુનિયા તો આજે વિનાશનાં માર્ગે ધસી રહી છે. ધર્મની ભાવના ઘટતી જાય છે, અસ્પૃશ્યોને મંદિરમાં દાખલ થવું છે, સુધારકોને દેવદ્રવ્ય ખાઇ જવું છે, પણ તમે આ જૂની પ્રણાલિકાને વળગી રહેશો, ત્યાં સુધી જ કંદબગિરિનો વહીવટ કરી શકશો અને ભુલે ચુકે તમને એક પણ નવો વિચાર સ્પર્શ્યો અને સુધારાની વાત કરી તો તેજ ઘડીએ તમને આ વહીવટી કાર્યમાંથી ધક્કો મારવામાં આવશે. ધન્ય છે આ દીર્ઘ દષ્ટિને ! ધન્ય છે આ કાળબળ સામે બાથ ભીડનાર મહાપુરૂષને ! પણ એ મહાપુરૂષ જાણે અને તેમની પાછળ ઉભી રહેલા રૂઢીપૂજક દુનિયા પણ જાણે કે, કાળ કાળનું કામ કર્યે જાય છે; સમાજ આજે અસાધારણ વિચારક્રાંતિમાંથી પસાર થઇ રહેલ છે. જુના મિનારા તુટતા જાય છે; જુની સંસ્કૃત ભાંગતી જાય છે પ્રગતિશોષક પ્રણાલિકાઓ ટકાવવાના સર્વ પ્રયત્નો મિથ્યા છે હું તમે અને સર્વ કોઇ ભુંસાઇ જઇશું અને આપણા સર્વની રાખ ઉપર નવ સર્જનને પ્રેરતી કોઇ નવી સંસ્કૃતિ પેદા થશે, ધર્મ પલટાશે, સમાજ પલટાશે, ટકશે માત્ર સાચું જગકલ્યાણ સાધતી ધર્મભાવના ! અને જગતની સાચી સેવા સાધતાં અને અજ્ઞાન તથા વહેમોને વિદારતાં ધર્મમંદિરો !

**પરમાનંદ**

# ગોડીજી મહારાજના મંદિરમાં

મ્હને મારો મિત્ર વિમળ કે જે જૈન હતો ત્હેણે ગોડીજી મહારાજના મંદિરમાં દર્શન કરવાનું આમંત્રણ આપ્યું. મ્હેં એ આમંત્રણ સહર્ષ સ્વીકાર્યું અને અમે સ્હવારનો સમય પસંદ કરી ગોડીજી મહારાજના મંદિરના પગથીયાં ચઢવાં શરૂ કર્યાં. શરૂઆતમાંજ મ્હને કહેવામાં આવ્યું કે અહિં બુટ અને છત્રી માટે બહુ જ ભય છે, કેટલાક ભાવિક લોકો, ગોડીજી મહારાજના દર્શન નિમિત્તે આવી અને ગોડીજી મહારાજની પ્રસાદી તુલ્ય બંધબેસ્તા નવાં બુટ અને છત્રીઓની તફડંચી કરી ગૌરવ ભરી રીતે પલાયન થઇ જાય છે, આ બાબતે મ્હને થરથરાવી મૂકયો કારણ કે હજુ ગઇ કાલેજ બુટની ખરીદી કરી હતી, મેં એ બૂટ ભૈયાની બેઠક નીચે મૂકયાં અને અમારી સ્વારી આગળ ચાલી. બારણામાં પ્રવેશ કરતાંજ જમણા હાથ ઉપર એકપેઢી જેવું મ્હને જણાયું. મ્હને એમ થયું કે મંદિરમાં આ પેઢી શાની? મ્હેં વિમળ પાસે તે સંબંધી ખુલાસો માંગ્યો. વિમળે મ્હને કહ્યું કે એ ગોડીજી મહારાજની પેઢી કહેવાય છે. હજારો રૂપીયાની આવક એ પેઢી ઉપર જમા થાય છે, અને ત્હેનો વહીવટ આ પેઢી દ્વારા થાય છે, પેઢીના ટ્રસ્ટીઓ પેઢીની દેખરેખ રાખે છે. આ ખુલાસો સાંભળી મ્હને ખુબ વિચારો આવ્યા, ગોડીજી મહારાજને વળી પેઢી શાની? ગોડીજી મહારાજ નિરંજન નિરાકાર, એના નામે આ આરંભ સમારંભ શા ? આ તે વિતરાગનું મંદિર કે કોઇ રાજ દરબાર ? મ્હને કંઇ સ્હમજ ન પડી. અમે આગળ વધ્યા એક દાદર ચઢી મંદિરમાં પગ મૂકયો, મ્હને એમ થયું કે હું કોઇ રાજમહાલમાં જઇ રહ્યો છું. ચારે બાજુ હાંડી અને ઝુમ્મર લટકી રહ્યાં હતાં, એક બાજુ હારમોનીયમ અને તબલાં બેતાલ બજી રહ્યાં હતાં, બીજી બાજુ પુરૂષો અને સ્ત્રીઓએ દર્શન નિમિત્તે ધમાધમ મચાવી મૂકી હતી, જેમાં કંઇ મર્યાદા જેવું મ્હને કશું દેખાયુંજ નહિ. એક બાજુ કાન ફાડી નાંખે તે રીતે ઘંટનાદ થઇ રહ્યો હતો, ત્યારે બીજી તરફ ભાવિક પુરૂષો બરાડા પાડી રહ્યા હતા. આ વખતે મ્હને મ્હારી બાજુમાં રહેલું ક્રિશ્ચયન દેવળ યાદ આવ્યું. કેવી શાંતિ ? હજારો લોકો પ્રાર્થના કરવા છતાં પણ તાલ બંધ ઘુંટણીયે પડી પરમાત્માને કેટલી શાંતિ પૂર્વક પ્રાર્થના કરે છે, અને પછી કંઇજ બન્યું ન હોય તેમ ગુપચુપ વિખેરાઇ જાય છે. અમે એ સ્ત્રી પુરૂષો જોડે અથડાતા મંદિરના મુખ્ય ગભારા આગળ આવ્યા, ગોડીજી મહારાજના દર્શન કર્યાં, હજારો ગુલાબોની આંગી મ્હેકી રહી હતી, અને ત્હેની વચ્ચે ઝવેરાતનો ઝગમગાર આંખને પણ આંજી નાંખતો લાગે. આજુબાજુની મૂર્તિઓ ઉપર સોના ચાંદીનો વરખ ચોંટેલો દેખાતો હતો, આવો બાદશાહી વૈભવ જોઇ મ્હને જૈન કુમારોની બેહાલ દશા યાદ આવી. કેટલાક કુટુંબોની બેકારીને અંગે અર્ધ ભૂખ્યા, અર્ધ નંગ્ન સ્થિતિમાં રહેનારાઓનું મ્હને સ્મરણ થયું. પ્રભુનો વૈભવ અને ભકતોની બેહાલ દશાએ મ્હારા મનને અસ્થિર બનાવી મૂકયું આ વૈભવમાં વિતરાગ રહી શકે ખરા કે ? આમ હું વિચાર પ્રવાહમાં તણાતો હતો. ત્યાં એક તીણી ચીસ સાંભળી મ્હારૂં લક્ષ ત્યાં ખેંચાયું, એક યુવતીનો એ અવાજ હતો, ત્હેણે ઘેરી આસ્માની સાડી પહેરી હતી, ત્હેનાં સૌંદર્યનું પાન કરવા અનેક કીકીઓ ત્હેના તરફ ટગમગી રહી હતી, ત્હેના ગળામાં રહેલી મોતીની માળા કોઇએ ખેંચી હતી, અને બહુમૂલ્ય મોતીઓ વિખરાઇ ગયાં હતાં. ભગવાનના દર્શન એક બાજુ રહ્યાં અને લોકો ત્યાં ભેગા થઈ કોઇને મેથી પાક ચખાડી રહ્યા હતા, પેલા માણસને ખૂબ માર મારી રવાના કરી મૂકયો, તપાસ કરતાં જણાયું કે તે માણસેજ પેલી યુવતીના ગળાની મોતીની માળાને ઝાંપટ મારી તોડી નાંખી હતી, વિમળે કહ્યું કે આવા કિસ્સા તો અહિં અનેક વખત બને છે. જાણે કે સૌંદર્ય અને આભૂષણોનું અહિં પ્રદર્શન ભરાય છે. કઇ સાડી સારી? ફલાણીએ રેશમી ક્રીકનું બહુ અચ્છું પોલકું પહેર્યું હતું, ફલાણીની હીરાનો નેકલસ અને મોતીની માળા બહુ કિંમતી છે. સ્ત્રીઓને પહેરવા ઓઢવાનું અને હરવા ફરવાનું આ એકજ સાધન છે. એટલે સ્હવારના સારામાં સારાં કપડાં અને આભૂષણો પહેરી હાથમાં ચાંદીની પેટી લઇ ગૌરવભરી રીતે પ્રભુના દર્શન કરવા આવે છે. અને બદમાસો ત્હેના બેફામ સમયનો લાભ લઈ લે છે. કેટલાક ધક્કા મુક્કીનો લાભ લઈ આ ગર્વિત યોષિતાઓના સ્પર્શ સુખનો અનુભવ કરે છે. આટલું કહી વિમળ ચૈત્ય વંદન કરવા બેઠો અને હું નીરીક્ષણ કરતો હતો, મ્હને વૈષ્ણવ મંદીર અને આમાં કશો ફરક જણાયો નહિ. મંદિરમાં સ્વચ્છતા પણ જેવી જોઇએ તેવી હતી નહી, ચારે બાજુ ચોખા વેરણ છેરણ પડયા હતા, કબુતરો અને ચકલાંઓએ અહિં સ્વતંત્રતા મેળવી હતી. પાંચેક મીનીટમાં વિમળ ઉઠયો અને અમે નીચે ઉતર્યાં ત્યાં બુટ અને છત્રીની સલામતીએ મેં એક છુટકારાનો દમ લીધો. ફરીથી ગોડીજી મહારાજના મંદિરમાં જવાનું મ્હને વિમળે કહ્યું નથી.


## કન્યા દાનમાં આપો

### સ્ત્રી શકિત માળાનો સટ

હવે લોકો શિક્ષણની મહત્તા સમજવા લાગ્યા છે. અને પરણતી કુમારિકાને કન્યાદાનમાં સ્ત્રી શકિત માળાનો સટ આપવા લાગ્યા છે. સુંદર પચાસ પુસ્તકો, જેમાં ગૃહિણીને જરૂરનું દરેક પ્રકારનું જ્ઞાન દા. ત. ગૃહવ્યવસ્થા, ગરબા, માંદાની માવજત, ભરત ગુંથણ, સ્ટવનું શાસ્ત્ર, લગ્નગીતો, વીરાંગનાનાં જીવન ચરિત્રો, વાર્તાઓ, રમુજી લેખો વગેરે આપેલું છે. એમાંથી તમારી પુત્રી કપરા સાસરિયાની એકાંત પળોમાં અપાર પ્રેરણા મેળવશે, સુંદર પુસ્તકો સુંદર લોખંડની પેટીમાં આવે છે જેથી લગ્નમંડપ પણ ઝગઝગી ઉઠશે, કિં. રૂા. ૨૦]

**સ્ત્રી સાહિત્ય મંદિર સુરત.**

# આ • પ • ણી • સં • સ્થા • ઓ

## = જૈન સેન્ટ્રલ લાયબ્રેરી =

જે જમાનામાં આપણા મુની મહારાજો, મુંબાઈ તરફ આવવામાં અનેક અડચણો નિહાળતા તે વખતે એ અગવડો–મુશ્કેલીઓ વગેરેનો સામનો કરી મુની મહારાજ શ્રી મોહનલાલજી મહારાજે જૈન સમાજની ઉન્નતિ કરવાના શુભ આશયે મુંબાઇમાં પધારી આપણા મુનીરાજો માટે મુંબાઇના દ્વાર કાયમ માટે ખુલ્લાં કરેલાં.

મુની મહારાજ મોહનલાલજીએ જ્યારે મુંબાઈમાં ચોમાસાં કરેલાં ત્યારે ત્યારે ધર્મ અને સામાજની ઉન્નતિને અંગે ઉપદેશો આપી ક્રિયાત્મક કાર્ય કરી આખી સમાજ ઉપર અનેક ઉપકાર કરેલાં એ વાતથી કોઇ અજાણ્યું નથી.

જેમના અનેક ઉપકારો આપણા પર કાયમ છે તેવા આલોકથી સિધાવતાં–તેમની કાયમી યાદ રાખવા આજથી પચ્ચીસ વર્ષ ઉપર મુંબાઇના જૈનોએ તેમનાં નામની લાયબ્રેરી ને સંસ્કૃત પાઠશાળા સ્થાપેલી. જે માધવબાગમાં શ્રીમાન મુની મહારાજ શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરીના નામથી હાલ પણ ચાલુ છે.

કેળવણી અને જ્ઞાનની પરબોમાં શાળાઓ અને છાત્રાલયો જેટલાં ઉપયોગી છે, તેટલાંજ બલ્કે તેથી પણ વધુ ઉપયોગી વાચનાલયો છે એ વાત કોઇએ પણ ભૂલવી જોઇએ નહિ. વાચનાલય કે પુસ્તકાલય આખી જન સમાજમાં જ્ઞાન અને શિક્ષણની જ્યોત પ્રસરાવે છે. શાળાઓ માત્ર વિદ્યાર્થીઓ માટે જ છે. કુમારો–કિશોરો તેમાં શિક્ષણનો લાભ પામી શકે છે. મોટી વયના–વૃધ્ધ કે પછી વ્યવસાયી માનવીઓ વાચનાલય જેવી સંસ્થા દ્વારા જ પોતાનામાં જ્ઞાન–શિક્ષણનો ભંડાર મેળવી લે છે. વાચનાલયની આ એક વિશિષ્ઠતા છે.

શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરીનો લાભ જૈનો તેમજ જૈનેતરો સારા પ્રમાણમાં લેછે. એ પુસ્તકાલયમાં જૈન ધર્મના, અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મરાઠી મળી લગભગ પંદર હજાર પુસ્તકો છે. આ સંગ્રહ ન્હાનો તો ન જ કહેવાય. સાથે સાથે દૈનિક, અઠવાડિક, પાક્ષિક, માસિક વગેરે મળી લગભગ સાઠ પત્રો આવે છે અને હજારો માણસો પુસ્તકો તેમજ પત્રોનો લાભ ઉઠાવે છે એ એના છેલ્લાં અહેવાલ પરથી જણાય છે.

ભૂલેશ્વરના લત્તામાં તેમજ મુંબઇના જૈન સમાજમાં આવા સંગ્રહવાળી આ એકજ લાયબ્રેરી છે એમ અમારી માન્યતા છે. જૈન સમાજમાં અનેક લક્ષાધિપતિઓ અને કરોડાધિપતિઓ વસે છે. તેમાં સદગત્ મહાત્માશ્રીના પણ અનેક ભકતો હશે. કોઇ પુસ્તકાલયના ઉપાસકો હશે, તો કોઇ તેના પ્રશંસકો પણ હશે પરન્તુ આશ્ચર્ય એ થાય છે કે આજ કાલ કરતાં ૨૫ વર્ષ થયાં છતાં પણ એ લાયબ્રેરી પોતાનું સ્વતંત્ર મકાન પ્રાપ્ત કરી શકી નથી એ એક શોચનીય વાત છે.

શરૂઆતથીજ લાલબાગની માલેકીના માધવબાગમાં આવેલી જગ્યાના આગલા ભાગમાં ફકત ભાડાચીઠ્ઠી ખાતર સવા રૂપિયાના ભાડાથી લાયબ્રેરી મકાન મેળવી શકી છે તે લાલબાગના કાર્યકર્તાઓની મહારાજશ્રી પ્રત્યેની લાગણી તેમજ મમતા બતાવે છે. જે માટે તેઓ ધન્યવાદ પામે છે. પરન્તુ આમ છતાંય એટલું તો કહેવું પડશે કે આવી સુંદર લાયબ્રેરી માટે જે સગવડ ને સુઘડતાવાળું મકાન જોઇએ તેવું સુંદર મકાન નથી.

લાયબ્રેરીના ભોંયતળીયાને છાપાના વાચન માટે પસંદ કરવામાં આવ્યું છે. તે ભોંયતળીયું મોકળાસને સુઘડતાને બદલે સંકડાસ અને સુઘડતા વગરનું સ્થાન હોવાથી વાંચનારાઓના મોટા ભાગને અસ્ત વ્યસ્ત ગોઠવાઇને લાભ લેવો પડે છે. આ ઉપરાન્ત ફરનીચરમાં માંકડ–ચાંચડ હોવાથી ખુરસીમાં બેસતાં પણ કંટાળો ઉત્પન્ન થાય છે. આથી નીચેનો હૉલ રંગરોગાન ને નવું ફરનીચર માંગે છે.

પુસ્તકોનો સંગ્રહ ઉપરના ભાગમાં લગભગ બાવન કબાટમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે. આટલાં પુસ્તકોને વ્યવસ્થિત રીતે બરાબર ગોઠવવામાં બાવન કબાટ ઓછાં પડે તે બનવાજોગ છે. પરન્તુ જગ્યાની સંકડાસે કાર્યવાહકોને આટલાંજ કબાટમાં સંતોષ પકડવો પડયો છે! આથી એમ કહેવું પડશે કે પુસ્તકોની ગોઠવણ માટે પણ ઉપરની જગ્યા ન્હાની છે,

અમે કબુલીએ છીએ કે જગ્યાના અભાવે આ મુશ્કેલીઓ વહેવી પડી છે. સાથે કહેવું પડશે કે આ લાયબ્રેરીનો સમાજના જે આગેવાનો વહીવટ કરે છે તેમાં પાંચ–છ ધનિકો સાથે વકીલો, સોલીસીટરો-બેરીસ્ટરોનો મોટો ભાગ છે, જેઓ ભણેલાં, વિદ્વાન અને લાયબ્રેરીની જરૂરીઆત સ્હમજનારા છે. સમાજમાં સારી લાગવગ પણ તેઓ ધરાવે છે. છતાં પચ્ચીસ વર્ષના ગાળામાં લાયબ્રેરીની મકાનની ભૂખ ભાંગી શકયા નહિ. એ પ્રશ્ન સૌને સહેજે થાય.

કદાચ કોઈ કહે કે મકાન ફંડ ભેગું કરવાને જેવો વખત જોઇએ તેવો આવ્યો નથી. તો અમારે કહેવું પડશે કે એજ ગાળામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઇ હતી. તેના કાર્યકર્તાઓની મહેનતે આજે એક આલીશાન ભવ્ય નવું મકાન ને બીજાં ત્રણ ચાર મકાનો પણ તેઓ મેળવી શકયા છે. ત્યારે આ સંસ્થા એક મકાન પણ ન મેળવી શકી તે આર્થિક વખત ન હોતો આવ્યો કે કાર્ય કરનારાઓને વખત નહોતો મલ્યો? શું સમજવું? કાર્યવાહકો સંસ્થા માટે થોડો સમય બહાર નીકળે તો આજે પણ સંસ્થા ઘરનું મકાન કરી શકે એમ માનીએ છીએ. ફકત કાર્યકર્તાઓની ધગશ ઉપર એ આધાર રાખે છે.

( વધુ માટે જુઓ પાનું ૮ મું. )



## ર • સ • થા • ળ

'માત્ર ઘડીઆળીને દઝવી 'ચીનગારીઓ' શું હોલાઈ ગઈ? મુંબઈના યુવક સંઘને ચિંતા થતી હતી......ને 'વિરશાસને' સમાચાર દીધા 'સરહદના ગાંધી દાઝયા છે.' બુધ્ધિ બાલટીમાં ભરી દોડજો સરહદનાં નરનાર! ત્હમારા ગાંધી દાઝયા છે.

❖ ❖ ❖

'ઠોકર મારે ત્હે પગને ચુંબન કરજે' ઈશુ ખ્રીસ્તનું આ વાકય સરહદ ગાંધી–મણીલાલ ખુશાલચંદ પરીખે જીવનમાં વણી લીધું છે. એટલેજ 'વીરશાસન'ની લાતોના પ્રહાર ભૂલી જઇ એની ઝુંપડીએ એમણે માથું મૂકયું છે.

❖ ❖ ❖

ઘેરા ગગનમાં ચીનગારી પ્રકટી, ને ઘૂવડ ચમકયું. ગયું ફરીયાદે 'જ્યોતિ' કને. એણે કાન આડા હાથ દીધા. માર્ગ બદલી ઘૂવડ ગયું 'જૈન' કને. એણે ફરીયાદ સાંભળવા ના કહી. સૂર્યોદય ને સત્કારનારાં એ અંધકાર પ્રિય ઘૂવડ પડખે કેમ ઉભે? ઘૂવડને કોઈ મ્હારો આ સંદેશો ન કહે? "બાપુ! સૂર્યોદય તો અટકવાનો નથી. તું અંધકારે રાચતું હો તો ચક્ષુ વીંચી દે. ત્હને અસુખ ઓછું થશે એથી!'

❖ ❖ ❖

'ઢીંગુજી! બગાડકો! દગાખોર! દેવાળીઆ! બદમાશો! ધાડપાડુઓ! પાખંડીઓ! લુંટારાઓ!' આજના સુધારકોને સાગરાનંદે આપેલાં આ વિશેષણો એમના તાજેતરના એકજ ભાષણમાંથી લીધાં છે.

આ વાંચ્યા પછી મ્હારે એમને કહેવાનું છેઃ 'સાગરાનંદજી! ત્હમે એક કામ ન કરો? ગાળોનો એક શબ્દકોષ સર્જાવો. ત્હમે અમર થઇ જશો.'

❖ ❖ ❖

મનાતું નથી, પણ સાગરાનંદના એક શિષ્યે વઢવાણના કેટલાક પ્રજાજનો સમક્ષ એક નિવેદન કરેલું એ વાતથી માહિતગાર મ્હારા એક મિત્રે કહ્યું છે કે 'ગાળોનો શબ્દકોષ' ન રચે અને સ્વાનુભવનાં રાત્રી વર્ણન લખે તો પણ મુલ્ક મશહુર 'અરેબીયન નાઈટસ' ને લજ્જાવે એવાં રસભર્યાં વર્ણન એઓ લખી શકે.

એમ તો એમ. ગાળોનો શબ્દકોષ જ સાગરાનંદ લખે એવો મ્હારો આગ્રહ છેજ નહિ. ભલે રાત્રીના રસભર્યા સ્વાનુભવ આલેખે.

❖ ❖ ❖

પન્યાસ લલિતવિજયજી સ્હામે આક્ષેપોની નિક વ્હેવા લાગી છે. વૃધ્ધ વિજય વલ્લભસૂરિને કોઈ કહેશે? 'મહારાજજી! રામે સીતાના સતિત્વની પરીક્ષા કરી એમ આપનેય આપના પટ્ટધરની પાવકતા કસોટી જોવાની પળ આવી લાગી છે.'

❖ ❖ ❖

પાલણપુરમાં બત્રીસ વર્ષના ગઈ કાલ સુધીના એક સુધારકે બાર તેર વર્ષની બાળા જોડે બાળલગ્ન કર્યું છે.

પાલણપુરના જુવાનો ઉકળી ઉઠયા છે આ સ્હામે. એમને ઠંડા પાડવા માટે એ ભૂતપૂર્વ સુધારક 'બાળ લગ્નથી થતા ફાયદા' એ વિષય પર ભાષણ આપવાને વિચાર કરી રહ્યા છે. પ્રમુખપદ નગરશેઠ ચીમનલાલભાઈ લેવાના છે–જાહેરો વૃદ્ધ લગ્ન અને મુછોની આવશ્યકતા પર રસિક વિવેચન કરશે એમ આશા રખાય છે. ભાષણ પછી ઉપાહારનો પ્રબંધ પણ કરવામાં આવ્યો છે એવા અર્ધસત્તાવાર ખબર મળે છે.

❖ ❖ ❖

બેકારોને રોજગારી આપવાની 'સોસાયટી' એ કરેલી સગવડ બદલ એના કાર્યવાહકોને એક અભિનંદન પત્ર લખવાને હું વિચારતો હતો ત્હાં એક મુરબ્બીએ સ્હમજાવ્યું 'પક્ષના પ્રચાર માટે, અને બાળમુંડનના ક્ષેત્ર વિસ્તાર માટે આ પ્રયોગ થાય છે.'

ગમે તે હો. આવી યુકિતના શોધકને હું અભિનંદન પાઠવું છું.

## એકસો વીસ રૂપીઆ

મુંબઇ યુનિવર્સીટીની છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં બેઠેલા જૈન વિદ્યાર્થીઓમાંથી વધુ માર્કસ મેળવનાર અને આગળ અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને 'કલ્યાણચંદ નવલચંદ જૈન પ્રાઇઝ' આપવામાં આવશે. ઉમેદવારોએ આ મહિનાની આખર સુધીમાં ૧૩૪, ખારાકુવા મુંબઈ અરજી મોકલી આપવી.

**આપણી સંસ્થાઓ**......................અનુ. પૃષ્ઠ: ૭ થી.

વહીવટકર્તાઓ વખતના અભાવે મકાનફંડ માટે બહાર પડવાને તૈયાર ન હોય તો અત્યારે એટલું તો જરૂર કરે. હાલના મકાનને રંગરોગાન કરાવે, પછી લાલબાગના ટ્રસ્ટીઓ તે કરાવે કે સંસ્થા કરાવે પણ તેને રંગરોગાનની જરૂર છે. તે ઉપરાંત નીચેનાં ફરનીચરમાં પણ ફેરફાર કરે.

સંસ્થાપાસે પૈસા નથી એમ પણ નથી. તેની પાસે ૭૦ હજારનું સ્થાયી ફંડ છે. એમ તેનો છેલ્લો રીપોર્ટ બોલે છે. છતાં મકાન અંગેની બેદરકારી એ સંસ્થાના મોભ્ભાને શોભાસ્પદ નથી.

લાયબ્રેરી અંગે ચાલતી સંસ્કૃત પાઠશાળા એ પણ જૈન સમાજને ઉપયોગી સંસ્થા છે છતાં તેમાં જૈનોના ફકત ૪–૫ વિદ્યાર્થી! કયી ખામીએ, કયા કારણે આવી કંગાલ હાજરી રહે છે એ કાર્યવાહકોએ તપાસવાની જરૂર નથી શું?

સદ્દગત્ મુની મહારાજ પ્રત્યેની લાગણી. બીજી બાજુ પુસ્તકાલયની જરૂરીયાતના શુધ્ધ હેતુથી જ આ સૂચનાઓ કરી છે. અને સમીતિ જરૂર તે તરફ લક્ષ આપી મકાન અંગેનું કાર્ય ઉપાડી લેશે એજ અભિલાષા!

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઑનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રીમુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

પ્રતારણાની પરંપરા

Regd No. B. 3229

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૬ ઠ્ઠો
ગુરૂવાર તા. ૧-૮-૩૫.

## અહિંસા—પ્રબળનું સાધન

જે માણસ મરતાં ડરે છે ને જેનામાં સામે થવાની તાકાત નથી તેને અહિંસા ન શીખવી શકાય. અસહાય ઉંદર હમેશાં બિલાડીનું ભક્ષ થઇ પડે છે. એટલા માટે એને અહિંસક ન કહી શકાય. એનામાં જો શકિત હોત તો એ બિલાડીને ખુશીથી ખાઇ જાત. પણ એ તો બિલાડીને જોઈને નાસે છે. આપણે એને નામર્દ નથી કહેતા. કેમકે કુદરતે એનો સ્વભાવ જ એવો ઘડયો છે. પણ જે માણસ જોખમ સામે આવતાં ઉંદરની પેઠે વર્તે છે તે નામર્દ કહેવાય એ યોગ્ય છે. તે અંતરમાં હિંસા અને દ્વેષ સેવે છે, અને જો પોતે માર ખાધા વિના શત્રુને હણી શકાય તો હણવા ઇચ્છે છે, એવો માણસ અહિંસાથી લાખો ગાઉ દૂર છે. એને ગમે એટલા ઉપદેશ આપવા એ પથ્થર પર પાણી છે. એના સ્વભાવમાં શૂરાતનનો છાંટો નથી હોતો. એ માણસ અહિંસા સમજી શકે તે પહેલા એને હુમલો કરનાર પહાડ જેવા માણસની સામે પણ—છાતી કાઢીને ઉભા રહેવાનું ને એની સામે ટકકર ઝીલતા જીવ જતો કરવો પડે તો કરવાનું શીખવવું પડશે. એથી ઊલટું કરવાથી એની નામર્દાઈ દૃઢ થશે ને એને અહિંસાથી હજુ એ દૂર લઈ જશે હું કોઇને સામો ઘા કરવામાં મદદ ન કરૂં એ સાચું, પણ મારાથી નામર્દ માણસને અહિંસાના ઓઠા તળે પોતાની નામર્દાઇ ઢાંકવા ન દઇ શકાય. અહિંસા એ શૂરાનો માર્ગ છે એ ન જાણતા હોવાથી ઘણા પ્રામાણિકપણે માનતા આવ્યા છે કે જોખમ આવે ને ખાસ કરીને એમાં જીવ જવાનો ભય હોય ત્યારે ત્યારે સામી છાતીએ ઝીક ઝીલવાને બદલે પલાયન કરી જવું એમાં સદ્‌ગુણ રહેલો છે. અહિંસાના શિક્ષક તરીકે મારે આવા નામર્દાઈના વિચારની સામે મારાથી લેવાય એટલી સાવચેતી લેવી જ જોઇએ.

અહિંસા એ મનુષ્ય જાતિની પાસે પડેલી પ્રબળમાં પ્રબળ શકિત છે. માણસની બુધ્ધિએ યોજેલા સંહારના પ્રચંડમાં પ્રચંડ શસ્ત્રાસ્ત્રો કરતાં એ વધારે પ્રચંડ છે. સંહાર એ મનુષ્ય ધર્મ નથી. મનુષ્ય પોતાના ભાઇને મારીને નહિ પણ પ્રસંગ આવ્યે તેને હાથે મરી જવાને તત્પર રહીને જ સ્વતંત્ર દશામાં જીવે છે. ગમે તે કારણે બીજા માણસનું કરેલું ખૂન કે અન્ય પ્રકારની હિંસા મનુષ્ય જાતિ સામે અપરાધ રૂપ છે.

પણ હું સ્પષ્ટપણે જોઉં છું કે અહિંસા વિશેનું આ સત્ય દુર્બળને નહિ સમજાવી શકાય, એમને તો સ્વરક્ષણ કરતાં જ શીખવું જોઇએ.

અહિંસા આચરણ દ્વારા જ શીખવી શકાય જ્યારે એનાં શકિત અને સામર્થ્યનું અચૂક પ્રદર્શન થશે ત્યારે દુર્બળો એમની દુર્બળતા તજી દેશે અને બળવાનોને બળની નિરર્થકતાનું ભાન તત્કાળ થશે અને તેઓ નમ્ર બનીને અહિંસાની સર્વ શ્રેષ્ટતાનો સ્વીકાર કરશે.

—ગાંધીજી.

# ત❋રુ❋ણ❋જૈ❋ન

—: તા. ૧–૮–૩૫ :—

## પ્રતારણાની પરંપરા

સામાયિક પત્રોમાં પ્રકટ થતાં ચર્ચાત્મક લખાણોનો મ્હોટો ભાવ ક્ષણજીવી હોય છે. જે દિવસે એવી ચર્ચાઓ છપાઇને બ્હાર પડે છે તે દિવસે સમાચારની ખાતર વર્તમાનપત્ર વાંચનારો વર્ગ માત્ર એની ઉપર ઉપલક નજર નાખી–બે પાંચ પંકિતઓ વાંચી–ન વાંચી પાનું ફેરવે છે. બીજે દિવસે એ વર્તમાનપત્ર જુનું બને છે. કાં તો તે ફાઇલે ચડે છે અને નહીં તો પસ્તીના કંડીયામાં પહોંચી કંડીયાની શોભામાં વૃદ્ધિ કરે છે. એ રીતે ભૂલાઇ જવાને સર્જાએલા સામાયિક–દૈનિક, સાપ્તાહિકનાં લખાણો, કવચિત્ કોઈ શુભ કે અશુભ ગ્રહના યોગે બે–પાંચ દિવસનું વધુ આયુષ્ય મેળવવા ભાગ્યશાળી થાય છે. સરકાર અથવા કોઇ સંસ્થા અથવા કોઇ એક વ્યકિત, જ્યારે એ લખાણના સંબંધમાં કંઈ ઉહાપોહ કરે છે, કાયદેસર પગલાં લે છે અથવા તો બીજી કોઇ રીતે ઉત્તર–પ્રત્યુત્તર વાળે છે ત્યારે તે તરફ સામાન્ય જનસમુહનું લક્ષ ખેંચાય છે. મૂળ લખાણમાં ભલે કંઇ માલ ન હોય તો પણ કૃત્રિમ રીતે એનું મહત્વ વધી જાય છે.

વર્તમાનપત્રોમાં ઘણીવાર જૈન સમાજ, જૈન ધર્મ અને વિશેષે કરીને સુધારક તથા જુનવાણી વર્ગના સંબંધમાં વિવિધરંગી ચર્ચાઓ આવે છે. વાચકોના અમુક ભાગ સિવાય એ ચર્ચામાં ભાગ્યે જ કોઈ રસ લેતું હશે. પણ જ્યારે એ ચર્ચાને અંગે નોટીસો અપાય છે, કાયદેસર પગલા ભરવાની ધમકી અપાય છે અને એ નિમિત્તે દીલગીરી કે માફી ના પત્ર પ્રકટ થવા સુધીની નોબત ગડગડે છે ત્યારે ધંધાની ધૂનમાં રહેતો સામાન્ય વાચક પણ તે તરફ આશ્ચર્ય, કુતુહળ અથવા એવી જ કોઇ લાગણીથી જોઇ રહે છે. મૂળ વસ્તુ અને વસ્તુના વિકાસની હકીકત સાંભળવાની જીજ્ઞાસા જાગે છે.

"જૈન યુગ"ના તા. ૧–૭–૩૫ ના અંકમાં "નોંધ" "નિવેદન" અને "ખુલાસો" એવું ત્રિરંગી લખાણ પચીસ–ત્રીસ પંકિતઓમાં પ્રકટ થયું છે. એ લખાણ નીચે જૈન યુગના તંત્રીની બાધાભારે સહી છે. તંત્રી ખુલાસો કરવા માગે છે કે; "અમારો ઇરાદો કોઇની બદનક્ષી કસ્વાનો ન હતો. છતાં મુંબાઇ સમાચારમાં પ્રકટ થતી જૈન ચર્ચાના લેખક શ્રી સાકરચંદ માણેકચંદ ઘડીઆળીને પોતાની બદનક્ષી થતી હોવાનું જણાતું હોય તો અમે તે બદલ દીલગીર છીએ અને ટીકાવાળું લખાણ ખેંચી લઇએ છીએ."

આસપાસનો સંબંધ જોયા–તપાસ્યા વિના જો કોઇ, ઉપરોકત લખાણ વાંચે તો તેને એમ જ લાગે કે જૈન યુગના તંત્રીએ, શ્રી સાકરચંદ માણેકચંદ ઘડીયાળી નામના કોઈ એક સજ્જનની બદનક્ષી કરવાનો ઇરાદો નહીં રાખ્યો હોય, છતાં બદનક્ષી થતી હોવાનો આભાસ મળતાં તંત્રીએ આ ખુલાસો પ્રકટ કરી એ વાત ઉપર છેલ્લો પડદો નાખવાનું ઉચિત ધાર્યું હશે. વ્યકિતગત વાતો સાથે આપણને અહીં કશી જ નીસ્બત નથી. વર્તમાનપત્રોમાં આવી મતલબના ઘણાં ઘણાં દીલગીરી પત્રો પ્રકટ થાય છે. આપણને એના ગુણ–દોષમાં ઉતરવાનું કંઇ ખાસ કારણ નથી. આપણો પ્રશ્ન તો આટલો જ છે: "એ ખુલાસો કેવળ વ્યકિતગત છે? અથવા તો એની સાથે સામાજિક હિત–અહિતનો પ્રશ્ન પણ સંડોવાયેલો છે?" શ્રી ઘડીયાળી અને જૈન યુગના તંત્રી એ બન્ને વ્યકિતઓને આપણે એક કોરે રહેવા દઇ વસ્તુસ્થિતિ શી છે? આ આખો યે મામલો કઇ રીતે ઉપસ્થિત થવા પામ્યો તે આપણે બની શકે એટલું સંક્ષેપમાં જોઇ લેવું જોઇએ. અમે માનીએ છીએ કે જૈનયુગના તંત્રીનું નિવેદન એ કોઇ એક વ્યકિતગત વસ્તુ નથી: જૈન સમાજની સુધારક પ્રવૃત્તિ સાથે તેને ઘણો ઘનિષ્ટ સંબંધ છે. એટલે જ જે હકીકત ભૂલાઇ જવાને યોગ્ય હતી તેનું ફરી એક વાર સ્મરણ આપવાની અમને અહીં ફરજ પડે છે:

સાફ સાફ વિગત કંઈક આવી મતલબની છે—

(૧) તા. ૫ મી જાન્યુ૦ ૧૯૩૫ ના, મુંબઈ સમાચાર (દૈનિક) ના અંકમાં "જૈન"ની સહીથી જૈન ચર્ચા લેખ પ્રકટ થાય છે. લેખકનાં કેટલાંક વિધાન ખાસ ધ્યાન ખેંચે તેવા છે.

- **अ.** સુધારક વર્ગ, જૈન કોમના એક પ્રાચીન ભાગ–શ્વે. મૂર્તિપૂજક વર્ગને દુનીયામાંથી નાબુદ કરવા તત્પર થઇ રહ્યો છે.
- **ब.** સુધારકો મૂર્તિપૂજાનો નિષેધ કરવા લાગ્યા છે.
- **क.** સુધારકોને શ્વે૦ મૂર્તિપૂજક કોન્ફરન્સના આગેવાનોનો સાથ છે. સુધારકો શ્વે. મૂ. કોન્ફરન્સનું પીઠબળ ધરાવે છે.

(૨) શ્વે. મૂ. જૈન કોન્ફરન્સનું મુખપત્ર–જૈનયુગ, તા. ૧૫-૧-૩૫ ના અંકમાં એનો જવાબ આપે છે. તે કહે છે કે: સારા યે હિન્દનું પ્રતિનિધિત્વ ધરાવનાર સંસ્થામાં ભિન્ન ભિન્ન વિચારના પ્રતિનિધિઓ હોય એમાં નવાઇ જેવું નથી. શ્વે. મૂ. કો. સાધુઓમાં અને મૂર્ત્તિ પૂજામાં માને છે. મુનિસંમેલનના ઠરાવોનું અનુમોદન કરવામાં અને શ્રી શત્રુંજય તથા કેસરીયાજીની લડત ઉપાડવામાં કોન્ફરંન્સના આગેવાનોએ પોતાની શ્રધ્ધા બતાવી આપી છે. જૈન યુવક–પ્રવૃત્તિને અને કોન્ફરન્સને કંઇ લેવા દેવા નથી.

એક વાત ધ્યાનમાં રાખવાની છે. જૈન યુગે "જૈન ચર્ચા"ના લેખકની પ્રતારણા "એવું આ લેખનું મથાળું બાંધ્યું છે. જૈન ચર્ચાનો લેખક, ભળતી વિગતો રજુ કરી, કૉ. ના આગેવાનોના સંબંધમાં ખોટી ભ્રાંતિ ઉપજાવવા માગે છે; એમ કહેવા સિવાય એ પ્રતારણાનો બીજો કોઇ અર્થ નીકળી શકતો નથી.

(૩) જૈન યુગના ઉપરોકત અંકમાં, "તરૂણ જૈન"ના તંત્રી શું કહે છે એ મથાળા નીચે એક અવતરણ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. તરૂણ જૈનના તંત્રી, પોતાની સ્થિતિ સમજાવતા થકા કહે છે કે: "મૂર્ત્તિપૂજા સામે નહીં, પણ મૂર્ત્તિપૂજાને નામે જે દુકાનદારી ચાલી રહી છે તેની સામે અમારો વિરોધ છે."

( વધુ માટે જુવો .........પૃષ્ઠ ૫. )

# : : અધમ સાધુતા અને અયોગ્ય દિક્ષા : :

: આવતાં પાત્રો :

**મુનિ કીર્તિસાગરજી:** અયોગ્ય દિક્ષાનો વિરોધ ફેલાવી જૈન શાસનની કીર્તિ પ્રસરાવનાર પવિત્ર સાધુ.
**નીતિકાન્ત:** જૈનરક્ષક સેવાદળના સરદાર.
**રસિકવિજયજી:** કુમળાં બાળકોને મુંડનાર જૈન સમાજમાં ઝેર–વેર ઉત્પન્ન કરનાર 'છોકરા–ચોર' સાધુ.
**ભ્રમિતચંદ્ર:** 'છોકરા–ચોર' સાધુઓની ખબર લેતો 'ભારત પ્રજામિત્ર'નો ચાલાક રિપોર્ટર.
**કુંદનવિજયજી:** } **સાધનવિજયજી:** } રસીકવિજયના શિષ્યો.
**ગૌતમલાલ:** મહાવીર નગરનો નગરશેઠ બાલ દિક્ષાનો હિમાયતી પાછળથી વિરોધી.
આ સિવાય સ્વયંસેવકો વગેરે.

પ્રયોજક:–**વીરકુમાર**

<u>અંક ૧ લો.</u>  <u>પ્રવેશ. ૧ લો.</u>

[ ગતાંકથી ચાલુ. ]

સરદાર:–આપણા હેતુઓની નિર્દોષતા પુરવાર કરી શકયા કે પછી આપણા એક માત્ર ગર્જને જ અંધકાર વિખરાઈ જશે; પણ તે પહેલાં ખુબ ભોગો આપવા પડશે.

સ્વયં: ૧૩–આપણે એ જવાબદારી સ્વીકારી લેવી જોઇએ. ગમે તેટલી મુસીબતો આવે તો યે આપણી ફરજ અદા કરવાનું આપણે ચુકવું નહિં જોઇએ.

સરદાર:–શાબાશ ! વીરકાંત ! પણ એક હાથે કંઇ તાળી પડતી નથી. આ બધા બંધુઓ જો તૈયાર થાય અને આ કામ હાથપર લે તો પછી સફળતા સંબંધી કંઈ શંકા નથી. બોલો સૌ તૈયાર છો ?

સૌ સાથે–તૈયાર છીયે! તૈયાર છીયે!!

સરદાર:–વીરપુત્રો! શાબાશ!

પણ એ પહેલાં જે કામ આપણે ઉપાડીએ છીએ એની જવાબદારી સમજી લેવાની જરૂર છે. આ કામ ભારે જોખમ ભર્યું છે. આપણો માર્ગ કાંટાઓથી ભરપૂર છે. મુસીબતો, આફતો અને ભયંકર ઝંઝાવાતો આપણને ડારવા આવશે, મીઠાં પ્રલોભનો આપણને ચલિન કરવા આવશે, સમાજમાં ટીકાઓ અને અપમાન પરંપરાનો વરસાદ વરસશે, અને એ બધાની વચ્ચે આપણે નમ્ર સેવકોની જેમ અડગ રીતે–અટંકી રીતે ટકી રહેવું પડશે.

સ્વયં:૩–એ માટે કંઇ ફીકર કરવાની જરૂર નથી. દિક્ષાના આપણે વિરોધીઓ નથી. દિક્ષા મનુષ્યને ભવસાગરમાંથી તારનારી અમૃત ગુટીકા છે, તેની અમને ના નથી. **અમે તો વિરોધ કરીએ છીએ માત્ર અયોગ્ય દિક્ષાનો અને બાલ દિક્ષાનો. શાશનનું એ કલંક** છે અને એ મીટાવી દેવા જરૂર પડશે. તો અમે પ્રાણ પાથરશું.

સરદાર:–શાબાશ! વીરપુત્રો, બોલો મહાવીર ભગવાનની સૌ સાથે..........જય!!!

(સરદાર–નીતિકાન્ત હાથ ઉંચો કરે છે, બેન્ડ વાગવું શરૂ થાય છે. મહાવીર પ્રભુની પ્રતિકૃતિને નમન કરતાં સૌ બેન્ડના સ્વરો સાથે રવાના થાય છે.)

("ભારત પ્રજામિત્ર" અખબારનો રીપોર્ટર ભ્રમિતચંદ્ર સ્વયંસેવકોના ગયા પછી એક ખૂણામાંના પડદા પાછળથી હાથમાં કાગળોનો થોકડો તથા પેનસીલ સાથે બહાર આવે છે.)

ભ્રમિતચંદ્ર–(સ્વગત) કમાલ! નીતિકાન્તે કમાલ કરી, અને મેં પણ કમાલ કરી. નીતિકાન્તે ચીનગારી મૂકીને આ સ્વયંસેવકોને તૈયાર કર્યા અને અહીં ચાલેલી વાત ચીતનો અક્ષરે અક્ષર હેવાલ મારી નોંધ પોથીમાં પડયો એટલે આવતી કાલે સવારની આવૃતિમાં "ભારત પ્રજામિત્ર"ના પહેલા પાને સનસનાટી! ટીલાં ભગત વાંચશે એટલે અહિં નીતિકાન્તે તો ચીનગારી મૂકી, પણ પછી તો થશે ભડકો, અને મારૂં અખબાર પણ...............કંઇ નહીં ચાલ, દોડવા દે ઓફીસ તરફ.

(જાય છે)  (પડદો પડે છે.)

——:o:——

<u>અંક ૧ લો.</u>  <u>પ્રવેશ ૨ જો.</u>

**સ્થળ:**– મહાવીર નગરમાંનું જૈન ઉપાશ્રય.

**સમય:**–બપોરનો.

(મુની રસીકવિજયજી બેઠા છે. એક–ભક્ત પગ દબાવે છે. જરા આઘે મુની રસીકવિજયજીના બે શિષ્યો સાધનવિજય અને કુંદનવિજય બેઠા છે. એમની સાથે પાંચ:–સાત બાળકો સામાયક લઇને બેઠા છે).

(એવામાં નગરશેઠ ગૌતમલાલ પ્રવેશ કરે છે.)

નગરશેઠ:–મથ્થેણ વંદામિ, ગુરૂદેવ!

રસીકવિજય:–ધર્મલાભ આવો, આવો, ગૌતમલાલ આવો. અત્યારે કયાંથી ?

નગરશેઠ:–આજે પાખી છે અને પેઢી પર કંઈ કામ નહોતું એટલે થયું કે ચાલ મહારાજ શ્રી પાસે જઇને બેઘડી ધર્મ ગોષ્ઠી કરૂં.

રસીકવિજય–ધન્ય છે! જ્યાં સુધી આ ધર્મભાવના જાગૃત છે ત્યાં સુધીજ બધું છે.

નગરશેઠ:–પણ એક બીજી અગત્યની વાત પણ કરવાની છે.

રસીકવિજય:–શું છે? ખુશીથી કહો!

નગરશેઠ:–આપે મને બાધા આપી હતી એ બાધા પુરી કરવાની હવે તો અધીરાઈ આવી છે. પાંચ જણને દિક્ષા અપાવીને પછી પાલીતાણા જાત્રાએ જઇ આવવું અને તે પછીજ.................

રસીકવિજય:–મારી ધ્યાનબહાર કંઇ નથી. પણ તમે શું કંઇ વ્યવસ્થા કરી ?

નગરશેઠ;–હાજી ! થોડી વ્યવસ્થા થઇ છે. એક મારવાડીને પાંચ છોકરા છે એમાંથી નાના બે છોકરા આપવા એ કબુલ થયો છે. મોટાં ત્રણ તો રળતાં કમાતાં છે. ગરીબ માણસ છે. પાંચ પાંચ હજાર માંગતો હતો. પણ બંનેનું થઇને પાંચ હજારમાં ઠરાવ્યું છે. છોકરાં પણ દેખાય છે તેજસ્વી.

[ વધુ રસિક ભાગ આવના અંકે ]

# જૈન સમાજની પુનર્ઘટના

તેરમી જુલાઈએ મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે હિરાબાગમાં શ્રી પરમાનંદ કાપડીયાએ ઉપરોક્ત વિષય પર આપેલું ભાષણ નીચે મુજબ છે. ભાષણ અભ્યાસની દૃષ્ટિએ અગત્યનું અને આજના પ્રશ્નો પરત્વે અંગુલી નિર્દેષતું હોઈ અમારા વાંચકોનું અમે ધ્યાન ખેંચીએ છીએ.

જૈન સમાજની પુનર્ઘટનાનો વિગતવાર વિચાર કરવા પૂર્વે જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિનું સામાન્ય વિહંગાવલોકન આવશ્યક છે કારણ કે વર્તમાન પરિસ્થિતિના સર્વદેશીય ખ્યાલ સિવાય કેવી પુનર્ઘટના જરૂરી છે અને થઇ શકે તેમ છે તેની કલ્પના આવવી મુશ્કેલી છે. જૈન સમાજની પરિસ્થિતિની ઉજળી તેમ જ કાળી બન્ને બાજુ છે. પ્રથમ ઉજળી બાજુ જોઇ જઇએ કે જેથી આપણને માત્ર કાળી જ નિરાશા જનક જ-બાજુ જોવાની ટેવ પડી છે એવો કોઇ આક્ષેપ ન કરે. આપણી જૈન સમાજમાં એવી ચાર વિશેષ તાઓ છે કે જેનો વિચાર કરતાં આપણને અભિમાન આવે, આનંદ થાય અને ઉજ્જવળ ભાવીની સદા આશા બંધાય.

## ઉજળી બાજુ.

(૧) જૈન સમાજ અન્ય વર્ગોની અપેક્ષાએ ઉજળો છે ધનિક છે પ્રમાણમાં સુસ્થિતિ સંપન્ન છે. (૨) જૈન સમાજમાં ધર્મભાવના હજુ જીવતી છે. પોતાની સમજણ મુજબ ધર્મને આચારમાં મુકવાની અહિંસા ધર્મને અનુસરવાની-આપણામાં પ્રબળ વૃત્તિ રહેલી છે. ધર્મ આપણા જીવનમાં ઓતપ્રોત ગુંથાયલો છે અને ધર્મ રક્ષાની આપણે સતત ચિન્તા સેવતા રહ્યા છીએ. (૩) જૈન સમાજ બીજા સમાજની સરખામણીએ વિશેષ ઉદાર છે અને પોતાને યોગ્ય લાગે તેવા ધાર્મિક કાર્યમાં જૈન પ્રજા છુટે હાથે પૈસા ખરચે છે. ધનપરાયણતા જૈન સમાજનો ભારે મોટો ગુણ છે. (૪) જૈન સમાજમાં વ્યાપારી સાહસ છે અને વ્યાપાર ખાતર અનેક જૈનો ખુબ દેશ, પરદેશ ખેડે છે. વ્યાપાર એજ જૈન સમાજનું મોટામાં મોટું અવલંબન છે.

## કાળી બાજુ.

આ ચાર વિશેષતાઓની સામે હવે આપણે બીજી બાજુ વિચારીએ (૧) પ્રથમ તો આપણે વસ્તીમાં દિન પ્રતિદિન ઘટતા જ જઇએ છીએ. આજે આપણી અને શીરકાઓની મળીને કુલ વસ્તી ૧૨૫૧૩૪૦ ની છે. હિંદુસ્થાનની કુલ વસ્તી દશ ટકા વધી છે જ્યારે આપણી દશ વર્ષ પહેલાની વસ્તીમાં ૧૧૮૦૦ નો ઘટાડો થયો છે. આજ ગાળામાં ખ્રીસ્તી સમુદાય ૨૨ ટકા વધ્યો છે તેની કુલ વસ્તી ૬૨૯૬૭૬૩ છે. બૌધ્ધ સમુદાય ૮½ ટકા અને શિખ સમુદાય ૭½ ટકા વધ્યા છે. આમ ઉત્તરોત્તર ઘટતી જતી જૈન સમાજની સંખ્યા ભાવિને ખુબ ચિન્તાજનક બનાવે છે.

## કેળવણીમાં મામુલી વિકાસ.

કેળવણીના વિષયમાં આપણે છેલ્લા વીસ વર્ષમાં બહુ જ મામુલી પ્રગતિ કરી હોય એમ જણાય છે. આ બાબત નીચેના આંકડાઓથી વિશેષ સ્પષ્ટ થશે.

| ઈ. સ. | કુલ ભણેલાની સંખ્યા | ભણેલી સ્ત્રીઓની સંખ્યા. |
|---|---|---|
| ૧૯૧૧ | ૩૧૮૬૮૫ | ૨૩૧૨૦ |
| ૧૯૨૧ | ૩૧૩૪૧૬ | ૪૩૪૬૩ |
| ૧૯૩૧ | ૩૨૫૮૮૯ | ૫૪૯૯૨ |

આ ૩૨૫૮૮૯ કુલ ભણેલામાં અંગ્રેજી ભણેલાની સંખ્યા ૩૧૯૭૦ છે. આ આંકડા ઉપરથી માલુમ પડે છે કે સ્ત્રી કેળવણીમાં પહેલાંની સરખામણીએ આપણે કાંઇક પ્રગતિ સાધી છે. પણ સ્ત્રીઓની કુલ સંખ્યા ૬૦૬૭૨૯ છે તેમાં માત્ર ૫૪૯૯૨ અક્ષરજ્ઞાન પામેલી હોય તે ખરી રીતે તો હજુ શોચનીય જ ગણાય. ૩૨૫૮૮૯ તો માત્ર અક્ષરજ્ઞાન પામેલીની સંખ્યા છે તેમાં અંગ્રેજી ભાષા જાણનારની સંખ્યા તો અતિ અલ્પ છે અને કૉલેજ સુધી તો બહુ જ ઓછા છોકરાઓ પહોંચે છે. ઘણા ખરા છોકરાઓ ચોથી પાંચમી અંગ્રેજીમાં જ સ્કુલ છોડે છે અને બહુ બહુ તો મેટ્રીકનો દરવાજો દેખીને પાછા ફરે છે. થોડા વખત પહેલાં પનાલાલ પુનમચંદ હાઈસ્કુલનાં આચાર્ય શ્રી તેલંગે પણ આવી જ પરિસ્થિતિનું સમર્થન કર્યું હતું. જો કે તે નિશાળ ખાસ કરીને જૈન વિદ્યાર્થીઓ માટે છે છતાં જેટલા જૈન છોકરા નિશાળમાં દાખલ થાય છે તેમાંથી પાંચ ટકા પણ મેટ્રીક સુધી પહોંચતા નથી.

## પામર સ્ત્રીઓ.

સ્ત્રી સમુદાયની પરિસ્થિતિ વર્ષો થયાં એવીને એવી જ ચાલે છે. આજ કાલ કોઈ કોઇ બહેનો કૉલેજ સુધી પહોંચે છે અને કોઇ કોઇ ગ્રેજ્યુએટ પણ થાય છે પણ સમગ્ર સમુદાયની દૃષ્ટિએ આ પ્રગતિ અતિ અલ્પ છે. આજે આપણી સ્ત્રી પણ અન્ય સ્ત્રીઓ જેટલી જ પંગુ, અસહાય, અને પામર છે. આજે કુલ જૈન સ્ત્રીઓની વસ્તી ૬૦,૬૭૨૯ છે તેમાં ૧૩૪૨૪૫ એટલે કે બાવીશ ટકા વિધવાઓ છે. આ વિધવાઓનો પ્રશ્ન આજે પણ જરાએ ગંભીરતા કે સહાનુભૂતિથી વિચારાતોજ નથી. જે સમાજનો આવડો મોટો ભાગ નિરૂપયોગી અને પરાવલંબી જીવન ગાળે છે તે સમાજ આગળ વધવાની આશા કેમ રાખી શકે?

## આરોગ્ય હિનતા.

આપણા આરોગ્ય સંબંધી વર્તમાન સ્થિતિ અતિ ખેદજનક છે. જૈનોનું મરણ પ્રમાણ બહુ મોટું આવે છે તેમાં પણ બાળકો અને સ્ત્રીઓનું મરણ પ્રમાણ ચોંકાવનારૂં હોય છે. રમત ગમત કે કસરત શું તે આપણે જાણતા જ નથી. આપણી રહેણી કરણી ખાનપાન-જીવન વ્યવસ્થા સર્વ કાંઇ આરોગ્ય પોષક નથી પણ તન્દુરસ્તીને તોડનારૂં છે. આપણે ખોરાક અહિંસાના કેટલાક રૂઢ ખ્યાલો ઉપર રચાયલો છે. તેમાં કઠોળ, ફરસાણ અને મિષ્ટાન્ન મુખ્ય છે. આરોગ્ય અને બળ વર્ધક પદાર્થો બહુજ ઓછા પ્રમાણમાં વપરાય છે. કોઇ જૈન મલ્લ-કસરત બાજ કે ખેલાડી કદિ સાંભળવામાં આવતો જ નથી.

[વધુ આવતા અંકે.]

**(તંત્રી સ્થાનેથી :** પાના ૨ થી ચાલુ**)**

અહીં સુધી તો એક ધાર્મિક અથવા અર્ધ ધાર્મિક અને અર્ધ સામાજીક ચર્ચા પોતાની ધીરી–શાંત ગતિએ ચાલે છે. એક તરફથી આરોપ મૂકાય છે તો બીજા પક્ષ તરફથી એનો રદીયો અપાય છે. જૈન ચર્ચાનો લેખક માને છે કે સુધારક વર્ગ અને કોન્ફરન્સના કેટલાક આગેવાનો અંદરથી મળેલા છે અને શ્વે. મૂર્તિપૂજક વર્ગને નાબુદ કરવાનો એમનો હેતુ છે; સામા પક્ષ તરફથી એ વાતનો ઇન્કાર કરવામાં આવે છે. જૈન ચર્ચાનો લેખક ફરીયાદ કરે છે કે આ સુધારકો મૂર્તિપૂજામાં નથી માનતા, તેથી એમની ફરજ છે કે એમણે જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘમાંથી છૂટા પડી જવું જોઇએ. તરૂણ જૈનના તંત્રી સ્પષ્ટીકરણ કરે છે "મૂર્તિપૂજા કે અમૂર્તિપૂજા એ પ્રશ્નો જ નકામા છે: મૂર્તિપૂજાને નામે કે સાધુભક્તિના નામે કોઈ પણ પ્રકારના પાખંડને પોષણ મળવું ન જોઇએ."

આમાં કાંઇ વ્યક્તિગત આક્ષેપને સ્થાન નથી. કોઈની ઉપર અંગત હુમલા જેવું પણ નથી. માત્ર માન્યતાઓને અંગે જ યથાશક્તિ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

(૪) તા. ૨૫મી–ફેબ્રુ. ૧૯૩૫ ના રોજ, જૈન યુગના મુદ્રક અને પ્રકાશકને એક વકીલ મારફત એક નોટીસ મળે છે. "જૈન ચર્ચા"ના લેખકને; જૈન યુગના જવાબમાં પોતાની બદનક્ષી થતી દેખાય છે. "તરૂણ જૈન"નું અવતરણ પણ એમને વાંધાભર્યું લાગે છે.

લગભગ છ મહીના ઉપર શરૂ થયેલા આ કાગજી–ઘોડાના પગલાં કૉ. ઑફીસમાં ગાજે છે. નાટકનો છેલ્લો અંક જેમ ત્વરિત ગતિએ પૂરો થાય–ઘટનાઓ સંકેલાતી જાય તેમ સમિતિઓ બોલાવાય છે, ઉપ–સમિતિ નીમાય છે, ધારાશાસ્ત્રીઓની સલાહ લેવાય છે, ખરેખર મામલો અદાલતે પહોંચશે કે બીનું સંકેલાશે એવા સંદેહો ઘોળાય છે. "બદનક્ષી જેવું આમાં કંઈ જ નથી: ફરિયાદીને પોતાની સ્થિતિ એક વાર સ્પષ્ટ કરવા દો–પછી બધું જોઇ લેવાશે" એવા અવાજ ઉઠે છે. એકાએક, એટલામાં, પલટો આવે છે. ખુલાસો–નિવેદન લખાય છે, દિલગીરી દર્શાવાય છે અને એ રીતે અમે ઉપર કહ્યું તેમ ભૂલાઇ જવાને સર્જાએલું પ્રકરણ અમર નામના પામી જાય છે.

દિલગીરી શા માટે બતાવવામાં આવે છે, દિલગીરી બતાવવા માટે, સામા વર્ગ તરફથી શા સારૂ આટલો આગ્રહ દેખાડવામાં આવે છે અને ખુલાસો માત્ર જૈન યુગમાં જ પ્રકટ થવો જોઇએ બીજે ક્યાંઇ મોકલવાની જરૂર નથી એવી સરતો શા માટે યોજાય છે અને તરત જ એ યોજના કેમ ઉડી જાય છે એ બધા પ્રશ્નો એટલા ગહન છે કે એનો મર્મ કોઇ છદ્મસ્થથી સમજી શકાય નહીં.

પહેલી વાત તો એ જ છે કે હળવા હાથે લખાતા દિલગીરી-પત્રની અમારે મન કશી જ કીમત નથી. એ ખુલાસાથી સુધારક પક્ષની સ્થિતિમાં જરા ય ફેર નથી પડતો. એના સિધ્ધાંતો અને એની કાર્યશૈલીને એ ખુલાસા સાથે કઈ સંબંધ નથી.

બીજી વાત એ છે કે જૈન ચર્ચાના લેખકની, ક્ષણભરને માટે માની લઇએ, કે બદનક્ષી થતી હોય તો પણ એ ચર્ચાની સાથે શ્રી ધડીયાળીનો સંબંધ નિઃશંકપણે સાબીત ન થાય ત્યાં સુધી એમને આટલા ઉંડા પાણીમાં ઉતરવાની કશી જરૂર ન હતી. જૈન ચર્ચાના રંગ હંમેશા પલટાતા રહ્યા છે. એ જૈન ચર્ચાના લેખક પણ હંમેશા પડદાપાછળ જ રહેવાને ટેવાયલા છે. ચર્ચાના ક્ષેત્રમાં ઘુમનારે પોતાની ચામડી જરા વધુ કઠણ રાખવી જોઇએ. આક્ષેપ, આરોપ કે કડવી ટીકાના ઘુંટડા ગળે ઉતારવાની તાકાત એમણે કેળવવી જોઇએ.

છેલ્લી–છતાં સૌથી અધિક મહત્ત્વની વાત "પ્રતારણા" સંબંધી છે. અમે એ વાત જરા વિસ્તારથી ચર્ચવા માગીએ છીએ.

આ ઉદ્યોગપર્વમાં "પ્રતારણા" શબ્દ આખું યે આસન બથાવીને બેઠો છે. વ્યાખ્યાનો તેમજ ધાર્મિક પ્રવચનોમાં પણ આ પ્રતારણા શબ્દનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. સંસારનો મૂળ પ્રવાહ પ્રતારણામાંથી જ વહે છે. આત્મપ્રતારણાને બાદ કરવામાં આવે તો વેદાન્તીઓ જેને પ્રપંચાત્મક સંસાર કહે છે તે અદૃશ્ય થઇ જાય. વૈરાગ્યવાન પુરૂષો ઉપદેશે છે: "જે કંઈ તમારૂં નથી તેને તમે તમારૂં માની બેઠા છો, જે ક્ષણભંગુર છે, નાશ પામવાના સ્વભાવવાળું છે તેને સ્થિર–નિત્ય માની રહ્યાછો તેમાં આત્મપ્રતારણા વિના બીજું કંઈ જ નથી." અને જે કોઈ આત્મપ્રતારણા કરતું હોય તે પ્રતારણાની પરંપરામાં આગળ ને આગળ ધકેલાય એમાં કંઇ આશ્ચર્ય નથી. મતલબ કે સંસારનો કોઈ માનવી પ્રતારણાથી પર નથી. પ્રતારણાથી અસ્પૃશ્ય એવા મહાત્માઓ વિરલ અને વંદનીય છે.

પણ એ તો તત્વજ્ઞાનની વાત થઇ. કેટલીકવાર આત્મપ્રતારણાની પરંપરા ઘણાં અનિષ્ઠ પરિણામ ઉપજાવે છે. આપણાં કથાસાહિત્યમાં એક એવી વાર્તા છે કે એક રાજા, પોતાની રૈયત પૈકીની એક કન્યા ઉપર મોહિત થયો. રૈયત તો પુત્ર–પુત્રીવત્ ગણાવી જોઇએ. પોતાની જ પુત્રી જેવી કન્યા ઉપર એ રાજા શી રીતે અત્યાચાર કરી શકે? એટલે એણે એક યુક્તિ રચી. તેણે પોતાના મંત્રી. અમાત્ય તથા સરદારોની એક સભા બોલાવી, સૌની સામે પ્રશ્ન મૂક્યો: "આ રાજ્યનો માલેક કોણ?"

સભાએ જવાબ આપ્યો: "આપ, નામવર!"

"ધારો કે આ રાજ્યમાં એક અમૂલ્ય રત્ન મળી આવે તો તેની માલેકી કોની?" રાજાએ બીજો પ્રશ્ન પૂછ્યો.

"એના માલેક પણ આપ જ, નામવર!"

'કન્યા એક રત્ન ગણાય. અને જો આ રાજ્યમાં એવું કોઇ રત્ન મળી આવે તો શું હું એનો સ્વામી ન બની શકું?"

સભ્યો વિચારમાં પડયા. એમનાં ઉન્નત મસ્તિષ્ક ધરતી તરફ ઝુકયાં. અડધા ક્યારના યે વચનથી બંધાઇ ચૂકયા હતા. આનાકાની સાથે એમને એ વાત મંજુર રાખવી પડી. રાજા પોતે આત્મ-પ્રતારણા કરી રહ્યો હતો. અને સાથે સાથે પોતાના સલાહકાર મંડળને પણ પ્રતારણાના માર્ગે જ ધપાવી રહ્યો હતો.

અહીં, પ્રસ્તુત પ્રકરણમાં પ્રતારણાની એવી જ કંઇક પરંપરા પ્રવર્તે છે:

"તમે સુધારકો છો, તમને સ્થિતિચુસ્ત વર્ગના સિધ્ધાંતો, માર્ગો પસંદ નથી, ખરૂં ને?" સુધારકોને પ્રથમ પ્રશ્ન પૂછવામાં આવે છે.

# આપણી સંસ્થાઓ

## = જૈન એસોસીએશન ઑફ ઈન્ડીયા =

મુંબઇ જેવા સમૃધ્ધ સંસ્કારી ને આગળ પડતા શહેરમાં અર્ધી સદી પહેલાં હિન્દુ, મુસ્લીમ ને પારસી કોમો પોતાની ઉન્નતિ માટે જુદી જુદી સંસ્થાઓ સ્થાપે ત્યારે જૈન કોમ જેવી વેપારી કોમ ન સ્થાપે એ બનેજ કેમ! એટલે એણે પણ સમાજ પ્રગતિ માટે ગણી ગાંઠી સંસ્થાઓ સ્થાપેલી તેમાં આજથી લગભગ છપ્પન વર્ષ ઉપર એટલે સંવત ૧૯૩૮ માં, સમગ્ર હિંદુસ્થાનની જૈન વસ્તીમાં કેળવણીની વૃધ્ધિ કરવા, મૈત્રી ભાવ ખિલવવા, જૈનધર્મનો પ્રચાર કરવા જૈનમંદિરો ને તિર્થોની પવિત્રતાના સંરક્ષણાર્થે અને અહિંસાના સિધ્ધાન્તનો પ્રચાર કરવા, સામાજીક, ઉદ્યોગિક ને રાજકીય પ્રગતિ માટે બનતું કરવા વિગેરે વિશાળ ને ઉપયોગી ઉદ્દેશથી પ્રેરાઇ 'ધી જૈન એસોસીએશન ઑફ ઇન્ડીયા' મુંબઇમાં સ્થાપવામાં આવી, ને જૈન કોમમાં અગ્રસ્થાન ભોગવાતાં સજ્જનોએ સભ્યો તરીકે જોડાઈ સંસ્થાને મજબુત કરવા આપેલા સાથના પરિણામે શરૂઆતનો કાળ ગૌરવવાળો ગણાય.

આ વખતે પણ રૂઢીચુસ્તો તો સ્હેજ ખડભડાટથી ગભરાતાં અકળાતાં છતાં ચીકાગો 'સર્વ ધર્મ પરિષદમાં' શ્રી વીરચંદ રાઘવજી બેરીસ્ટરને જૈન કોમના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આજ સંસ્થાએ અગ્રભાગ લીધેલો ને સફળતા મેળવેલી તેમ જૈન કોન્ફરન્સનું બીજું અધિવેશન મુંબઇમાં ભરાયું ત્યારે ફત્તેહમંદ રીતે પાર ઉતારવામાં આજ સંસ્થાના કાર્યકર્તાઓએ પુષ્કળ જહેમત ઉઠાવેલી. આ સિવાય એસોસીએશન મારફત અનેક હીલચાલો થતી એટલે તે જમાનાને અનુસરી યુવાન કાળ ઠીક હતો.

જ્યારે એની પુખ્ત યુવાનીમાં હિન્દમાં અન્ય સમાજો અનેક આંદોલનો કરી કુચ કદમ કરી રહી હતી. ત્યારે આ સંસ્થાની પીછેહઠ દેખાય છે. તે એનો બહાર પડેલો સવંત ૧૯૮૧ થી ૧૯૮૫ સુધીનો છેલ્લો અહેવાલ જે સંવત ૧૯૮૮ની મુલતવી રહેલી જનરલ સભાએ પસાર કર્યો તે જોતાં એમ કહી શકાય કે તેને તેના ઉદ્દેશોને અનુસરીને તે કાળમાં કશુયે ગણનાં યોગ્ય કાર્ય કર્યું નથી.

સંસ્થા પાસે જુદા જુદા સમાજ ઉપયોગી ખાતાઓમાં લગભગ બેતાળીસ હજારનું ભંડોળ છે. તે દરેક ખાતામાં કરકસરથી કામ લેવાના હિસાબે ફંડોમાં વધારો થયો છે. બાકી માનપત્રો ધારાપોથીમાં ચડતાં કાયદામાં જેના અંગે માગવામાં આવે તેના અંગે મીટીંગો બોલાવ્યા સિવાય પોતાના મનને અનુકુળ પડે તેવા સંસ્થાના નામે અપાયેલા જવાબો, પત્ર વહેવારો વિગેરે સિવાય કશુયે સંગીન કામ ન દેખાય ત્યારે સમાજને કહેવાની તક મળે કે કાર્યકર્તામાં કર્તવ્યપરાયણતાનો અભાવ હોવો જોઇએ. કે આવડતની ઉણપ હોવી જોઇએ નહી તો લાગવગવાળી આવી મજબુત સંસ્થા આથમતી કેમ લાગે?

સંવત ૧૯૮૫ પછી આ સંસ્થાના કામકાજથી સમાજ તદ્દન અજાણ છે. કારણ કે ત્યાર પછી તેનો અહેવાલ બહાર પડ્યોજ નથી એટલે પ્રશ્નો ઉદભવે છે કે સંસ્થાંમાં સભ્યો કેટલા છે? સભ્યોનું લવાજમ વસુલ થાય છે કે નહિ? મેનેજીંગ કમીટી છે કે નહિ? હોય તો કેટલા વર્ષથી ચાલુ છે? તેના ફેરફાર થતા મંત્રીઓની કોણ નીમણુક કરે છે? તેનાં સ્થાઇ નાણાં સલામત છે કે નહિ? એનો વહીવટ બંધારણસર ચાલે છે કે કેમ! આવા પ્રશ્નો ત્યારેજ સમજાય કે જ્યારે સંસ્થાના કામકાજથી સમાજને વાકેફ કરવામાં આવે.

સમાજમાં એક એવો પણ વર્ગ છે કે જે આગલી હરોળમાં બેસે છે, છટાદાર વાણીમાં વાતો કરે છે, અને સમાજમાં લાગવગ ધરાવે છે. તેમાંનો મોટો વર્ગ સમાજની અનેક સંસ્થાઓમાં આગ્રસ્થાન ભોગવેછે, અને ફરજમાં વાતોથી સંતોષ માને છે, એટલે સંસ્થાઓમાં કોઈ સંસ્થા મરણ પથારીયે પડે છે, તો કોઈ એક ડગલું આગળજ વધી શકતી નથી. આથી ઓધ્ધામાંજ રાચતા બિરાદરોને કહેવું પડે છે કે, બહાર આવવાને ખાતર—આગેવાન થવાને ખાતર, ઓધ્ધો લેવા કરતાં સેવાની તમન્ના ખાતર બહાર આવશો તો ઓધ્ધો નહિ હશે તોય દીપશો.

આજે જૈન સમાજમાં બંધુભાવ ખીલવવાની જરૂર છે. કેળવણી માટે ઘણું કરવાનું છે, ધંધા માટે આવતા નિરાશ્રિતોને મદદની જરૂર છે, સામાજીક સડાઓ સાફ કરવાની જરૂર છે. તે વખતે એસોસીએશન જેવી સંસ્થાનો વહીવટ રગશીયા ગાડાની પેઠે ચાલે, દશદશ વર્ષ સુધી તેનો હિસાબજ બહાર ન પડે. અમુક માણસો ઇચ્છાનુસાર વહીવટ કરી સંસ્થાને મરણ પથારીએ છોડે એ એના સુત્રધારો માટે લજ્જાસ્પદ છે—જૈન સમાજને માટે એ કલંકરૂપ છે.

ગઇ ગુજરી ઉપર રોદણાં રોયે સંસ્થા પગભર થવાની નથી એ અમે સમજીયે છીએ. એટલે હવે તેને સજીવન કરવાની જરૂર છે. એવા સમાચાર મળ્યા છે કે કેટલાક દિવસોથી સંસ્થાના પ્રધાનપદે મશહુર વેપારી, રણછોડભાઇ રાયચંદ, અને શરીરે સશક્ત, ઉમ્મરે યુવાન મગનલાલ મૂળચંદ બીરાજ્યા છે, ને ચોપડા ઑડીટરને હવાલે કર્યા છે. જે તૈયાર થતાં હિસાબ બહાર પાડવાની ઇચ્છા રાખે છે.

દસ દસ વર્ષના વહીવટના ચોપડા ઑડીટ થાય ત્યાં સુધી બેસી રહેવાથી સંસ્થા સજીવન નહિ થાય, એને સાધારણ રોગ નથી લાગ્યો, એ ક્ષયના મહારોગથી પીડાય છે, એને તંદુરસ્ત કરવામાં ખૂબ શ્રમ લેવાની જરૂર છે.

ખાત્રી છે કે આ બન્ને સજ્જનો બીજાઓની પેઠે શોભા પૂરતાં નહિ રહેતાં સંસ્થાને પ્રાણવાન બનાવવામાં પૂરતો ફાળો આપી મંત્રીપદને દિપાવશે.

# ....વિ * લો * ક * ન....

**ભરત ગુંથણઃ લેખિકાઃ** પેરીનબ્હેન મીસ્ત્રી. કિંમત ૦–૧૦–૦
**સુખી ઘર**: કિં. ૦—૩–૦. **જીવન પલટો**: કિં. ૦–૪–૦
**પ્રકાશક** : સ્ત્રી સાહિત્ય મંદિર. સુરત

સુરતથી નીકળતાં 'સ્ત્રી શકિત' અઠવાડિક તરફથી સ્ત્રી સાહિત્ય મંદિરની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થાએ ટુંક સમયમાં અનેક સ્ત્રી ઉપયોગી ન્હાના પુસ્તકો પ્રકાશિત કરી ઝડપી પ્રગતિ આદરી છે. જે પ્રશંસનીય છે.

ભરત ગુંથણઃ અનુભવી પારસી લેખિકાનું લખેલું છે. એમાં ભરવા ગુંથવાને લગતી સાદી સમજ નવીજ ઢબે રજુ કરાયલી છે. પ્રસંગોચિત ચિત્ર આકૃતિઓ આપી આ પુસ્તકને સજાવવામાં પણ આવ્યું છે.

સુખી ઘર: એ કરકસર, વ્યવસ્થા, કુટુંબ–જાળવણી, સ્વચ્છતા વગેરે વિષયો ટુંકી પણ મુદ્દાસરરીતે ચર્ચતી પુસ્તિકા છે. ભાષા અને વસ્તુની સજાવટ કંઇક ઝડપી અને વાર્તાના વણાણની હોઇ વાંચવામાં મઝા આવે છે.

જીવન પલટો: એ 'સ્ત્રી શકિત'માં પ્રગટ થઇ ગયલી ઉપયોગી સ્ત્રી જીવનની વાતોનો સંગ્રહ છે. વાર્તાઓ રસદાયક અને સચિત્ર છે.

**શ્રાવકના પાક્ષિક અતિચારઃ** તૈયાર કરનાર શ્રી કુંવરજી આણંદજી.
પ્રકાશક: જૈન ધર્મ સભા ભાવનગર કિં. ૦–૨–૦

ધાર્મિક અને અતિચાર વ્રતથી અનભિજ્ઞ જૈનોને ખાસ વાંચી મનન કરવા યોગ્ય આ પુસ્તક છે. આટલી વૃધ્ધ વયે પણ શ્રી કુંવરજીભાઈ ધર્મપ્રત્યેની આવી સેવા કરી રહ્યા છે જે પ્રશંસનીય છે.

**યશોવિજયજી** જૈન ગુરૂકુળ તરફથી બહાર પડેલી **જૈનોની વસ્તી વિષયક દશા** નામની પુસ્તિકા મલી છે. આપણી સંખ્યા દિને દિને કેટલી ઘટતી જાય છે તેમજ સાંસારિક, કેળવણી સંબંધી વિષયોનું બારીક અવલોકન પણ એમાં આપવામાં આવ્યું છે. વસ્તી કેમ વધે તેના પ્રગતિકારક ઈલાજો પણ એમાં સૂચવવામાં આવ્યા છે. અભ્યાસીઓએ આ પુસ્તક વાંચી લેવુ જોઇએ.

**જૈન ધર્મ પ્રકાશ**નો વૈશાખ અને જયેષ્ઠનો અંક મળ્યો. તેમાં જૈન ધર્મ સભાનો હેવાલ, સભ્યોની નામાવલી, સુવર્ણ મહોત્સવ વગેરેનો વિસ્તૃત અહેવાલ આપવામાં આવ્યો છે. સંસ્થામાં રસ લેનારાઓને આ અંક અતિ ઉપયોગી છે.

**પાયધુની** પર આવેલા જૈન દવાખાનાનો રીપોર્ટ જોતાં તે પ્રશંસનીય કામ કર્યે જાય છે.

**હિન્દુ અનાથાશ્રમ વઢવાણ કેમ્પ**નો ૧૯૯૦ ના વાર્ષિક રીપોર્ટનો સાભાર સ્વીકાર કરીએ છીએ. દાનવીર ધર્માભિમાની હિન્દુ ગૃહસ્થોએ આવી સંસ્થામાં છૂટથી દાન આપવું જરૂરનું છે.

---

**આવતો અંક**

## પર્યુષણ અંક

**નિકળશે.**

---

# કિ * ર * ણ

* ધામધુમ કે ધમાધમ એ ધર્મ નથી. આત્મસ્વરૂપમાં રમણતા એ જ ધર્મ છે.

* પુરુષાર્થવાદ એ જિનમાર્ગ છે. કર્મવાદ એ લોકમાર્ગ છે.

* માન સન્માનની અહર્નિશ ઇચ્છા કરનાર અને મુડીવાદીઓને પંપાળનાર સાધુઓ સાધુ સ્વરૂપે નથી પણ ભાતખાઉ ભીક્ષુકો છે.

* આર્ય સંસ્કૃતિ કરતાં શ્રવણ–સંસ્કૃતિ અનંતગણી વિશાળ છે. તે સંસ્કૃતિ સર્વ કોઇને સંપુર્ણ સ્વતંત્ર બનો એમ સ્પષ્ટપણે શિખવે છે.

* જિન આજ્ઞા સર્વ કોઇને સમાન સ્વતંત્રતા બક્ષે છે.

* જિનેશ્વર ભગવાન કે ઇંદ્રાદિ દેવો કોઇના દુઃખો છેદી શકવા સમર્થ નથી. આત્મા પુરુષાર્થને જ્ઞાન વડે પોતાના બધાં દુઃખો છેદી શકે છે.

* કર્મવાદ એ લોકમાર્ગ છે, પુરુષાર્થવાદ એ લોકોત્તરા પરમાત્માનો માર્ગ છે.

* બ્રહ્મચર્ય ને પુરુષાર્થવાદ વિના કદી કોઈ સુખી થયું નથી અને થતું પણ નથી. આર્ય સંસ્કૃતિનું આ એક અતિ મહત્વનું કથન છે.

* બાળલગ્ન ને અનમેળ લગ્ન એ વ્યભિચાર કરતાં પણ અધિક ભયંકર છે.

* સાધુઓ સમાજનું ભલું કરશે કે સાધુઓ જ સમાજને સુધારશે એમ માનવું એ મૂર્ખતા છે. દીગંબર સમાજમાં સાધુઓ નહિ જેવા હોવા છતાં પણ તે સમાજમાં અનેક મહાવિદ્વાન પંડિતો છે.

* સિદ્ધસેન દીવાકર પ્રચંડ બંડખોર હતા.

* કર્મના નચાવ્યા નાચવું આ શબ્દો ખરો જૈન કદી પણ ઉચ્ચારી શકે નહિ.

* જડ એવા કર્મો અનંત શકિત સંપન્ન આત્માને કદી નચાવી શકતાં નથી. કદી દુઃખ આપી શકતાં નથી.

જાદવજી કેશવજી ડબાસંગવાલા.

**ઘસાતા જૈનોના.**

## બોલતા આંકડાઓ.

[ ૧૯૩૧ ના ]

| | |
|---|---|
| કુલ જૈનો ... ... ... ... ... | ૧૨૫૨૧૦૫ |
| દશકા દરમ્યાન મટી ગયેલા જૈનો... ... ... | ૧૧૮૦૦ |
| છેલ્લા ચાળીસ વર્ષમાં... ... ... | ૧૩ ટકા વસ્તી ઘટી. |
| જૈન વિધુરો... ... ... ... | ૫૨૯૦૩ |
| જૈન વિધ્વાઓ ... ... ... ... | ૧૩૪૨૪૫ |
| પાંચ વર્ષની વયની વિધ્વાઓ ... ... ... ... | ૧૪૩ |
| દશ વર્ષની વયની વિધ્વાઓ ... ... ... ... | ૨૯૮ |
| પંદર વર્ષની વયની વિધ્વાઓ... ... ... ... | ૬૪૩ |
| કુલ કેળવણી લેતા વિદ્યાર્થીઓ ... ... ... | ૨૧ ટકા. |
| માધ્યમીક શિક્ષણ ... ... ... | ૧૦ થી ૧૨ ટકા. |
| કૉલેજ શિક્ષણ ... ... ... ... | ૧ ટકો. |
| સ્ત્રી શિક્ષણ... ... ... ... ... | ૭ ટકા. |

[ શ્રી નરોત્તમ બી. શાહ ના લેખમાંથી ]

(તંત્રી સ્થાનેથી : પાના ૫ થી ચાલુ)

સુધારક–સમાજ એના ઉત્તરમાં સ્વભાવિક રીતે જ હા ભણે છે. તરતજ બીજો પ્રશ્ન આવે છે: "જો તમને એમની સાથે ન બનતું હોય તો સમાધાનીનો એક રસ્તો શોધવો જ જોઇએ એમ નથી લાગતું?" આનો પણ હકારમાં જવાબ આવે છે. છેવટે સુધારકવર્ગને કહેવામાં આવે છે: "તો પછી તમે પોતે જ શ્વે. મૂ. જૈન સંઘથી જૂદો ચોતરો જમાવીને કાં નથી બેસી જતા?" એટલે કે આગળ અને મૂર્ત્તિને અંગે જે પાખંડ પ્રવર્તી રહ્યું છે તેમાંથી તમે સુધારકો કાં નથી ખસી જતા? અનાચાર તેમજ પાખંડને માટે અબાધિત–અમરપટ્ટો મેળવી લેવાનો આ કેટલો સુંદર પ્રપંચ છે? પ્રતારણાની પરંપરા કેવા વાંકાચુંકા વળ લે છે?

સુધારકવર્ગ અને સ્થિતિચુસ્ત વર્ગ એવા બે વર્ગો જ અસ્તિત્વમાં છે, અને ભોળા–ભદ્રિક સમાજ જેવી કોઈ વસ્તુ જ આ પૃથ્વીના પડ ઉપર વિદ્યમાન નથી એમ માનવું એ પહેલી કોટીની આત્મ-પ્રતારણા છે અને સુધારકવર્ગને વચમાંથી ખસી જવાનું કહેવું એ બીજી પર–પ્રતારણા છે. દુનીયાનો કોઇ સુધારક એટલી સ્હેલાઇથી ખસી જાય–પ્રતારણાનો ભોગ બની બેસે તો સમજવું કે એ સાચા સુધારક જ નથી. એને તમે બળ–જબરીથી બ્હાર કાઢો–એનો બહિષ્કાર પોકારો, એને શૂળી કે ફાંસીના લાકડે ચઢાવો તો પણ એ તો સમાજની, સંપ્રદાયની કે દેશની શુધ્ધિના જ મંત્ર જપતો, છેલ્લા શ્વાસ લેવાનો.

તમારી પાસે સંખ્યાનું જોઇએ તે કરતાં પણ વધુ બળ છે. સંખ્યાબળ ઉપર ગર્વિત બની તમે ભલભલા સુધારકનો સામનો કર્યો છે. તો પછી આજે જ આ વર્ગને રાજીખુશીથી–અક્કલ હુશીયારીથી આઘે ખસી જવાનું શા માટે કહો છો? ક્યાં ગયા તમારાં પેલા બહિષ્કારના શસ્ત્રો? તમને મૂર્ત્તિ, મંદિર, શાસ્ત્ર, કે સાધુના નામે સ્વચ્છંદાચારના અમરપટ્ટાઓ જોઇએ છે ને? સીધી રીતે નથી મેળવી શકાતા એટલે જ તમારે પ્રતારણાનો આ વાંકો માર્ગ સ્વીકારવો પડે છે ને?

અને વચમાં પેલા કૉન્ફરન્સના આગેવાનોને શા સારૂ સંડોવો છો? સુધારકો તરફ એમની સહાનુભૂતિ છે, સુધારકોને એમનું પીઠબળ છે એમ તમે કહેવા માગો છો ને? અમે કહીએ છીએ કે સુધારણા જો સાચી દિશામાં હશે, સુધારકો ભલે દુર્બળ હોય–પણ પ્રમાણિક હશે તો કૉન્ફરન્સ તો શું પણ જેને "દીલ" જેવી વસ્તુ છે–જે સહૃદય છે તેની સહાનુભૂતિ કે સહાય અમારા માટે બહુ દૂરનો વિષય નથી. કૉન્ફરન્સના આગેવાનો પાસે, એમનાં સ્થાન ખાલી કરાવવાની આ બાજી તો ન્હાના બાળકો પણ હવે તો સમજતા થયા છે.

બાકી તો અમારે દુભાતા દીલે પણ, જૈન ચર્ચાના લેખકની એક–બે વાતો સ્વીકારવી પડશે. પ્રતારણાનો અંશ બાદ કર્યા પછી એમાં જે કંઇ તથ્ય જેવું લાગે છે તે બાબત અમારે તેની સાથે સહમત થવાનું રહે છે.

(૧) શ્વે. જૈન સમાજ નાબૂદ થવાના–આત્મનાશના માર્ગે ધસડાઇ રહ્યો છે અને

(૨) મૂર્ત્તિ, મંદિર, શાસ્ત્રોને અંગે અશ્રધ્ધાનાં વાદળ જામતા જાય છે.

રોગના નિદાનમાં સમ્મત થવા છતાં, ચિકિત્સાના વિષયમાં અમે અમારો સ્વતંત્ર અભિપ્રાય ધરાવીએ છીએ. શ્વે. મૂ. જૈન સંઘ, હીનબળ થતો જાય છે, કારણ કે આજે એ ઘણો સંકુચિત બન્યો છે. વિવિધ પોલાદી ચોકઠાઓ વડે એ એટલો તો આચ્છાદિત બન્યો છે કે એને, જીવવાને માટે જે શુધ્ધ–તંદુરસ્ત હવા–પાણી જોઇએ તે તેને મળી શકતાં નથી. આજે એ પ્રથા, રૂઢી અને શાસ્ત્રની પંક્તીઓનો ગુલામ બન્યો છે. એની પ્રાણશકિત નાશ પામી છે. બીજા શબ્દોમાં એ જ વાત કહીએ તો સુધારકોને લીધે નહીં પણ સ્થિતિચુસ્તતાને લીધે જ આજે સારો એ સમાજ ગુંગળાઇ રહ્યો છે.

મૂર્ત્તિપૂજાની સાથે જૈનત્વનો અનિવાર્ય સંબંધ નથી. મુનિરાજો મૂર્ત્તિપૂજા નથી કરતા તેથી તેઓ મૂર્ત્તિને વિષે અશ્રધ્ધાળુ છે એમ ન કહી શકાય. મૂર્ત્તિપૂજાથી જ જો શાસનની ઉન્નતિ થતી હોય તો મૂર્ત્તિપૂજકોનું એક મોટું સૈન્ય ખડું કરવું એ સામાન્ય વાત છે. મૂર્ત્તિ, મંદિરો, શાસ્ત્રો એક ગૌણ વિષય છે. એને મુખ્ય પદે સ્થાપી, મૂળ પ્રશ્નને બીજા પાટા ઉપર ઉતારી પાડવો એ શબ્દછલ છે. અમે ફરી એકવાર કહીએ છીએ કે મૂર્ત્તિઓ, મંદિરો, શાસ્ત્રોને નામે જે દુકાનદારી ચાલી રહી છે તે હવે વધુ વખત નભી શકે એમ નથી એ દુકાનદારીના નાશમાં તમે ધર્મનો નાશ જોતા હો તો તમારી એ માન્યતા તમને મુબારક હો. દુકાનદારી મેલ છે, વિશુધ્ધ વસ્તુ ને વિકૃત બનાવનારૂં આવરણ છે. એ આવરણ જે ઘડીએ દૂર થશે તે જ ઘડીએ શુધ્ધ ધર્મ દીપી નીકળશે.

## — કંચન–પ્રકરણ. —

રતલામમાં બનેલા એક સામાજીક કિસ્સાએ ખૂબ ચકચાર જગાવી છે.

કંચન નામની પોરવાડ જૈન યુવતીએ પોતાના પિતા તેમજ કુટુમ્બીઓથી વિરૂધ્ધ જઇને સ્વજ્ઞાતિના એક યુવાન સાથે લગ્ન કર્યું. પરિણામે હોહા થઈ. પિતા કોઈ વૃધ્ધની સાથે કંચનના લગ્ન ૫–૧૦ હજાર રૂપિયા લઇ કરવા માંગતા હતા. એટલે તેમની એ મુરાદ નષ્ટ થઇ. તેઓ શત્રુ બન્યા. રાજ્યને આ બીનાથી તેમણે વાકેફ કર્યા તો સત્તાવાળાઓએ કંચન તથા તેના પતિ શૈતાનમલને પોતાના કબજામાં લીધા. લગ્ન કરાવનાર ગોરને પણ કેદ કરવામાં આવ્યાં. કંચન પર અપાર સીતમ ગુજારવામાં આવ્યો.

પુરોહીત અને શૈતાનમલ પર પોલીસે ૩૬૬ની કલમ અનુસાર કેસ માંડયો છે. કંચનને પિતાની તેમજ રાજ્યની નજર નીચે રાખવામાં આવી છે, જ્યાં તે કોઇને મળી શકતી નથી તેમજ કોઇ સ્થળે જઇ શકતી પણ નથી.

રતલામની આખી જનતાએ આ લગ્નમાં પોતાની પૂરી સંમતિ આપી છે. છતાં પણ આ લગ્ન સ્હામે રાજ્ય વિરૂદ્ધ પડ્યું છે. અત્યારે તો રતલામમાં કોઇ કુટુમ્બ સલામત નથી એમ ત્યાંના વાતાવરણ પરથી જણાઇ આવે છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઑનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રીમુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

પર્યુષણ અંક

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૭ મો
મંગળવાર તા. ૨૦-૮-૩૫.

## પૂજવું–પૂજાવવું અને પૂજાવરાવવું.

ભક્તો ભગવાનની પ્રતિમાઓ પૂજે છે. પ્રતિમાઓને પૂજાવાની કંઈ પડી નથી હોતી. "જિન પડિમા જિન સારિખી"–જિન ભગવાનની પ્રતિમાને જિન ભગવાન જેવી જ લેખવી જોઇએ. પણ ભગવાનો જેમ પૂજાવાની પરવા નથી રાખતા તેમ તેમની પ્રતિમાઓને પૂજાવાની વૃત્તિ નથી હોતી. આ બે વર્ગ વચ્ચે એક ત્રીજો વર્ગ પરાણે પ્રવેશ કરે છે અને તે બીજાઓને પ્રતિમા પૂજાવરાવવાનો આગ્રહ સેવે છે.

કોઈ પણ વહેવારમાં જ્યારે ત્રીજા જણની દખલગીરી દાખલ થાય છે ત્યારે એકસૂરા સંગીતમાં બસુરાપણું ભળે છે. ગાનાર અને વાજું વગાડનાર મળેલા હોય–પરસ્પરને સાથ આપતા હોય તો સંગીત સારી રીતે જામે પણ ત્રીજો તબલચી જો ઘડીએ ને પળે પોતાની બહાદૂરી બતાવવા મથે તો સારી યે સંગતિ ધૂળભેગી થઈ જાય.

મૂર્ત્તિપૂજાના વિષયમાં, પણ હમણા હમણામાં તબલચી જેવો એક ત્રીજો દરમ્યાનગીરી કરનારો વર્ગ ઉભો થયો છે. શ્રદ્ધાળુઓ નિત્ય નિયમ મુજબ મૂર્ત્તિપૂજા કરે છે, મૂર્ત્તિઓ નિર્વિકારપણે પૂજાય છે, પણ જાણે કે ત્રીજા પક્ષને મૂર્ત્તિઓના મંડળે મળીને પોતાનું મુખત્યારનામું લખી આપ્યું હોય તેમ આ ત્રીજો પક્ષ કહે છે કે : "જેઓ પોતાને મૂર્ત્તિપૂજક સંપ્રદાયના માનતા હોય–મનાવતા હોય તેમની પાસે આપણે મૂર્ત્તિઓ પૂજાવરાવી જ જોઇએ." મૂર્ત્તિપૂજાના મેદાનમાં, ભક્ત અને ભગવાનની વચ્ચે, આ ત્રીજા વર્ગને શા સારૂ ઉતરવું પડયું તે સમજવું કઠિન થઇ પડે છે.

પ્રતિમાના પૂજકો પોતે ભલે પ્રતિમા પૂજે પ્રતિમા કંઇ એમને કહેવા નથી જતી. પૂજતી વખતે પણ પૂજક, નહીં પૂજનાર પ્રત્યે દ્વેષ કે ક્રોધ નથી કરતો. મૂર્ત્તિપૂજામાં માનનારા પણ હંમેશા મૂર્ત્તિપૂજા કરે એમ નથી બનતું. અવકાશ અને અનુકૂળતા મળતાં તેઓ પૂજા કરે છે. મૂર્ત્તિપૂજા, વસ્તુતઃ બે વચ્ચેનો કરાર છે. એ કરારમાં ત્રીજા જણને રજ જેટલું પણ સ્થાન નથી.

છતાં, જ્યારે પૂજ્ય અને પૂજક વચ્ચે પૂજાવરાવનારો વર્ગ દાખલ થાય ત્યારે એટલું સમજી લેવું કે મંદિરમાં દુકાનદારી જેવી વસ્તુનો પ્રવેશ થઇ ચૂકયો છે. અથવા તો આ નવો વર્ગ, સમાજમાં કોઈ એક નવીન પ્રકારનાં કલેશબીજ વાવવાને તૈયાર બની બેઠો છે.

શાંતિ અને સુલેહથી ચાલતા રાજતંત્રમાં, હજુરીયા, ઘણી વાર આવાં નકામાં કલેશ ઉભાં કરે છે. પ્રજા સુખ–શાંતિથી રહેતી હોય–કાયદેસર વર્ત્તતી હોય એવે વખતે હજુરીયા રાજાનાં કાન ભંભેરે છે; કહે છે "અન્નદાતા, આપણા રાજમાં આ વાણીયા બહુ ફાટયા છે. એક પણ વાણીયો આપની સલામે નથી આવતો." રાજાને જો કે એવી સલામની બહુ પરવા નથી હોતી. તો પણ પ્રજાનો અમુક વર્ગ રોજ સલામે આવે તો હજુરીયાને પણ કંઇક બક્ષીસ મળે–હજુરીયાની દુકાનદારી ચાલે આવા ઇરાદાથી, આવી સ્વાર્થવૃત્તિથી, ચીલે ચીલે ચાલ્યા જતા રાજતંત્રને, આ ખુશામતીયા ઉંધે માર્ગે ચડાવે છે. પરિણામે જો રાજતંત્રીઓ સાવચેત ન રહે તો બેદીલી અને અરાજકતા ફેલાય.

જે વખતે શિથિલાચારીઓના હાથમાં મંદિરો અને મૂર્ત્તિઓની મુખ્ય લગામ હતી તે વખતે પૂજવાની, પૂજાવાની અને સાથો સાથ પૂજાવરાવવાની પ્રવૃત્તિ ખૂબ જોસભેર ચાલી રહી હતી. દમદાટીથી–ધાકધમકીથી, એ લોકો મૂર્ત્તિઓ અને મંદિરોને નામે અનાચાર તેમજ અવ્યવસ્થા ચલાવતા. આજે ઉભો થયેલો આ ત્રીજો વર્ગ જાણે કે એ જ ઇતિહાસની પુનરાવૃત્તિ કરી રહ્યો છે.

પરિણામ દેખીતું જ છે. પૂજારીઓ અને પ્રતિમાઓના સીધા–નિષ્કંટક માર્ગમાં અશાંતિ–અસંતોષનો છૂપો દારૂગોળો ધરબાતો જાય છે. પ્રકોપની એક જ ચીણગારી પડતાં, સારો યે મામલો સંઘસત્તાના કાબુ બ્હાર ચાલ્યો જશે.

# ત રુ ણ જૈ ન

—: તા. ૨૦-૮-૩૫ :—


## ધર્મ: આત્માનો આહાર

અન્ન તથા ઘી-દૂધ અને ફળ-ફુલના આહાર વડે શરીરને સશકત તથા દીર્ઘાયુષી બનાવી શકાય છે. અન્ન તથા ફળાહારનો ઉદ્દેશ પણ એ જ છે. એમાં જ્યારે કુપથ્ય થાય છે. જોઇએ તે કરતાં અધિક માત્રામાં આહાર લેવાય છે, જીવ્હા-ઇંદ્રિયની લોલુપતાને સંતોષવા ખાટાં-તીખાં પદાર્થો તરફ વૃત્તિ વળે છે ત્યારે શરીરના વ્યાધિઓ જોર પકડે છે.

સાહિત્ય, સંગીત અને ચિત્રકલા વિગેરેને મનનાં આહાર માનવામાં આવ્યાં છે. લલીત કળાઓ મન, બુધ્ધિને તાજગી આપે છે, એને સ્વચ્છ તથા ઉલ્લાસિત બનાવે છે. પણ જ્યારે એમાં વિકાર પેસે છે, સાહિત્ય સંગીત તથા કલામાં અશ્લીલતા કે વાસના, પાછલા બારણેથી પેસી જાય છે ત્યારે તે મન તથા બુધ્ધિને બીરૂ, કાયર, સુસ્ત બનાવે છે. શરીર તથા મનના આરોગ્ય માટે, સ્વચ્છ અન્ન તથા વિકારરહિત કળા-સાહિત્યની અનિવાર્ય જરૂર રહે છે.

પણ એ બન્ને કરતાં આત્મા જેટલો અલક્ષ્ય છે તેટલો જ મહાન અને વ્યાપક છે. આત્માનો આહાર પણ એટલો જ સૂક્ષ્મ તથા સહજ હોવો જોઇએ. શરીર તથા બુધ્ધિને બગાડનારાં દ્રવ્યો, જ્યારે અધિક પ્રમાણમાં પ્રચાર પામે છે ત્યારે વૈદ્યો અને સાહિત્યપ્રેમીઓ તે વિષયમાં વધુ સાવચેત રહેવા સલાહ આપે છે. સરકાર કાયદા ઘડી, પ્રજાને એ આફતમાંથી બચાવવા પ્રયત્ન કરે છે.

સૌથી વધુ ઉપેક્ષા પામેલો આહાર જો કોઇ હોય અને જે આહારના સંબંધમાં ઘણી ભેળસેળ થવા પામતી હોય તો તે એક માત્ર આત્માનો આહાર છે. એને આપણે ધર્મ કહીએ છીએ. એવી કોઈ દુન્યવી સત્તા નથી કે આત્માના આહારમાં થતાં ઝેર-વેરના મિશ્રણને રોકી શકે. ધર્મને નામે ચાલતા કલેશ તથા વિખવાદને અટકાવી શકે.

શરીર બગડે છે ત્યારે આપણું લક્ષ સ્વાભાવિક રીતે જ આપણા આહારનું પૃથક્કરણ કરવા તરફ વળે છે. કોઇપણ પ્રકારનું કુપથ્ય થયેલું હોવું જોઇએ એમ માનીએ છીએ અને શારીરિક બગાડનાં કારણો શોધી કાઢીએ છીએ.

આત્માના આહારમાં જ્યારે કુપથ્ય થાય છે. ત્યારે કેવી મ્હોટી આફત ઉતરે છે એ વાત આપણામાંના બહુ ઓછા ભાઇઓ સમજે છે. એ કુપથ્ય સમજાતું નથી એટલે જ અંધશ્રધ્ધા વ્હેમ, રૂઢી-ચુસ્તતા અને બીજા વિવાદો, ક્લેશો વિગેરેને મ્હાલવા મ્હોટું ક્ષેત્ર મળે છે.

ધર્મને નામે ચાલતા ઝગડા એ એક રોગ છે અને તેનું નિદાન શોધવું હોય તો આપણો આત્માનો આહાર કેટલો બગડ્યો છે તે તપાસવું પડશે. ધર્મરક્ષાના નામે જે ઉશ્કેરણી ચલાવવામાં આવે છે તે પણ આત્માના અનારોગ્યનું એક બાહ્ય લક્ષણ છે. ધર્મના નામે જે આંતરવિગ્રહ ઉભો કરવામાં આવે છે તેનું મૂળ પણ આ આત્માના બગડેલા આહારવિહારમાં તમને મળી આવશે.

આત્માનો આહાર જો ખરેખર જ શુધ્ધ તથા પૌષ્ટિક રહ્યો હોય તો ધર્મને નામે જે ઝનુન ફેલાવવામાં આવે છે, ધર્મને જ નામે જે બાહ્ય આડંબરો અને અનાચારોને પંપાળવામાં આવે છે તે બધું અશકય અસંભવિત બનત. આત્માના શુધ્ધ આહારમાંથી વસ્તુતઃ બંધુતા માનવતા અને ઉદારતા જ પ્રકટવી જોઇએ. નીરોગ શરીરમાં જેમ લાલી અને તેજસ્વીતા સ્વતઃપ્રકાશ પામે છે. તેમ જે આત્મા શુધ્ધ આહાર મેળવે છે તેના પ્રત્યેક વ્યવહારમાં મીઠાશ અને મમતા પ્રથમ દર્શને દેખાઈ આવે છે.

ટુંકામાં, વેર-વિરોધ, કાવા-દાવા, છળ-પ્રપંચ એકને ચડાવવાની અને બીજાને ઉતારી પાડવાની સોગઠાબાજી, પોતાના અધિકારને સર્વોપરિ સ્થાને સ્થાપવાની અને બાકીનાને પોતાના પગ નીચે છુંદવાની હલકટ નીતિ એ સર્વ આત્માના વિકૃત આહારનાં પરિણામો છે.

તમે જો ધર્મી કહેવડાવતા હો, તમે પોતાને થોડા યા અધિક અંશમાં ધર્મપરાયણ માનતા હો, તમારી યોગ્યતા કિંવા અધિકારના પ્રમાણમાં તમે ધર્મરૂચી ધરાવો છે એવી શ્રધ્ધા ધરાવતા હો અને છતાં તમારા રોજના ક્રિયાકાંડ કરતાં અધિક દૂર તમે ન જોઈ શકતા હો, ધાર્મિકતાના રંગને તમારા રોજના વહેવારમાં વ્યાપેલો ન જોઇ શકતા હો તો સમજવું કે તમે જે આહાર તમારા આત્માને આપી રહ્યા છો તે દૂષિત છે. આત્માને પોષવા તથા વિકસાવવાની એનામાં તાકાત નથી. એ આહાર પોતે જ નિર્માલ્ય છે.

સાંપ્રદાયિકતા નામનું ઝેર, આત્માના આહારમાં સહેલાઇથી મળી જઈ શકે છે. કેટલાક બાવાઓ તથા ફકીરો, અજાણ્યા મુસાફરોને ઝેરી દ્રવ્ય ખવરાવીને મૂર્ચ્છિત બનાવે છે, અને પછી એમને લૂંટી લે છે. અદાલતમાં આવા ઘણા કીસ્સા આવે છે. સાંપ્રદાયિકતાનું ઝેર, સ્વાદમાં કળાતું નથી, એટલે જ ભકતો એ ઝેર વગર આનાકાનીએ ગળા નીચે ઉતારી જાય છે. સાંપ્રદાયિકતામાં મૂર્છા પામેલા ભદ્રિકોને છેતરવામાં, પછી કંઇ મુસ્કેલી નથી રહેતી.

સાંપ્રદાયિકતાને અમે આત્માનો આહાર નથી માનતા. કારણ કે તે માનવતાના વિકાસનો વિરોધી છે. સાંપ્રદાયિકતાના ઘેનમાં પડેલો અને પોતાની સ્વપ્નજાળમાં સપડાયેલો માનવી ભલે પોતાને સુખી, કૃતકૃત્ય માને; પણ એ કેક એક દિવસે જરૂર ઉતરવાનો અને હતો તે કરતાં પણ પોતાને વધુ કંગાળ તથા પામર જોવાનો.

સંકુચિતતા અને રૂઢીઅંધતા પણ એવા જ ઝેરી પદાર્થ છે અને ધર્મના આહારના નામે તેનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. સમુદાયની અંધશ્રધ્ધા ઉપર જેમને જીવવું છે, સમાજની લક્ષ્મી અને લાગવગના આધારે જેમને પદવી અને પ્રતિષ્ઠા કમાવવી છે તેઓ આત્માના શુધ્ધ આહારમાં આવા દૂષિત-ઝેરી પદાર્થો મેળવે છે અને એ રીતે ધર્મને પણ વગોવે છે.

[ અનુસંધાન જુઓ.................પૃષ્ઠ ૩ ]

### પર્યુષણ પર્વની ખરી સાર્થકતા શેમાં છે?

# પર્યુષણ-મહાપર્વ અને આપણું કર્તવ્ય.

### માનવ જીવનની સાફલ્યતા શેમાં રહેલી છે?

પર્યુષણ પર્વ એ આપણા દરેક પર્વમાં શ્રેષ્ઠ ગણાય છે અને એથી જ એ મહાપર્વ તરીકે લેખાય છે. એ પર્વમાં આપણું જીવન પવિત્ર અને નીતિમય રહે તે માટે આપણી સમગ્ર શકિતનો સદુપયોગ કરવો જોઇએ ને?

આ મહાપર્વમાં જે કાંઇ કરીએ તે માત્ર દેખાદેખી કે ગાડરીયા પ્રવાહમાં ખેંચાઈ ન કરતાં, હૃદયની પવિત્ર ભાવનાથી, સમજપૂર્વક અને મહાવીર પિતાના-પુત્ર તરીકે સમાન દ્રષ્ટિથી જ કાર્ય કરીએ તો માનવ-જન્મની સાર્થકતા પૂરવાર થાય.

પર્યુષણ પર્વના કર્તવ્ય અંગોમાં દાન-શીલ તપ અને ભાવના એ મુખ્ય છે, તે ધ્યાનમાં રાખવું અગત્યનું છે.

આપણા દુઃખી ભાઈ-ભાંડુંઓને, આપણા જ જુલ્મ નીચે કચડાતી વિધવા બ્હેનોને, અને અનાથ બાલક-બાલિકાઓને આ શુભ પર્વે વિસરવા જોઇએ નહિ. તેમના હૃદયને સાન્ત્વન આપવા તેમજ તેમની ભલી આશિષો મેળવવા જે કાંઇ મદદ આપણાથી તેમને આપી શકાય તેટલી છૂટથી જરાય-સંકોચ વગર આપવામાં મહાપર્વની સાર્થકતા સચવાશે.

જે દાન કરવામાં આપણી જાતિનું ધર્મનું અને માતૃભૂમિનું હિત સમાયલું હોય તે જ દાન શ્રેષ્ઠ છે. આપણા પૈસાનો સદુપયોગ એવાં જ દાનમાં થવો જોઇએ.

નામના, કીર્તિ, મોટાઇ અને ક્ષણની વાહવાહ માટે લાખ્ખો હોમી દેવા એમાં દાનનો સ્હેજ પણ અંશ રહેલો નથી. પૈસાનો એ ચોક્ખો દુરૂપયોગ છે.

ઇન્દ્રિયનિગ્રહ-સહનશિલતા અને ક્ષમા એ શુદ્ધ ચારિત્ર્યના મુખ્ય પ્રકારો છે.

આ ગુણોને આપણા જીવનમાં ઓતપ્રોત કરી દેવા જોઇએ. આત્મબળદ્વારા જ આપણે એને આપણા જીવન સાથે મીલાવી શકીએ.

મન-વચન અને કાયાદ્વારા પૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનું આ મહાપર્વે દરમ્યાન સેવન કરવું. મહિનાઓના મહિનાની ઇન્દ્રિય લોલુપતાને આ પવિત્ર દિવસોએ કાબુમાં ન રાખીએ તો પછી કયારે રાખશું?

મહોત્સવ અંગેની જે કાંઇ ક્રિયા કરીએ તે પૂરી સ્હમજથી અને શાન્તિપૂર્વક કરવી. દેખાદેખીથી અને જ્ઞાન રહિત કરેલી ક્રિયા ફળ આપી શકતી નથી.

આન્તર તપ અને બ્રાહ્ય તપ એ બે પ્રકારના તપ વિચારવા યોગ્ય છે.

ઉપવાસ આદિવ્રતથી અનેક લાભ પ્રાપ્ત થાય છે. મહાત્મા ગાંધીજી, બર્નાર્ડ મેકફેડન આદિ જગવિખ્યાત પુરૂષોએ પણ ઉપવાસના અખતરાઓ કરી તેનું મહાત્મય સ્વીકાર્યું છે. માનસિક ને શારિરીક તંદુરસ્તીના ઝરા તરીકે ઉપવાસને એમણે વર્ણવ્યો છે.

મનોનિગ્રહ-સંયમ અને આન્તરતપ બની શકે એટલાં પ્રમાણમાં કરવાનું ચૂકવું નહિ.

તપશ્ચર્યા દરમ્યાન બાહ્ય ઉપાધિઓને-દુન્યવી જંજાળોને તથા સગાસંબંધીઓની મોહજાળને દૂર રાખીએ. ગંજીફા-સોગટાંબાજી, અને જુગાર રમી આપણા અમૂલ્ય સમયની બરબાદી કરવી નહિ.

ઇર્ષ્યા-ઝેરવેર-કલેશ કંકાસ વગેરેનો એ પવિત્ર દિવસો, દરમ્યાન ત્યાગ કરવો. હૃદયને મજબુત બનાવવું. નિર્બળ હૃદયવાળા મનુષ્યનું જીવન સાર્થક નથી બનતું એ એક સ્વીકારાયલી સત્ય વાત છે.

શ્રીફળ, સોપારી, બદામ, પતાસાં-લાડુ ને દેવડાં કે વાસણોની પ્રભાવના એ ચોકખી લાલચ છે. એવી મીથ્યા લાલચનો-તદ્દન ત્યાગ કરવો. તે કરતાં અજ્ઞાનરૂપી ગાઢ અંધકાર દૂર કરવા પુસ્તકો ઉત્તમ ચારિત્રો અને જ્ઞાન ઉદ્ધાર કરનારી પત્રિકાઓની પ્રભાવના કરીશું તો જીવનમાં કંઇંક નવિન તત્ત્વો આમેજ કરી શકીશું.

જેઓ મહાવીર પિતાના જીવનથી, તેમના સૂત્રોથી, તેમના સિધ્ધાન્તોથી માહિતગાર નથી તેમના હૃદયમાં તેમના જીવનનો પ્રકાશ પ્રગટાવવો જોઇએ.

અને એ મહાપર્વોએ, આપણા એ મહાઉત્સવ પ્રસંગે મહાવીર પ્રભુના આપણે સંતાનો તેમની સમક્ષ બે હાથ જોડી પ્રાર્થીએ—

ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.

---

**ધર્મ આત્માનો આહાર**..................પૃષ્ઠ ૨ થી ચાલુ

આપણને કહેવામાં આવે છેઃ આત્મા જેવી શુધ્ધ, શકિતમાન અને ઉદાર વસ્તુ બીજી એક પણ નથી. એવા આત્માનો આહાર પણ કેટલો નિર્મળ, પૌષ્ટિક અને સ્વાભાવિક હોવો જોઇએ? તમે દેહને અર્થે વપરાતા આહાર્ય દ્રવ્યોની શુધ્ધિ બારીકાઇથી તપાસો છોઃ દેહમાં રખેને વિકાર પેસ એવી શંકાથી ત્રાસ પામો છો. તમારા મનને પણ સ્ફુર્ત્તિવાળું, ઉલ્લાસવાળું રાખવા પ્રયત્ન કરો છો. એકલા આત્માને જ આવો કૃત્રિમ અને વિષમિશ્રિત આહાર કાં આપો છો? આત્માના આહારની પસંદગી કરતી વખતે તમારી વિવેકશકિતનો કાં ઉપયોગ નથી કરતા? આત્માના ઉધ્ધાર માટે ઝંખતા હો તો એ આત્મા પાસે પહોંચતા આહાર ઉપર તમારે કેટલો સખત ચોકી પહેરો રાખવો જોઇએ?

જ્યાં જ્યાં તમે મનુષ્યત્વનો અનાદર થતો જુવો, મનુષ્યત્વનું અપમાન થતું જુઓ, જ્યાં જ્યાં દેખાવો અને ઠાઠમાઠો પાછળ જ કોઇ એક સંપ્રદાયના અનુયાયીઓના લોહીનું સંપત્તિનું છેલ્લું ટીપું ખર્ચાઇ જતું દેખાય, અને જ્યાં જ્યાં વિધિ કે વેશની ખાતર અંદર અંદર મહાવિગ્રહો ચાલતા જણાય. એક જ ધર્મના અનુયાયીઓ એક બીજાની મુંડી દબાવતા હોય ત્યાં ત્યાં આત્મા ભૂખમરો જ વેઠે છે અથવા તો આત્માને જેવો જોઇએ તેવો અણિશુધ્ધ આહાર નથી મળતો એમ માનજો અને એ દયાજનક સ્થિતિમાંથી તમે તમારા આત્માને બની શકે તેટલી વ્હેલી તકે બચાવી લેજો.

# ભીખારીના એ ભીખારીને !

આલેખનાર: '**જયભિખ્ખુ**'

દેવ !

દુનિયા તને વીતરાગ કહે છે.

શા માટે પછી પુષ્પ, ફળ અને સૂવર્ણમૂદ્રા તારે કદમે લાવું ?

તારા રાહમાં હું પૂજાના ઠાઠ કરીને નીકળ્યો હતો ને મેં એ અવાજ સાંભળ્યા !

તારા માટે લાવેલી મીઠાઇ મેં ભૂખ્યા કુતરાને દીધી, તારાં ફુલ એક બદબો મારતા ભીખારીને ચરણે ધર્યાં, તારી સૂવર્ણમૂદ્રા એક ગરીબ ગુનેગારને અર્પી.

ખાલી હાથે, કશા ચે ઠાઠ વગર તારે ચરણે આવ્યો છું.

❖ ❖ ❖

સૂરજ અસ્તાચળ પર સરકી રહ્યો છે.

પૂજારી તારા મંદિરને ખંભાતી તાળાં લગાવે છે.

પિત્તળના દરવાજા દેવાઇ રહ્યા છે.

તારા દર્શને દોડતાં હું થંભી ગયો.

શા માટે પત્થરના કિલ્લામાં કેદ થયેલ તને પૂજવા આરજુ કરૂં ?

પૂજારીને શા માટે વીનવું ?

શું મારી ભક્તિ તારા કિલ્લાને નહિં ભેદી શકે ?

❖ ❖ ❖

હું દોડતો હતો.

બારનાં ઘડિયાળાં રાજટાવરમાં ગાજતા હતા.

મેં સાભળ્યુ હતું કે દેવ ! તને માનવીઓએ મઢયો છે.

શૃંગારમાં ય તારી વીતરાગતા કેવી દીપતી હતી એ જોવાના કોડ હતા.

તારા સંગેમરમરના પગથિયે હું પહોંચ્યો. પણ કીડા ખરતા કુતરાને હાંકી કાઢે એમ મને તારા કહેવાતા સેવકોએ હાંકી કાઢયો.

તેમણે કહ્યું 'તું અશુધ્ધ છે. તારૂં ધોતિયું ખરડાયેલું છે.'

મેં વીનવ્યા. 'ભાઇ ! કબૂલ ! પણ માર્ગમાં કીચડમાં ફસાયેલ બળદ ગાડીને કાઢતાં બગડેલ છે.

'તારા બદનમાંથી બદબો છૂટે છે.' પૂજારી મને ધમકાવતો હતો.

'ભાઇ ! સાબૂના પૈસા નહોતા, ત્રણ દહાડાનો પરસેવો એ પી ગયું છે.'

'જા ! તું અશુધ્ધ છે.' મને ડાંગ બતાવી.

હડકાયું કુતરૂં નાસે એમ હું નાસી છૂટયો.

❖ ❖ ❖

ઓ મગરૂર ?

તું શુધ્ધ અને હું અશુધ્ધ ?

આવું ગૂમાન તને કયારે ચઢયું ?

લોકો તો તને વીતરાગ કહે છે !

❖ ❖ ❖

એક દહાડો ઉષા પૃથ્વીને ચૂમતી હતી.

તારા ભકતો તને સોનેરી આરતી ધરતા હતા,

કોઈ તારી પાસે કંઈ માંગતા હતા,

તો કોઇ કંઇ માંગતા હતા.

મેં સૌને કહ્યું. 'એ ભીખારી તમને શું આપશે !'

ભીખારી બનવું હોય તો એની પાસે જજો !'

દેવ ? બધા મારી સામે લાલ આંખ કરતા હતા.

કોઈને ભીખારી બનવું નહોતું ગમતું.

❖ ❖

ઓ ભીખારીના ભીખારી !

ભિક્ષુના ઓ આઝાદ ભિખ્ખુ !

જગત સમજતું હતું કે તારી પાસે દોલત છે.

હું જાણતો હતો કે તારી પાસે ચૂલાની ખાખ પણ નથી.

તું તો આઝાદ ભીખારી છે.

તને તો ભીખ માગવાની ટેવ નથી પણ ભીખ મંગાવવાની આદત છે.

❖ ❖ ❖

એક અજવાળી રાતે.

જ્યારે ખાણમાં ખોદતો મજૂર નિરાંતે ઉંઘતો હતો.

પડખે સૂતેલી માશૂક રમણીય સ્વપ્નાં નિહાળી રહી હતી.

પાંજરામાં પોઢેલી મેનાએ પાંખ ભીડી દીધી હતી. ત્યારે તારી યાદ જાગી.

એ રાતે ન ઉંઘ આવી કે ન આરામ લીધો. મને ય ભીખારી થવાના ભાવ જાગ્યા હતા.

❖ ❖ ❖

કેવો રૂપાળો ભીખારી !

વસ્ત્રવિહોણા તારા દેહમાં જ હજારો રૂપવતીઓ ઝાંખી પડતી હતી.

તારા સૂરમાં તો સંગીત લુખ્ખુ લાગતું હતું.

તારાં મનોહર નયનાં જોતાં તો જગત જોવું જ નહોતું ગમતું.

આ માશૂક, આ મસ્તી, આ મહેરીલ, આ મનોહર બાળક બધું ય છોડી તારા કદમ ચૂમવા હું દોડયો !

કેવો રૂપાળો ભીખારી.

❖ ❖ ❖

એક વેળા મેં તને મુફલીસ કીધો.

એક સફેદપોશ તારા પયગંબરે મને તિરસ્કાર્યો.

મેં એને ફરી કીધું. 'એની પાસે તો ફૂટી કોડી પણ નથી.'

❖ ❖ ❖

સાગર ગર્જી રહ્યો હતો.

કુસુમ વિકસી રહ્યું હતું.

પ્યારીનાં નયનો કટાક્ષ કરી રહ્યાં હતાં.

મેં કહ્યું ! મારો એ દેવ ! આનાથી ય મધુર ગર્જતો હતો.

એનું મુખકમળ એનાથી ય વધુ મધુર હતું.

એનાં નયનો આનાથી ય વધુ તેજ હતાં.

કોઈ ડાહ્યાએ કહ્યું:-

'ત્યારે એની પાસે કંઇ માગી લે ને!'

મેં કહ્યું:- 'એ મુફલીસ લોકોને મુફલીસ બનાવવા સિવાય કંઇ કરતો નથી.

❖ ❖ ❖

લોકોએ મને તારો એક સ્તવન સંગ્રહ આપ્યો.

મેં એને ફેંકી દીધો.

શું મારૂં હૈયું સ્વયં સંગીત ને સ્તવન નહોતું કે એવા પારકા શબ્દો ગોખું!'

❖ ❖ ❖

કોઇ સેવકે મને તસબી આપી.

મેં તોડીને ફેંકી દીધી.

શું મારા દિલમાં એના કરતા સાચા પારા નહોતા ફરતા?

❖ ❖ ❖

કોઈ તારા નામનો એજન્ટ મને મળ્યો હતો.

એ તને માલીક ગણતો.

તારાં તત્વોને એ મૂડી માનતો.

ને તારા ધર્મને નામે પેઢી ચલાવતો.

એ તારી સ્તવના કરતો, એથી વધુ ચાળા કરતો.

એ તારી યાદ તાજી કરતો, એથી વધુ ઉઠબેસ કરતો.

તને રીઝવવા કરતાં લોકને રીઝવવું એને વધુ ગમતું.

તારા નામથી ચાલતી એ પેઢીના એજન્ટને તો મેં દેવાળિયો કહ્યો.

❖ ❖ ❖

સરોવરને કાંઠે સારસી ગાતી હતી.

કમળ હમણાંજ ખીલી ઉઠયાં હતાં.

મને કોઇએ કહ્યું:-

'આ પ્રભુનો ગુલામ બની જા ને!'

મેં એને સખ્ત તિરસ્કાર્યો.

હું તો તને દોસ્ત માનું છું.

ગુલામી તો સ્વપ્ને પણ નહી ગમે!

❖ ❖ ❖

દેવ! જો તને કહી દઉં છું.

પણ શું કહું? તું બહેરો છે.

તને શું બનાવું? તું અંધ છે.

તને શું સમજાવું? તેં કયાં એકે લાગણી રાખી છે.

❖ ❖ ❖

મને તો તારા સિંહાસને બેસવું છે.

અને તે માટે તારા સુવર્ણ મંદિરને મેં તજી દીધું છે.

ત્યાં તો ગુલામી જ નિરમાતી હતી.

તારા નામનાં સ્થાનને, તારા નામના સાધુ બન્નેય ને તજી દીધા છે.

હું બોલું છું એ પણ તું નથી સાંભળતો એ હું જાણું છું.

❖ ❖ ❖

અંધારે ખૂણે તારી જીવનકિતાબ ખોલું છું.

તું સમ્રાટ કેમ બન્યો? એજ શોધવું છે.

મને તારી એટલી જ ગરજ છે.

# ત્યાગમૂર્તિ ગૌતમ

::: મહાત્મા બુધ્ધના જીવનની એક દિવ્ય ઝલક :::

દુ:ખોથી બચવાનો માર્ગ શોધવા માટે રાજકુમાર ગૌતમ રાજપાટ ત્યજી વનમાં જઇ બેઠા. વનની નજીક એક ગામ હતું. એક દિવસે સન્ધ્યા સમયે એક યુવાવસ્થા સમ્પન્ન ગ્રામ્યબાલા એમની પાસેથી પસાર થઈ. જોતાં જ અટકી ગઈ. આવો સુન્દર નવજુવાન અહિં કેમ બેઠો છે? શું જોઇએ છે? કોણ છે અને કયાં રહે છે? હું એને બોલાવું? વગેરે વિચાર પ્રશ્નો એક લક્ષ-માં જ તેના મસ્તિષ્કમાં ઉત્પન્ન થયા. લોકનિન્દાનો ભય પણ તેને હતો. વળી માતપિતાનો પણ. તે વિચારતી કે કદાચ મારી સુન્દરતા નવયુવકના મન પર આકર્ષણ ફેલાવે કે નહિ? પરન્તુ પ્રેમ અસ-ફળતાના વિચારોથી વિચલિત થતો નથી.

બાલાએ માટીનું પાત્ર કે જેમાં દુધ ભર્યું હતું તે શિર પરથી ઉતારી એક વૃક્ષની સમીપ મુકયું. પોતે ગૌતમની નજીક આગળ વધી. સમીપ આવતાં જ તે વિવશ બની ગઇ. નવયુવકનું સુન્દર મુખ તેના હૃદયને આકર્ષી રહ્યું હતું. ચાલ્યા જવાનો તેને વિચાર આવ્યો પરન્તુ યુવાનનું આકર્ષણ તેના તે વિચારને ચલિત કરતું હતું.

"શું હું આપનું નામ પૂછી શકું છું?"

"કેમ?"

"એમ જ."

ગૌતમના નેત્રો ખુલી ગયાં હતા. અને બાલાએ તેમની સાથે વાર્તાલાપ કરવાનો આરંભ પણ કરી દીધો. ગૌતમ જાણતા હતા કે તેને શું ઉત્તર આપે. પરન્તુ જવાબની સાથે તેને ઉપદેશ પણ આપવા ઇચ્છિતા હતા અને એથી જ તેઓ વાર્તાલાપ કરી રહ્યા હતા. જ્યારે બાલાએ કહ્યું કે આપનું નામ અમસ્તી જ પૂછી રહી છું ત્યારે ગૌતમે જણાવ્યું:—

"આજ સુધી સંસારમાં કોઇ વાત વિના કારણે થઇ નથી. પ્રત્યેક વાતનું કંઇ ને કંઈ કારણ જરૂર હોય છે જ. જો તું મને સ્પષ્ટ કહી દે કે મારૂં નામ પૂછવાની જરૂર કેમ ઉત્પન્ન થઇ તો હું તને મારૂં નામ આપું, અને એ પણ કહીશ કે હું કયાંથી આવ્યો છું—અને કયાં જઈ રહ્યો છું."

બાલાની આંખો ગૌતમને સમજવાનો પ્રયત્ન કરી રહી હતી, તેના પ્રેમનો ઉત્તર સન્તોષજનક હતો. તેણે આગળ કદમ ભર્યાં. ગૌતમ જ્યાં બેઠા હતા તેની સમીપ જ તે બેસી ગઈ અને કહેવા લાગી:—

"હું આપના દર્શન માત્રથી જ મારી સુદ્ધ બુદ્ધ ગુમાવી બેઠી છું. તમારી મુખાકૃતિએ મારા હૃદયપર અનેરૂં આકર્ષણ કર્યું છે બોલો હવે મને વધુ શા માટે બોલાવો છે?

"તારી ઇચ્છા હું પામી ગયોછું. વિચારીને ઉત્તર આપીશ.

(અનુસંધાન જુવો......પૃષ્ઠ ૮ મું)

# : બ્હેનોને :

વર્ષમાં એક વખત આઠ દિવસ આપણા પર્યુષણ આવે છે ને જાય છે. એ દિવસો મહાપર્વ તરીકે ગણાય છે. એનો પ્રણાલિકા તરીકે ઉપયોગ કરીએ એ સાથે એ મહાપર્વના દિવસોમાં આત્મ ઉન્નતિ માટે સમજીને કરવા યોગ્ય આદરીયે ને છાંડવા યોગ્ય છોડીયે તો જ આત્મસાધના સધાય. વળી સાથે સમાજનું, દેશનું ને ધર્મનું હિત થાય. એ બ્હેનો સમજે ને અંતરમાં ઉતારે.

તમારી ફરજ સમજીને જે કંઇ દાન કરો તે લાભાલાભનો વિચાર કર્યા સિવાય શરમમાં તણાઇને, દેખાદેખીથી કે મોટાઈ ખાતર કરતાં વિચારજો. એમાં સેવા નથી પણ લાલચ છે. જ્યાં લાલચ છે ત્યાં લાભ નથી.

સંયમ સાદાઇ એ ઉંચે ચડવાનું પગથીયું છે. છતાં તમે આછાં, જરમાળ ને નિર્લજ્જ પોષાકો પહેરો છો તે શોભાસ્પદ નથી પણ લજ્જાસ્પદ છે એવા નિર્લજ્જ પોષાકોથી સાદાઇ સાંપડતી નથી. જ્યાં સાદાઇ નથી ત્યાં સંયમનો વાસ મુશ્કેલ છે.

જમણવારો, ગુંદ ગલપાપડી, રાબડીને કડેલાં દુધ સંયમને પોષનારાં નથી પણ પાકનારાં છે. એટલે એ પૌષ્ટિક પદાર્થોના સ્વાદો છોડી દઇ સાદો ખોરાક ને સાદો પોષાક ગ્રહણ કરશો તો આત્મ સાધના સાધી શકશો.

આ મહાપર્વના દિવસોમાં કોઇનું પણ અહિત ન થાય તે માટે વાણીને કાબુમાં રાખએ પછી અસત્ય બોલાય જ કેમ ? લડાઈ ઝઘડા, કુથલી–નિંદાનું તો આ પર્વોએ નામ જ ન લેવાય.

પ્રભાવનાની લાલચે તમારાં બાળકો સાચો ધર્મ ભૂલી જઇ લાલચુ બને છે એમને એ લાલચમાંથી બચાવો ને તમે બચો.

અહિંસા એ આપણો પરમ ધર્મ છે, પછી આપણાથી મીલ કાપડ કેમ વપરાય ? મીલમાં બનતા કાપડમાં ચરબી વપરાય છે. એ આપણાથી ના જ પહેરાય અને પહેરીએ તો જૈનત્વ લાજે.

જે રેશમી કપડાં પહેરી તમે ભગવાનની પૂજા કરો છો, મંદિરોમાં, ઉપાશ્રયે જતી વખત પહેરો છો તે રેશમી વસ્ત્રો તૈયાર કરવામાં એક વારે લગભગ ચાલીસ હજાર જીવની હિંસા થાય છે, તે જગજાહેર વાત છે, છતાં હિંસાને પોષનારાં રેશમી વસ્ત્રો પહેરી અહિંસાને ઠોકર મારી હિંસાને ઉત્તેજન આપો છો એ સમજાય છે ? ન સમજાતું હોય તો સમજો અને **રેશમી તેમ મીલ કાપડને બદલે પવિત્ર શુધ્ધ ખાદી પહેરો.**

પરદેશી ખાંડ સાફ કરવામાં જનાવરોના લોહીનો તેમ હાડકાનાં કોલસાનો ઉપયોગ કરવામાં આવે છે. છતાં આપણે પરદેશી ખાંડ ખાઈએ તો મહાપાપના ભાગીદાર થઇએ છીએ તો એ પાપમાંથી બચવા પરદેશી ખાંડ છોડશો ?

જેમ સારે નરસે પ્રસંગે રૂઢીએ આપણા પર સત્તા જમાવી છે તેમ આ ધર્મના દિવસોમાં પણ રૂઢીએ આપણા પર સત્તા જમાવી છે. જન્મ કલ્યાણના દિવસે પારણાં ઝુલાવવાં, ફુલના દડા કે શ્રીફળ પધરાવવાં એ કયા પ્રકારનો ધર્મ છે તે વિચારશો ?

પ્રતિક્રમણમાં સૂત્રોને અંગે બોલાતી ઉછાણી એ સૂત્રોનું લીલામ છે. એટલે જેના ગાંઠે જર તે મોટાં સૂત્રો ખરીદી બોલી શકે. આ પણ ધર્મ નથી પણ રૂઢીને બ્હાને લીલામ છે. એને તમારો ટેકો નજ હોઇ શકે.

કલ્પસૂત્ર વાચન, વરઘોડા, ઈત્યાદિ ધામધૂમ પાછળ ધર્મ કરતાં ધર્મગુરૂઓની મહત્તા, તેમની સત્તાનાં મૂળ ઉંડાં ઉતારવાની રચના છે. પોતાનું શાસન જમાવવાની એ ચાલબાજી છે. ત્યાં તમને આત્મ ચિંત્વન જેવું શું લાગે છે ? જ્યાં આત્મચિંત્વન ન હોય ત્યાં ધર્મ ધ્યાનનું અસ્તિત્વ કઈ રીતે હોઈ શકે, એ વિચારશો કે ગાડરીયા પ્રવાહની પેઠે હાંકે રાખશો ?

આ મહાપર્વના દિવસોમાં એ વિચારશો ? કે તમારી લાખો બ્હેનો જ્ઞાનવિના અજ્ઞાનરૂપી અંધકારમાં ગોથાં ખાય છે. અનેક રોટીવિના ટળવળે છે, અને પેટનો ખાડો પૂરવા ખાતર પવિત્રતાને વેચવા તૈયાર થાય છે. તેને બચાવવા પૈસા ખરચશો કે જીવદયાના બહાના નીચે માછીમારો ને કસાઇઓને ઉત્તેજન આપશો ?

તમે દહેરે અપાસરે તમારા પૈસા ખરચો તે પહેલાં વિચાર કરજો કે તમારા અનેક ભાઈ ભાંડુઓને એક ટાણું ખાવા પણ મળતું નથી.

જે તીર્થો પ્રાણીમાત્રના કલ્યાણ માટે છે તેજ તીર્થો માટે એક જ પિતાના પુત્રો (શ્વેતાંમ્બર, દીગમ્બર) લાખો રૂપિયા કોર્ટોદ્વારા ખરચી પૈસાનું પાણી કરે છે. એક બીજાની વચ્ચે વેર વિરોધ વધે છે. તો તમે પુરૂષવર્ગને આવા ઝગડાઓથી હાથ ઉઠાવી લેવા સમજાવશો તો સમાજની સારી સેવા કરી શકશો.

તમે સમજો છો કે એક જ પિતાના પુત્રો અંદર અંદર લડી નબળા પડે તો એ એમની પાયમાલીને આમંત્રે છે. ત્યારે એક બીજામાં અંતર વધારવા ઝેરીલો પ્રચાર કરે છે. તે હવાથી પેટને ખાતર કલમ ચલાવનારા લેભાગુઓથી, તમારા બાળકોને દૂર રાખશો અને એટલો નિશ્ચય કરશો કે અમે ત્રણે ફિરકાના જૈનો એક જ પિતાના પુત્રો ને પુત્રીઓ છીએ.

તમે ઉપાશ્રયમાં પગ મૂકો કે તમારા બાળકોને મોકલો ત્યારે એટલો, જરૂર ખ્યાલ રાખજો કે જેઓમાં પંચમહાવ્રતના એકે વ્રત્તનું ઠેકાણું નથી. દંભના જ પુતળાં છે, જૂઠથી ટેવાયેલા છે, ધર્મને સમાજની સેવા બદલે મોટાઇ ને આડંબરમાંજ રચ્યાપચ્યા રહે છે, તેવા પાખંડીઓને માથુ નમાવવું એ પાપ છે, બાળકોને એના સહવાસમાં મૂકવા એ એના જીવનને ધૂળધાણી કરી નાખવા જેવું છે.

સમાજનો બ્હેનો પર મુખ્ય આધાર રહેલો છે. બ્હેનો જો ધારે તો સમાજ અને દેશની ઉન્નતિમાં સારો ફાળો આપી શકે એમ છે અને એથી જ મહાત્માજી એ બ્હેનોને કર્તવ્યપરાયણ બનવાનો ઉપદેશ આપ્યો છે. બ્હેનો જો ધારે તો રૂઢીની ભીંસાતી જુલ્મ ચક્કીમાંથી સમાજને ઉગારી શકે. તે જો ઇચ્છે તો દંભ, સિતમ, પાપાચાર અને અજ્ઞાનતાની ઘોર ખોદી નાંખે.

પર્યુષણના આ મહાપર્વે બ્હેનો સવેળા જાગી પોતાની ફરજ બજાવે એ જ વાંચ્છના !

# જૈન સમાજની પુનર્ઘટના

તેરમી જુલાઇએ મુંબઇ જૈન યુવક સંઘના આશ્રયે હિરાબાગમાં શ્રી પરમાનંદ કાપડીયાએ ઉપરોકત વિષય પર આપેલું ભાષણ નીચે મુજબ છે. ભાષણ અભ્યાસની દૃષ્ટિએ અગત્યનું અને આજના પ્રશ્નો પરત્વે અંગુલી નિર્દેષતું હોઇ અમારા વાંચકોનું અમે ધ્યાન ખેંચીએ છીએ.

( ગતાંકથી ચાલુ )

## કોઇ પ્રતિભાશાળી લેખક નથી

સાહિત્યના પ્રદેશમાં આપણો પૂર્વ ઇતિહાસ જેટલો ગૌરવ પ્રેરક છે તેટલી વર્તમાન પરિસ્થિતિ શોચનીય છે. એક પણ આજે નથી જૈન કવિ કે નથી એક પણ પ્રતિભા સંપન્ન લેખક. આ દશા માત્ર શ્રાવકોની છે એમ નથી. સાધુઓ પણ આ પ્રદેશમાં એટલા જ શૂન્ય બની ગયા છે.

## સટ્ટા અને જુગાર તરફ

જૈન સમાજનો મોટો ભાગ વ્યાપારમાં પડેલો છે પણ તેમાંથી ઘણો ભાગ સટ્ટા તરફ ઘસડાતો જાય છે. સટ્ટાથી પુરૂષાર્થમાં શ્રદ્ધા ઘટે છે, પોતાની શકિતને ઓળંગીને માણસ આંધળું સાહસ કરે છે, જીવનમાંથી શાન્તિ અને સ્થિરતા નષ્ટ પામે છે, અને નૈતિક દૃષ્ટિએ સમાજ અધોગતિને પામે છે. ઉદ્યોગ કે હાથ મજુરી તરફ આપણામાં બીલકુલ વલણ છે જ નહિ. તેથી આજે દેખાતી સમૃદ્ધિ આવતી કાલે રહેશે કે નહિ તે ચિન્તાભર્યો પ્રશ્ન આખી જૈન કોમ સમક્ષ ઉભો છે.

## નિસ્તેજ સાધુઓ

આપણો સાધુ વર્ગ જે ધર્મનો ખરો ધારક ગણાય છે અને જેના વડે સમાજમાં ધર્મ જીવતો રહે છે તે અન્ય સાધુ સન્યાસીઓની અપેક્ષાએ અતિ કઠણ જીવન ગાળે છે એમ છતાં તદ્દન નિસ્તેજ દેખાય છે. સાધુ સમુદાયનો મોટો ભાગ કેવળ રૂઢિચુસ્ત અને પ્રણાલિકા પૂજક છે. તેમની દુનિયા ઉપાશ્રય અને 'જી હા' કરતા શ્રાવકોની જ બનેલી હોય છે. બીજા કેટલાક સાધુઓ જેને નવવિચાર કાંઇક સ્પર્ષ્યો દેખાય છે તેઓ પણ સમાજને એક ડગલું આગળ લઇ જઈ શકતા નથી. તેઓ જુના વિચારના, જુની રૂઢિ પર ચાલનારા માત્ર નવવિચારની ચાદર ઓઢીને ફરે છે એ ચાદર કસોટીનો સમય આવતાં ઘડીકમાં ઉતરી જાય છે અને પરિણામે આપણને સૌ સરખા માલુમ પડે છે. આપણા સાધુઓમાં તપ છે, કઠણ જીવન છે, ધર્મની શ્રધ્ધા છે, બની શકે તો કાંઇક સારૂં કરવું એવી વૃત્તિ છે પણ તેઓમાં નથી આન્તર જાગૃતિ, નથી વિશ્વવ્યાપી વિશાળતા, નથી સ્વતંત્રપણે સાચું અને ખોટું સમજવાની શકિત. નથી બહારની દુનિયા, બહારના મહાન પુરૂષ કે બહારના વિપુલ સાહિત્યનો જરા પણ પરિચય કે અનુભવ. તેઓના ત્યાગ પાછળ સાચો વૈરાગ્ય નથી, તેઓના તપ પાછળ કોઇ ઉંચા ધ્યેયની સમજણપૂર્વકની ઉપાસના નથી, તેઓના જ્ઞાનાભ્યાસ પાછળ સત્ય ગવેષણની ઉંડી આતુરતા નથી. પરિણામે આજના સાધુઓ આજે સમાજને દોરતા નથી; તેઓ પોતે જ સમાજ પાછળ ઘસડાય છે. સમાજના અભિપ્રાયનો તેમને જેટલો ભય છે તેટલો ભય અન્ય કોઇના જોવામાં આવતો નથી. સન્યાસીમાં જે વિચાર સ્વાતંત્ર્યની, વાણી સ્વાતંત્ર્યની, વર્તન સ્વાતંત્ર્યની ખુમારી હોય તે આજના જૈન સાધુમાં છે જ નહિ અને તેથી આખો વર્ગ નિસ્તેજ પ્રતિભા શૂન્ય– લાગે છે.

## સાહસ સુન્ય શ્રાવકો

આપણી આખી જૈન પ્રજા પણ આજે કશી તેજસ્વીતાનો દાવો કરી શકે તેમ છે જ નહિ. જૈન એટલે એક નિર્માલ્ય. કેવળ ગણત્રી ગણતો સર્વ પ્રશ્નોને પૈસા પાઇમાં જ વિચારતો-ભીરૂ-સાહસ શૂન્ય પ્રાણી-એવો આક્ષેપ જૈનો ઉપર જ્યાં ત્યાં મુકવામાં આવે છે. આપણે આમ વ્યાપારી–વાણીયા જોખમથી દશ ગાઉ દૂર ભાગીએ. અહિંસાએ આપણને મરદાનગી આપવી જોઇતી હતી તેને બદલે આપણને બાયલા નિર્માલ્ય બનાવ્યા છે કારણ કે અહિંસાની એક બાજુ મારવું નહિ તે છે તે જ પરમ ધર્મની બીજી બાજુ બચાવવું એટલે માત્ર કસાઇ વાડે જતાં થોડાં જાનવરોને પૈસા આપી છોડાવવાં એ જ માત્ર નહિ પણ જ્યાં અન્યાય હોય, જુલમ હોય, દુ:ખ હોય, ત્રાસ હોય, જનતાને માથે સંકટ હોય ત્યાં તન મન ધન–સર્વ કાંઈ હોમીને અન્યાય–જુલમ દુ:ખ–ત્રાસ–સંકટ દૂર કરવા એ અહિંસાની સાચી સક્રિય બાજુ છે. આપણામાં જેને પ્રશસ્ત ક્રોધ કહે છે, તે નથી અન્ય વ્યકિત કે સમષ્ટિ માટે ધગશ નથી, સ્વાર્પણની આતશ નથી. રહેણી કરણી સર્વત્ર અસ્વસ્છતાથી અંકિત છે. જીવનમાં ન મળે કળા કે ન મળે રસિકતા. વ્યાપાર સિવાય બીજી કોઇ દિશાએ આપણને નથી મહત્વાકાંક્ષા કે, નથી પુરૂષાર્થ ખેડવાની પ્રબળ વૃત્તિ.

## આંતર વૈમનસ્ય.

આવા આપણે જૈનો કુલ ૧૨૫૧૩૪૦ કુલ ત્રણ ફીરકાઓમાં વહેંચાયલા છીએ અને તે ફીરકાઓના ભાગવિભાગ પાર વિનાના છે:–આને લીધે આપણામાં સમુદાય બળ જેવું કશું છે જ નહિ. સરકાર ઉપર આપણો કશો પ્રભાવ પડતો નથી, અંદરથી છિન્ન ભિન્ન આપણે તીર્થો ખાતર વર્ષો થયાં એકમેક સાથે લડી રહ્યા છીએ. એક વર્ગ અન્ય વર્ગ સાથે પાર વગરનું વૈમનસ્ય ધરાવે છે અને કમનસીબે પ્રત્યેક વર્ગના સાધુઓ અને આગેવાનો આ વૈમનસ્યને સતત પોષ્યા કરે છે. પરિણામે જૈન સમાજ ઉત્તરોત્તર ક્ષીણતાને પામતો જાય છે. (વધુ આવતા અંકે)

## આવતો અંક બંધ

પર્યુષણનાં તહેવારોને અંગે અમારો આવતો અંક બંધ રહેશે તે પછી નીકળનારો અંક ૧૨ પાનાનો કાઢવામાં આવશે.

# પર્યુષણ—:—મહાપર્વ.

વિનાશને પંથે ધપતા જગતને વિશ્વબંધુત્વનું દિવ્યસંગીત સંભળાવતા પ્રભુ મહાવીરના અનુયાયીઓમાં પર્યુષણ સર્વોત્તમ પર્વ ગણાય છે. એ આઠ દિવસો દરમ્યાન બાહ્ય જગતનો સંબંધ છોડી આત્મ સૃષ્ટિમાં વિચરવાનો આદેશ છે. આબાલ વૃદ્ધ સૌ કોઇ એ મહાપર્વને અપનાવે છે. ખાસ કરીને બાળકો માટે તો એ મહાપર્વમાં નવાં નવાં કપડાં પહેરવા મળે, વાપરવા પૈસા મળે, અને સારૂં સારૂં ખાવાનું મળે એ દ્રષ્ટિએજ પર્યુષણ પર્વનું આકર્ષણ છે, જ્યારે સ્ત્રીઓ માટે ઉપવાસ પહેરવા ઓઢવાના, અને આભુષણોના પ્રદર્શન ભરવાના દિવસો મનાય છે. છઠ્ઠ, અઠ્ઠમ, અને અઠ્ઠાઇ વગેરે તપસ્યાઓ પુરૂષો કરતાં સ્ત્રીઓ વિશેષ પ્રમાણમાં કરે છે એ શક વગરની વાત છે, પરંતુ તપસ્યા કરીને સ્વાધ્યાયને બદલે કુથલી, નિંદા, વાંધા વચકા ને કલેશ કંકાસ વગેરેનો ઘણાઓને અનુભવ થતો હશે ! અલબત એમાં અજ્ઞાનતા જ પ્રધાન કારણ છે, જો તેને નવિન દ્રષ્ટિએ કેળવવામાં આવે ગૃહકાર્ય ઉપરાંત જ્ઞાન આપવામાં આવે તો તેના જીવનના રાહ ઉન્નતિના માર્ગેજ વળી શકે.

સાધુઓ માટે આ દિવસો ખૂબ કિંમતી મનાય છે, કારણ કે તેમણે જે મહત્વાકાંક્ષાઓ સેવી હોય છે, કોઇ પુસ્તકો છપાવવાં હોય, કે ખાનગી ફંડ એકત્ર કરવું હોય, કોઈ નવિન સંસ્થા ખોલવી હોય કે અમર નામના મેળવવા માટે ગુરૂ મંદિરો બંધાવવાં હોય, કોઇ નવિન ભકત ભકતાણી બનાવવાં હોય કે બાળ શિષ્યો શોધવા હોય, તો આ દિવસોમાં એ બધું આસાનીથી બની શકે છે. જ્યારે પુરૂષો માટે તો ઘણાયેને પર્યુષણ પર્વ બોજા રૂપ બની જાય છે. ઘરમાં અનેકને સંતોષવાની ફીકર થાય છે. બીજી બાજુ મહારાજની શરમમાં તણાઇ ફુલ નહિ તો ફુલની પાંખડી પણ કંઇક આપવાની ન છૂટકે ફરજ પડે છે. તેમજ ઈજ્જત અનુસાર ટીપ ટપોરામાં પણ કંઇક આપવું પડે છે. આવા બેકારીના સમયમાં પુરૂષોને આ બાબતો ખૂબ મૂંઝવે છે. અને ગમે તે રીતે તમાચો મારી મોઢું લાલ રાખે છે. કોઇ દિવસ મંદિર અને ઉપાશ્રયમાં પગ નહિ દેનાર આ દિવસોમાં ભકત બની જાય છે. કલિયુગમાં પર્યુષણ પર્વનું આ જાતનું મહાત્મય છે. પણ આ વસ્તુ અનિચ્છનીય છે. એ મહા પર્વના દિવસો રાગદ્વેષ વધારવા માટે નહિ. પણ ઘટાડવા માટે નિયત કર્યા છે. જીવનના છેલ્લા વર્ષમાં કોઇનીયે જોડે કોઈ જાતનો વૈર વિરોધ થયો હોય, કોઈ પણ જાતનાં પાપો સેવ્યાં હોય તો ત્હેનો હાર્દિક પશ્ચાતાપ કરવાને માટે એ દિવસો પવિત્ર ગણવામાં આવ્યાં છે, ' સહધર્મી વાત્સલ્ય ' અને સમાજોન્નતિના રાહ વિચારવાના એ સોનેરી દિવસો છે, એકાદ બે વરઘોડા, બે ચાર સુંદર બેંડોના સૂર સાંભળવા; ચાર છ નોકારશીઓ કરવી કે મહારજના મુખેથી કલ્પસૂત્રનું શ્રવણ કરવું એટલા માત્રથી આ પર્વની જવાબદારી પૂરી થતી નથી પણ સમાજની આંતરવેદના શાંત કરવા માટે કટિબદ્ધ થવાની જરૂર છે. સમાજનાં ખાસ અંગો મનાતાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર અંગોમાં કયું અંગ શિથિલ બની ગયું છે, કયાં ઇંજેકશન મારવાની જરૂર છે, અને કયાં ઓપરેશન કરવાની આવશ્યકતા છે એ વિચારી તે માટે સ્પષ્ટ રાહ નક્કી કરવાની અનિવાર્ય ફરજ સમજવી ઘટે છે.

આંતરકલહની આગના ચોતરફ ભડકા બળે છે. જાહેરજીવન લગભગ મૃતપ્રાય બની ગયું છે. અને જીવન નિર્વાહના સાધનોનો વિકલ પ્રમાણમાં અભાવ દ્રષ્ટિગોચર થઇ રહ્યા છે. વિચાર ભેદ અને જડતા જડબા વિકારી રહી છે. આવી વિપરિત પરિસ્થિતિનો સમાજને કપરો અનુભવ થઈ રહ્યો છે, આવી પરિસ્થિતિ એક ક્ષણ પણ વધુ ચાલવા દેવી એ નાશને નિમંત્રણ આપવા બરોબર છે. શું આ પર્વમાં ઉપરોકત પરિસ્થિતિ ટાળવી અશકય છે? પોષહ, પ્રતિક્રમણ કે બાહ્ય ધામધૂમમાં રાચનારાં માટે તો મ્હારે કશું કહેવાનું જ નથી પરંતુ યુવક સમાજ માટે તો આ દિવસો કર્તવ્યના દિવસો ગણાવા જોઇએ. ત્હેમણે આપસનો વેર વિરોધ મિટાવી કર્તવ્ય પરાયણ બની સમાજોન્નતિનાં માર્ગમાં લાગી જવાની પ્રતિજ્ઞા કરવી જોઇએ. કોઈ પણ સમાજની ઉન્નતિ માપવાનું યંત્ર તે સમાજના યુવકો જ છે. ત્હેમાં જેટલી જાગૃતિ જણાય છે. તેટલોજ તે સમાજ ઉન્નત મનાય છે. દુધના ઉભરાની માફક અમુક સમય જાગૃતિ બતાવી પછી કુંભકર્ણની નિદ્રામાં ઘોરવું ત્હેનું નામ જાગૃતિ ન ગણાય આપણા સમાજમાં યુવક શકિત વિજળીના ચમકારાની પેઠે અનેક વખતે ચમકી પાછી ઘોર અંધકારમાં અદ્રસ્ય થઈ જાય છે એ ઠીક નથી. એ તો જ્યાં સુધી જુનવાણી સ્વરૂપ અસ્તિત્વમાં રહે ત્યાં સુધી ઘર્ષણ થવુંજ જોઇએ. આપણે સંગઠન અને સહકારના ધોરણ ઉપર રહી ત્હેનો નાશ કર્યેજ છૂટકો છે. પર્યુષણ મહાપર્વમાં જો આ જાતની પ્રતિજ્ઞા લેવાય તો જ એ મહાપર્વની કિંમત ખરેખરી આંકી ગણાશે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૫ થી ચાલુ)

અત્યારે જા. કાલે બરાબર આ સમયે આવજે." ગૌતમે જવાબ આપ્યો.

* * *

બીજે દિને બાલા ઘરથી નીકળી ગૌતમની પાસે જઇ દુધનું પાત્ર જમીનપર મુકી કહેવા લાગી, " હુ પુનઃ આવી ગઈ છુ."

" કોણ ! " ગૌતમે સમાધિમાં જ ઉત્તર આપ્યો.

" તે સુન્દર બાલા કે જે કાલે આવી હતી. "

" કાલે તો અસ્થિઓથી ભરેલુ એક પિંજર આવ્યું હતું. જેના પર માંસ અને લોહી પણ હતુ. વાતો યે કરી રહ્યું હતું. "

" ........અને આજે......"

" આજે પણ અસ્થિઓનુ પિંજર જ છે. હું સુખની તલાશ કરી રહ્યો છું. જ્યારે પ્રાપ્ત થશે ત્યારે તને આવી મલીશ.

કહે છે કે—નિર્વાણ પ્રાપ્તિની પછી ગાતમ સાથી પ્રથમ એ બાલાને ઘેર ગયા. બાલા સુકાઇને હાડપિંજર જેવી બની ગઇ હતી. ગૌતમે તેનો પ્રેમ જોઇ બધાથી પહેલી દીક્ષા તેને આપી પોતાની ભિક્ષુ બનાવી.

# -: પર્યુષણ પર્વના વ્યાખ્યાનોમાંથી :-

**ઉદાર અને પ્રેમવૃત્તિ દ્વારા જ ધર્મરક્ષા**

આપણો સમાજ અને દેશ કલેશના વમળમાં સંડોવાયો છે. તે આપણી પાસે વધારે નહિ તો એટલી આશા રાખે જ છે કે હવે કલેશ ન પોષીએ. જો આપણે ઉદારતા અને જ્ઞાન વૃત્તિ કેળવીએ તો જ સમાજ અને દેશની માંગણીને આપણે વફાદાર રહી શકીએ. જૈન તત્વજ્ઞાનમાં અનેકાંત અને આચરણમાં અહિંસા મૂકવામાં આવેલ છે તેનો ઉદ્દેશ માત્ર એજ છે કે તમે જૈન તરીકે અંદરો અંદર અને બીજા સમાજો સાથે ઉદારતા અને પ્રેમથી વર્તો. જ્યાં ભેદ અને વિરોધ હોય ત્યાં જ ઉદારતા અને પ્રેમનું કામ પડે છે. અને ત્યાં જ તે અંતઃકરણમાં છે કે નહિ અને છે તો કેટલા પ્રમાણમાં છે એવી પરીક્ષા થાય છે. એટલે આપણે જૈનપણાને જો સમજતા હોઈએ તો સીધી રીતે સમજી શકીએ કે ઉદારતા અને પ્રેમવૃત્તિ દ્વારા જ આપણે ધર્મરક્ષા કરી શકીએ અને બીજી કોઈ રીતે નહિ જ. શાસ્ત્રની ઉત્પત્તિ અને તેના ઉપયોગનો ઉદ્દેશ એ જ છે. જો એ ઉદ્દેશ એનાથી ન સાધીએ તો એ રક્ષણને બદલે ઝેરી શસ્ત્રની પેઠે ભક્ષણનું કામ કરશે.

**ધર્મ એકજ—વિશ્વધર્મ**

ધર્મના ભાગલાઓ અને તેની જુદા જુદા જનસમૂહે કરી લીધેલી વહેંચણી વસ્તુતઃ ભ્રમનું જ પરિણામ છે. કેમ કે મુક્તિ માર્ગ, ધર્મ એક જ છે.–વિશ્વરૂપી છે.

ધર્મ આવી જાળ બીછાવવાનું સૂચવે જ નહિ–જાળ બીછાવનારને જ સંસાર છોડવાનું જ કહે–સંસારમાં વિશેષ જાળ. ગૂંચની જરુર નથી. હિન્દુ ધર્મ બીજાને પન્થમાં લાવવા ભલે પ્રયત્ન શીલ ન હોય, છતાં ધર્મીપણાના ઘમંડમાં તો કોઇ અન્ય ધર્મથી ઉતરે તેમ નથી. પોતા સિવાય બીજા માટે મોક્ષ ન હોય. આટલા આચાર, આટલા વિચાર, આટલી શુધ્ધિ, આટલી અશુધ્ધિ, આવા વ્યવહાર, આવું તીર્થ, આવા દેવ, આવી ભક્તિ, આવી સેવા–આમ બધું સ્થાપન કરવા જતાં કેટલી માયાની ગૂંચની વધુ ગાંઠ મારી દીધી છે તેની કલ્પના જ થઈ શકતી નથી. ૭ કરોડ અસ્પૃશ્યઃ એ હિન્દુ ધર્મની ગૂંચની એક ગાંઠ, વિધવાનું અનાથપણું એ બીજી ગૂંચ, સ્ત્રીઓનું ઉતરતું સ્થાન એ ત્રીજી ગૂંચ, વર્ણાશ્રમ એ ચોથી ગૂંચ, ગુરૂ મંદિર એ વળી જ ગૂંચ.

ભક્તિ, વેશ, ટીલાં, ટપકાં આ બધી તો ગૂંચની ગૂંચ–આ કોકડામાંથી તેને માટે હિંદુ–મુસલમાન–જૈન–બુધ્ધ–ખ્રીસ્તી એવા કશા ભેદ સંભવતા જ નથી, ધર્મ તો એક જ હોય અને તે વિશ્વધર્મ.

**આસ્તિક અને નાસ્તિક**

આસ્તિક અને નાસ્તિક શબ્દોમાં ભારે ગોટાળો થઈ ગયો છે. એ શબ્દો હવે તેના મૂળ અર્થમાં નથી રહ્યા, તેમજ નવ અર્થમાં પણ ચોક્કસ અને મર્યાદિત રીતે નથી યોજાતા. ખરૂં કહીએ તો એ શબ્દો નાગો, લુચ્ચો અને બાવો શબ્દની પેઠે માત્ર ગાળ રૂપે અથવા તિરસ્કાર સૂચક રીતે હરકોઇ વાપરે છે. સાચી બાબત રજુ કરનાર અને આગળ જતાં જે વિચાર પોતાને અગર પોતાની સંતતિને અવસ્યમેવ સ્વીકારવા લાયક હોય છે તે વિચાર મૂકનારને પણ શરૂઆતમાં રૂઢિગામી, સ્વાર્થી અને અવિચારી લોકો નાસ્તિક કહી ઉતારી પાડવા પ્રયત્ન કરે છે. મથુરા વૃંદાવનમાં મંદિરોના ઢગલા ખડકી તે દ્વારા માત્ર પેટ ભરનાર અને ઘણીવાર તો ભયંકર અનાચાર પોષનાર પંડયા કે ગોસાંઇઓના પાખંડનો મહર્ષિ દયાનંદે વિરોધ કર્યો અને કહ્યું કે આ તો મૂર્તિપૂજા નહિ પણ ઉદર પૂજા અને ભોગ પૂજા છે. વળી કાશી અને ગયાના શ્રાદ્ધ સરાવી તાગડધીન્ના કરનાર અને વધારામાં અનાચાર પોષનાર પંડયાઓને સ્વામીજીએ કહ્યું કે આ શ્રાદ્ધપિંડ પિતરોને નથી પહોંચતો પણ તમારા પેટમાં જરૂર પહોંચે છે એમ કહી તેમણે સમાજમાં સદાચાર વિદ્યા અને બળનું વાતાવરણ સરજવાનો જ્યારે પ્રયત્ન કર્યો ત્યારે તુરત જ પેલા વેદપુરાણમાની પંડયા–પક્ષ સ્વામીજીને માત્ર પોતાથી ભિન્ન મત–દર્શક છે એટલા અર્થમાં નાસ્તિક કહયા હોત તો તો કાંઇ ખોટું નહોતું પણ જૂના લોકો જે મૂર્તિ અને શ્રાદ્ધમાં મહત્વ માનતા તેમને ભડકાવવા અને તેમની વચ્ચે સ્વામીજીની પ્રતિષ્ઠા ઘટાડવા નાસ્તિક શબ્દ વાપર્યો.


**પર્યુષણ પર્વના વ્યાખ્યાનો** કિંમત ૦–૮–૦

પોસ્ટથી મંગાવનારાઓએ ૦–૧૦–૦ની ટીકીટો બીડવી

**વિષય**

ધર્મ અને સમાજ
આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.
સર્વધર્મના મૂળ સિધ્ધાન્તો.
ધર્મનો ભ્રમ
જૈન ધર્મની વિશાળતા
અસ્પૃશ્યો અને જૈન સંસ્કૃતિ
ધર્મોમાં ભિન્નતા
અધ્યાત્મ
અસ્પૃશ્યો અને હારજીત
જૈન ધર્મની ચાવી કોના હાથમાં છે ?
— વિગેરે —

❖ પર્યુષણ પર્વ જેવા ધાર્મિક પ્રસંગે શ્રી મુંબાઈ જૈન યુવક સંઘ તરફથી વિદ્વાન અને ધાર્મિક સ્ત્રી પુરૂષોના વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા આ વ્યાખ્યાનો ધર્મ અને આજની સમાજ રચના પર કાતીલ રોશની ફેંકતા પુરવાર થયા છે. સંગીન દલીલો, ગંભીર વિચારો અને સચોટ ભાષા શૈલી તમને રસિક અને

❖ વિચારણીય વાચન પુરૂં પાડશે.

પંડિત સુખલાલજી, પં. દરબારી લાલજી, પં. નાથુરામજી, સૌ. વેણીબ્હેન કાપડીયા, પં. સુખલાલજી, મોહનલાલ દલીચંદ દેસાઈ, ડો. પ્રાણજીવનદાસ વગેરેના કુલ્લે ૧૩ વ્યાખ્યાનો આપવામાં આવ્યા છે.

❖ પૃષ્ઠ સંખ્યા ૧૬૦ — ઉંચા કાગળ સુંદર મુદ્રણ.

પ્રાપ્તિસ્થાનઃ **તરૂણ જૈન** : ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબાઈ ૩.

# : : અધમ સાધુતા અને અયોગ્ય દિક્ષા : :

**અંક ૧ લો. પ્રવેશ ૨ જો.**

: આવતાં પાત્રો :

**મુનિ કીર્તિસાગરજી:** અયોગ્ય દિક્ષાનો વિરોધ ફેલાવી જૈન શાસનની કીર્તિ પ્રસરાવનાર પવિત્ર સાધુ.
**નીતિકાન્ત:** જૈનરક્ષક સેવાદળના સરદાર.
**રસીકવિજયજી:** કુમળાં બાળકોને મુંડનાર જૈન સમાજમાં ઝેર–વેર ઉત્પન્ન કરનાર 'છોકરા–ચોર' સાધુ.
**અમિતચંદ્ર:** 'છોકરા–ચોર' સાધુઓની ખબર લેતો 'ભારત પ્રજામિત્ર'નો ચાલાક રિપોર્ટર.
**કુંદનવિજયજી:**, **સાધનવિજયજી:** રસીકવિજયના શિષ્યો.
**ગૌતમલાલ:** મહાવીર નગરનો નગરશેઠ બાલ દિક્ષાનો હિમાયતી પાછળથી વિરોધી.
**ઉત્તમલાલ:** મહાવીર નગરનો એક જૈન
**શ્રીકાન્ત**, **જયન્તિ** ઉત્તમલાલના બાળકો
આ સિવાય સ્વયંસેવકો વગેરે.

પ્રયોજક:—**વીરકુમાર**

[ ગતાંકથી ચાલુ. ]

રસીકવિજય:—કેટલી ઉમરના છોકરાં છે?

નગરશેઠ:—એકની ઉમર છે આઠની ને બીજો દશનો. શરૂઆતમાં હા પાડે તેમ નથી. મેં દાણો ચાંપી જોયો હતો.

રસીકવિજય:—બાપ મક્કમ છે ને ?

નગરશેઠ:—બાપને તો પાંચ હજાર કંઇ ખાટા લાગે ? પણ મા કદાચ નહીં માને. અને છોકરાં પણ..............

રસીકવિજય:—એની કંઇ ફીકર નહીં. બાકીનું બધું હું પતાવી દઇશ. મા રડશે કકળશે ખરી પણ ધર્મના કામમાં વાંધો ના હોય. અને એવા ગુમ કરી દઇશું કે માના સગાં વહાલાંને પતોજ નહીં મળે. પણ...........હા...બીજા ત્રણનું શું?

નગરશેઠ:—બીજો એક છોકરો તો મળે એમ છે. બાપ નથી. મા રાંડી રાંડ છે. એનો મામો કર્તા હર્તા છે. મા કંઈ માને એમ નથી. પણ એના મામાને હજાર બે હજારનો ચાંલ્લો કરીશ એટલે એ પણ પતી જશે. અહીં આવતો જતો તો બે–ચાર દિવસમાં થઇ જશે. મેં કહી દીધું છે. પણ......બીજા બે છોકરાંઓ માટે કંઇ દાવ લાગતો નથી.

રસીકવિજય:—એની કંઇ ફીકર નહીં. આ સામે છોકરાંઓ બેઠાં છે તે જોયાં ? પેલો શ્રીકાન્ત અને જયન્તિ બે સગા ભાઇ છે.

નગરશેઠ:—આપણે...પેલા...ઉત્તમલાલના દીકરા, ખરૂના ?

રસીકવિજય:—હા, બંને છોકરાં હોશીયાર છે અને શાશનમાં હીરા પાકે એવાં છે.

નગરશેઠ:—ઉત્તમલાલ આમ છે તો સાધારણ સ્થિતિનો માણસ પણ એનાં છોકરાંને પૈસા લઇને મોકલે એવો નથી.

રસીકવિજય:—પણ આપણે કયાં પૂછવા રહેવું છે તે! એ બે છોકરાઓ ઉપર તો મારી નજર કયારનીયે ઠરી છે. ત્રણ તમે લાવશો ને આ બે ઉમેરીશું એટલે તમારૂં કામ થઇ જશે. પાંચની બાધા પુરી થઇ જશે અને શાશનનો પણ જયજયકાર થઇ જશે.

નગરશેઠ:—ગુરૂ મહારાજની કૃપા છે. મારા દિકરાને કાલનો તાવ આવે છે તે પાણી બાણી કંઈ આપો તો..........

રસીકવિજય:—અરે, તાવના શા ભાર છે! પાણી મંત્રીને આપું છું તે લઇ જાઓ ને સાજો થાય એટલે વંદના કરવા મોકલજો.

નગરશેઠ:—ભલે મહારાજ, ત્યારે મથ્થેણ વંદામી...અરે ભૂલ્યો...ગચ્છામી.

રસીકવિજય:—જરા સુખમ. પણ પછી પેલી બાબતનું બધું જલદી નકકી કરી નાખશો ને?

નગરશેઠ:—અરે ધરમના કામમાં વળી ઢીલ કેવી મહારાજ ! અહિંથી ઘેર થઇને બાબુને પાણી પાઇને પછી એજ કરૂં છું. આજે રાત્રે આવીશ ત્યારે ચોકકસ કરીનેજ આવીશ.

રસીકવિજય—બહુ સારૂં ત્યારે, પધારો. (નગરશેઠ જાય છે)

રસીકવિજય:—(કુંદનવિજયને ઉદ્દેશીને) અરે કુંદન !

કુંદનવિજય:—જી મહારાજ.

રસીકવિજય:—આ છોકરાંઓની સામાયક પુરી થઇ ?

કુંદનવિજય:—હવે પાળી લે એટલી વાર છે.

રસીકવિજય:—એ પાળી લે એટલે પેલા કબાટમાંથી એક એક પેનસીલ અને એક એક નોટ એમને આપજે. અને ગૌતમલાલશેઠ મીઠાઇનો કંડીઓ પેલા કબાટમાં કાલે મૂકાવી ગયા હતા ત્યાંથી શ્રીકાંતને કહે જે કે, બધાં છોકરાંઓને એક એક બરફી ને એક એક પેંડો આપે.

કુંદનવિજય:—જી મહારાજ.

(છોકરાઓ સમાયક પાળીને ઉઠી ગયા પછી કપડાં બદલી લે છે. કુંદનવિજય તેમને ગુરૂ આજ્ઞામુજબ એ બધાંને મીઠાઇ વહેંચે છે. છોકરાઓ ખુશ ખુશ થઇ જાય છે. જતાં જતાં કુંદનવિજય ફરી આવવાનું બાળકોને યાદ આપે છે. સૌ છોકરા જવા માંડે છે.)

રસીકવિજય:—અરે શ્રીકાંત, જરા આમ આવજો, જયન્તિ તું પણ આવ.

(બીજાં બાળકો જાય છે. શ્રીકાંત અને જયન્તિ પાછા આવીને રસીકવિજયજી પાસે ઉભા રહે છે.)

રસીકવિજય:—બેસો. (બાળકો બેસે છે.) કેમ ! તમારો અભ્યાસ કેમ ચાલે છે?

શ્રીકાંત:—મહારાજ સાહેબ! મેં સકલાર્હતની ગાથાઓ મોઢે કરવા માંડી છે.

જયન્તિ:—હું લઘુ શાંતી સુધી પહોંચ્યો છું.

(વધુ હવે પછી)

# કુ ◊ ત ◊ રાં ◊◊ બ ◊ ચા ◊ વો

નીચે આપેલું એક કટાક્ષ કાવ્ય કરાંચીના કુતરા પ્રકરણ પરત્વે જૈનોની મનોદશાનું સચોટ પ્રતિબીંબ રજુ કરે છે. કુતરાં બચાવવા કરાંચીના જૈનો તત્પર બન્યા છે. કોઇ ઘેરે કુતરાં પાળવાનું કહેતું નથી, ગાયોને બચાવવા કોઇ તૈયાર નથી, સમાજના જુલ્મ નીચે કચડાતી–રીબાતી વિધવા–અનાથ બ્હેનોની વ્હારે ધાવાની કોઇને પડી નથી, જ્ઞાતિના બેકાર અશિક્ષિત જુવાનોને ઠેકાણે પાડવાની કોઇને તમન્ના લાગી નથી. કવેટા ધરતીકંપથી બચેલાં અનેક માણસો રખડે છે, એમને મદદ કરવા જૈનો કે સાધુઓ તૈયાર નથી. કુતરાં બચાવવા છે, પૂરી રાખે તો વંશવૃધ્ધિ થયા જ કરે અને બેચાર વર્ષે પાંચ–દશ ગણા થઇ જાય, એટલે કુતરા ને કુતરીઓને જુદા રાખવાનું નક્કી કર્યું છે અર્થાત્ પાતે પાળે છે, ને માને છે એવું ચારિત્ર પશુઓ (કુતરાંઓ) પાસેથી પળાવવા એમની ખાએશ છે.

૧

"કુતરાં બચાવો."
મહારાજે મોઢું બાંધીને ફતવો બ્હાર પાડ્યો.
"કુતરાં બચાવો"
બ્યુગલના અવાજે શૂરવીરો જાગે
રણમેદાને ભાગે ને ભગાડે
તેમ મહાજન આ દૂંદૂંભીનો અવાજ સાંભળી
છોડુંજન બની ગયું
ક્યારેય ન જાગેલા ભાષણીયા ભડવીરો
સ્મશાન શૂરા વૃધ્ધો
આંધળાં લૂલાં ને લંગડાં
પરણેલાં ને કુંવારાં
તાજાં રાંડેલાં ને ગઇ કાલનાં માંડેલાં
સૌના અવાજમાં એકજ સૂર હતો
"કુતરાં બચાવો."

૨

દોડો દોડો ધનિકોને ભેળા કરો,
લાખ કરો, કરોડ કરો.
ટીપે ટીપે સરોવર ભરો,
જમીન લ્યો–પાંજરાપોળ બનાવો
કુતરાં વસાવો.
એને પરણાવો ને રંડાવો
રોટલા ઘડાવો
દુધ પીવડાવો
સદાવ્રત બંધાવો
"કુતરાં બચાવો."

૩

ન્હાસો, ન્હાસો,
ગાડીવાળો આવ્યો
સાંડસા લાવ્યો.
રખડતાં ગંધાતાં વિષ્ઠા ખાતાં
કુતરાંનાં ગળામાં સાંડસો નાંખી
ખેંચવા લાગ્યો.
હુ હુ ને ભઉ ભઉના અવાજે
શેરીમાંથી લાકડીએ ચાલતા ડોસાઓ
અર્ધ ડોસાઓ
રસોડાઓમાંથી પરણેલીઓને રાંડેલીઓ
રઝળતાં બાળકો ને બાળીકાઓનું
ટોળું એકઠું કર્યું
સૌનાં મોમાંથી એકજ અવાજ
આવતો હતો.
"કુતરાં બચાવો."

૪

દયાના દેવના જેવા તેજસ્વી ને ઝાંખા જૈનો
જીવદયા મંડપનાં મૂરૂટ ને કાંટારખાઓ ટોળે મળ્યાં
પૃથ્વી હલાવી, દિશાઓ ડોલાવા મંડ્યા
એક સામટી ગર્જનામાંથી અનેક જાતના અવાજો કાનપર અથડાતા હતા.
સુધરાઇ પર દરોડો પાડો
સુધરાઇના સભ્યોની સાન ઠેકાણે લાવો
નાલાયકોને ખૂરસીમાંથી ખસેડો
ક્યાં ખૂરસી, ને ક્યાં કુતરાં!
સુધરાઇમાં–બકરીઓને, ગાયો એક બાજુ
પાડાઓ ને પાડીઓ
બીજી બાજુ. ગરીબને ગરીબડી
ભિખારી ને ભિખારણ
કંગાલ ને કંગાલીયત રડી રહ્યાં હતાં—
ત્રિજા એકની તૈયારીઓ ચાલતી હતી.
કુતરાં બચાવવા—

૫

મ્હારાજ ચૂપ બની ગયા
સજ્જનો ને દૂર જનો, આવ્યા ને ગયા,
સતિઓ ને સુંદરીઓ વેરાણી ને વિખરાઇ ગઈ
પરિણામ સાંભળવા સૌના કાન ઉંચા હતા
જોવા સૌએ દૂરબીન માંડી હતી.
રાત્રિના બાર વાગ્યા, ને ડૉક્ટરે ડંકો વગાડી જાહેર કર્યું, કે
માતુશ્રી મહાજને ૦ ને જન્માવી ત્હમારા સહકારે
મ્હારી દશ કલાકની માથાકુટ ને મ્હેનત ફોક કરી છે
માટે સજ્જનો ને સજ્જનીઓ હું તમારો ઋણિ છું, ત્હમે મ્હારાછો?
આકાશમાં તારઓ છુપાઇ ગયા—
અમે સૌ ઘેર જઈ ખાટલે ઘોંટાઇ ગયા.

**અમરનાથ.**

## સ્થાનિક સમાચાર.



મહામંડળની પ્રવૃત્તિ: વર્કીંગ કમીટીની એક સભા ડૉ. અમીચંદ છગનલાલના પ્રમુખપણા નીચે તા. ૫–૮–૩૫ ને રોજ મળી હતી જે વખતે સર્વાનુમતે નીચેના ઠરાવો પસાર થયા હતા.

૧–શ્રી સ્થંભન તીર્થ મંડળ, શ્રી જૈન સ્વયંસેવક મંડળનું સભ્ય તરીકેનું અને મણીલાલ જેમલ શેઠનું વર્કીંગ કમીટીના સભ્ય તરીકેના રાજીનામા પાસ કરવામાં આવ્યા.

૨–કન્યા લેવડ દેવડ ક્ષેત્ર વિશાળ કમીટીનો અહેવાલ ને યોજના મંજુર કરવામાં આવી હતી અને મજકુર યોજનામાં સૂચવેલા ઉદ્દેશાનુસાર ઓછામાં ઓછા સો સભ્યો થતાં "શ્રી મહાવીર જૈન સમાજ" નામની સંસ્થા ઉભી કરવા સભ્યો વધારવાની સત્તા સાથે કમીટી નીમવામાં આવી હતી. જ્યાં સુધી મહાવીર જૈન સમાજ ઉભી ન થાય ત્યાં સુધી કમીટી તેના કામકાજનો હેવાલ દર ત્રણ માસે મહામંડળને મોકલી આપે.

### કમીટી.

ડૉ. અમીચંદ છગનલાલ  
શ્રી મણીલાલ એમ શાહ.  
શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ.  
શ્રી અમીચંદ ખેમચંદ શાહ.  
શ્રી મણીલાલ વાડીલાલ નાણાવટી.

૩–મહામંડળ સાથે જોડાયેલ સંસ્થાઓના વધુ પરિચયમાં આવવા તેમજ તેના કાર્યક્ષેત્રથી વધુ માહિતગાર થવા વર્કીંગ કમીટીએ મુસાફરી કરવી. તે સમયે સવડતા જણાય તો નવા સંઘો સ્થાપવા મહેનત કરવી.

### યુવક સંઘ.

મુંબાઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક સભા તા. ૪–૮–૩૫ ના રોજ શ્રી નાનજી શામજીના પ્રમુખપણા નીચે મળી હતી જે વખતે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવો થયા હતા.

૧–રતલામવાસી બાઇ કંચન ઉમરલાયક હોવાથી તેને તેની જ ઇચ્છાથી તેની જ જ્ઞાતિના શૈતાનમલ સાથે લગ્ન કરવાથી રતલામ રાજ્યના કેટલાક અધિકારીઓએ તે પતિપત્ની પ્રત્યે જે વર્તણુક ચલાવી છે તે અંગે આજની સભા, સખ્ત વિરોધ જાહેર કરે છે; અને રતલામના મહારાજશ્રી ને વિનંતિ કરે છે કે બાઇ કંચને કરેલ લગ્નને મંજુર કરી તે પતિપત્નિને ભયમાંથી મુકત કરવા મહેરબાની કરવી.

૨–મુંબઇમાં વસ્ના જૈનો માટે સસ્તા ભાડાની એક પણ ચાલી નહિ હોવાથી, પાયધુની ઉપર આવેલ ગોડીજી મહારાજના દહેરાશરના વહીવટ કર્તા ટ્રસ્ટીઓનું આજની સભા ખાસ ધ્યાન ખેંચે છે કે પાયધુની ઉપર ગોડીજીની જે ચાલી બંધાય છે, તેનો જૈનો માટે સસ્તા ભાડાની ચાલી તરીકે ઉપયોગ કરવાનો ટ્રસ્ટીબોર્ડ નિર્ણય કરી જૈનસમાજને એક જરૂરી ખોટ પૂરી પાડે.

બન્ને ઠરાવો યોગ્ય સ્થળે મોકલી આપવામાં આવ્યા છે.

### નવી પ્રથા.

મલબાર હીલની માલેતુજાર ટેકરીપર શિખર બંધ આપણા જૈન મંદિરના કમ્પાઉન્ડમાં–મંદિરની બાજુમાં જ મુનિમહારાજોના નિવાસ માટે સુંદર ઉપાશ્રય બંધાવવામાં આવ્યો છે. એ એમનેમ ખુલ્લો મૂકાય તો એ વાલકેશ્વરની ટેકરીપર મોટર ગાડીઓમાં મહાલતા લક્ષ્મીનંદનોની શોભામાં ખામી જણાય ને! એટલે એ સુધારક શ્રીમાનોએ એ ઉપાશ્રયની ઉદ્દઘાટન ક્રિયા નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ શાન્તિસ્નાત્ર, વરઘોડો અને નોકારશીના જમણો પાછળ હજારો રૂપિયા ખરચી એક નવી પ્રથા ચાલુ કરવાનું માન ખાટયા છે (!)

જેઓ એમની જાતને શાસન પ્રેમી તરીકે ઓળખાવે છે તેઓએ પણ ઉપાશ્રયની ઉદ્દઘાટન ક્રિયા નિમિત્તે આટલું નાણું વડફી નાખ્યું સાંભળ્યું નથી, ત્યારે સુધારક તરીકે ઓળખાતા–સુધારકોમાં અગ્રસ્થાને બિરાજતા મોવડીઓ આવી રીતે ઉપાશ્રયની ઉદ્દઘાટન ક્રિયા અંગે જમણવાર પાછળ હજારોનો ધુમાડો કરે એ સુધારકો માટે શરમાવવા જેવું નહિ તો બીજું શું ?

### કેળવણી.

દયાચંદ બાબુ નામના જૈન યુવાને અલ્હાબાદ ટેલરીંગ કોલેજની પ્રથમ વર્ગની ડીપ્લોમાં મેળવી છે.

ભાવનગરવાસી રતીલાલ ઉજમશી બી. એસ. સી.ની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થઇ બી. એસ. સી. ટેકનીકલનો વધુ અભ્યાસ કરવા તા. ૧૭–૮–૩૫ ના રોજ મેનચેસ્ટર તરફ જવા ઉપડી ગયા છે.

પાટણનિવાસી ભાઈ શાન્તિલાલ ખુશાલચંદ શાહ જેઓ શાન્તિનિકેતનમાં બી. એ. ની પરીક્ષા પાસ કરી વધુ અભ્યાસ માટે જર્મની ગયેલા તેઓ ત્યાં ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરી પી. એચ. ડી. ની ડીગ્રી પ્રથમ વર્ગમાં ઉચ્ચકોટીના માર્ક લઈ ત્રણ વર્ષે સુખરૂપ આવી પહોંચ્યા છે. અને ડૉકટરી વિષયનો અભ્યાસ કરવા પાછા જર્મની જવાના છે. ખાત્રી છે કે પાટણના શ્રીમન્તો નાણાની જોગવાઇ કરી આપી આ યુવાનની ઉમેદ પૂરી કરશે.

### કન્યા વેચાણ.

ખાચરોડની જૈન કન્યાને રૂ. ૩૦૦૦ માં ૫૫ વર્ષના બુઢ્ઢા સાથે લગ્ન માટે વેચવામાં આવી હતી પરંતુ યુવક સંઘે ગ્વાલીયર કોર્ટમાં મનાઈ હુકમ મેળવવાથી વરરાજા વીલે મોઢે પાછા ફર્યા છે.

એક નિર્દોષ બાળકીને બચાવવા માટે યુવક સંઘને અભિનંદન !

પાનસર–જૈન મંદિરની પેઢીના વહીવટ કર્તા જૈનેતર મુનીમની તુમાખી ભરેલી વર્તણુક અને પેઢીના વહીવટ અંગે પત્રોમાં ખુબ ઉહાપોહ થઇ રહ્યો છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઑનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

હૃદય હરખાય છે : : : બુદ્ધિ હસે છે!

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૮-૯ મો.
રવીવાર તા. ૧૫-૯-૩૫.

## જાગતો રહેજે!

તું સુખના ઘેનમાં પડ્યો હો તો પણ જરા જાગૃત રહેજે તારી આસ-પાસ કેટલા અસુખીઓ વસે છે તેનો વિચાર કરજે: પછી પેલું ઘેન તને દબાવી નહીં શકે.

તું આરોગ્યના ઘેનમાં પડયો હો તો પણ જરા જાગૃત રહેજે તારી આસપાસ કેટલા રોગીઓ નીસાસા નાખી રહ્યા છે તેનો વિચાર કરજે પછી તારૂં આરોગ્ય તને મદોન્મ-ત નહીં બનાવી શકે.

તારા ગળામાં કીર્તિની વરમાળા ઝુલતી જોઇને ભાન ભૂલીશ મા. સંસારની લોકજીભે આવી તો કેટલીય કીર્તિમાળાઓ છુંદીને ફેંકી દીધી છે. અસંખ્ય અન્યાયોથી પીડાતી સામાન્ય જનતાનો જરા વિચાર કરજે.

તારી ઉપર આફતની વાદળી વરસતી હોય તો પણ હતાશ બનીને બેસી રહીશ મા! સુખ દુઃખના ઝંઝાવાત વચ્ચે પોતાની સમતોલનતા જે જાળવી શકે છે તે જ સાચો મનુષ્ય છે. મનુષ્યત્વને એ આફત કંઈજ ઇજા કરી શકતી નથી.

## અમારો સાધુ

સારીય આલમ સૂણી રહી:
"સંયમ—શીખરે
બ્રહ્મ—તેજે ઝળહળતો;
કષાય વિજેતા:
રાગ નહિ, દ્વેષ નહિ,
માનાપમાન નહિ;

વ્રતધારી;
સદાચારી;
સમભાવી;
મનસા, વચસા, કાયસા;
અમ સાધુ એવો:
શાસ્ત્ર કથ્યો,
સમાજ–સ્વીકાર્યો.
સારીય આલમ પૂકારી રહી.

"હમ સાધુ એવો?"
તિક્ષ્ણ અવાજ આવ્યો,
કો' ઉકળતા ઉગતા યુવાનનો:
"ક્યહાં છે? બતાવો!
હમ સાધુ એવા!"
"પવિત્ર દીક્ષાને નામે
બાળમુંડન આચરતો;
ને મુંડન માટે—
ચૌર્ય, અનૃત સેવતો;
પૈસા–પરિગ્રહ ધારતો;
કલેશ ને કંકાસ દ્વારા—
રાગ દ્વેષ પ્રસારતો!
વળી........................"

"અલમ......મહાશય!"
શરમીંદો! હું શાંત ઉભો!
સત્ય સ્હામે રોષ શો?
–ભાઇલાલ બાવીશી.

# ત ❋ રુ ❋ ણ ❋ જૈ ❋ ન

—: તા. ૧૫–૯–૩૫ :—


## હૃદય હરખાય છે :: બુદ્ધિ હસે છે!

હૃદય અને બુધ્ધિનો ધર્મ ભિન્ન ભિન્ન છે. હૃદય જ્યારે દ્રવતું હોય છે ત્યારે બુધ્ધિ, સખ્ત ન્યાયાધીરાજ જેમ અડગભાવે ઉભી રહે છે. જ્યાં જ્યાં પ્રીતિ, ભકિત, સમતા વિગેરે સદ્દભાવો તરવરતા હોય છે ત્યાં ત્યાં હૃદય પ્રમોદનો અનુભવ કરે છે–ત્યાં ત્યાં હૃદય રોમાંચ અનુભવે છે. બુદ્ધિ એ તરવરતા ભાવોની સપાટી નીચે ઉતરવા અને એનું પૃથક્કરણ કરવા આગ્રહ સેવે છે. બુદ્ધિ અને હૃદય વચ્ચેનો એ દ્વંદ્વ કાળજૂનો છે. હૃદય નમે ત્યાં બુદ્ધિ પણ નમે એમ હંમેશાં નથી બનતું. હૃદય અને બુદ્ધિની દોસ્તી–હૃદય અને બુદ્ધિનો સહચાર એ બહુ દુર્લભ વસ્તુ છે.

ધર્મનાં પર્વો–ઉત્સવો–આડંબરો જેટલાં હૃદયને આકર્ષણ કરે છે. તેટલાં બુદ્ધિને આકર્ષી શકતા નથી. પર્વોનાં આશય અને પરિસ્થિતિ જ્યારે છેક જ પલટાઇ ગયાં હોય–સીંદરી બળી ગયા પછી વળ રહી જાય તેમ નામ માત્રના રહી ગયા હોય ત્યારે તો હૃદય અને બુદ્ધિ વચ્ચે એક પ્રકારનો એવો ઝગડો જામે છે કે જેનો નીકાલ–જેનું સમાધાન સ્હેજે થઇ શકે નહીં.

પર્યુષણપર્વ એ આપણું જૈનોનું સર્વોપરિ પર્વ છે. પર્યુષણ પર્વ ઉજવવાની પ્રથા અસ્તિત્વમાં આવી તે પહેલાં પણ પ્રકારાંતરે એ પર્વની ભાવના હતી, એટલે કે એ પર્વ સનાતન છે એમ આપણને કહેવામાં આવે છે. પરંપરા અને પર્વમાહાત્મ્ય એ બન્ને સાથે મળીને આપણા જૈન સમાજમાં ઉત્સાહ અને આનંદ, ભરતીના મોજાની જેમ ઉભરાવી દે છે. એ જ વખતે હૃદય અને બુદ્ધિ વચ્ચે કોઈ ન જાણે–કોઈ ન સાંભળે એવો છણભણાટ શરૂ થાય છે.

હજારો અને લાખો સ્ત્રી-પુરૂષો, યુવાનો–વૃધ્ધો અને બાળકો પોત પોતાનાં કામકાજ એક બાજુ મૂકી છાંડી, ઉપાશ્રય અને મંદિરના આંગણા ભરી કાઢે છે. એમનાં રંગી–બેરંગી, ઉજળાં વસ્ત્રો–આભૂષણો અને એમની ઉલ્લાસથી દીપતી મુખમુદ્રાઓ જોયા પછી કયું ભાવિક હૃદય હરખાયા વિના રહે? આ ઉભરાતાં ટોળાંઓને કઇ શ્રદ્ધા–કઇ ભકિતભાવના પ્રેરી રહી હશે? સંસાર સાગર તરી જવાના આવા અદ્દભૂત કોડ કોણ જગવતું હશે?

બુદ્ધિ પૂછે છે: શું આ સર્વ શ્રોતાઓ અને દર્શનજીજ્ઞાસુઓ દેવ અને ગુરૂને રીઝવવા માગે છે? ધાર્મિકતાનો દેખાવ રજુ કરી એમને છેતરવા માગે છે? પર્વોમાં જે હૃદયશુદ્ધિ જોઇએ, વાસ્તવિકપણે જે જીવનવ્યાપી નિર્મળતા જોઇએ તે કયાં છે? આ તો બધો આડંબર છે. ઘડી-બે ઘડી ચમકીને જે પ્રકાશ ઓલવાઈ જાય તે પ્રકાશ જ નથી. આગીઆની પાંખના ચળકાટને કોઈ પ્રકાશ થોડું જ કહે? શ્રદ્ધા અને ભકિતનો આ રંગ સ્થાયી નથી તેથી તેની કંઇ કીંમત આંકી શકાય નહીં. બુધ્ધિને હૃદયથી કંઇ જવાબ વાળી શકાતો નથી. તેથી જ તો હૃદય જ્યારે હરખાતું હોય છે ત્યારે બુધ્ધિ મંદ મંદ હસતી હોય છે.

પર્યુષણનાં વ્યાખ્યાનો જ્યારે શ્રધ્ધાળુ–શ્રાવકો, તૃષાતુર પથિકની જેમ ઘુંટડે ઘુંટડે પીતા હોય છે, વ્યાખ્યાનોનો થોડો ઘણો રસ ગળા નીચે ઉતારતા હોય છે ત્યારે ખરેખર આપણું હૃદય એ દશ્ય જોઇને હરખાય છે. ભગવાન મહાવીરનું ચરિત્ર વર્ષે વર્ષે સાંભળવા છતાં તેઓ જે નવીનતા અને જે અપૂર્વ ઉલ્લાસ અનુભવે છે તે જોતાં આપણે એમની કેવળ અનુમોદના જ કરીએ.

પણ બુધ્ધિ એ વખતે બળવો પુકારે છે. એ કહે છે વર્ષે વર્ષે વ્યાખ્યાનો સાંભળવા છતાં જેમના વ્યવહારમાં પૂરી ધાર્મિકતા તો દૂર રહી, ઉચ્ચ પ્રકારની નીતિમત્તા પણ પ્રવેશવા નથી પામી તેમનો આ શ્રમ, ધૂળ ઉપર લીંપણ કરવા જેવો વ્યર્થ નથી? વ્યાખ્યાનના શ્રવણનું કોઇ એક સાધ્ય, લક્ષ્ય અથવા તો ધ્યેય તો રહેલું જોઇએ ને? એ સાધ્યની દિશામાં કેટલા શ્રધ્ધાળુઓ વળતા હશે? હૃદય પાસે એનો સ્પષ્ટ જવાબ નથી. હૃદય તો આવાં ભકિતભીનાં દશ્યો નીહાળી નમી જાણે છે. હૃદયને મૌન બનેલું જોઇ બુધ્ધિ હસે છે.

સંવત્સરીના પ્રતિક્રમણમાં જ્યારે એક ન્હાનામાં ન્હાનું બાળક પણ સાંઝે પ્રતિક્રમણ કરવા બેસે છે, ધર્મસ્થાનકોના ખૂણે ખૂણા શ્રાવક સંતાનોથી ભરાઇ જાય છે ત્યારે હૃદયના હર્ષનો પાર નથી રહેતો. એને લાગે છે કે: ગત વરસનાં બધાં પાપ ધોઇ નાખવાની અને સ્વચ્છ બનવાની આ લોકોમાં કેટલી તિવ્ર ધગશ છે! આ પ્રતિક્રમણ કરનારા કેટલા ભાગ્યશાળી છે?

બુધ્ધિ તે જ વેળા બોલી ઉઠે છે: પણ આમાં પ્રતિક્રમણની પંકિતઓનો અર્થ સમજનારા અને સમજીને તે પ્રમાણે પાપની આલોચણા કરનારા કેટલા હશે? કેટલાક તો પૂરો નવકારમંત્ર પણ શુધ્ધિથી નહીં ઉચ્ચારી શકતા હોય. સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે કેટકેટલાં તોફાનો થાય છે તે તમે કેમ નથી જોતાં? આવાં પ્રતિક્રમણોમાં ફોનોગ્રાફી સિવાય વિશેષ શું હોય છે? જૈન ધર્મ આવી બાહ્ય વિધિઓને કોઈ દિવસ મહત્વ નથી આપતો.

બુદ્ધિની આ વાત સાંભળી, હૃદય જ્યારે બચાવ કરવા માટે શબ્દો શોધતું હોય છે ત્યારે બુધ્ધિ, એની દયામણી દશા નીહાળી ખડખડાટ હાસ્ય કરે છે.

પર્યુષણમાં ગામે ગામ ઘણાં સ્વામીવાત્સલ્યો થાય છે: એક એક નવકાર ગણનાર બંધુ અને બ્હેનને, સહોદર જેટલાં જ સ્નેહ તથા વાત્સલ્યથી સાથે બેસીને જમતાં જોઇએ છીએ ત્યારે હૃદય ધાર્મિક બંધુભાવથી ફુલાય છે. જૈન શાસનમાં, પોતાના સ્વધર્મી બન્ધુઓનું કેટલું સરસ માહાત્મ્ય વર્ણવાયું છે? એક જ ધર્મને માનનારા બંધુઓ અને બ્હેનોનો આ પરિવાર કેવી અચ્છેદ્ય ગાંઠથી બંધાયેલો છે? સ્વામીવાત્સલ્ય પાછળ ખરચાતાં દ્રવ્ય અને ઉત્સાહ વિગેરે જોયા પછી કોઇ પણ શ્રાવકનું હૃદય ઘડીભર હર્ષાવેશમાં આવ્યા વિના ન રહે.

પણ બુધ્ધિ જ્યારે પરિસ્થિતિના નીચેના પડમાં પેસે છે, સ્વધર્મી બન્ધુઓનાં અનેકવિધ દુ:ખદર્દો ઉપર દૃષ્ટિ ફેંકે છે, ત્યારે તે સ્વામીવાત્સલ્ય જેવા આડંબરો સામે પોતાનો રોષ ઠલવે છે. બુધ્ધિ કહે છે. "એકવાર તમારા સ્વધર્મી ભાઇઓની અને બ્હેનોની સાચી સ્થિતિ તો તપાસો. કેટકેટલી અનાથ અબળાઓ એકાંતમાં બેસી અશ્રુ વહાવે છે, કેટકેટલાક બેકાર બનેલા જૈન પુરૂષો અનીતિ–જુગારના માર્ગે ચડી પોતાનું સત્યાનાશ મેળવે છે અને તે ઉપરાંત જ્ઞાતિની, પંચની, મોવડીઓની આપખુદીને લીધે, સંકુચિતતાને લીધે કેટલો છુપો હાહાકાર વર્તી રહ્યો છે તેની જરા તપાસ તો કરો." આવી તપાસ કરવાની કોઇની હિમ્મત નથી ચાલતી, તપાસ કર્યા પછી સ્વધર્મી ભાઇઓનાં દુ:ખ ફેડવાની કોઈ યોજના નથી ઘડાતી: દુ:ખીઓનાં દુ:ખ, અજ્ઞાનીઓના અજ્ઞાન અને વહેમ, નીચેના થરમાં વધુ મજબુત બનેલાં જોઇને બુધ્ધિ અટ્ટહાસ્ય વેરતી આઘે ઉભી રહે છે. હૃદય એ અટ્ટહાસ્યને સાંભળે છે. પણ પોતે નિષ્ક્રિય હોવાથી એ અટ્ટહાસ્યને સાંભળીને બેસી રહે છે.

જૈન સમાજના આવા અનેક પર્વો, અનેક ઉત્સવોમાં હૃદય અને બુદ્ધિ વચ્ચે આવો વિરોધ ચાલી રહ્યો છે. બુધ્ધિ અને હૃદયના આ દ્વંદ્વનું સમાધાન કરે એવો નવો યુગ, કોણ જાણે કયારે બેસશે?

# આ પણી સંસ્થાઓ

## × બાબુ પન્નાલાલ પુરણચંદ જૈન હાઇસ્કુલ. ×

જ્યારે જૈનોનું માનસ કેળવણી કરતાં વેપાર તરફ ખાસ વળ્યું હતું. ત્યારે તેમના બાળકો માટે કેળવણીના સાધનોની ઘણી જ ઉણપ હતી. તેવે સમયે મુંબઇમાં બાબુ પન્નાલાલ પુરણચંદ જૈન હાઇસ્કુલના પગરણ મંડાયાં અને મુંબઇના જૈન ઇતિહાસમાં એક નવુંજ પ્રકરણ પ્રકાશમાં આવ્યું,

વડોદરા રાજ્યનાં પાટણ શહેરના એક પ્રતિષ્ઠિત શહેરી અને મુંબઇમાં રહેતા બાબુસાહેબ પન્નાલાલજીએ જોયું કે મ્હારી જૈન સમાજના પંદરલાખ જૈનો, કે જેમની પાસે યશસ્વી ભૂતકાળ છે, સમૃદ્ધ સાહિત્ય છે, આત્મઉન્નતિ માટે કળાકૌશલ્ય દાખવતાં પ્રભુનાં મંદિરો છે, છતાં વર્તમાન સ્થિતિમાં કેળવણીના અભાવે બીજી કોમો કરતાં મ્હારી કોમ પ્રગતિમાં તદ્દન પછાત પડતી જાય છે. આથી તેમણે પોતાની પાછલી અવસ્થામાં આઠ લાખની સખાવતનું વીલ કર્યું.

માનવજીવનના વિકાસમાં કેળવણી મુખ્ય ભાગ ભજવે છે, દરિદ્રતા, અસંસ્કારિતા, અને અજ્ઞાનને શિક્ષણ દૂર કરી શકવાની પ્રબળ શકિત ધરાવે છે. શિક્ષણ સમાજને પ્રગતિવાન બનાવી શકે, પલટો આણી શકે, અને વખત આવે જુની ધરેડે ચાલ્યાં જતા જર્જરીત સમાજ શાસનને તોડી નાખી તેનું નવસર્જન પણ કરી શકે. કેળવણી વેપારી કે ઉદ્યોગીક ક્ષેત્રમાં પણ મદદ કરી શકે છે.

આ પરિસ્થિતિનો ખ્યાલ આવવાથી બાબુજીએ કરેલ આઠ લાખના વીલમાં રૂપિયા પાંચ લાખ જેવી ઉમદા રકમ જૈન હાઇસ્કુલ જેવા સમાજ ઉપયોગી ખાતા માટે કાઢી, સાથે એ પણ નિશ્ચય કર્યો કે શાળામાં ધાર્મિક શિક્ષણ ફરજીયાત આપવું. તેમ શાળાની પૂરતી વ્યવસ્થા થયા બાદ જગ્યા હોય તો જૈનેતર હિન્દુ બાળકોને પણ જૈનોની જેમ મફત શિક્ષણ આપવું.

બાબુજીના સ્વર્ગવાસ પછી તેમના પુત્રોએ (વીલના ટ્રસ્ટીઓએ) જ્યાં જૈનોનો ભરચક વાસ છે, એવા ત્રાંબાકાંટા ઉપર આલીશાન મકાન બંધાવી શાળાની ઉદ્દઘાટન ક્રિયા કરી. તે સમયે માત્ર ૮૧ જૈન અને ૪૨ જૈનેતર હિન્દુઓના બાળકો શાળામાં દાખલ થયેલાં પરંતુ એ પછી શાળા દિનપ્રતિદિન વિકાસ પામતી ગઇ છે.

શાળાનું પ્રથમ મકાન લગભગ એક લાખના ખર્ચે બંધાયેલું, પણ થોડાજ વર્ષોમાં તેમાં ફાટો પડી જવાથી શાળાને ભાડાના મકાનમાં જવું પડેલું, બાદ બાબુજીના પુત્રોએ અસલ મકાનના સ્થળે આલીશાન, પૂરતી સગવડોવાળું મકાન બંધાવ્યું ને પછી ભાડાનું મકાન ખાલી કરી નવા મકાનમાં સ્કુલ દાખલ થઇ.

આ જૈન હાઇસ્કુલ બે વિભાગમાં વહેંચાયલી છે. એક અંગ્રેજી વિભાગ અને બીજો ગુજરાતી વિભાગ. આમછતાં શાળાનું આખું કામ કાજ એક જ પ્રિન્સીપાલની દેખરેખ નીચે ચાલે છે, હાઇસ્કુલ વિભાગમાં ૪૫૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાની સગવડ છે. ત્યારે ગુજરાતી વિભાગમાં ૨૦૦ વિદ્યાર્થીની જગ્યા રાખવામાં આવી છે. અત્યારે શાળાના અંગ્રેજી વિભાગમાં ૪૭૨ વિદ્યાર્થીઓ અને ગુજરાતી વિભાગમાં ૨૨૫ વિદ્યાર્થીઓ મળી કુલ્લે ૭૦૦ વિદ્યાર્થીઓ કોઇ-પણ જાતની ફી વિના શિક્ષણ મેળવી રહ્યા છે.

શાળાએ અત્યાર સુધીમાં મેટ્રીકની પરીક્ષા માટે કુલ્લે ૨૭૯ વિદ્યાર્થીઓ મોકલ્યા છે તેમાં ૨૦૩ પાસ થાય છે, એટલે પરિણામ લગભગ ૭૫ ટકા આવ્યું છે. આ પરિણામ સારા શિક્ષણની ખાત્રી આપે છે.

શાળાના રીપોર્ટમાં સ્કુલના વિદ્વાન પ્રિન્સિપાલે શિક્ષણ મેળવી ગયેલા વિદ્યાર્થીઓનું અને હાલમાં શિક્ષણ લેતાઓનું પૃથકકરણ કાઢી સ્પષ્ટ બતાવ્યું છે કે શરૂઆતના ગુજરાતી ચાર ધોરણોમાં જૈન વિદ્યાર્થીઓની જે વિશાળ સંખ્યા નજરે પડે છે, તે અંગ્રેજી પહેલા ધોરણ પછી ધીમે ધીમે ઓછી થતી જાય છે. ૫૦ વિદ્યાર્થીઓ કે જેઓ અંગ્રેજી પહેલા ધોરણનો અભ્યાસ આરંભે છે. તેઓમાંથી માત્ર ૮ વિદ્યાર્થીઓ અભ્યાસ સંપૂર્ણ કરી જાય છે. આ કથનપરથી એમ જણાઇ આવે છે કે આપણે ઉચ્ચ શિક્ષણ માટે ઉત્સાહી અને કાળજીવાન નથી.

આના કારણમાં આપણે આપણા બાળકોની કેળવણી માટે વાલી તરીકે જે ધગશ–લાગણી રાખવી જોઇએ તેવી રાખી શકતા નથી. તેમ લોભના માર્યા ધંધે વળગાડી દેવાની લાલચમાં પડી બાળકના હિતને બગાડીએ છીએ.

આ શાળાનો અહેવાલ અવલોકતાં એમ કહેવું પડશે કે તે જૈન સમાજની કીમતી સેવા બજાવી રહી છે. શાળાને વધુ આદર્શ સંસ્થા બનાવવા માટે તેની પાછળ દર સાલ સાઠ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, એટલે કોઇ એમ ન સમજે કે નિભાવ ફંડના પાંચ લાખમાંથી ખરચાય છે. પરન્તુ નિભાવ ફંડના વ્યાજ ઉપરાંત જે વધુ ખર્ચ થાય છે તે બાબુજીના પુત્રો પોતાના અંગત ખર્ચે છે, જે એમની કેળવણી પ્રત્યેની લાગણી બતાવી આપે છે.

શાળાની વ્યવસ્થા તેમજ તેનો કાબેલ સ્ટાફ જોતાં તેની પ્રગતિ માટે શંકા રહેતી નથી. પ્રીન્સીપાલ શ્રી ડી. એ. તેલંગ કે જેમની કાર્યકુશળ દેખરેખ નીચે આખી શાળા ચાલી રહી છે તેઓ પણ બાહોશ અને શિક્ષણ વિષયના પ્રખર અનુભવી છે. શાળામાં જુદા જુદા વિષયોના બધાં મળીને કુલ્લે ૨૦ શિક્ષકો છે. જેમાં ૧૧ ગ્રેજ્યુએટો છે. આમાં ચાર B. T. છે, એક L. T. એક B. T. L. L. B. છે. ત્રણ શિક્ષકો S. T. C. છે. બીજા એમાંના એક મી. જામ્બોટકર M. A. B. T. S. T. C. છે. અને એક M. A. B. T. છે. આ સિવાય એક મેડીકલ ઇન્સપેકટરની નીમણુંક પણ કરવામાં આવી છે. જેઓ વિદ્યાર્થીઓના આરોગ્ય વિશે અવાર નવાર તપાસ કરી જાય છે. શાળામાં ધાર્મિક શિક્ષણ માટે પણ ખાસ શિક્ષક રાખવામાં આવ્યા છે.

[અનુસંધાન..........જુઓ...........પૃષ્ઠ ૫ મું...]

# ચમત્કાર

જન સમુદાય, વિકાસની પ્રાથમિક ભૂમિકામાં, ચમત્કારો તરફ વધુ પ્રમાણમાં ઢળે છે. આદિ યુગમાં વરસાદ, મેઘ, સૂર્યપ્રકાશ અને ચાંદની વિગેરેમાં પણ માનવી ઇન્દ્ર અથવા કોઇ એક મહાન સરજનહારનો હાથ કલ્પે છે. જગતના રોજના એ સામાન્ય વ્યવહારો એમને ચમત્કાર સ્વરૂપ લાગે છે. ચમત્કાર જોઇને મનુષ્ય શ્રધ્ધાયુકત બની બે હાથ જોડી નમસ્કાર કરે છે.

પણ એ યુગ ચિરસ્થાયી નથી. બાળક એકડીયા જાણી ક્રમે ક્રમે બીજી–ત્રીજી–ચોથી ચોપડીમાં દાખલ થાય તેમ જન સમુદાય પણ ક્રમે ક્રમે એ ચમત્કારોનાં રહસ્ય ઉકેલે છે: એનાં કારણ–કાર્ય વિચારે છે. પછી એક વખતના ચમત્કારો એને ગણિતના દાખલા જેવા સહજ અને સ્વાભાવિક દેખાય છે.

સામાન્ય રીતે ચમત્કારોનો યુગ વીત્યા પછી પણ ધર્મના પ્રદેશમાં એ ચમત્કાર–યુગની આછીઘેરી અસરો રહી જાય છે. ધર્મ, શ્રધ્ધાનો પ્રદેશ છે; જે કંઇ નથી કળાતું, નથી અનુભવાતું તે તરફ જ શ્રધ્ધાળુ મનુષ્ય મીટ માંડીને બેસે છે. ધર્મના રક્ષકો જાણ્યે–અજાણ્યે, ધર્મની સાથે વણાયેલી ચમત્કાર–બુધ્ધિને પંપાળે છે. એટલે બને છે એવું કે પૂરા વૈજ્ઞાનિક યુગમાં પણ ધર્મક્ષેત્રરૂપી એક ખૂણો અજ્ઞાન, તથા વ્હેમના અંધકારથી છવાયેલો રહી જાય છે. શ્રધ્ધા અને ભકિત ઉપર જીવતા પુરૂષો એનો ઉપયોગ કરી વાળવા લલચાય છે.

ભારતવર્ષના મધ્યકાલીન ઇતિહાસમાં ધર્માચાર્યોએ આવા અનેક ચમત્કારો કરી બતાવ્યાનાં ઉલ્લેખો મળે છે. બ્રાહ્મણો, બૌધ્ધો, જૈનો તથા શૈવો: જે કોઇ અતિ આશ્ચર્યમય ચમત્કાર કરી બતાવે તેમનો જ ધર્મ શ્રેષ્ઠ–તેમનો જ ધર્મ આદરણીય એમ એ વખતે મનાતું. એ પ્રકારના ચમત્કારોએ ધર્મ અને રાજ્યમાં ભયંકર વાવાઝોડા આણ્યાં હતાં–ભલા ભલા રાજ્યોને ધ્રૂજાવ્યાં હતાં.

આત્મા તથા કર્મ વિષે કયા દર્શને ઉંડા વિચાર કર્યાં છે, એ જાણવાની કે સમજવાની, ચમત્કારપ્રધાન યુગમાં કોઇને દરકાર નથી હોતી, પ્રજાના કે જનસંઘના સાંસારિક દુઃખ, કલેશ કઇ રીતે દૂર કરી શકાય તે વિષે પણ એમને બહુ જીજ્ઞાસા નથી રહેતી: એમની ધૂન એક જ હોય છે અને તે એ કે ન્હાનો સરખો પણ જો કોઇ ચમત્કાર કરી બતાવે તો એ જ એમને મન સંસારનો એક માત્ર તારક, એ જ ન્હાનો સરખો પરમેશ્વર.

ઇન્દ્રજાલ, નિમિત્ત તથા સામુદ્રિકના જ્ઞાતાઓ ચમત્કાર–યુગમાં પૂજાને યોગ્ય મનાયા છે. જ્ઞાન, શ્રધ્ધા તથા ચારિત્રના ભોગે દુનીયાના પામર મનુષ્યો–જાદુગરો ધુરંધર કર્ત્તા–હર્ત્તા અને ભર્ત્તા મનાયા છે.

કોઇ બોલી ઉઠશે: "જાદુગરોની વાત જવા દ્યો, ઇન્દ્રજાળીયાની વાત કોરે મૂકી છાંડો: પણ શું યોગબળમાં અદ્ભુત ચમત્કાર કરી બતાવવાની તાકાત નથી? ચમત્કાર જેવું કંઈ છે જ નહીં એમ તમે માનો છો?"

અમે કહીએ છીએ કે યોગબળ ભલે સંસારનું સર્વોપરી બળ રહ્યું, પણ યોગશાસ્ત્રના અભ્યાસીઓ જાણે છે કે સાચા યોગીઓ ચમત્કાર તરફ નફરતની નજરે નીહાળે છે. યોગી ચમત્કાર તરફ ઝુકે એટલે એ યોગના માર્ગથી પતિત બને છે. ચમત્કાર એ બાળ ખેલ છે. ચમત્કાર જેવી કોઈ વસ્તુ હોય તો પણ તે ભલે રહી. અમે કહીએ છીએ કે એ ચમત્કારોમાં, વિરાટ જનસમુદાયનું હિત સાધવાની કંઈજ યોગ્યતા નથી. ચમત્કારમાં માનનારી બુધ્ધિ અજ્ઞાનતા, વ્હેમ અને ગુલામી મનોદશાને વધુ મજબુત કરવા સિવાય બીજો કોઈ અર્થ નથી સાધતી.

સમજો કે એક યોગીરાજ, મારવાડની સૂકી નદીમાં એકાએક પાણીનાં પૂર વહાવે છે; પાંચ માણસને માટે પકાવેલા અન્નમાંથી, પોતાની યોગશકિતના પ્રભાવે પાંચસો માણસોને જમાડે છે. એ વાત છાપાના પાને ચડે છે. યોગીરાજની યોગશકિતના યશોગાન ગવાય છે. એકંદરે એનું પરિણામ શું આવે છે?

બાળ જીવો ચમત્કારિક પુરૂષને પરમ પુરૂષ માનવા પ્રેરાય છે. પોતાનાં અનેક કષ્ટ, વ્યાધિ માત્રની ઔષધી એમની પાસેથી જ મળી શકશે એમ માની તેઓ એમના પગ પૂજવા લાગે છે. મનુષ્યમાં જે પુરૂષાર્થ રહેલો છે. અથવા મનુષ્ય માત્રે સ્વાવલંબનની શકિત ઉપર મુસ્તાક રહેવું જોઇએ ને સૂત્ર ભૂલી જવાય છે. તે પોતાના બળમાં શ્રધ્ધા મૂકવાને બદલે બીજાના ઉપર આધાર રાખતો થાય છે. કયાંઇક પણ ચમત્કાર થશે અને કોઇકના બળથી પોતાનો ઉધ્ધાર થશે એમ માની નિશ્ચેતન બની બેસી રહે છે. ગુલામીમાં અને આ પ્રકારની પરવશતામાં તત્ત્વતઃ કશો જ ફેર નથી.

ચમત્કાર વિષેની શ્રધ્ધા એ દેશના અમંગળનું એક મોટામાં મોટું ચિન્હ છે. જે ધર્મમાં આવા ચમત્કાર કરી બતાવનારા યોગીઓ રહે છે તે ધર્મ પણ આગળ વધવાને બદલે પાછાં પગલાં ભરે છે.

તીર્થને અંગે જ્યારે જ્યારે અણધાર્યા અંતરાય આવીને ઉભા રહ્યા છે ત્યારે ત્યારે શ્રદ્ધાળુ પુરૂષોએ, શાસનદેવતા ચમત્કારની આશા રાખી પોતાના કર્તવ્યની ઉપેક્ષા કરી છે. જે વખતે સંઘશકિતનો પરચો બતાવવો જોઇએ તે વખતે પણ ચમત્કાર વિષેની શ્રધ્ધાને લીધે નરી નિર્માલ્યતા જ દાખવી છે.

એક યોગી, ઘડીભરને માટે માની લઇએ કે સૂકી નદીઓમાં નીર વહાવે છે, બે–પાંચ હજાર અતિથિઓને ભોજન જમાડી શકે છે, પણ બીજે અજાણ્યે સ્થળે પાણીના ટીપા બિના ટળવળતા અને અન્ન કે ઔષધ વિના અકાળે મૃત્યુના માર્ગે ચાલી નીકળતાં કરોડો દીન–દરિદ્રીઓ માટે એ યોગીરાજ કંઇ ચમત્કાર બતાવી શકશે?

યોગમાં જો ચમત્કારની શકિત હોય તો અમે નમ્રતાપૂર્વક એ યોગીરાજની પાસે એટલું જ માગીએ છીએ કે કરોડો માનવીઓની આ પરાધીનતા દૂર થાય, આ ભારતભૂમિના અગણિત સંતાનોની અજ્ઞાનતા ટળે: પોતે મનુષ્ય છે અને મનુષ્ય તરિકે જ ઉન્નત મસ્તકે મનુષ્યત્વતા અભિમાન સાથે જીવવાનો એમને હકક છે એટલી એક સામાન્ય વાત સમજતા થાય એવો કોઇ ચમત્કાર આપ ન કરી બતાવો?

જો એટલું ન થઇ શકે તો યોગની શકિત અને યોગના મહિમાના રણશીંગા ફુંકવાનું, મહેરબાની કરીને માંડી વાળો. આપ યોગીરાજ હશો, આપ રાજ રાજેશ્વર હશો, આપ વિશ્વગુરૂ હશો–ગમે તે હો, અમારો તે સામે વિરોધ નથી. ચમત્કાર તરફ અમારા સમુદાયની શ્રધ્ધાને વાળતાં પહેલાં, એનાં અનિષ્ઠ પરિણામોનો વિચાર કરો. ચમત્કારોના પ્રચારથી આપની હજુરમાં કદાચ બે શ્રીમંતો કે બે રાજા–મહારાજાઓ વધુ આવશે: રડયાખડયા સટ્ટાના ખેલાડીઓ આપના ચરણ ચૂમશે; પણ સમુચ્ચયે આ દુર્બળ–વ્હેમી, પાખંડપૂજક સમાજ એવા સત્યાનાશના માર્ગે ચડી જશે કે આપના જેવા હજારો યોગીઓ પણ એ બરબાદીને અટકાવવામાં નિષ્ફળ જશે.

# પાટણનો પત્ર

[આ પત્ર પાટણમાં રહેતાં એક ભાઇએ પોતાના એક મિત્ર ઉપર લખ્યો છે. આખો યે પત્ર પાટણના જૈનોની તેમજ ત્યાંના સંઘની મનોદશાનું અને તેમની કાર્યશીલતાનું સચોટ પ્રતિબીંબ રજુ કરે છે. આ પત્ર પ્રગટ કરવાનું અમને મુનાસીબ લાગતાં તે અત્રે રજુ કરીએ છીએ.]

તા. ૧૧–૯–૩૫

પ્રિય ભાઈ.........

ઘણે દિવસે તમારો પત્ર મલ્યો. હું તો જાણતો હતો કે તમે મને ભૂલી ગયા હશો પરન્તુ તમારા પત્રે મારો એ ભ્રમ દૂર કર્યો. તમારો પત્ર આવે અને હું તમને પત્ર ન લખું તો હું કૃતઘ્ની જ ગણાઉં ને ? આજે તો પત્રમાં પાટણના સમાચાર જ પાઠવું છું. હું ધારૂં છું કે તમને એમાં રસ પડશે જ.

પર્યુષણ આવ્યા અને ગયા. પરન્તુ જે ઉત્સાહ અને આનંદ થવો જોઇએ તે તો દેખાયો જ નહિ. જૂનવાણીઓના શુષ્ક ઠાઠમાઠ, રસહિન દેખાવો, નિરર્થક ઘોંઘાટ, પ્રભાવના લેવાની ધક્કંધક્કા, બોલીઓની ધુમાધુમ, નવાં નવાં વસ્ત્રોના ઠઠેરા વગેરે દર વર્ષના જેવી જ ધમાલ થઇ. નોકારશી પણ કરાઈ અને ત્યાં ય જમનારાઓની અધિરાઇ. આપણને જમતાં ય ન આવડે !

આ વર્ષે વ્યાખ્યાનો પાંચ જુદા જુદા ઉપાશ્રયમાં યોજાયા હતા. એથી એક લાભ થયો દર વર્ષે જે પ્રકારની ભીડ, ઘોંઘાટ થતો હતો તે આ વર્ષે બહુ થવા પામ્યો નહિ. એ જ કલ્પસૂત્ર વંચાતું હતું અને શાન્તિથી પર્યુષણ પર્વ વિતતાં હતા ત્યાં સોસાયટીએ ગોળો ગબડાવ્યો. જાણે સુધારકો દેવદ્રવ્ય હોઇયાં કરી જવા માંગતાં હોય અવી મતલબની એક લાલ પત્રિકા બહાર પાડી અત્રેના યુવક સંઘે તે દ્વારા તેનો જડબાંતોડ જવાબ વાળ્યો.

સંભળાય છે કે મુંબાઇથી કેટલાક ભાઇઓએ સંઘના બંધારણ માટે માંગણી કરી છે. અને પેલી કમીટીના અભરાઇએ ચડેલા બંધારણના ખરડા અંગે મંત્રણાઓ ચાલી રહી છે. બંધારણ ઘડવા માટે બધાની ઇચ્છા દેખાય છે. પરંતુ પાટણને શનીશ્ચર છે. સત્તાના શોખીનોને સત્તાનો મોહ તો હોય જ ને ? આ બધાં સંજોગો જોતાં હાલ તુરત અભરાઇએ મુકાયલું બંધારણ નીચે ઉતરે એમ નથી લાગતું. બાકી બંધારણની અગત્યતા અત્યારે સૌ કોઇ સ્વીકારે છે. બંધારણ બંધાય તો સંઘના અનેક ગુંચવણ ભર્યા કોયડા ઉકલી જાય અને બંધારણસર કામકાજ ચાલે.

અત્રેના જ્ઞાનભંડારો માટે જ્ઞાનમંદિરની પ્રથમ જરૂરીયાત સૌ સ્વીકારે છે. એટલે તો બે વર્ષ પહેલાં આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરી અત્રે પધાર્યા ત્યારે બહેનોની ભાવના ને જહેમતથી સોળ હજાર ભેગા થયેલા, એક ગૃહસ્થ તરફથી પચ્ચાસ હજારનું વચન પણ મળેલું. તેમ કોટાવાળાશેઠના સ્મારકમાંથી પણ મળે તેમ છે. પણ આજે બધું હવામાં છે. બાકી જ્ઞાનમંદિરની ટીપ માટે નિમાયેલ કમીટી જાગૃત થાય, પ્રથમ ભેગા થયેલ સોળ હજારની વ્યવસ્થા તેમના હસ્તક હોય તો તેની શું વ્યવસ્થા કરવામાં આવી છે તે બહાર પાડે, જ્ઞાનમંદિરની ટીપનું કામ આગળ ધપાવે, જેઓએ વચન આપ્યાનું કહેવાય છે તેમને મળે તો હું માનું છું કે પાટણમાં જરૂર જ્ઞાન મંદિર ઉભું થાય.

આ તો મોટો અહેવાલ થઈ ગયો. હજુ પાટણ માટે તો ઘણા પ્રશ્નો છણી શકાય. પરન્તુ માત્ર છણાવટથી શું વળે ? વાતોના તડાકાએ કંઇ કાર્ય સિધ્ધિ સામી શકાઇ છે ખરી ? સાધારણ વર્ગને પેટની પડી છે ને માલદારને તો માત્ર મોજશોખ જ ભોગવવા છે તેમને સમાજની કાંઇએ પડી નથી. આમ છતાં બે ચાર ભાઈ બ્હેનો પાટણના ઉત્થાનમાં, તેની સંસ્કૃતિના પુનર્સર્જનમાં દટાઇ જવા કમર કસશે તો જરૂર કાંઇક પરિણામ ઉપજે પણ વોહ દિન કયાંસે કે મિયાં કે પાઉંમેં જુતીયા !

બસ ! કહેવા જેવું તો ઘણું છે. પરંતુ બધું જ એક સામટું કહી નાંખવું એ ઠીક કહેવાય ખરૂં ? ફરી પાછા પત્ર દ્વારા મળી શું.

સૌ અનિલા મઝામાં હશે. ન્હાની વિલાસને મારી યાદ આપજે. પંદરેક દિવસની રજા મેળવી અહિં આવી જાવ તો ?

લી૰

.........................ના

વંદેમાતરમ્.

---

( આપણી સંસ્થાઓ..................પૃષ્ઠ ૩ થી ચાલુ. )

ગુજરાતી વિભાગમાં ૮ શિક્ષકો છે અને ધાર્મિક વિભાગમાં ૨ છે. આ સિવાય વધુ શિક્ષણ લેવા ઇચ્છનાર શિક્ષકને શાળા પોતાના ખર્ચે ખાસ સગવડ પણ કરી આપે છે. દાખલા તરીકે શાળાના શિક્ષક શ્રી જામ્બોટકર M. A. B. T. S. T. C. છે. છતાં તેઓને ટીચર્સ ડીપ્લોમા માટે લંડન મોકલવામાં આવેલા. જેઓ તેમાં ઉત્તીર્ણ થઈ ગયા છે ને થોડા જ વખતમાં હાજર થવા વકી છે.

વિદ્યાર્થીઓ શિક્ષણ ઉપરાંત સામાજીકહિતના કાર્યોમાં પણ શિક્ષકોના સહકારથી તક મળે સેવા બજાવે છે. આ સિવાય વાદવિવાદ દ્વારા ધાર્મિક, સામાજીક તેમજ બીજા અગત્યના વિષયો પરત્વે ભાષણો તેમજ ચર્ચાઓ કરે છે. સાથે 'પ્રદીપ' નામનું હસ્તલિખિત ત્રિમાસિક પણ કાઢે છે.

વિદ્યાર્થીઓના લાભ માટે ૪૦૦૦ પુસ્તકોની સુંદર લાયબ્રેરી છે. જેનો વહીવટ પણ વિદ્યાર્થીઓ કરે છે. આ સિવાય શાળામાં કૉ-ઑપરેટીવ સ્ટોર્સ, બોયસ્કાઉટ ટ્રુપ, બેન્ડ કૉર્પસ, ક્રીકેટ ટીમ, કસરત વિગેરે પ્રવૃત્તિઓ પણ ચાલી રહી છે.

શિક્ષણ સાથે બાળકોને અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી હુન્નર ઉદ્યોગનું ફરજીયાત જ્ઞાન પણ આપવામાં આવે છે.

સ્કુલને આદર્શ નમુનેદાર સંસ્થા બનાવવા માટે તેના ટ્રસ્ટીઓ બાબુશ્રી જીવણલાલજી વિગેરે જે મહેનત લઈ રહયા છે, તેમજ તેમનાં અને તેમના કુટુંબનાં બાળકોને આજ શાળામાં શિક્ષણ આપવાનો જે ઉત્તમ દાખલો બેસાડયો છે તેથી તેઓ પ્રસંશાને પાત્ર છે.

આ શાળા આપણી સમાજમાં એક આદર્શ અને નમુનેદાર સંસ્થા છે. તેની દિનપ્રતિદિન પ્રગતિ થયા જ કરો એ જ ઇચ્છા.

**આવી નમુનેદાર શાળાની જૈન બાળાઓ માટે પણ જરૂર** છે. કોઇ એ ખોટ પૂરી પાડી જૈન સમાજની સેવા બજાવશે ખરૂ ?

# જૈન સમાજની પુનર્ઘટના

તેરમી જુલાઇએ મુંબઇ જૈન યુવક સંઘના આશ્રયે હિરાબાગમાં શ્રી પરમાનંદ કાપડીયાએ ઉપરોક્ત વિષય પર આપેલું ભાષણ નીચે મુજબ છે. ભાષણ અભ્યાસની દષ્ટિએ અગત્યનું અને આજના પ્રશ્નો પરત્વે અંગુલી નિર્દેષતું હોઇ અમારા વાંચકોનું અમે ધ્યાન ખેંચીએ છીએ,

( ગતાંકથી ચાલુ )

આપણી જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિનું આ સત્ય ચિત્ર છે. એનો વિચાર કરો અને કહો કે આમને આમ ચાલ્યા કરે તો જૈન સમાજનું આપણે શું અને કેવું ભાવી કલ્પી શકીએ ? કોઈ એમ કહેશે કે જે ક્ષીણતાને પામી રહયું છે અને વિનાશ તરફ ધસડાઇ રહયું છે તેને મરવા દ્યો ! તેનો આટલો લાંબો વિચાર શું કરવો ? અવસ્ય જે મૃત્યુને યોગ્ય હોય અને જેના જીવનથી જગતને કશો લાભ ન હોય તેના ભાવીની ચિન્તા કરવા બેસવું એ સમયનો અપવ્યય અને બુદ્ધિનો નિરર્થક ઉપયોગ કરવા બરોબર છે પણ જૈન ધર્મ અને જૈન સમાજ માટે એમ કહી શકાય તેમ નથી. જૈન ધર્મનો પૂર્વ ઇતિહાસ ખુબ ઉજ્જવળ છે. જૈન ધર્મે ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં ખુબ ફાળો આપ્યો છે. અનેક જૈન પરાક્રમી પુરૂષોએ અને વિદ્વાન સાધુઓએ જૈન ઇતિહાસને શોભાવ્યો છે. આજે પણ છિન્ન ભિન્ન જર્જરિત જૈન સમાજમાં પણ ઠીક ઠીક પ્રાણબળ ભર્યું છે. જૈન ધર્મના સિધ્ધાન્તો અને માન્યતાઓ વર્તમાન યુગના વિચારો અને ભાવનાઓ સાથે પુરો મેળ સાધી શકે તેમ છે અને આગામી નવી ઘડાતી સંસ્કૃતિમાં સારો ફાળો આપી શકે તેમ છે. પણ આ બધું તો જ બને કે જો આજના જૈનો સમગ્ર પરિસ્થિતિનું માપ લઇને આખા સમાજની પુનર્ઘટના કરવાનો પ્રયત્ન આરંભે–છેદવા જેવું છેદી નાંખે, તોડવા જેવું તોડી નાંખે અને નવું ગ્રહણ કરવા જેવું ગ્રહણ કરીને આખી પરિસ્થિતિને નવો જ પલટો આપે. આ પુનર્ઘટના કયા કયા ઠેકાણે કયા કયા પ્રકારે થવાની જરૂર છે તેનો વિચાર હવે કરીએ.

પ્રથમ તો જૈન કોમની ઘટતી જતી સંખ્યાનો વિચાર કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. કારણ કે ધર્મને યથા શકિત જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરનાર સમુદાય બિના ધર્મ ટકી શકે જ નહિ. ધર્મીના અભાવે ધર્મ પણ મૃતભાષા જેવો ઐતિહાસિક વિષય બની જાય. તો પ્રથમ એ જોઇએ કે આપણી સંખ્યા કેમ ઘટતી જાય છે ? એમાં પણ આખા દેશની વસ્તી દશ ટકા વધે તો જૈનોમાં કાંઈ એવું સંતતિનિયમન પ્રવર્તતું નથી કે જૈનો તો ઘટવા જ જોઇએ. જૈનોનું મરણ પ્રમાણ મોટું છે એ સંખ્યા ઘટવામાં એક નિમિત્ત કારણ હશે જ અને તેનો વિચાર આપણે આરોગ્યના પ્રશ્ન ઉપર આવીશું ત્યારે કરીશું પણ મોટે ભાગે તો મને એમ લાગે છે કે અનેક જૈનો એક આ બીજા કારણે જૈન ધર્મ છોડતા જાય છે. આ કારણોનું નિવારણ ન થાય ત્યાં સુધી સંખ્યા ઘસારો ચાલ્યા જ કરવાનો. આ કારણો શું હશે ? મારી દૃષ્ટિએ આમ બનવાના મુખ્ય ચાર કારણો છે. (૧) આપણા ધર્મમાં અન્યને દાખલ થવાનું એક પણ દ્વાર ખુલ્લું છે જ નહિ એમ કહીએ તો ચાલે. મારો ઉદ્દેશ જૈન ધર્મનો ખુબ પ્રચાર કરીને જ્યાંથી બને ત્યાંથી અન્ય લોકો પાસે પોતાનો ધર્મ છોડી જૈન ધર્મ સ્વીકારાવવાની પ્રવૃત્તિ આદરો એમ કહેવાનો છે જ નહિ; કારણ કે ધર્માન્તર કરાવવાની ઉગ્ર પ્રવૃત્તિ ધાર્મિક અથડામણી અને કલહો નિપજાવવામાં જ પરિણમે છે અને તે રીતે દેશહિતને ભારે નુકસાનકર્તા બને છે પણ હું એમ માનું છું કે દરેક ધર્મમાં અન્યને ઇચ્છા થાય તો દાખલ થવાની સગવડ હોવી જ જોઇએ. એટલે કે અન્ય કોઇ જૈન ધર્મ અંગીકાર કરવા ઇચ્છતો હોય તો તેને જૈન સમુદાયે સમાન દરજ્જો આપીને સ્વીકારવાને તૈયાર રહેવું જોઇએ. એનો અર્થ એ થયો કે જૈન થવા ઇચ્છનાર સાથે ખાનપાનનો ભેદ કે લગ્ન વ્યવહારનો ભેદ જૈન સમુદાયે રાખવો ન જ જોઇએ એટલું જ નહિ પણ બીજી અનેક રીતે પણ તેને મદદરૂપ થવાને જૈન સમુદાયે તૈયાર રહેવું જ જોઇએ. પણ આજે એવી કશી સગવડ કે સ્વાગત વૃત્તિ નથી તેથી પ્રવેશ દ્વાર બંધ છે જ્યારે બહાર જવાનું દ્વાર તદ્દન ખુલ્લું છે. (૨) કન્યાની લેવડ દેવડને લગતા તડો અને ઘોળોએ અનેક જૈનોને ધર્માન્તર કરવાની ફરજ પાડી છે. અમુક નાનો જૈન વર્ગ એવી રીતે અમુક સ્થળમાં ગોઠવાયો હોય કે તેની આસપાસ વસતો મોટો જૈનેતર સમુદાય ન તેની દીકરી લે કે ન તેને દીકરી આપે અને દૂર વસતા જૈનો તે નાના વર્ગની આ અસાધારણ અગવડની સામું પણ ન જુએ. પરિણામ એ આવે કે આવી સામાજીક અગવડથી અકળાઇને મુંઝાઇને તે નાનો વર્ગ ધીમે ધીમે વૈષ્ણવ કે સ્વામીનારાયણ સંપ્રદાયમાં ભળી જાય. આ બન્યાના અત્યાર સુધીમાં અનેક દાખલાઓ બન્યા છે. આ તડ ઘોળ–જ્ઞાતિઓનો સત્વર નાશ થવો જોઇએ અને કન્યાની લેવડ દેવડની વિશાળ જૈન સમાજમાં સર્વત્ર છુટ અને સગવડ મળવી જોઇએ. આથી કેટલાય જૈનો અજૈન થતા અટકશે અને જૈનોમાં સામુદાયિક ભાવના કેળવાશે. (૩) આપણા ગચ્છ અને સંપ્રદાયના આન્તર કલહોએ પણ અનેક જૈનોને ધર્મવિમુખ બનાવ્યા છે. (૪) આપણા સાધુઓમાં જે ધર્મ પ્રચારની ધગશ જોઇએ. જે missionary spirit જોઇએ તે લગભગ છે જ નહિ એમ કહીએ તો ચાલે. સાધુઓ ઉગ્ર વિહાર, સુન્દર ઉપદેશ, અને જનતાની સાચી સેવાથી અનેક માણસોને પોતા તરફ એટલે કે પોતાના ધર્મ તરફ ખેંચી શકે છે. આજના સાધુમાં એ ત્રણમાંનું એકકે રહ્યું નથી. તેથી સાધુઓ જૈનોની સંખ્યા ટકાવવામાં વધારવામાં જરા પણ મદદરૂપ બની શકતા જ નથી.

આ રીતે વસ્તી ઘટાડો અટકાવવાના પાંચ ઉપાય છે. અયોગ્ય

સુધારણા, અન્યને ધર્માન્તર કરવાની સરળતા, જ્ઞાતિ તડ કે ધોળનો નાશ, આન્તર્વિગ્રહનું પ્રશમન, અને સાધુઓમાં ધર્મપ્રચારની ભાવનાની જાગ્રતિ. આ બધા ઉપાયો આપણી સંખ્યા ઘટતી અટકાવવા માટે જરૂરના છે એટલું જ નહિ પણ આપણા વર્તમાન સમાજની પુનર્રચના માટે એટલા જ ઉપયોગી અને વિચારવા યોગ્ય છે. ધર્માન્તર સરળ કરવાના તેમ જ જ્ઞાતિબંધ તોડવાના પ્રશ્ન વિષે આપણે ઉપર જરૂરી વિચાર કરી ગયા. આરોગ્ય સુધારણાના અંગમાં વિષય વિસ્તારના ભયથી લાંબું વિવેચન નહિ કરતાં સીધી સુચનાઓ જ રજુ કરૂં છું.

(૧) કસરત અને રમતગમત વિષેની આપણે ચાલુ ઉપેક્ષા ટાળવી જોઇએ. બીજા છોકરાઓ જ્યારે ક્રીકેટ, ફુટબૉલ રમતા હોય ત્યારે આપણા છોકરાઓ ઘરમાં ભરાઇ બેસે એ સ્થિતિનો અન્ત આવવો જોઇએ અને એ ખાતર ધાર્મિક નિયમોમાં થોડી છુટછાટ આપવી જોઇએ. છોકરીઓના શરીર વીકાસનો પણ એટલી જ ગંભીરતાથી વિચાર કરવો જોઇએ.

(૨) આપણા ચાલુ ખોરાકનું આરોગ્ય અને પોષણની દૃષ્ટિએ સંશોધન થવું જોઇએ. ફરસાણ, મિષ્ટાન્ન, કઠોળ અને અથાણા ઉપરની અભિરૂચિ ઉપર સંયમ મુકાવો જોઇએ અને શરીરને ફાયદો કરે તેવાં ફળ તેમ જ તાજાં સીલા શાકનો ઉપયોગ ખુબ વધવો જોઇએ. આપણામાં અહિંસાની દૃષ્ટિએ ખાનપાનના વિષયમાં અનેક નિયમ ઉપનિયમો પ્રવર્તે છે જેની પરાકાષ્ટા અનશન વ્રતમાં આવે છે. જે વ્યકિતનું મોક્ષ ખરેખર ધ્યેય હોય અને જે સંસારની અનેક પ્રવૃત્તિથી નિવૃત્ત બનતો જતો હોય તે ભલે ખાનપાનના અનેક પ્રદેશો ધીમે ધીમે સંકેલતો જાય અને શરીર ધારણ પુરતો અહિંસાની દૃષ્ટિએ એકાન્ત શુધ્ધ પવિત્ર ખોરાક લે પણ એ નિયમ ઉપર સમાજ લાંબો વખત નભી ન શકે. સામાજીક દૃષ્ટિએ શરીર ધારણ એટલો જ માત્ર પ્રશ્ન વિચારવાનો નથી પણ સમાજની અંગભૂત વ્યકિતઓનાં શરીર કેમ બળવાન અને દીર્ઘાયુષી થાય, એ પ્રશ્ન પણ એટલો જ અગત્યનો છે અને આ રીતે વિચારતાં નિરામિષાહારની મર્યાદામાં રહીને પણ આપણા ખોરાકમાં કેટલાક જરૂરી ફેરફારો કર્યા સિવાય છુટકો છે જ નહિ.

(૩) છોકરા છોકરીઓનાં લગ્ન જેટલી બને તેટલી મોટી ઉમરે કરવાના વિચાર ઉપર હજુ વધારે ભાર મુકાવાની જરૂર છે. જો એક સરખો સર્વત્ર પ્રયાસ કરવામાં આવે તો બાલ લગ્ન તો આપણે મૂળમાંથી નાબુદ કરી શકીએ.

(૪) આપણી રહેણી કરણીની બધી બાજુ અસ્વચ્છતાથી ભરેલી છે. કપડા, પાયખાનું, રસોડું, દીવાનખાનું સર્વત્ર સ્વચ્છતાની દૃષ્ટિનો ખુબ ઉપયોગ વિચારવાની જરૂર છે, આપણે સુસ્થિતિ સંપન્ન છતાં ગંદા ગણાઇએ છીએ એ એમ સૂચવે છે કે આપણામાં પ્રમાદ અને અજ્ઞાન બન્ને ખુબ ભર્યાં છે. આપણા જમણવારો આપણા ચાલુ જીવનમાં ભરેલા ગંદવાડનું મોટા પાયા ઉપર પ્રદર્શન છે. એ આ તરફની અસ્વચ્છતા દૂર થાય અને આપણું ચાલુ જીવનની રહેણી કરણી સ્વચ્છ, સુંદર, કલાયુકત બને એવા પ્રયત્નો આદરવાની ખાસ જરૂર છે. આરોગ્ય સુધારણાના અંગમાં આટલું જ.

હવે આપણે આપણા સંપ્રદાય ભેદોના વિચાર ઉપર આવે. આપણો જૈન સમાજ મૂળ ત્રણ વિભાગમાં વહેંચાયલો છે. ૧) દિગંબર મૂર્તિપૂજક (૨) શ્વેતાંબર મૂર્તિપૂજક (૩) સ્થાનકવાસી. તેરાપંથીનામનો એક મોટો વર્ગ છે પણ તે મૂર્તિપૂજાનો વિરોધી હોઇને તેનો સ્થાનકવાસી વર્ગમાં જ સમાવેશ થાય છે. ત્રણે વર્ગની માન્યતાઓનું સામ્ય ડુંગર જેવડું છે અને જુદાપણું પ્રણુમાં ઘણું નજીવું છે એમ છતાં આજે આપણા સાધુવર્ગે આપણુંએવા સંસ્કારમાં ઉછેર્યા છે અને એવું શિક્ષણ આપ્યું છે કે આપણી વચ્ચે રહેલું સામ્ય આપણને નજીવું લાગે છે અને આપણી વચ્ચેના ભેદો ખોટા અભેદ્ય ડુંગર જવા ભાસે છે. પૂર્વાચાર્યોએ જો ધર્મ અને સમાજની બીજી અનેક રીતે મોટી માટી સેવાઓ કરી છે પણ આ વિષયમાં આપણા ભેદોને અસાધારણ મોટા બનાવીને અને તે ભેદ પ્રરૂપકોને નિન્હવ તરીકે વર્ણવીને અસાધારણ કુસેવારી છે. અને આજના સાધુઓ પણ એ જ માર્ગે ચાલી રહ્યા છેવસ્તુતઃ વિચારશો તો માલુમ પડશે કે આવી ભેદભાવની દૃષ્ટિએ આપણે એક મેકને જોઇએ છીએ તેમાં આપણી જ મૂર્ખાઈ છે. દરેકના એક જ છે. આત્મા, પરભવ પાપપુન્યને લગતો કર્મ સિધ્ધંત અને મોક્ષની કલ્પના આ ધર્મની મૂળભૂત બાબતો વિષે સૌકોઈ એક મત છે. અહિંસા, સત્ય, અસ્તેય. બ્રહ્મચર્ય કે અપરિગ્રહએ મનુષ્ય જીવનની મુખ્ય નિયામક ભાવનાઓ વિષે પણ સૌ કો' એકમત ધરાવે છે? એક કહે છે કે મૂર્તિ ન જ જોઇએ, બીજો કહે છે કે મૂર્તિ તદ્દન નગ્ન જોઇએ; ત્રીજો કહે છે કે મૂર્તિને કચ્છું પરિધાન જોઇએ. ધર્મનું ધ્યેય આધ્યાત્મિક જીવનનો વિકાસ છે. તેઅર્થે અનેક સાધનોમાં મૂર્તિપૂજા એક સાધન છે. એ સાધનની ઉપયોગીતા કે પ્રકાર વિષે ભિન્ન ભિન્ન દૃષ્ટિ બિન્દુએ થોડા થોડો મતભેદ હોય એ માટે આપણે એક મેકથી સદાને માટે બધી બાબતમાં જુદા હોઇએ એમ વિચારવું અને વર્તવું સાપેક્ષવાદી જૈનોને કોઈ પણ રીતે શોભે છે ખરૂં? એક પક્ષ કહે છે કે સાધુ નગ્નજ જોઇએ: બીજો પક્ષ કહે છે સાધુ શ્વેત વસ્ત્રધારી જોઇએ; ત્રીજો પક્ષ કહે છે કે સાધુએ મોઢે મુહપત્તી બાંધવી જોઇએ. આમ વિચારવા અને વર્તવામાં કોઈ એકાન્તે ખોટું નથી કોઈ એકાન્તે સાચું નથી તો પછી આ મારા અને આ પારકાના સાધુ એમ ભેદ પાડવાને બદલે સંસારનો ત્યાગ તો સૌ એ કર્યો છે એમ સમજી દરેક સાધુને આપણે નમીએ કાં નહિ. આવી જ રીતે દિગંબર મૂર્તિ હોય કે શ્વેતાંબર મૂર્તિ હોય પણ મૂર્તિ તો આખરે જીનેશ્વર ભગવાનની છે એમ સમજીને કોઇ પણ જૈન મંદિર વિષે આ મારૂં છે અને આ પારકાનું છે એવો ભેદ શાને વિચારીએ? મારી દૃષ્ટિએ આપણામાં કોઈ પણ એવો મૌલિક માન્યતા ભેદ છે જ નહિ કે જેનાથી સંપ્રદાયનું જુદાપણું જાળવી રાખવાની જરા પણ જરૂર હોય. માન્યતાના સામ્ય ઉપર ખુબ ભાર મૂકવામાં આવે, અને ધાર્મિક આચાર વ્યવહારમાં થોડીક બાંધછોડ કરવામાં આવે અને એ રીતે સર્વમાન્ય પૂજન વિધિ અને સાધુઓનો આચાર નકિક કરવામાં આવે અને એ જ રીતે પર્વભેદ, નવકાર ભેદ જેવા નજીવા ભેદોનો છેદ ઉડાડી દેવામાં આવે તો આખી જૈન કોમને એકત્ર માત્ર નહિ પણ એક રૂપ બનવામાં શી વાર લાગે? અને આ બધી વાતો શું અવ્યવહારૂ છે? જો કોઇ એમ કહેતું હોય કે આ તો

મૌલિક સિદ્ધાન્તોનો ઘાત કરવાની વાત કરવામાં આવે છે તો તેને મારો જવાબ છે કે મૌલિક સિદ્ધાન્તોના નામે રૂઢિ પૂજકો તરફથી અનેક તુત ચલાવવામાં આવે છે, તે વિષે સમાજને સ્પષ્ટ ખ્યાલ આપવાની ખૂબ જરૂર છે. જો હું આત્મતત્વનો ઇન્કાર કરૂં, કર્મના સિધ્ધાન્તનો વિરોધ કરૂં, પૂર્વભવ કે પરભવ જેવું છે જ નહિ એમ કહું, અહિંસાને બદલે હિંસાનો, સત્યને બદલે અસત્યનો, અસ્તેયને બદલે સ્તેયનો, બ્રહ્મચર્યને બદલે વ્યભિચારનો, અપરિગ્રહને બદલે મુડીવાદનો પક્ષ કરૂં તો અવશ્ય તે પ્રવૃત્તિ જૈન ધર્મના મૌલિક સિધ્ધાન્તના મૂળમાં મર્મપ્રહાર કરનારી ગણાય. પણ બાકીના કોઈ પણ આચાર, વ્યવહાર કે વિધાનમાં ફરતા જતા દેશ કાળના વિચાર અનુસાર ફેરફાર કરવાનું કહેવું તેમાં નથી મૌલિક સિધ્ધાન્તનો લેશ માત્ર ભંગ કે નથી જૈન ધર્મના નામે મિથ્યાત્વનો પ્રચાર. પ્રચલિત સંવત્સરી પાંચમની કોઈ આચાર્યના કહેવાથી ચોથ થઈ શકે પણ પાછી ચોથની પાંચમ કરવાની કોઇ વાત કરે તો તે ધર્મવિરોધક ગણાય ! દિગંબર તીર્થંકરના સાધુઓ શ્વેતાંબર બને અને કાળાન્તરે પોતાને શ્વેતાંબર કહેવરાવવા છતાં ધોળા ઉપર પીળું વસ્ત્ર ધારણ કરવામાં આવે. આમ ફેરફારોના દાખલાઓ ઇતિહાસમાં પાને પાને ટંકાયલા હોય એમ છતાં આ જે છે તેમાં તો કોઇ કાળે ફેરફાર ન જ થઈ શકે એમ કહેવું તે દેખતી આંખો ઉપર પાટા બાંધવા જેવું જ ગણાય. આટલા વિવેચન ઉપરથી એ સિધ્ધ કરવાનો આશય છે કે દિગંબર શ્વેતાંબર અને સ્થાનકવાસીને એકત્ર કરવામાં આડે આવે એવું આપણી મૌલિક માન્યતાઓમાં કશું પણ છે જ નહિ પણ કોઈ કહેશે કે દિગંબરો તથા શ્વેતાંબરોની માન્યતાઓનો સમન્વય કદાચ થઈ શકશે પણ એક વર્ગ કહે છે કે મૂર્તિ જોઈએ અને બીજો વર્ગ કહે છે કે મૂર્તિપૂજા નકામી છે અને અનેક અનર્થો નિપજાવનારી છે આવા મૂર્તિપૂજક અને અમૂર્તિપૂજક એટલે સ્થાનકવાસી વર્ગ વચ્ચે મેળ શી રીતે સાધવો ? પ્રથમ તો ઉંડાણથી વિચાર કરતાં માલુમ પડશે કે સ્થાનકવાસી વર્ગના મોટા ભાગનો મૂર્તિપૂજા સામેનો વિરોધ વસ્તુતઃ મૂર્તિ સામે નથી પણ મૂર્તિપૂજાને લગતી જે આપણામાં અનેક અતિશયતાઓ અને અસ્વાભાવિકતાઓ ઉભી થઇ છે તથા તે વડે સમાજમાં જે રીતે અનેક વહેમો અને અજ્ઞાનને પોષણ મળે છે તે સામે તેઓનો વિરોધ છે. આપણા મંદિરોનું, પૂજન વ્યવહારનું બરોબર સંશોધન કરી મંદિરો સાદા કરવામાં આવે, મૂર્તિઓને ખોટા શણગારથી મુકત કરવામાં આવે, અને મંદિરમાં થતી આવકનો સદુપયોગ કરવામાં આવે તો અનેક સ્થાનકવાસીઓ મુર્તિપૂજા પ્રત્યે આદરથી જુએ કારણ કે ધાર્મિક જીવન સાથે મૂર્તિપૂજાને બહુ અતલગનો સંબંધ છે અને અજ્ઞ અણુવિકસિત મનોદશામાં મૂર્તિ મનુષ્ય જાતનું સ્વાભાવિક સહજ અવલંબન બને છે. બીજી બાજુએ મૂર્તિપૂજા કરે તે જ ધર્મી અને ન કરે તે અધર્મી એવા ખ્યાલની જે આપણામાં ઉંડી જડ છે એ પણ ઉખેડવી જોઇએ. ચાર ભાઇઓમાં બે મંદિરે જતા હોય અને બે ન જતા હોય છતાં સુખે સાથે રહી શકે છે અને વ્યવહારની બીજી બધી બાબતો સાથે રહી સંભાળી શકે છે આવી ઐકયની ભાવના મૂર્તિપૂજકો અને અમૂર્તિપૂજકો પરસ્પરમાં ખીલવી શકે છે. માટે આપણી વચ્ચેનો કોઈ પણ ભેદ જો આપણામાં એકરૂપ થવાની સાચી ઇચ્છા હોય તો જુદા રાખવાને સમર્થ છે જ નહિ પણ આજે આપણા કોઇમાં આમ એકરૂપ થવાની ઇચ્છાનો જ અભાવ છે. વળી જેવી રીતે ઝાડમાંથી ડાળીઓ નીકળ્યા બાદ પાછી થડમાં સંકેલાઇ જઈ શકતી નથી તેવી જ રીતે મૂળ સમાજમાં સંપ્રદાયની શાખાઓ એક વાર ફુટયા બાદ તેને સૈકાઓનું સીંચન મળ્યા બાદ અને એ સંપ્રદાયે વડવાઇની માફક જમીનમાં પોતાનું સ્વતંત્ર ઉંડું મૂળ નાખ્યા બાદ આપણા સર્વનું એકીકરણ કરે એવો કોઈ અસાધારણ મહાપુરૂષ આપણી વચ્ચે પ્રગટે નહિ ત્યાં સુધી એકીકરણની વાતો મિથ્યા પ્રભાવ જેવી લાગે છે. વર્તમાન સંયોગોમાં આપણે એકમેકને એક જ ધર્મના અનુયાયી તરીકે લેખતા થઇએ, પરસ્પરના ભેદો બને તેમ આછા કરીએ, આપણે આપણા માર્ગે ચાલીએ છતાં અન્ય પ્રત્યે પુરા આદરભાવથી જોતા શીખીએ અને જૈન સધર્મી તરીકે ઘણુંએ સાથે મળીને કરવા જેવું છે અને થઈ શકે તેમ છે તેવી પ્રવૃત્તિઓનો આરંભ કરીએ તો ઘણું છે. આ માટે ત્રણે વર્ગની સંયુકત પરિષદો– ત્રણે વર્ગના આગેવાનોની અવાર નવાર મળતી સભાઓ બહુ જ આવકારદાયક છે. આવો એક પ્રયત્ન છેલ્લી સ્થાનકવાસી કૉન્ફરન્સના પ્રમુખ રા. હેમચંદભાઇની પ્રેરણાથી થોડા માસ પહેલાં થયો હતો તેનું તાત્કાલિક પરિણામ કશું આવ્યું નહોતું છતાં શુભ શરૂઆત તરીકે ખરેખર અભિનંદન યોગ્ય છે.

[આ આગત્યના ભાષણનો વધુ ભાગ હવે પછી આપવામાં આવશે.]

લોકોએ એક મહાત્માને પૂછ્યું:–"પરમાત્માને પંથે પહોંચવાના કેટલા માર્ગ છે?"

મહાત્માએ ઉત્તર આપ્યો:–'સૃષ્ટિમાં જેટલા અણુ છે તેટલાં માર્ગ છે પરન્તુ સર્વોત્તમ અને સ્હેલામાં સ્હેલો માર્ગ સેવા છે."

❖ ❖ ❖ ❖


**કરાંચીના અમારા મુખ્ય એજન્ટ**

**ટી. વી. શીવજીભાઈ**

કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ.

રણછોડ લાઇન,

કરાંચી.

**: : કરાંચીના ગ્રાહકોને : :**

હવે પછીથી નીકળનારા તરુણ જૈનના અંકો અમારા ઉપરના મુખ્ય એજન્ટને ત્યાંથી મળશે અગર તેમના તરફથી ગ્રાહકોને પહોંચતા કરવામાં આવશે. જોઈતી છુટક નકલો પણ તેમને ત્યાંથી જ મળશે.

વ્યવસ્થાપક 'તરુણ જૈન'

# : : અધમ સાધુતા અને અયોગ્ય દિક્ષા : :

**: આવતાં પાત્રો :**

**મુનિ કીર્તિસાગરજી:** અયોગ્ય દિક્ષાનો વિરોધ ફેલાવી જૈન શાસનની કીર્તિ પ્રસરાવનાર પવિત્ર સાધુ.
**નીતિકાન્ત:** જૈનરક્ષક સેવાદળના સરદાર.
**રસીકવિજયજી:** કુમળાં બાળકોને મુંડનાર જૈન સમાજમાં ઝેર–વેર ઉત્પન્ન કરનાર 'છોકરા–ચોર' સાધુ.
**ભ્રમિતચંદ્ર:** 'છોકરા–ચોર' સાધુઓની ખબર લેતો 'ભારત પ્રેજામિત્ર'નો ચાલાક રિપોર્ટર.
**કુંદનવિજયજી:** } **સાધનવિજયજી:** } રસીકવિજયના શિષ્યો.
**ગૌતમલાલ:** મહાવીર નગરનો નગરશેઠ બાલ દિક્ષાનો હિમાયતી પાછળથી વિરોધી.
**ઉત્તમલાલ:** મહાવીર નગરનો એક જૈન
**શ્રીકાન્ત** } **જયન્તિ** } ઉત્તમલાલના બાળકો
આ સિવાય સ્વયંસેવકો વગેરે.

પ્રયોજક:–**વીરકુમાર**

અંક ૧ લો. પ્રવેશ ૨ જો.

(ગતાંકથી ચાલુ)

રસીકવિજય:–શાબાસ ! જાણેછો ને ? આ સંસારમાં કંઈ નથી. સંસાર અસાર છે. જગત નશ્વર છે. ધર્મ કરશે તે તરશે. બાકી ચોર્યાસીના ફેરામાં તણાશે.

શ્રીકાંત–મહારાજ સાહેબ ! ચોર્યાસીનો ફેરો એટલે શું ?

રસીકવિજય:–(જરા મુંઝાય છે) આ ભવાટવીમાં ભ્રમ્યા કરવાનું તે.

જયંતિ:–ભવાટવી એટલે ?

રસીકવિજય:–ભવસાગર.

શ્રીકાંત:–ભવનો સાગર ?

રસીકવિજય:–બરાબર. એ તરી જાણે એ પાર ઉતરે.

શ્રીકાંત:–એ કેવી રીતે તરાય ?

રસીકવિજય:–ધર્મ કરીને. પણ પાર ઉતરવું હોય તો દિક્ષા લીધા વીના ન ઉતરાય.

શ્રીકાંત:–એમ ? (જયંતિની સામે નજર કરે છે)

જયંતિ:–મહારાજ સાહેબ, પાર ઉતરીને ક્યાં જવાનું ?

રસીકવિજય:–સિધ્ધ શીલાએ. ત્યાં કોઇ જાતનું દુઃખ ન પડે ભણવા ગણવાની ઉપાધી નહીં. કંઈ પાપ કરવાનું નહીં ને પુણ્ય ભોગવાનું નહીં.

શ્રીકાંત:–ત્યાં ખાવાનું મળે ?

રસીકવિજય:–ત્યાં ખાવાની જરૂર જ નથી પડતી.

જયંતિ:–એમ તે હોય ! પછી જીવાય કેવી રીતે?

શ્રીકાંત:–પણ ત્યાં બોલબેટ રમવાનાં મળે ?

રસીકવિજય:–અરે બોલબેટથી યે સરસ રમવાનું મળે. (સ્વગત) આ બાળકોને શે સમજાવવાં ?

જયંતિ:–ત્યાં કોણ કોણ હોય ?

રસીકવિજય:–આપણાં તીર્થંકરો. મહાવીર ભગવાન,........

શ્રીકાંત:–મહાવીર ભગવાન ?

જયંતિ:–મહાવીર ભગવાન ?

રસીકવિજય:–હા. મહાવીર ભગવાન.

શ્રીકાંત } જયંતિ } અમને ત્યાં લઇ જશો ? ત્યાં જવાય ? મહાવીર ભગવાનને મળાય ? એમની સાથે વાત કરાય ? એ અમારી જોડે બોલે?

રસીકવિજય:–બધું થાય.

જયંતિ:–ત્યારે અમને ત્યાં લઈ જાઓ.

રસીકવિજય:–પણ ત્યાં જવાનું કંઇ સહેલું નથી. દિક્ષા લેવી પડે, માબાપને છોડવા પડે ?

શ્રીકાંત;–માબાપને છોડવાં પડે ?

જયંતિ:–ત્યારે અમારે નથી જવું.

રસીકવિજય:–પણ મહાવીર ભગવાનનો ઉપદેશ શું છે ખબર છે ? એ પોતે પણ માતા પિતાને છોડીને સાધુ થઇ ગયા હતા ને ? મોક્ષ તે કંઇ અમસ્તું પડયું છે ?

શ્રીકાંત:–મારા બાપને પૂછું ?

રસીકવિજય:–ના, ના. એવું ના પૂછાય (સ્વગત) પૂછે તો ધાણ જ વળી જાય ને ?

જયંતિ;–મહારાજશ્રી એક વાત પૂછું ?

રસીકવિજય:–પૂછ ને ?

જયંતિ:–મારા બાપા નોકરી કરવા જાય છે એટલે પગાર લાવે છે અને અમે બધા ખાઇએ છીએ. તમે ખાવાનું તે અમારે ત્યાંથી લઇ જાવો છો પણ આ કપડાં ક્યાંથી આવે છે ? કમાવા જાઓછો ?

રસીકવિજય:–અમે દિક્ષા લઇએ એટલે પછી કમાવાની ઉપાધી અમને રહેતી જ નથી. જુઓને, સંસારમાં તમે રહો તો કમાવા જવું પડે પારકી ગુલામી વેઠવાની, અપમાનો સહન કરવાનાં.

શ્રીકાંત:–હાસ્તો વળી. બાપાને એક દહાડો એમના શેઠ લઢયા'તા ખરું ને જયંતિ ?

જયંતિ:–હા બાપાએ તે દિવસે ખાધું યે નહોતું અને બા ને મારી'તી.

શ્રીકાંત:–તે દિક્ષા લઇએ તો ખાવાનું જે ખાવું હોય તે મળે.

રસીકવિજય:–આપણને શ્રાવકો જે ખાય તે બધુંજ મળે.

શ્રીકાંત:–પારકી નોકરી ન કરવી પડે.

જયંતિ:–વળી મહેનત મજુરી પણ નહીં.

રસીકવિજય:–ઠીક ત્યારે જાઓ તમે–રાત્રે આવજો. અત્યારે સાંજ થવા આવી છે અને અમારે આહાર વાપરવાના છે.

(છોકરાઓ જાય છે.)

રસીકવિજય–(શિષ્યને) કુંદન ! કેમ આ બે છોકરાઓ દિક્ષા લે તો ?

કુંદનવિજય:–શાસનમાં હીરા પાકે.

રસીકવિજય:–બંનેને તારા ચેલા કરીશું ?

# અગત્યનો પત્રવ્યવહાર

જૈનો માટે સસ્તાં ભાડાની ચાલીઓ અંગે પાયધુનીપર આવેલા ગોડીપાર્શ્વનાથ મહારાજશ્રીના દેરાસરનાં ટ્રસ્ટીઓની સાથે મુંબાઇ યુવક સંઘ તરફથી કરવામાં આવેલો પત્ર વ્યવહાર જનતાની જાણ માટે નીચે રજુ કરવામાં આવે છે.

પત્ર ૧ લો.

તા. ૫–૮–૩૫

શ્રી ગોડીપાર્શ્વનાથ મહારાજશ્રીના દેરાસરના વહીવટકર્તા ટ્રસ્ટી સાહેબો જોગ. મુંબાઇ.

વ્હાલા સાહેબો,

વિ. વિ. સાથે જણાવવાનું કે, અમારા સંઘની કાર્યવાહક સમિતિની એક મીટીંગ ગઇકાલે રાત્રિનાં મળી હતી તે વખતે નીચે મુજબ ઠરાવ થયો છે તેની નોંધ લેશોજી.

**ઠરાવ.**

મુંબાઇમાં વસતા જૈનો માટે સસ્તાં ભડાની એક પણ ચાલી નહિ હોવાથી, પાયધુની ઉપર આવેલ ગોડીજી મહારાજનાં દેરાસરના વહીવટકર્તા ટ્રસ્ટીઓનું આજની મીટીંગ ખાસ ધ્યાન ખેંચે છે કે પાયધુની પર ગોડીજીની જે ચાલી બંધાય છે, તેનો જૈનો માટે સસ્તા ભાડાની ચાલી તરીકે ઉપયોગ કરવા આપની ટ્રસ્ટીબોર્ડ નિર્ણય કરી જૈન સમાજને એક ઉપયોગી ખાતાની ખોટ પુરી પાડશે. ઉપરના પત્રનો જવાબ આપવાની મહેરબાની કરશો.

લી૦
સંઘના સેવકો.
**મણીલાલ એમ. શાહ.**
**અમીચંદ એ. શાહ.**
મંત્રીઓ.

પત્ર ૨ જો.

તા. ૧–૯–૩૫

શ્રી ગોડીપાર્શ્વનાથ મહારાજશ્રીના દહેરાસરનાં વહીવટકર્તા ટ્રસ્ટી સાહેબો જોગ મુ. મુંબાઈ

વ્હાલા સાહેબો.

વિ. માં જણાવવાનું કે આપને તા. ૫–૮–૩૫ નાં રોજ અમારા તરફથી એક કાગળ લખવામાં આવેલો, અને તે કાગળમાં અમારા સંઘની કાર્યવાહક સમિતિએ તા. ૪–૮–૩૫ ના રોજ કરેલ ઠરાવ તરફ આપનું ધ્યાન ખેંચવામાં આવેલું, છતાં આપ તરફથી તેનીપહોંચ સરખી પણ લખવામાં આવી નથી. એ દિલગીરી ભરેલું છે.

આજસુધી આપનાં તરફથી કોઇપણ જાતનો જવાબ નહિ આવવાથી, અમારે આપને જણાવવાનું કે ગોડીજીનાં નામે ઓળખાતી ચાલી (જે હાલ નવી બંધાય છે) ને જૈનો માટે સસ્તાં ભાડાની ચાલી તરીકે આપની ટ્રસ્ટીબોર્ડ ઉપયોગ કરવા ધારે છે કે નહિ ?

આ અંગે આપનાં સ્પષ્ટ ખુલાસાની જરૂર છે. કારણ કે આ અંગે વિચારણા કરવા અમારી કાર્યવાહક સમિતિ મળવાની છે, તેની આગળ તમારો જવાબ રજુ કરી શકીએ, તેથી મહેરબાની કરી તરત જવાબ આપશો.

લી૦
મંત્રીઓ.

ઉપરના બન્ને પત્રોનો જવાબ.

શ્રી મુંબાઈ જૈન યુવક સંઘના મંત્રી સાહેબો જોગ.

મુંબાઇ તા. ૬–૯–૩૫

સવિનય જણાવવાનું કે તમારા તા. ૫–૮–૩૫ તથા તા. ૧–૯–૩૫ ના એમ બન્ને પત્રો મળ્યાં.

અત્રેના ટ્રસ્ટીઓની તા. ૧૫–૮–૩૫ ના રોજ મળેલી મીટીંગમાં તમારો તા. ૫–૮–૩૫ નો પત્ર રજુ કરવામાં આવ્યો હતો તે સંબંધી નીચે મુજબ ઠરાવ થયેલ છે. તેની નોંધ લેશો.

"બોમ્બે યુવક સંઘનો તા. ૫–૮–૩૫ નો પત્ર રજુ થતાં તેને ફાઇલ કરવામાં આવ છે."

લી. સેવક.
**મુનીમ નારાયણદાસ અમીચંદ.**
મેનેજીંગ ટ્રસ્ટી સાહેબોના હુકમથી.

( અધમ સાધુતા અને અયોગ્ય દીક્ષા )

કુંદનવિજય:–સાધનવિજયજી............

રસીકવિજયજી:–ઠીક. એક એક વહેંચી આપીશું. ચાલો આહાર વાપરી લઇએ, તૈયારી કરો. (સ્વગત) છોકરાંઓ પલળશે એમ લાગે છે ખરૂં.

(આહાર વાપરવા બેસે છે. વાપરી રહ્યા પછી પ્રતિક્રમણની વિધિ પતાવી લે છે અને સ્વસ્થ થઈ બેસે છે એ સમયે નગરશેઠ આવે છે)

નગરશેઠ–ત્રિકાળ વંદના મહારાજશ્રી

રસીકવિજય:–ધર્મલાભ આ બીજું કોણ છે ?

નગરશેઠ:–બીજું કોઇ નથી. ક્યાં છે ?

રસીકવિજય:–કોઇ આ તરફ ગયું ને! અંધારામાં કોણ છે તે ઓળખાયું નહીં, અને ક્યાં ગયું તે પણ જણાયું નહીં.

નગરશેઠ:–મહારાજશ્રી, તમને ભ્રમણા થઇ હશે. મારી સાથે બીજું કોઇ હતું જ નહીં

રસીકવિજય:–ઠીક ચાલો. પેલા બે છોકરાંને કંઇક પલાળ્યાં છે. વાંધો નહીં આવે.

નગરશેઠ:–ત્યારે તો દાદાનાં દર્શનની હવે વાર નહીં જોવી પડે.

રસીકવિજય:–તમે શું કરી આવ્યા ? બીજા ત્રણનું શું ?

(નગરશેઠ રસીકવિજય ને બધી વાત કરે છે. તેવામાં કોઇક કાગળ પર લખતું હોય તેવો અવાજ આવે છે. રસીકવિજય ફરીવાર શંકાની દૃષ્ટિથી ચારે તરફ નજર ફેરવે છે; પણ અંધારામાં કંઇ દેખાતું નથી. દરમ્યાન નગરશેઠ વાત પુરી કરે છે અને રસીકવિજય મહારાજ તેમને કંઇક સૂચના કરે છે.)

રસીકવિજય:–ઠીક ત્યારે તમે જાઓ. પેલા બે છોકરાઓ અત્યારે આવવાના છે.

નગરશેઠ:–ત્યારે ત્રિકાળ વંદના. (નગરશેઠ જાય છે.) અહીં રસીકવિજયજીની બાજુમાંથી કોઇક સરકીને ચાલ્યું જાય છે. રસીકવિજયજી ભડકે છે. પણ અંધારમાં કંઇ ગમ પડતી નથી. એટલામાં શ્રીકાંત અને જયન્તી આવે છે.)

ભ્રમિતચંદ્ર:–(નગરશેઠની પાછળ જતાં જતાં) (સ્વગત) અંધારામાં પણ લખવાની કલા આ સેવકે અબાદ હાથ કરી છે. પણ આ વાતનું વતેસર હમણાં. કરવા જેવું નથી. (જાય છે.)

(પડદો પડે છે.) (અપૂર્ણ)

# : વર્તમાનપત્ર : : સમાજની એક ઉપયોગી સંસ્થા :

વર્તમાનપત્રોમાં આવતા અને ચર્ચાતા લેખોથી સમાજને થતા લાભો જાળવી રાખવાને માટે જે સુચના હું કરવા માગું છું તે એ છે કે વર્તમાનપત્ર એ એક અગત્યનું અંગ છે, તેના સિવાય વિચારો રજુ કરવાનું એકે સાધન નથી. વર્તમાનપત્ર દ્વારા એક માણસ કોઈને પણ ઉંધે રસ્તે દોરવ્યા સિવાય પોતાને સત્ય અને પ્રમાણીક લાગે અને સમાજને લાભ થાય તેવી બાબતો જાહેરમાં મુકી શકે છે, તેમજ સમાજ અને ધર્મગુરૂઓને લગતા જુદા જુદા પ્રશ્નો પણ જાહેરમાં લખી અને ચર્ચી શકે છે. વર્તમાનપત્રમાં આટલી જ વાતોનો માત્ર સમાવેશ નથી થતો, પરંતુ બીજી બાબતોની સાથે સાથે એક વ્યકિત સ્વજ્ઞાતીને લગતી બાબતો લખી શકે છે, અને સમાજના બંધારણમાં તેમજ ચાલતી પ્રવૃત્તિમાં રહેલી ખામીઓને ખુલ્લી પાડી મુખ્ય મુદ્દાઓ ઉપર વીવરણ કરી શકે છે. વળી જ્ઞાતી જનોને પતનને પંથે વળતાં પણ બચાવી શકે છે, આ ઉપરાંત એવી બીજી ચળવળો અને તેને લગતી પ્રવૃત્તિઓની પણ ચર્ચા થઈ શકે છે.

આપણા પત્રકારીત્વ માટે ધર્મગુરૂઓને વર્તમાનપત્રોની સ્વતંત્રતાની લેશમાત્ર પણ રૂચી કે પસંદગી નથી એમ કહીએ તો ચાલે. ધર્મગુરૂઓ વર્તમાનપત્રોથી ભડકતા રહે છે, કારણ કે એથી પોતાની પ્રવૃત્તિઓમાં અવરોધ ઉત્પન્ન થાય એવી તેમને બીતી રહે છે.

આજકાલ યુવાનોમાં દેશ અને સમાજ સેવાની ધગશ છે, અને જેઓ ભોગ આપવા તૈયાર છે, તેમણે વર્તમાનપત્રોમાં સારા સામાજીક લેખો લખવાને ઝંપલાવવું જ જોઈશે, વર્તમાનપત્રોમાં આવતા લેખો અત્યારે લાભદાઇ તો નથી થતા, છતાં પણ સુધારો ઇચ્છનારાઓ સામાજીક, ધાર્મિક વિગેરે વિષયો ચર્ચતા લેખો આપતા રહે તો, જાહેર મતનો જે દુરૂપયોગ જમાનાઓ થયાં થઇ રહ્યો છે, તે નહિ થતાં ભવિષ્યની પ્રજા સીધે રસ્તે દોરવાશે, તેમને યોગ્ય શિક્ષણ મળશે, અને અત્યારની કોચરાંની સાલોની સમાજને ચુસી લેતી અને નીચોવી નાંખતી પ્રવૃત્તિઓની બાબતોને ખરા સ્વરૂપમાં સમજવાનું ભવિષ્યની સમાજ શીખી શકશે.

વર્તમાનપત્રોપર જવાબદારીનો બોજ અતિ ભારે છે, પરંતુ ધર્મગુરૂઓની જવાબદારીનો બોજ અજમેર અને અમદાવાદની ધર્મગુરૂઓની કોન્ફરન્સોમાં જે પ્રદર્શનો સમાજે જોયાં તે ભવિષ્યની પ્રજાને શું શીખવશે ? જાહેર મતને કેવી રીતે તેમણે દોરી છે. તેમની જવાબદારી કેવી રીતે તેમણે જાળવી છે.

આ મોટા દેખાવવાળાઓ લીગ ઑફ નેશન્સની પ્રવૃત્તીની માફક કરારો અને તહનામાં તોડવાનો નર્યો પરવાનો મલ્યો સમજે છે, ખોટી વાચાળતા, શેહ પાડે તેવા દેખાવો ને ખુદાઈ દમામથી આ ધર્મધુરંધરો લોકોને આંજે છે, અને તેઓ લોકોનાં એ ભોળપણનો લાભ લઇ અંગત મહત્તા ને સત્તાને શીખરે બેસી શાસન ચલાવે છે. આ ધર્મના સરમુખત્યારોએ પોતામાં લોકોએ મુકેલા વિશ્વાસનો ભંગ કરીને સામાજની કસોટી કરી છે. તેઓએ સમાજમાં સમ્રાટ જેટલી સત્તા ધારણ કરેલી છે. લોકોને આ આપખુદોનો પુરતો પરીચય છે. તેમને ધર્માધ્યક્ષોનું હવે આકર્ષણ રહયું નથી. મધ્યયુગી આ સંસ્થા પરનો તેમનો મોહ ઉતરી ગયો છે, કારણ કે માનવ સ્વભાવ એકજ વ્યકિત કે નાનકડા વર્ગના સ્વાર્થી વર્ચસ્વને નીચે મુખે ચલાવી લેવાને ઘડાયો નથી. સમાજને ધર્મના આજના ઠેકેદારોનાં આક્રમણ સામે સાવચેતી રાખવાની છે.

વર્તમાનપત્રો તો ખરેખર જાહેર મતને દોરવનારા છે. એમની આવી જવાબદારીને અંગે તેમને એટલે વર્તમાનપત્રોને મુડીદારો અને ધર્મગુરૂઓની માફક બેદરકાર કે બીનજવાબદાર રહેવું પરવડે પણ નહી. ખેદજનક વાત તો એ છે કે આજે ઘણાએ શ્રીમંતો અને ધર્મગુરૂઓ આજના સમાજવાદી વર્તમાનપત્રોને જુદેજ રૂપે મુકવામાં પોતાની મહત્તા સમજી બેઠા છે. આપણી સમાજ પણ આ વિષયપર બેદરકાર હોય તેમ જણાય છે, યુવકવર્ગ વર્તમાનપત્રોમાં લખે તેની જરૂરીઆત તેમને હજુ કેમ જણાતી નથી, એ વિચારવા લાયક પ્રશ્ન છે, કારણ કે વર્તમાનપત્રો એ માત્ર નિંદા કરતી અને પ્રમાદ સેવતી સમાજની બીન ઉપયોગી સંસ્થાઓ નથી, પરંતુ માનવ જાતની અને માનવ સમાજની સેવા કરનારૂં એ ઉપયોગી અને ઓટોમેટીક યંત્ર છે.

**લક્ષ્મીચંદ હેમરાજ કોઠારી.**

## — કિ ... ર ... ણુ —

- એવું એક પણ સુખ નથી કે જે બ્રહ્મચર્ય અને જ્ઞાન વડે પ્રાપ્ત ન કરી શકાય.
- એવું એક પણ દુઃખ અને પાપ નથી કે જે વાસના અને અજ્ઞાન વડે પ્રાપ્ત ન થાય.
- ધર્માન્ધો ધર્મના નામ નીચે વિતરાગ માર્ગને વગોવી રહ્યા છે.
- તીર્થના ઝગડાઓ કરી અન્ય દરશનીઓ દ્વારા. જૈન ધર્મની ઝઘડાખોરો મશ્કરી કરાવે છે. આવાઓને એક પૈસો આપવામાં પણ પાપ છે.
- વીર ભગવાને કોઇને પણ પરતંત્ર અને પરાધિન થવાનો ઉપદેશ આપ્યો નથી. સંપૂર્ણ સ્વાધીન બનો એવો જ તેમનો સર્વ કોઇને ઉપદેશ હતો.
- શ્રવણ સંસ્કૃતિ મુડીવાદનો સંપૂર્ણપણે વિરોધ કરે છે.
- સર્વશ્રેષ્ઠ જૈન દર્શન કહે છે કે પુરુષાર્થ વિના કોઈ પણ આત્મા મોક્ષ મેળવતો નથી.
- સામાન્ય આત્માઓને જે કર્મ નષ્ટ કરવામાં હજારો વર્ષ લાગે તે કર્મનો નાશ પુરુષાર્થવાન વીર ભગવાને સ્હાડાબાર વર્ષમાં કર્યો છે.
- એશિયા ખંડને જેટલી આવશ્યકતા વિજ્ઞાનની છે તેટલી જ આવશ્યકતા યુરોપ ખંડને અધ્યાત્મજ્ઞાનની છે.
- સાતમા નર્કની શારીરિક વેદના કરતાં અજ્ઞાનની આત્મવેદના અનન્ત ઘણી તીવ્ર છે.
- દેવદ્રવ્યની વિપુલતા અને ચારિત્ર્યહિન સાધુઓને પોષણ આપવું એ અત્યંત અજ્ઞાનને જ આભારી છે.

**જાદવજી કેશવજી.**

મુંબઇના જૈનજુવાનોની એકજ સંસ્થા

**-: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ :-**

તમે સભ્ય થયા છો ?

આજેજ સભ્ય થઇ જાવ

**વાર્ષિક લવાજમ રૂપિયા બે**

૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબાઇ નં. ૩

# સ • મા • ચા • ર

## સ્થાનિક સમાચાર : પર્યુષણ

દર વર્ષની જેમ આ વર્ષે પણ પર્યુષણ ઠાઠમાઠથી ઉજવાયાં હતા. અનેક પ્રયત્નો છતાં સ્વસ્તંરી બે જમે છે તેમ જમી. આમ છતાં પણ એક નવાઇ તો થઇ:-

પાંચમ-છઠ્ઠના બે વરઘોડા નીકળે છે. આ વર્ષે પણ તે નીકળ્યા. કહેવાતાં શાસન પ્રેમી પક્ષ તરફથી ભાદરવા સુદ ૬ ના વરઘોડામાં હંમેશના નિયમ મુજબ બળદોની જગ્યાએ ભકતો રથ ખેંચે છે. રથ આગળ જાહેર રસ્તે દાંડીયા ને કાંસી જોડાથી ભકતો ભકિત ખાતર કુદાકુદ કરે છે. આ સાલ બ્હેનોએ તેમાં સાથ દેવાની હિમ્મત દાખવી છે-પુરૂષ વર્ગે એટલી સ્વતંત્રતા આપી છે.

દશેક બ્હેનોમાં છએકના માથે ઘુણીઆ જેવડા હાંડાને ગળામાં પુષ્પના હાર, તો કોઇના હાથમાં ખંજરી બાકીની ચાર બ્હેનોના હાથમાં દાંડીયા. આ ચાર બ્હેનો વરઘોડામાં જાહેર રસ્તાપર દાંડીએ રમતી ને બાકીની છ બ્હેનો આજુબાજુ ગોળાકારમાં ફરતી. આથી લોકોને નવી નવાઇ જેવું તો લાગ્યું. લોક સ્વભાવ જ એવો છે પ્રભુ ભકિત માટે જેટલો અધિકાર પુરૂષોનો છે તેટલો જ બ્હેનોનો પણ છે. સાંભળવામાં આવ્યું છે કે આ વખતે બ્હેનોની ભકિતનો કાર્યક્રમ ગોઠવવામાં ઢીલ થવાથી દાંડીયાનો જ કાર્યક્રમ યોજાયો હતો. પરન્તુ કદાચ આવતે વર્ષે એક ડગલું આગળ ભરી પ્રભુની ભકિત નિમિત્તે રથ આગળ વરઘોડામાં ગરબા ને નૃત્ય ગોઠવાય તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી !

શાસન પ્રેમી ભકતો જે કાંઇ ન કરે એટલું ઓછું જ છે!

## અઠ્ઠાઇ-જમણ :

પાટણ સંઘના અગ્રણી શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરીના ભગિનિ કેશરબ્હેને અઠ્ઠાઇ (આઠ ઉપવાસ) કરેલા હોવાથી સુખરૂપ પારણા પછી શ્રી હેમચંદભાઇ તરફથી ભાદરવા સુદ ૬ ને રોજ દુધપાક પુરીનું જમણ સગાં સ્નેહીઓને આપવામાં આવ્યું હતું. આ જમણ ક્રિયામાં આશરે સાતસો-આઠસો માણસોએ ભાગ લીધો હતો.

સુધારક પક્ષ તરફથી ઉપાશ્રયની ઉદ્દઘાટન ક્રિયા તેમજ અઠ્ઠાઇ તપ અંગેના જમણોની આ પ્રથમ શરૂઆત થઇ કહેવાય.

## જૈન વિદ્યાશાળાનો વાર્ષિક મેળાવડો :

મુંબાઇમાં પાયધુની પર આવેલાં શ્રી શાન્તીનાથજી મહારાજના દેરાસરની પાછળના ભાગમાં ચાલતી શ્રી જૈન વિદ્યાશાળાનો વાર્ષિક મેળાવડો તા. ૧૨-૮-૩૫ ને રોજ પૂર્ણ ઠાઠમાઠથી ઉજવાઇ ગયો હતો.

શાળાનો વાર્ષિક અહેવાલ જોતાં આ સંસ્થા ઘણી સારી પ્રગતિ અને સેવા કરી રહ્યું જણાય છે. આ સંસ્થાના છેલ્લા વર્ષમાં ધાર્મિક વર્ગમાં ૨૧, અંગ્રેજી વર્ગમાં ૧૯ અને દેશી નામાના વર્ગમાં ૧૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. વર્ષ દરમ્યાન ૧૫૯ નવાં વિદ્યાર્થીઓ દાખલ થયા એટલે હાલમાં ધાર્મિક વર્ગમાં ૬૪, અંગ્રેજી વર્ગમાં ૨૫ અને નામાના વર્ગમાં ૨૫ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. આ વિદ્યાર્થીઓની વાર્ષિક પરિક્ષા તા. ૨૫-૭-૩૫ ને રોજ શ્રી મોહનલાલ મહાસુખલાલ શાહ હસ્તક લેવામાં આવી હતી. જે વખતે ૯૯ ટકા પરિણામ આવ્યું હતું. આ શાળા માટે પરિક્ષક ભાઇએ ઘણો સારો અભિપ્રાય વ્યકત કર્યો છે.

શાળાને કાયમી જગ્યા માટેનો અભાવ સ્પષ્ટ નજરે પડે છે. તે મેળવવા માટેના સંચાલકોના પ્રયત્નો ચાલુ જ છે. ફંડ પણ બહુ નથી. જૈન સખાવતી ભાઇઓએ તેમજ કેળવણી પ્રિય સજ્જનોએ આ સંસ્થા તરફ હાથ લંબાવવો જરૂરી છે.

## રાધનપુર:

બાળ મુંડનના પ્રખર હિમાયતી શ્રી રામવિજયજી રાધનપુરમાં બિરાજે છે. એટલે પર્યુષણમાં શ્રી મહાવીર જન્મના દિવસે સુપનની આવક અંગે ચર્ચા થતાં ત્યાંના જૈન આગેવાનોએ પોતાને ત્યાં અસલથી શ્રી વિજયનંદસૂરીશ્વરજીએ કરી આપેલા રીવાજ પ્રમાણે તેનો વ્યય કરવાની વાત જણાવી. પરંતુ રામવિજય એ કેવી રીતે માને ? એમણે તો પોતાના સ્વભાવ મુજબ એ જ આગ્રહ રાખ્યો કે એની તમામ ઉપજ દેવદ્રવ્યમાં જ જશે. અન્તે આ વાત વધી પડી. પાંચ-સાત ભકતો સિવાય શ્રાવક સમુદાય ઉપાશ્રય છોડી કંટાળી ચાલી ગયો એટલે સુપન ઉતર્યા નહિ ને તે વખતનું વ્યાખ્યાન બંધ રહ્યું. આમ શ્રી સંઘે વિજય મેળવ્યો.

આ બનાવ માટે કેટલાકોનું કહેવું છે કે મુની રામવિજયજીએ આ પગલું પોતાના દુરાગ્રહથી ભર્યું છે. મૂળ હકીકત એવી છે કે સં. ૧૯૪૩ માં પૂજ્યશ્રી આત્મારામજી મહારાજ સમક્ષ રાધનપુરના સંઘના ચોપડે લેખ થયલો તે અનુસાર સ્વપ્નની ઉપજ સાધારણ ખાતામાં લઇ જવામાં આવે છે. અત્યાર સુધી આ ક્રમ પળાતો આવ્યો છે. પરંતુ દેવદ્રવ્યના અંગેનું પોતાનું કથન ખરૂં કરવા અને પોતાના ગુરૂના નિર્ણય ઉપર પાણી ફેરવવા તેમણે પ્રયત્ન કર્યો. પરન્તુ તેમની આ હઠ ચાલી નહિ અને લોકોએ તેમને કાંઇપણ નમતું આપ્યું નહિ.

## ભાવનગર:

ભાવનગરની શ્રી દશા શ્રીમાળી યુવક સોસાયટીએ એક પત્રિકા પ્રગટ કરી ત્યાંના સકળ સંઘની જાહેર મીલ્કતના વહીવટ સંબંધી સકળ સંઘને તેમજ ત્યાંની જૈન જનતાને ગંભીર ચેતવણી આપી છે. તેમના જણાવ્યા મુજબ સકળ સંઘના મુઠ્ઠીભર કાર્યકર્તાઓ આ અંગે આપખુદ અને એક હથ્થુ વહીવટ ચાલવી રહ્યા છે. પત્રિકા નવો વહીવટ અને કાર્યની ધગશ લાવવા સકળ સંઘને સવેળા ચેતાવે છે.

## અમદાવાદ:

સ્થાનિક જૈન છાત્રાલય ખુલ્લું મુકવાની ક્રિયા તા. ૧૪-૮-૩૫ ને રોજ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. છાત્રાલયનું ફંડ રૂ. ૪૫૦૦૦ નું થયાનું તેમજ ૩૦ વિદ્યાર્થીઓ દાખલ થઇ ગયાનું પણ તે વખતે જાહેર કરવામાં આવ્યું હતું.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઑનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

# જૈનોના દર વર્ષે અઢી કરોડ રૂપીયા નિરર્થક ખર્ચાય છે.

વીતરાગદેવની મૂર્ત્તિ એ આત્મકલ્યાણના અનેક સાધનો માંહેલુ એક સાધન છે. એ આપણા પૂર્વાચાર્યોએ કહ્યું છે અને આપણે તેને માન્ય રાખ્યું છે, પણ નિરંજન નિરાકાર વિતરાગદેવની એ મૂર્ત્તિને તેના ભકતોએ ભકિતના અતિરેકમાં તણાઇ જઈ કેવું વિકૃત સ્વરૂપ આપ્યું છે! મંદિરમાંથી ધંધાદારી દુકાનદારીનો કેવી રીતે જન્મ થયો છે. અને એ દ્વારા સમાજના લાખો રૂપીયા કેવી રીતે બીન ઉપયોગી વેડફાઇ જાય છે. એ દાખલા દલીલોથી સમજાવતો એક લેખ મુનિ જ્ઞાનસુંદરજીએ જૈન પત્રના પર્યુષણના અંકમાં હિંદી ભાષામાં લખેલો છપાયો છે તેનું ગુજરાતી ભાષાંતર નીચે મુજબ આપ્યું છે. જૈન સમાજ વાંચે અને વિચારે. અને આવી રીતની ધર્મના નામે-વીતરાગના નામે ચાલતી દુકાનદારી સામે પોતાનો અવાજ બહાર પાડે.

**લી૦ મુંબઈ જૈન યુવક સંઘ.**

જૈન મન્દિરો અને મૂર્તિઓનું નિર્માણ માત્ર આત્મ કલ્યાણને માટે થયું છે, અને એ આત્મ કલ્યાણ આત્માના વિકાસથી ધીમે ધીમે થાય છે, આત્મ વિકાસના અનેક સાધનોમાં મૂર્તિ પૂજા એ પણ એક સાધન છે. જે મૂર્તિઓની ઉપાસના કરવામાં આવે છે, તે મૂર્તિઓ વીતરાગ–તીર્થંકર દેવોની છે. જિનેશ્વર દેવોએ રાજઋદ્ધિ મણિમાણિકયાદિ પૌદ્‌ગલિક સુખો છોડીને પોતાના પરમ નિઃસ્પૃહપણાથી પોતાનું અને પરનું કલ્યાણ કર્યું એ બાબતજ લક્ષમાં રાખી સર્વ જીવોના હિત માટે નિઃસ્પૃહાવસ્થા યાને ધ્યાનાવસ્થામાંજ વીતરાગ મૂર્તિની સ્થાપના કરવામાં આવી. અને એ મૂર્તિઓ દ્વારા શાન્તિ વૈરાગ્ય અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાં એજ ઉપાસકોનો ઉદ્દેશ હોય છે. અને એટલા માટે ઉપાસકોના પ્રમાણમાં મૂર્તિઓની સંખ્યા જોઇએ એ સ્વાભાવિક છે. જે વખતે જૈનોની વસ્તી કરોડોની સંખ્યાથી ગણાતી હતી, તે વખતે લાખો જૈન મંદિરો અને કરોડો મૂર્તિઓ વિદ્યમાન હતી, પરંતુ કાલની કુટિલ ગતિ અને પરિવર્તન થતાં કેટલાંક અવનિતના કારણોથી જૈન સમાજ ઘટવા લાગ્યો, અને એ સમયે વિધર્મી હુમલો કરનારાઓએ અનેક જૈન મંદિરો અને મૂર્તિઓને ભાંગી તેમનો નાશ કરી દીધો તો પણ આજે ઘણું નષ્ટ થયાં છતાં પણ જૈન મંદિરોની સંખ્યા કમતી નથી, વર્તમાન કાળમાં કેવળ **શ્વેતાંબર જૈન મંદિરોની સંખ્યા ૪૦ હજારની છે.** ( પચીસ જૈને એક મંદિરની ગણત્રી થાય છે )

પૂર્વકાળમાં જૈન મંદિરોમાં હીરા માણેક મોતી આદિ જવેરાતો રાખવામાં આવતા નહિ, અથવા તો મંદિરોના દ્વારો પર તાળાં કુચીઓ લગાવવાની પણ જરૂર પડતી નહિ, કોઈ પણ જાતની અટકાયત વિના હરકોઈ માણસ પ્રભુની સેવા ભકિત કરી શકતો હતો, અને એ સ્થિતિમાં ભાડુતી પૂજારીઓ કે નોકર ચાકરોની પણ આવશ્યકતા રહેતી નહિ. પરંતુ એ પરિસ્થિતિ ચૈત્યવાસીઓના સમયમાં ટકી રહી નહિ, અને તેમાં અનેક પ્રકારની વિકૃતિઓ થવા લાગી. જે તીર્થંકર ભગવાનોએ સંસાર માર્ગ પર લાત મારી ત્યાગ માર્ગનો સ્વીકાર કર્યો અને જેની પ્રતિમા ત્યાગ માર્ગ સૂચક હોવી જોઇએ, તે પ્રતિમાઓ પર મોહક વસ્તુઓથી ભાત ભાતની સજાવટ થવા લાગી. સોના ચાંદી અને જવેરાતને લીધે લોકો ઉપર બુરી અસર થવા લાગી, ચોરોનો ભય ઉત્પન્ન થતાં તે મંદિરો ઉપર મોટાં મોટાં તાળાંઓ લગાડવાની ફરજ પડી. વળી તે જોખમ સંભાળવાને માટે ભાડુતી પૂજારીઓ, તેના હીસાબ રાખવા માટે મુનિમો, અને ગુમાસ્તાઓ રાખવા પડયા, મુડીનું વ્યાજ ઉપજાવવાની તાલાવેલી લાગી, અને એ રીતે એક પ્રકારની દુકાનદારી ચાલુ થઈ, અને જ્યાં દ્રવ્ય એકઠું થાય છે, ત્યાં કલેશોત્પત્તિ સ્વભાવિક થાય છે, અને આ રીતે આત્મ કલ્યાણના સ્થાનોમાં મમત્વ અભિમાન અને કલેશનું સામ્રાજ્ય વ્યાપી ગયું.

જેમ જેમ મંદિરોમાં બાહ્યાડંબરો વધતાં ગયા, તેમ તેમ જનતા વધારે શિથિલ અને ઉપેક્ષા કરવાવાલી થતી ગઇ, અને એ શિથિલતા એટલે સુધી વધી ગઇ કે ઘણા શ્રાવકો માત્ર કેસરની ટીલી કરવામાંજ ઇતિ કર્તવ્યતા માનતા થયા. અને આજે ૪૦ હજાર જૈન મંદિરોમાં એક લાખ ભાડુતી પૂજારીઓ નીભે છે, એ એનુજ પરિણામ છે. ઘણા સ્થળે આવા ભાડુતી પૂજારીઓ પોતાનીજ જાગીર તરીકે માની જૈન કોમ ઉપર સામો દમ ભરાવે છે, તો કેટલાક સ્થળે ઘણી જાતના કર લાગા દમદાટીથી ઉઘરાવી જૈન સમાજને ત્રાસ આપે છે.

જો ગણત્રી કરવામાં આવે તો સહેજે જણાશે કે મંદિરના ભાડુતી પૂજારીઓ મારફત જૈનોના કમીમાં કમી અઢી કરોડ રૂપીઆ દર વરસે બરબાદ થાય છે. અને આટલી મોટી રકમ દેવા છતાં પણ જૈન મૂર્તિઓની હદ ઉપરાંતની આશાતના થતી નજરે પડે છે, કારણ કે તે પૂજારીઓના જન્મ સંસ્કારો અજૈની હોવાથી એમને આ મૂર્તિઓ પ્રત્યે માનદૃષ્ટિ હોતી નથી.

આવી રીતે આવા ભાડુતી પૂજારીઓ પાસે જૈન મંદિરોમાં પૂજા કરાવવી એ કેવળ જાણીબુઝીને મૂર્તિની આશાતના કરવા બરાબર છે.

ધર્મ એટલે આંધળાનો હાથી ?

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૧ મો.
મંગળવાર તા. ૧૫-૧૦-૩૫

## ઓ ! જુવાન !

સમાજનું નાવ વિનાશ માર્ગે ઘસડાઇ રહ્યું છે. માનવ જાતિનું ભાવિ ભયાનક ભાસે છે.

ઓ ! જુવાન ! સમાજની મદદે ધાવા આજથી જ તૈયારીઓ કાં ન કરી લે ? આજે તારૂં લોહી જુવાન છે. કાલે તું વૃદ્ધ થશે. જીવનમાંથી જડતા જશે. શરીરમાં શિથિલતા વ્યાપશે. અંગેઅંગમાં નિર્બળતા અને નામર્દાઈ પ્રસરશે. માટે ભવિષ્યની વાતો ત્યજી જવાંમર્દ હો તો ખડો થઇ જા !

તારી દ્રષ્ટિ ચોમેર ફેરવ—શું દેખાય છે ? આત્મકલ્યાણના ધામોમાં નરી દુકાનદારી ચાલુ છે, ત્યાગના ઓઠા નીચે તારા કહેવાતાં ધર્મગુરૂઓ ત્યાગનું લીલામ કરી રહ્યા છે, કુરિવાજો, રૂઢીઓ ને વહેમથી સમાજ સીતમ ચક્કીમાં ભીંસાઈ રહ્યો છે. પેટભરાઓ ભાઇ-ભાઇને લડાવી રહ્યા છે, બેકારીનો બાહુ જાતિને ભરખી રહ્યો છે. આ બધાં સ્હામે તું વિપ્લવની ચિનગારી ફુંક. કુંભકર્ણની નિદ્રામાં ઘોરતા સમાજ ને તું જાગૃત કર !

સમાજ તારીજ આશાપર મદાર બાંધે છે. શું તું એ ભૂલી ગયો છે ? જુવાન તે જંજીરોથી જકડાય ખરો ? અને જકડાય તો એની જુવાની એળે જાય. અંધશ્રદ્ધાના પડળોએ અત્યાર સુધી તારો રાહ ચૂકાવ્યો છે. એટલે તારી શકિતને કાયરતાના થડ ભાઝયા છે. એ અંધશ્રદ્ધા અને ભીરૂતા ફગાવી સમાજના જકડાયેલા જીવોને મુકત કરવા કમર કસ !

ઓ ! જુવાન ! સમાજની દુર્દશા મીટાવવાની તારા હૃદયમાં જ્યોત નથી પ્રગટી ? તારા ઉપર લદાયલી ગુલામીની જંજીરો તોડી નાંખવાની તને તાલાવેલી નથી લાગી ? સૈકા જુનાં રૂઢી ચક્રોમાં ભીંસાઇ રહેલા સમાજને મુકત કરવાની તમન્ના તને નથી વ્યાપી ? જુવાન તૈયાર થઇ જા ! સમાજનો સડો સાફ ન થાય ત્યાં સુધી સંગ્રામ ખેલવા કટિબદ્ધ થા !

જ્યાં સુધી સમાજનો સડો સાફ ન થાય ત્યાં સુધી સંગ્રામ સતત ચાલુજ રાખજે. અને એ સંગ્રામમાં તારૂં સ્થાન મોખરે છે એ ભૂલતો નહિ. એક સૈનિક તરીકે એ સ્થાન જાળવી જ રાખશે. ભીરૂતા તો કાયરો માટે સર્જાઇ છે. મર્દોને તે બ્હીક કેવી. તું તો જુવાન છે ? લડાઇ લડયેજ રાખજે. હાર કે જીતની દરકાર કરતો જ નહિ.

ઓ ! જુવાન ! ક્રાન્તિની રણભેરી ગાજી રહી છે ત્યારે તું શું ઘરડા ધુવડની જયમ ઘરને કોઇ અંધાર ખુણે લપાઇ જશે ? શાહમૃગની જેમ રેતીમાં માથું ખોસી એમ મનાવવા પ્રયત્ન કરીશ કે કોઇ તને જોતું નથી ? ના— ના એવા ખ્યાલો સ્વપ્ને પણ ન આણીશ. તારી જુવાનીને લાંછન લાગે. એવા પ્રયત્નો કદી કરતો જ નહિ.

સમાજના દુખીઓનો બેલી તું જ છે. ઘમંડીઓ અત્યાચારીઓ, અને સમાજના શયતાનોનો સામનો કરવાની તાકાત તારા સિવાય બીજા કોનામાં છે ?

ઉઠ ! જાગ ! જુવાન તારી જુવાની દીપાવ !

## = સ્વાર્થી સંગ્રામ =

શતાબ્દીનો સૂર્ય આજે રકતમેઘોની વચમાં અસ્ત થઈ ગયો છે.

આજે હિંસાના ઉત્સવમાં અસ્ત્ર-અસ્ત્રમાં મૃત્યુની ભયંકર ઉન્માદ-રાગિણી વાગી રહી છે. દયાહીન સભ્યતા-નાગિની પોતાની વિષધારી ફેણ ફેલાવી ફુંફાડા મારતી ખડી થઇ છે.

એનો ગુપ્તદન્ત તીવ્ર વિષથી ભર્યો છે. સ્વાર્થ સ્વાર્થની વચ્ચે આજે સંગ્રામ ખેલાયો છે. લોભ-લોભની વચ્ચે આજે સંઘર્ષ જાગ્યો છે. ભદ્રવેષી બર્બરતા લજ્જા ત્યાગી પ્રલય-મન્થનનો ક્ષુબ્ધ ક્રોધ બતાવતી શય્યામાંથી જાગૃત બની છે.

કેવો ઘોર અન્યાય છે કે રાષ્ટ્ર, દેશ-ભકિતના નામપર ધર્મને શકિતની વેદીમાં હોવી દેવા ઇચ્છે છે.

કવિગણ ભીતિ જગાવતા આ સ્મશાન કુકકરોની બીભત્સ લોલુપતાનું ગીત ગાતાં ચિત્કાર કરી રહ્યા છે.

[ ૧૯૧૪ નાં મહાયુદ્ધ પ્રસંગે શ્રી રવિન્દ્રનાથ ટાગોરે લખેલું કાવ્ય.]

# ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧૫-૧૦-૩૫ :—

## ધર્મ એટલે આંધળાનો હાથી ?

સાત આંધળાઓએ જોયેલા હાથીની વાર્તા, આપણામાં જાણીતી છે. એક આંધળાએ કહ્યું હાથી સુંપડા જેવો છે, બીજાએ કહ્યું થાંભલા જેવો છે, ત્રીજાએ કહ્યું કે ગોળા જેવો છે. જેમણે જે ભાગ, હાથના સ્પર્શથી ઓળખ્યો હતો તે ભાગ ઉપરથી હાથીના આખા દેહનો નિર્ણય કરી નાખ્યો.

ધર્મ આજે આંધળાનો હાથી જેવો બન્યો છે. એક કહે છે કે દેવ-ગુરૂની નિયમિત ભક્તિ કરવી એ જ ધર્મનું સાચું સ્વરૂપ છે. બીજો કહે છે કે શાસ્ત્રોએ બતાવેલા વિધિ અને કર્મકાંડ કરવા એ જ ધર્મપાલન છે. ત્રીજો કહે છે કે જેઓ નાસ્તિકો હોય-ધર્મને માનતા ન હોય તેમની સાથે લડતા રહેવું એ જ ધર્મીપણાનું સાચું લક્ષણ છે. ચોથો કહે છે કે મનુષ્ય અને ઇશ્વર વચ્ચેનો સંબંધ પીછાનવો એ જ ધર્મ છે. પાંચમો વળી જીવદયાની કે એવી જ વાતોમાં ધર્મ હોવાનું કહે છે.

આ સર્વમાં એક અતિ સરળ અને સ્વભાવિક વાત ભૂલાઇ જવાય છે. મનુષ્યનો ધર્મ માણસાઈ, માણસમાં પ્રાથમિક મનુષ્યત્વ હોવું જોઇએ એની ખેવના ભાગ્યે જ જોવામાં આવે છે. માણસાઇના પાયા જ્યાં કાચા રહ્યા હોય ત્યાં મહેલાત જેવી બીજી અધ્યાત્મિકતા શી રીતે ટકી શકે ?

આનંદ કૌશલ્યાનંદ નામના એક વિદ્વાન્ બૌધ્ધ ભિક્ષુએ હાલમાં આ મનુષ્યત્વની ખીલવણી ઉપર જ મુખ્ય ભાર મૂકયો છે. તેઓ બૌધ્ધ સંઘના એક સભ્ય હોવા છતાં, બીજા સાધુ-સંન્યાસીઓની જેમ સાંપ્રદાયિકતાની મુદ્દલ પ્રરૂપણા નથી કરતા. વિચાર-સ્વાતંત્ર્ય એમના લેખમાં પંકિતએ પંકિતએ ટપકે છે. બૌધ્ધો આજે નવા નવા દેશોમાં માર્ગ કરતા જાય છે તેનું કારણ પણ એ જ છે.

ભદન્ત આનંદ કૌશલ્યાનંદ, મુખ્યત્વે આ ચાર સૂત્રો સંભળાવે છે:—

(૧) જે ધર્મ કોઇ એક પંડયાની, પુરોહિતની, ગુરૂની, પાદરીની કે મુલ્લાની ગુલામી કરવાનું શીખવે, સૂચવે; અથવા તો એમની કૃપાથી જ ધર્મ ટકી શકે, ધર્મ પાળી શકાય તે ધર્મ મનુષ્યનો ધર્મ ન હોઈ શકે.

(૨) જે ધર્મ ઇશ્વરીય ગ્રંથ અથવા શાસ્ત્રની એક એક લીંટીને વફાદાર રહેવા આગ્રહ કરે, અમુક વિધિઓ અથવા શબ્દોને જ આંખ મીંચીને અનુસરવાને આદેશ કરે તે ધર્મ મનુષ્યનો ધર્મ ન હોઈ શકે.

(૩) જે ધર્મ કોઇ એક અવતારની પૂજા કરવાનું કહે અને એવી પૂજા કર્યા કરવાથી કોઇ દિવસે કલ્યાણ થઇ જશે એમ ઉપદેશે તે ધર્મ મનુષ્યોનો ધર્મ ન હોઇ શકે.

(૪) જે ધર્મ, અન્ય ધર્મીઓને હલકા ગણવાનું શીખવે, ઉચ્ચ-નીચના ભેદ પાડે, આસ્તિક-નાસ્તિકના વાડા ઉભા કરે, સ્પૃશ્ય-અસ્પૃશ્યની જ જંજાળ બીછાવે તે ધર્મ મનુષ્યનો ધર્મ ન હોઈ શકે.

એકંદરે આ ચાર સૂત્રોમાં ભદન્ત આનંદ કૌશલ્યાયને આજની પ્રચલિત કટ્ટર સાંપ્રદાયિકતા ઉપર સીધો પ્રહાર કર્યો છે. એમના આ ચાર સૂત્રોમાં નવા યુગની વાણીનો, આશયનો બધો અર્થ સમાઇ જાય છે. બૌધ્ધ ગ્રંથનો આધાર બતાવી તેઓ, વિશેષમાં લખે છે.

" એક વાર ભગવાન બુધ્ધ ફરતા ફરતા કેસપુત્તિય ગામે જઇ ચઢયા. ત્યાં કાલામા ગોત્રના કેટલાક ભાઇઓએ બુધ્ધદેવને પૂછ્યું 'અહીં જે કોઇ શ્રમણ કે બ્રાહ્મણ આવે છે તે બધા પોતપોતાના મતનું મંડન અને અન્યના મતનું ખંડન કરે છે. ભન્તે, આમાં સાચું કોણ અને ખોટું કોણ તે અમે શી રીતે સમજી શકીએ ?' બુધ્ધદેવે જવાબ આપ્યો: કાલામા ! એવો સન્દેહ સ્વાભાવિક છે. ઘણાં માણસો અમુક વાત માને છે માટે તમારે પણ માનવી જોઇએ એમ નથી ઠરતું. તમારા ગુરૂ અથવા આચાર્ય એક-અમુક વાત કહે છે માટે તમારે તે માનવી જ જોઇએ એમ પણ નથી. તમારા ધર્મ ગ્રંથોમાં અમુક વાત કહી છે માટે-પણ તમે એ માનવાને બંધાએલા નથી, દરેક વસ્તુનો તમારા પોતાના અનુભવની દ્રષ્ટિએ કયાસ કાઢો.: તમને પરીક્ષા કર્યા પછી-કસોટી કર્યા પછી એમ લાગે કે તમારા કયાણને માટે-તેમજ બીજાના કલ્યાણને માટે એ ઉપયોગી છે તો તેનો સ્વીકાર કરો અને નહીંતર અસ્વીકાર કરો."

કોઇ પણ સ્વતંત્ર વિચારક અથવા ઉપદેશક આથી વધુ નિર્મળ-સર્વસમ્મત સત્ય બીજું કયું કહી શકે ? ગૌતમ બુધ્ધે જ ધર્મની કસોટી અથવા પરીક્ષા માટે આ વાત કહી છે અને બીજા ધર્મ પ્રચારકોએ એ વસ્તુની ઉપેક્ષા કરી છે એમ ન કહી શકાય, પરન્તુ પ્રાય: એમ બન્યું હોય કે બીજા ધર્મોએ સંપ્રદાયમોહની ખાતર એ સત્યની અવગણના કરી હોય. સ્વતંત્ર અનુભવની કસોટીએ ધર્મની પરીક્ષા કરવા જતાં બાળજીવો કદાચ માર્ગ મૂકી દે એવી બીક એમને લાગી હોય અને તેથી પણ એમણે અમુક રૂઢી, પરંપરા ઉપર વધારે ભાર મૂકયો હોય. ગમે તેમ, બન્યું હોય. પરન્તુ એક વાત ચોક્કસ છે કે મનુષ્યત્વ ગુંગળાઇ જવા પામ્યું. માણસે પહેલાં મનુષ્યત્વ કેળવવું જોઇએ એ બરાબર ન સમજાયું. પાયો જ કાચો રહી જવા પામ્યો.

ગુરૂને કે આચાર્યને રીઝવો એટલે તમારૂં કલ્યાણ થઈ જશે એમ સંપ્રદાયોનો મ્હોટો ભાગ કહે છે. ગુરૂ, આચાર્ય કે ઉપદેશકની પાછળ ઘણાખરા ગાંડા ઘેલા બની જાય છે. એમના એક શબ્દની પાછળ સારી જેવી રકમ ભકતો કાઢી આપે છે. શ્રી આનંદ કૌશલ્યાયન કહે છે કે ધર્મગુરૂ અને વૈદ્ય એક રીતે સરખી કોટીના છે. વૈદ્ય જો એમ કહે કે મને સારી રીતે સંતુષ્ઠ કરો તો તમે વગર દવાએ, વગર પથ્યે સાજા થઇ જશો તો સમજવું કે વૈદ્ય સ્વાર્થી છે-ઢોંગી છે. કારણ કે આરોગ્ય મેળવવું હોય તો આપણે જાતે પથ્ય પાળવું

[ અનુસધાન...માટે...જુઓ...પૃષ્ઠ ૫ મું. ]

# નીકળી જાવ—શ્વેતાંબર મૂર્ત્તિપૂજક સંઘમાંથી

" તમે મૂર્ત્તિપૂજક જૈન છો ? " એક ભાઇએ રસ્તે જતાં પૂછ્યું જવાબમાં મેં હકાર ભણ્યો તરતજ પેલા ભાઇની આંખમાં રતાશ આવી: શિક્ષા કરવાનું કોઇ સારૂં સાધન પાસે નહીં હોવાથી એમણે શબ્દપ્રહાર કર્યો: "તમે દંભી છો. તમે કયે દિવસે મૂર્ત્તિ પૂજો છો ? મૂર્ત્તિપૂજક સંપ્રદાયના કયા શાસ્ત્ર માનો છો ? તમને મૂર્ત્તિપૂજક જૈન કહેવડાવવાનો શું હક્ક છે ? તમારે મૂર્ત્તિપૂજક શ્વેતાંબર જૈન હોવાનો દાવો છોડી દેવો જોઇએ."

તે દિવસે મારી આંખ ઉઘડી. મને એ ભાઇનો ક્રોધ વાજબી લાગ્યો. મેં કોઈ દિવસ મૂર્ત્તિ પૂજી નથી એમ તો કહી શકતો નથી. તેમજ કોઇ દિ મૂર્ત્તિની પૂજા નહીં કરૂં એમ કહેવાની પણ મારામાં હિમ્મત નથી, પરંતુ હું રોજ મૂર્ત્તિપૂજા કરી શકતો નથી, મૂર્ત્તિ-પૂજક શ્વેતાંબર જૈન સંપ્રદાયના સઘળા શાસ્ત્રોના વિધાન સમજી કે માની શકતો નથી. મારી ભૂલ મને સમજાઇ. ખરેખર મને મૂર્ત્તિ-પૂજક તરિકે મારી જાતને ઓળખાવવાનો હક્ક ન હતો—નથી.

ભૂલનો પસ્તાવો કરતો હું આગળ ચાલ્યો. સામેથી એક બીજા સજ્જન ચાલ્યા આવતા હતા. તેઓ કંઇક ઉતાવળમાં હોય એમ મને લાગ્યું. અગીઆર વાગતાં પહેલાં ઑફીસમાં પહોંચી જવાની ઉમેદ એમના ચ્હેરા ઉપર સ્પષ્ટપણે અંકાયેલી હતી.

" મીસ્તર ચોકસી ? " હું સાંભળી શકું એવી રીતે પલા ગૃહસ્થના બીજા એક ઓળખીતાએ એમને બોલાવ્યા.

ચોકસીએ ચમકી એ ભાઇની સામે જોયું. પેલા ગૃહસ્થે કહેવા માંડયું. ?

" કોણ કોઠારી ? જરૂર—જરૂર. સમાલોચના લેવાનો જ છું—પણ જરા સારી રીતે લખવાની છે—એટલે વિલંબ થયો છે."

વાતના વિષય સાથે મને મુદ્દલ નિસબત ન હતી. પણ એટલું સમજી શકયો કે ચોકસી ભાઇ કોઇક વર્તમાનપત્રમાં નોકરી કરે છે અને તેમની સાથે જેઓ વાત કરતા હતા તે ભાઇ કોઠારી કાં તો લેખક, પ્રકાશક અથવા બુકસેલર હોવા જોઈએ.

મને થયું કે જગત કેવું દંભી છે ? જે માણસે કદિ સોના—રૂપું હાથમાં લઇને કસ્યું નથી—જે માત્ર કાગળ કલમ ઉપર જ નિર્વાહ કરે છે તેને ચોકસી બનવાનો—ચોકસી તરિકે પોતાની જાતને ઓળખાવવાનો શું હક્ક છે ? અને પેલા મીસ્તર કોઠારી, કોઈ દિવસ કોઠાર રાખતા નથી, કોઠાર કોને કહેવાય તે પણ નહીં જાણતા હોય તેમને કોઠારી તરિકે ઓળખાવવાનો શું અધિકાર છે ? જગતમાં તો કોણ જાણે આવો કેટલો યે ગોટાળો ચાલી રહ્યો હશે ?

થોડે આગળ ગયો એટલામાં તો એક ભાઈ બોલ્યા " જોયું ને ફકીરચંદ શેઠ ફાવી ગયા ! અને પેલો લક્ષ્મીચંદ તો દેવાળુ કાઢીને નાશી ગયો ! " જે એક જણ ફાવે છે—એનું નામ ફકીર છે. બીજો નાશી જાય છે—એનું નામ લક્ષ્મીનો લાડકવાયો છે. ખરેખર, દુનિયા દોરંગી છે એમ નહિં, પણ દુનીયા અનંતરંગી હોય એવો મને ભાસ થયો. જ્યાં જોઉં ત્યાં નામ ખોટાં, ઓળખાણ ખોટી, શબ્દ ખોટાં—બધું ખોટું—બધું ભ્રમણામય.

હું મૂર્ત્તિપૂજા નથી કરતો તેથી હું મૂર્ત્તિપૂજક તરિકેનો દાવો ન કરી શકું. મૂર્ત્તિપૂજકોના સંઘમાં મારૂં સ્થાન રહેવું ન જોઇએ. પરંતુ આ બધા ખોટાં નામ—ઉપનામ—અટક ધારણ કરી, દુનીયાને છેતરનારાઓ પાસેથી કેમ કોઇ જવાબ નથી માગતું ? ફકીરચંદને કેમ કોઇ કહેતું નથી કે ખબરદાર, તારૂં નામ ફકીરચંદ છે—તારાથી એક રાતી પાઇ પણ ન રાખી શકાય. પેલા ખાંડવાળાને કાં કોઇ નથી કહેતું કે ખબરદાર, તારાથી વીસાની ઑફીસમાં બેસી નોકરી નહીં કરી શકાય. પેલા શેઠને કેમ કોઇ નથી કહેતું કે ખબરદાર. તારાથી સરકારી નોકરી ન કરી શકાય ! આવો આવો ઉંધો વહેવાર સંસાર નભાવે છે—એમને માફ કરે છે. મને જ કેમ મૂર્ત્તિપૂજક તરીકે, મારા ભાઇઓ માફ નથી કરતા ?

કૂળ, વંશ કે ધંધાને અંગે કોઇ વાર એવી ઉપાધિઓ નામ સાથે વળગી હોય એ સમજી શકાય. પણ એક જણના કોઇ પૂર્વજે ગાંધીયાણું વેચ્યું હોય તેથી તેનાં સંતાનો ગાંધી જ કહેવાવા જોઇએ અને કપડાનો વેપાર કર્યો હોય તો દોશી જ કહેવાવા જોઇએ એવો નિયમ શા સારૂ ? સગવડની ખાતર એવું બધું ચાલતું હોય તો પછી મને એકલાને જ મૂર્ત્તિપૂજક જૈન સંઘમાંથી ખસી જવાનું શા સારૂ ફરમાન થવું જોઇએ ? પોતાને કહેવરાવતા હોય સંઘવી કે દેશાઇ પણ માંડ માંડ પેટપૂરતો પગાર મેળવતા હોય તો પછી એવાઓએ સંઘપતિપણાનો કે દેશપતિપણાનો દંભ કાં રાખવો ?

એ કરતાં પણ એક વધુ ભયંકર વાત છે. દુકાનની ઉપર પાટીયું ચોડયું હોય. " દરેક રોગના વૈદ્ય" અને અંદર જઇને જોઇએ તો જુગાર રમતો હોય. આમા તો એક જાતની છેતરપીંડી જ ગણાય, વસ્ત્રના પરિધાન અને શૈલી જોતાં "આ જૈન મુનિ છે" એમ લોકોને લાગે, પણ પાસે જઇને જુએ—પરિચયથી ખાતરી થાય કે આ તો સટ્ટાના ભાવતાલ કહે છે, ભકતો—ભકતાણીઓને મુહુર્ત્ત—જોષ જોઈ આપે છે, પોતાની કીર્ત્તિ પ્રચારવાના અનેક વિધ સાધનો ચલાવે છે, ત્યારે આપણને લાગે કે આમાં દેખીતી રીતે જ છેતરપીંડી છે—ધર્મદ્રોહ છે, એમને કેમ કોઇ કહેતું નથી—મને એકલાને જ કાં શ્વેતાંબર મૂર્ત્તિપૂજક જૈન સંઘનો આશરો છોડી જવાનું કહેવામાં આવે છે ? મારા કરતાં પણ વધુ દંભીઓને કાં કોઇ નથી બોલતું ? હું જન્મહક્કથી મારી જાતને શ્વે. મૂ. જૈન કહેવાડી શકું, પણ આ લોકો એવા કોઇ અધિકાર ધરાવતા નથી.

આવી આવી વિચારમાળા ચાલતી હતી. એટલામાં કોઈએ ગાવા માંડયું.

"દુનીયાને ઉંધા ચશ્મા"—

# —: જ્યારે તરુણને વડીલોનો રોષ સ્હેવો પડે છે :—

## વડીલ વર્ગે અત્યાર સુધીમાં કરેલા આંખ મિચામણાંનું પરિણામ.

**વૃત્ત ભંગ સાધુઓ માટે શું કર્યું ?**
**દેવ દ્રવ્યનો બાહુ શા માટે ?**

**બાળ દીક્ષાના તૂત શા કારણે ?**
**કદંબગિરિના શિલાલેખ માટે શા ઇલાજો લીધા ?**

"તરુણ જૈને" પોતાની નીતિ અનુસાર જ્યારે જ્યારે સમાજના સડેલા અંગપર ઘા કર્યા છે ત્યારે ત્યારે જૂનવાણી સમુદાયે તેની સ્હામે પોતાનો મિથ્યા વિરોધ પોકાર્યો છે. 'તરુણ'માં આવતાં લેખો સત્ય અને સમાજનું નગ્ન સ્વરૂપ રજુ કરતાં હોય છે. સમાજમાં જે જહાંગીરી પ્રવર્તી રહી છે, જે મનસ્વી વૃત્તિ અને–સગવડીયો ધર્મ ચાલી રહ્યો છે તે સ્હામે 'તરુણે' પોતાની કલમ ઉંચકી તેની સ્હામે નિડરતાથી પોતાના વિચારો રજુ કર્યા છે. જ્યાં જ્યાં તેણે સડો જોયો ત્યાં ત્યાં તેણે કલમ વીંઝી પરીણામ એ આવ્યું કે વડીલો અને જૂનવાણીઓનો રોષ તેને વહોરવો પડયો.

પરન્તુ તરુણે તેની દરકાર કરવી જોઇએ નહિ. જે સત્ય છે તે સ્પષ્ટ રીતે કહી નાંખવામાં બ્હીક શેની ? અને તરુણે તો ભય વિના સત્યના પ્રચાર કાર્યમાં જ ખપી જવાનું હોય ને ? સત્ય લખાણો પ્રગટ થતાં જ સમાજના કોઈ આગેવાનો જાણે જૈન ધર્મનું નાવ તેમના જ હાથમાં હોય એમ એ મહાશયોને તરુણની કલમ અવ્યહવારૂ લાગે છે. અને છોકરાઓ આવું તે કડવું લખાતું હશે ? ખાંડની કવીનાઇનની ગોળી જેવું લખો ! કોઇને તિરસ્કારો નહિ અને ધર્મની નિંદા ન કરો—જો તમારૂં શ્રેય ઇચ્છતા હોવ તો. પરન્તુ એ આગેવાનોના કહેણનું પરિણામ અત્યાર સુધીમાં શું આવ્યું છે તે કોઇએ તપાસ્યું છે ખરૂં ? હવે તે તરફ વિચાર કરીએ.

જ્યારથી સાધુ સંસ્થામાં વૃત્તભંગનો સડો પેઠો ત્યારથી શિષ્ય ઘેલાં સાધુઓએ અને કોમની હાંસીથી બ્હીતા શ્રાવકોએ એ ચલાવી લીધો. પરીણામ–થોડાંક સાધુઓ સિવાયના બાકીના મોટા ભાગના સાધુઓ અંગેની પંચમહાવૃત્ત ભંગની અનેક ફરીયાદો આજે ચોતરફ ચાલુ છે. જો તે જ ક્ષણે વૃત્તભંગ સાધુઓને સાધુ સંસ્થામાંથી બહાર કાઢયા હોત અને કડક નિયમ બીજાઓ પાસેથી પળાવ્યો હોત તો અત્યારે આ સ્થિતિ ઉભી થાત નહિ.

દેવદ્રવ્યે પણ આજે મોટી ઉહાપોહ મચાવી છે, "જે દેવ નિમિત્તે બોલાય તે અવશ્ય દેવદ્રવ્ય ગણાય છતાં એમાં કંઈ દેવને મમત્વ કે સંબંધ ઓછો હોય છે" દેવાલય આદિના ખર્ચ માટે તેમજ તેનાં મરામત માટે એ ઉપયોગમાં લેવાય એ અર્થે એની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરન્તુ આજે ઉલ્ટી જ પરિસ્થિતિ છે. દેવદ્રવ્યના નામે ભેગા કરાયલાં પૈસા આંગી મુગટમાં કે પછી લોન–સીક્યુરીટીમાં પુરાય છે. તેનો બીજો કાંઈપણ સદુપયોગ થતો નથી. આ સ્હામે જો પહેલેથી જ કાંઇ અમુક નીર્ણય બાંધી લેવામાં આવ્યો હોત તો આજે આ પ્રશ્ને આટલું વૈમનસ્ય ધરાવતાં ઝઘ-ડાનું રૂપ લીધું નહોત. પાણી પહેલાં જ પાળ બાંધી લીધી હોત તો જુદુંજ પરીણામ આવ્યું હોત.

અનેક જગ્યાએથી મોટા શહેરોના તેમજ ન્હાના ગામોના દેરાસરમાં થતી ચોરીઓની વાત આપણે સાંભળીએ છીએ. છતાં સમાજ અને મંદિરોના હિત અંગે કંઇપણ વ્યવસ્થિત પગલાં યોજાયા નથી. એ ઓછુ દિલગીર થવા જેવું નથી શું ? તમારી માન્યતા મુજબ સમાજીક લાભ માટે, કેળવણી માટે કે પછી એવા કોઈ બીજા સર્વોપયોગી કાર્ય માટે દ્રવ્યનો ઉપયોગ ન થઇ શકાતો હોય એ જુદી વાત છે પરન્તુ મન્દિરોની મરામત પાછળ, અણવસાયલાં અને ભૂલાયલાં મન્દિરોના જીર્ણોધ્ધાર પાછળ એ પૈસાનો ઉપયોગ કેમ થતો નથી ? કેટલાંયે મન્દિરો ભાંગી તુટી સ્થિતિમાં પડી રહે છે. તો એવા ઐતિહાસિક મન્દિરોનો જીર્ણોધ્ધાર કરાવવા પાછળ આગેવાનો પોતાનું લક્ષ્ય દોડાવે તો તે સમાજને શું લાભદાયી ન થઇ પડે ? આમ કરવાને બદલે તેઓ નવાં–નવાં ફંડો ઉભાં કરે છે. મંદિરોમાં અઢળક પૈસા ભેગાં થાય છે અને તે કોઈ નાય ઉપયોગમાં આવ્યા વગર પડી રહે છે. આવી વિષમ સ્થિતિ સ્હામે કાંઇ ઇલાજ કેમ થતો નથી ?

દીક્ષાના મૂળ ધર્મને વિસરી જઇ, તેના ઉપદેશોને ઠોકરે મારી આજે મુનીઓ બાળદીક્ષાનું તૂત ફેલાવી રહ્યા છે. તે બ્હાને અનેક અત્યાચારો આદરે છે. અનેક ચોરીઓ–પાપો કરે છે. તેમનો ઉદ્દેશ બાળ દીક્ષા દ્વારા સાચ્ચા સાધુઓ બનાવી સમાજને ઉપયોગી તેમજ મુની સંસ્થાને સમૃધ્ધ કરવાનો હોતો નથી પરન્તુ યેન કેન પ્રકારેણ પોતાની જમાત વધે, જૂનવાણીઓમાં સાધુઓની સંખ્યા વધારે ગણાય અને ધર્મનો પોતાનો કક્કો સાચો રહે તે માટે જ તેઓ આવા નિંદનીય પ્રયત્નો કરી રહ્યાં છે. તે કોઇ પણ રીતે સહી શકાય એવાં નથી. બાળ દીક્ષાએ સમાજ આખામાં વૈમનસ્ય ફેલાવ્યું છે. અબુધ અને ધર્મથીય અજ્ઞાન એવાં ન્હાના બાળકોને લાલચો આપી પોતાની જાળમાં સપડાવી દેવા એ શું યોગ્ય છે ? આ સ્હામે જો પ્રથમથી જ વડીલોએ મજબુત પગલાં લીધા હોત તો આજે આ સ્થિતિ રહેત નહિ.

કદંબગિરિની ટેકરીપર બંધાયલાં મંદિરો અને ધર્મશાળાઓ માટે પણ વિજયનેમી સૂરિએ મનસ્વી વર્તણુક ચલાવી છે. આગેવાનોએ એ સ્હામે પોતાનો રોષ કે વિરોધ પ્રદર્શિત કર્યો નથી. એઓ જોયાં

જ કરે છે—અવલોકયાં જ કરે છે–પરન્તુ તેનું પરીણામ કેવું આવે છે તેની તેમને ખબર છે ખરી? આજ વિજયનેમીસૂરિએ કદંબગિરિની ટેકરી પર એક શિલાલેખ કોતરાવ્યો છે. આ શિલાલેખમાં પોતાને શાસનસમ્રાટ, સૂરિચક્રવર્તિ, જગદ્‌ગુરૂ, તીર્થરક્ષક, સર્વતંત્ર સ્વતંત્ર આદિ વિશેષણોથી ઓળખાવ્યાં છે. વળી વધુ આશ્ચર્યકારક બીના તો એ છે કે આખો શિલાલેખ વિજયનેમી સૂરિએ પોતાની કલ્પના શકિતમાંથી મનસ્વી રીતે ઉપજાવી કાઢેલો છે. કદંબગિરિપર તપગચ્છની માલેકી ઠોકી બેસાડવામાં આવી છે, જૈન શ્વે. મૂ. સિવાય અન્ય કોઇને દાખલ થવાનો હક્ક નહિ, કોઇ અત્યન્જ કે પછી નાસ્તિક જૈનને અંદર પ્રવેશવાનો મુદ્દલ જ અધિકાર નથી. એવું જ્યારે આપણે પ્રસ્તુત શિલાલેખમાં વાંચીએ છીયે ત્યારે તો ખરેખર અવધી જ આવી જાય છે, કદંબગિરિના આ મનસ્વી મુની મહારાજશ્રીની સ્હામે શિલાલેખ સંબંધી કોઈ વડીલ સદ્‌ગૃહસ્થે પૃચ્છા કરી છે ખરી? જૂનવાણી જમાતનાં કોઇ બન્ધુએ એ શિલાલેખ સંબંધી પોતાનો રોષ દર્શાવ્યો છે ખરો? કોઈ એ જ નહિ. પ્રશ્નનો ઉત્તર એની મેળેજ મળી આવશે. જો પહેલેથી જ સમાજના આગેવાનોએ આ સંબંધી ધ્યાન આપ્યું હોત તો આજે એ શિલાલેખ સમાજને અકારો થઇ પડયો હોત નહિ.

સમાજની આર્થિક સ્થિતિ ભયંકર છે, અનેક બાલકો સાધનના અભાવને લઇને કેળવણી પામી શકતાં નથી. અનેક જુવાનો બેકારીને લઇને પોતાનું જીવન કપરી રીતે વિતાવી રહ્યા છે. સમાજની પ્રગતિ માટે જ્યારે સાધનોનો મોટો અભાવ છે ત્યારે ઉપધાન–ઉજમણાં, સંઘ કાઢવા, સામૈયા ને વરઘોડાં પાછળ જે પૈસા વેડફાઈ જાય છે તેનો સમાજ હિતાર્થે ઉપયોગ કરવાની બુદ્ધિ. આપણા મોટેરાઓને કેમ સુઝતી નથી?

મોટેરાઓની મુશ્કેલીઓ અમે પૂરી રીતે સ્હમજીએ છીએ પરન્તુ અમને તેઓ અમારા નગ્ન સત્ય રજુ કરવાના ઉદ્દેશમાં ફાંચડ ન મારે એટલી જ વિનંતિ છે. તેમનો અને અમારો રાહજ ન્યારો છે. સમાજને જે જીવલેણ રોગ લાગુ પડયો છે તેમાંથી અમારે તેને ઉગારવી છે. તેના પર જે સુંવાળી જાળ બિછાઇ છે તે અમારે દૂર કરવી છે. સમાજને ચેતાવવા માટે તેને સાચ્ચે રસ્તે દોરવા માટે અને સમાજના જે અંગો કુરૂપ થઇ ગયાં છે તેને સુધારવા માટે તરુણે પોતાની સમગ્ર શકિત ખર્ચવી જોઇએ એ મારી મજબુત માન્યતા છે ત્યાં વગર નથી ઉધ્ધાર દેશનો કે નથી ઉધ્ધાર જાતિનો. સંકોચ અને શરમ ધરી બેસી રહેવાનો આ યુગ નથી. કડવું–તીખું–જે કાંઇ સત્ય લાગે તે બોલી દેવાનું અત્યારે યોગ્ય છે. મૌનગ્રહી ધિરજપૂર્વક બેસી રહેવાના પરિણામ આગળ જણાવ્યું તેમ હંમેશા ખરાબ જ આવે છે.

'તરુણ' નિડર બની વડીલોના રોષનીય પરવા કર્યા વગર પોતાના ધ્યેય–માર્ગે કૂચ ચાલુ રાખે એ જ શુભ વાંચ્છના.

**શ્રી રમેશ મહેતા.**


## જોઈએ છે.

ખાનદાન અને સુશિક્ષિત જૈન કન્યા માટે એક સુશિલ સંસ્કારી, અને સ્વાશ્રયી લગ્નનો ઉમેદવાર. ઉમર વર્ષ ૨૫ થી ૩૦ ની અંદર. લખો ફોટોગ્રાફ સાથે આ પત્રમાં બૅાકસ નં. ૧૧.


[ અનુસંધાન પૃષ્ઠ ... ... ... ૨ થી ... ...ચાલુ ]

જોઇએ, શરીર રક્ષા અર્થે કસરત વિગેરે કરવાં જોઇએ. ધર્મમાં પણ એ જ સૂત્ર લાગુ પડે છે. આત્મહિત કરવું હોય તો સૌ પહેલાં માણસે પોતાના અંતરની તપાસ કરવી જોઈએ. જ્યાં જ્યાં અશુધ્ધિ જેવું લાગે ત્યાં ત્યાં તપ–સંયમ વડે તે સાફ કરી વાળવું જોઇએ. મનુષ્યત્વપ્રાપ્તિનું એ એક મંગલાચરણ છે.

આનંદ ભિકખુની એક બીજી વાત પણ સમજવા જેવી છે.

"એક વાર ગૌતમબુધ્ધ રાજગૃહ નગરીમાં આવ્યા. એ વેળા કેટલાક બ્રાહ્મણોએ આવી એમને પૂછયું: 'આપ જે માર્ગનો ઉપદેશ કરો છો તે શું આપના બધા શિષ્યો માને છે?'

બુધ્ધદેવે જવાબ આપ્યો: "કેટલાક માને છે અને કેટલાક નથી પણ માનતા."

"આપના શિષ્યો આપનું જ કથન ન માને એ વિચિત્ર કહેવાય!" બ્રાહ્મણોએ આશ્ચર્ય બતાવ્યું.

"તમને કોઈ વાર, અજાણ્યા મુસાફરે રાજગૃહીનો માર્ગ કયો એમ પૂછ્યું છે?" બુધ્ધદેવે સામો પ્રશ્ન પૂછયો.

"હા, ઘણા મુસાફરો પૂછે છે."

"બધા જ મુસાફરો માર્ગ જાણ્યા પછી રાજગ્રહ પહોંચતા હશે એમ માનો છો?"

"રાજગૃહ પહોંચે યા ન પહોંચે: મારૂં કામ તો માર્ગ બતાવવાનું છે."

"એજ પ્રમાણે, હે બ્રાહ્મણો! અમારૂં કામ માત્ર માર્ગ બતાવવાનું છે. લોકો એ માર્ગે વળે યા ન વળે, એ સૌની ઇચ્છા અને અનુકૂળતાની વાત છે." ગૌતમ બુધ્ધે ખુલાસો કર્યો.

માણસે અમુક જ શાસ્ત્રો માનવા, અમુક જ ઉપદેશો સાંભળવા અને શાસ્ત્રો સાંભળ્યા પછી આંખ મીંચીને એ માર્ગે ચાલવું એવો કોઇ ઇશ્વરીય આદેશ નથી. શાસ્ત્રો અને ધર્મગુરૂઓનું કામ કેવળ માર્ગ બતાવવા જેવું છે. માર્ગ બતાવ્યા પછી એમનું કામ ત્યાં પુરૂ થાય છે. માણસોને–અનુયાયીઓને બકરા કે મેંઢા જેવા માની, શાસ્ત્રીય અજ્ઞાનો દંડ હાથમાં ધરી, ભરવાડની જેમ વાડામાં પૂરવાનો એમને કોઇ અધિકાર નથી.

ધર્મશાસ્ત્રના નામ ઉપર કોઇ પણ ગુરૂ અથવા આચાર્યને અત્યાચાર કરવાનો પરવાનો મળી જતો નથી. ધર્મશાસ્ત્ર એ કંઈ ફોજદારી કાયદો નથી. જે ધર્મ–ઉપદેશકો શાસ્ત્રની લીંટીઓને જોરે સમાજને એક ખીલે બાંધી રાખવા માગે છે તેઓ સમાજનું કલ્યાણ નહીં પણ ખરૂં જોતાં તો અકલ્યાણ જ કરે છે. એવા બંધનોથી અનુયાયીઓનું મનુષ્યત્વ કરમાઈ જાય છે.

ટુંકામાં ધર્મ એ આંધળાઓનો હાથી નથી. ધર્મના વિષયમાં જરાયે મતભેદ નથી—હોવો સંભવતો પણ નથી. સંપ્રદાયવાદે અથવા વાડાના મોહ–મમત્વે જ આજની ઘણીખરી જંજાળ ઉભી કરી છે. દેખતા માણસનો હાથી હંમેશા એક સરખો જ હોય છે. જે માણસ, ખરેખર માણસ છે, જેણે મનુષ્યત્વનો વિકાસ સાધ્યો છે, જે માણસ કેવળ ભકત નથી, કેવળ શ્રદ્ધાળુ નથી, માત્ર અનુયાયી નથી, રાગાંધ નથી તેને માટે એક જ ધર્મ છે: અને તે ધર્મ મનુષ્યત્વ, મનુષ્યોને માટે પ્રાથમિક ધર્મ માણસાઈ કેળવવાનો જ હોઇ શકે.

# ચરબી ચડી ગઈ છે.

શરીરને ચરબીની જરૂર હોય છે. ચરબી ગરમી આપે છે, મર્મસ્થાનનું સંરક્ષણ કરે છે. પણ જો પ્રમાણ કરતાં ચરબી વધી જાય તો એ ભારરૂપ થઈ પડે. હલન-ચલનમાં પગલે પગલે વિરોધ કરે. સુસ્ત અને એદી જેવા બનાવી દે.

બાહ્યાડંબર એ ધર્મ-સંપ્રદાયની ચરબી જેવાં હોય છે. થોડા ઘણા ઉત્સવો, ઉદ્યાપનો, ધામધૂમો, જીર્ણ બનેલા ઉલ્લાસને તાજગી આપે છે. ધર્મના દેહને દીપાવે છે. પણ જો આડંબરો-ધામધૂમો વધુ પ્રમાણમાં ઘુસી જાય તો ધર્મરૂપી અંગમાં જડતા આવ્યા વિના ન રહે. ઘણીવાર ચરબીથી લચી પડતા-મ્હોટી ફાંદવાળા શેઠીઆ-ઓને જોયા પછી આપણને એમની દયા આવે છે. ચરબી વધે એટલે માણસ એથી પોતાને સુખી માની લેતો નથી. વધારે ચરબી એક દર્દ છે. વેળાસર એનો ઇલાજ કરવામાં ન આવે તો એ જીવલેણ બની રહે. એ જ પ્રમાણે જે સંપ્રદાયોમાં બ્હારના ઠાઠમાઠ વધી પડયાં હોય-પગલે પગલે જ્યાં વાજાગાજાની જરૂર પડતી હોય, વારે વારે વરઘોડા નીકળતા હોય, ઉછામણીની બોલીઓ બોલાતી હોય ત્યાં ચરબીનો ભાગ વધી પડયો છે એમ માની લેવું. એ ચરબીનો ભાર એક દિવસે અસહ્ય બનવાનો-જીવલેણ બને તો પણ નવાઇ નહીં. ઘણી ચરબીવાળો માણસ જેમ દયાપાત્ર છે તેમ અનેકવિધ આડંબરોથી લચી પડતો ધર્મ પણ વસ્તુતઃ દયાજનક દશા ભોગવતો હોય છે.

એક માણસને કહીએ કે આટલો બે શેરનો ભાર મારી વતી અમુક સ્થાને લઇ જશો? તો તે આનાકાની કરે-ખાસ કરીને સંભાળીને સાથે ને સાથે જ ભાર વેંઢારવાનો હોય તો સ્પષ્ટ ના પણ પાડે, પરંતુ ચરબી એવી વસ્તુ છે કે જે નકામો ભાર ભરે છે અને ઇચ્છાએ-અનિચ્છાએ, રાતદિવસ-સૂતા-બેસતા-હરતા-ફરતા એ ભાર વેંઢારવો પડે છે. ધર્મને બ્હાને જે લખલૂટ ખર્ચ થાય છે તે ચરબીની જેમ શ્રદ્ધાળુ વેંઢારી લે છે. પણ જો એને એમ કહે-વામાં આવે કે ગરીબ તથા અજ્ઞાની ભાઇ-બ્હેનના ઉદ્ધાર માટે થોડા દ્રવ્યની સ્હાયની જરૂર છે તો તે તરત જ ના પાડી દેશે. જેને તે ધર્મનું કામ માને છે તે માટે તે ખુશીથી બે-પાંચ હજાર રૂપીયાનું દાન કરશે. બાહ્ય દેખાવ કે કીર્ત્તિની ખાતર તે ગમે તે ભોગ આપશે. પણ જે દાન વડે સમાજની અજ્ઞાનતા દૂર થાય, સમાજના અંગ-ઉપાંગમાં વધુ તાકાત આવે એવું કોઇ સ્થાપી કામ કરવાની ભાગ્યે જ વૃત્તિ થશે. એ ચરબીમાં જ માને છે. બ્હારનો દેખાવ એટલે કે એનો સ્થૂલ દેહ જોઇને લોકો કુતૂહળ પામે એમાં જ એને મોજ પડે છે.

અને જાણો છો, આ ચરબી ક્યારે ચડે છે? જેને કંઇ વધુ પરિશ્રમ કરવો પડતો નથી, જેમને ટાઢ-તડકો વેઠવો પડતો નથી, જેમને આવતી કાલની ચિંતા નથી તેમને ધીમે ધીમે ચરબી વીંટ-ળાતી જાય છે. જૈનધર્મ એટલે જૈન ધર્મના ઉપદેશકો: આ ઉપદેશકો એક દિવસે અતિ ઉગ્ર વિહાર કરતા, વિકટ અરણ્યો વીંધીને, લોકોની વચ્ચે વસીને ધર્મનો બોધ આપતા. જેમને આવતી કાલની તો શું, પણ બે-એક ઘડી પછી આહાર-પાણી-આશ્રય ક્યાં મળશે તેવી ચિંતા મુંઝવતી હોય, જેમની પાસે આવી સંકડો દુઃખીઓ આશ્વાસન માગતા હોય તેમના દેહ ઉપર ચરબી ચડવા જ કેમ પામે? એમને ચરબીની વેઠ કરવાની ન હોય તો પછી ધર્મ તો એ વેઠની છાયા સરખી પણ કેમ લે? જે દિવસે જૈન ધર્મના ઉપદેશકો, પ્રભાવવિસ્તારની પુનિત આગથી, અંદરને અંદર બળી રહ્યા હતા તે દિવસે જૈનધર્મ પણ પ્રજ્વલંત મુખમુદ્રાવાળો હતો. એનો સુકલલકડી જેવો પાતળો દેહ ચારે દિશામાં ઘૂમી વળતો.

જે પત્થર રોજ ગતિમાન રહેતો હોય તે પાણીના વચ્ચે વસવા છતાં શેવાળથી અલિપ્ત રહે છે. જે ઉપદેશકો સતત્ ધર્મના પ્રચા-રની ચિંતામાં રહેતા હોય-ચાતુર્માસ વિના સ્થિરતા જેમને ખૂંચતી હોય તેમને ચરબીની કંઇ ચિંતા નથી હોતી.

પણ શરીર કરતાં મનની ચરબી બહુ જ વિઘાતક હોય છે. શરીરની જેમ મનને એ ચરબી જડ જેવું બનાવી દે છે. આલસ્ય અને તામસિકતાની વૃત્તિઓને એથી પોષણ મળે છે. "અમે સર્વ વાતે સંપૂર્ણ છીએ-અમારે સુધરવા જેવું કે વિચારવા જેવું કંઇ જ નથી" એ અભિમાન માનસિક ચરબીની ગરજ સારે છે. જૈન સમાજ મોટે ભાગે એ ચરબીને લીધે સુસ્ત અને પરંપરાવાદી બની ગયો છે. એ ચરબી અને સુસ્તી જૈન સમાજના હૃદયને ક્યારે દગો દેશે તે કહી શકાય નહીં.

# કંદમૂળ જૈનોથી ખાઇ શકાય ખરાં?

[કંદમૂળ ન ખાવા વિષે જૈન સાધુઓના ઉપદેશ અંગે એક જીજ્ઞાસુ જૈન ભાઇએ નીચેનો એક પ્રશ્ન **મહાત્મા ગાંધીજીને** પૂછ્યો હતો. આ પ્રશ્નનો ઉત્તર અતિ મહત્વનો હોઇ તે નીચે રજુ કરવામાં આવે છે.]

**પ્રશ્ન:** જૈન સાધુઓ ઘેર ઘેર ઉપદેશ આપે છે કે બટાટા, ડુંગળી એવા કંદમૂળ ખાવા નહિ. તો આપ આ વિષે અવશ્ય ખુલાસો કરશો. કારણ કે ઘણાં કુટુંબોમાં આ એક અગત્યનો પ્રશ્ન થઇ પડયો છે.

**ઉત્તર:** કંદમૂળનો જૈન વિરોધ મેં બચપણથી જાણ્યો છે. પણ તેનો ધાર્મિક પ્રતિબંધ હું સમજી શકતો નથી. કંદમૂળમાં વધારે જીવ છે એ વસ્તુ સમજાય છે. પણ એવી જાતના સૂક્ષ્મભેદમાં હું અહિંસા નથી જોતો. જેણે બટાટા ઇત્યાદિ કદી ખાધાં નથી એવાં શ્રાવક જે રોજ ચોરી કરે છે. તે રોજ પટાટા ખાનાર સત્ય-શીલ વેપારી કરતાં બહુ મોટી હિંસા કરે છે. પટાટા ખાનાર હિંસાની બુધ્ધિનો પ્રયોગ છે, તેના હૃદયને તે સ્પર્શ નથી કરી શકતો. ચોરી કરનાર પોતાના આત્માને હણે છે. સંયમમાત્ર સારો છે. વનસ્પતિજીવને વિષે પણ આપણે જ્ઞાન પૂર્વક દયાભાવ કેળવીએ એ યોગ્ય છે. ઇન્દ્રિય દમનને અર્થે અનેક સ્વાદોનો ત્યાગ આવશ્યક છે. આમ કબુલ કરવા છતાં, શ્રાવકોનો ગાઢ ને મીઠો પરિચય હોવા છતાં પટાટા ઇત્યાદિના ત્યાગમાં ભારે ધર્મ જાવા મારૂં હૃદય ચોખ્ખી ના પાડે છે. આ ત્યાગને ચારિત્ર્યની સાથે કાંઇજ સંબંધ જોવામાં નથી આવતો. **મને તો લાગે છે કે જ્યારે ધર્મ ભાવના મંદ થઇ હશે તે કાળે આપણા પૂર્વજો ખાદ્ય ખાદ્યના સૂક્ષ્મ ઝઘડાઓમાં પડયા હશે.** લોકાચારને વશ રહેવા ખાતર જેને પટાટા ઇત્યાદિ છોડવાં હોય તે છોડે, પણ તેની ઉપર ધર્મની રચના તો કદી ન બંધાય.

# ગાંધી-જયંતિ  વિ.  વીર-જયંતિ

જયંતિ એટલે :
જીવન – પ્રભા !
જીવન – પડઘા ! !
જયંતિ એ જ મૂર્ત – જીવન.
જયંતિ ઉજવાયે જ્હેની !
જગમાં પ્રતિભા પ્રસરે ત્હેની !

ગાંધી–જયંતિ ઉજવાઇ:

'બાપુ'ના ધ્યેય ધ્યવાયા !
એના આદર્શો ઉજવાયા ! !

ખાદી–ફેરી–સ્વદેશી–પ્રચાર,
ઐક્ય–કરણ – અંત્યજોદ્ધાર,
કેળવણી ને ગ્રામ્ય–સુધાર,
સેવા ! ત્યાગ !! બલિદાન !!!

ને કંઇક સક્રિય કાર્યો :
જ્હેમાં જીવન જ્હેનું ખરચાયું !
જયંતિ મહીં સારૂંય પ્રતિબિંબાયું !

નમે વંદે જગનાં જનો :
દાખવ્યો માર્ગ સ્વતંત્રતાનો !
શીખવ્યો પાઠ અહિંસાનો !
પ્રવર્તાવ્યો યુગ 'ક્રાન્તિ' નો !

જયંતિ ખરે ! ઉજવાઈ;
એની જીવન–રેખા ચિતરાઇ !

મહાવીર–જયંતિ ઉજવાઇ :

'વીર'ના આદર્શો વિસરાયા !
એના જીવન–મંત્ર ભૂલાયા !!

વીરની વિભૂતિ સમાઇ,
મંદિરો ને મૂર્તિ મહીં;
ને ઉપાશ્રય–દ્વારે અટકી
'વખાણ' ને સાકર–શ્રીફળથી !

કર્યું ન કાંઇ :
ઓસરતી જૈન જનતા સારૂ.
વીર ધર્મના પ્રચાર સારૂ.

જાણ્યું ન કો'એ–કોણ એ ?
માનવતાનો મહાતારક એ !
અનેકનો યે મહા–વિજેતા !
મહાન 'જૈન ધર્મ'નો પ્રણેતા !

જયંતિ ભલે ઉજવાઇ,
વીરની વિભૂતિ વિસરાઇ !

—ભાઇલાલ બાવિશી.

## સ માચા ર

### ઝાલાવાડ મૂ. જૈન એસોસીએશનનો કાર્યક્રમ

૧ ઝાલાવાડના કોઇપણ મૂર્તિપૂજક જૈનભાઇને ધંધાર્થે જોઇતી સહાય આપવા યોગ્ય પ્રબંધ કરવો.

૨ એસોસીએશનના અમદાવાદ તેમજ તેના પરામાં વસતાં રજીસ્ટર થયેલા સભ્યો તેમજ અન્ય ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન ભાઇઓને ડૉકટરી સારવારની જરૂર પડે તો સાધનો મુજબ સહાય આપવી જેમાં ફ્રુટ. બરફની કોથળી, ગરમ પાણીની કોથળી, બેડપેન વગેરે વસ્તુઓનો સમાવેશ થાય છે.

૩ શ્રી ઝાલાવાડ મૂ. બ્હેનોને ભરવા, ગુંથવા તથા શીવણ વિગેરેનું શિક્ષણ લેવાની ઇચ્છા હોય તો તે માટે અરજીઓ આવ્યેથી ઘટતો પ્રબંધ કરવો.

૪ એસોસીએશનના કાર્યને પહોંચી વળાય માટે સ્વયંસેવક મંડળ ઉભું કરવું તેમજ વસ્તીપત્રક કરવું.

૫ ઉપરનાં કાર્યોને પહોંચી વળવા માટે જોઇતા ફંડની વ્યવસ્થા માટે આ એસોસીએશનના સભ્યો તેમજ અન્ય સંસ્થાઓમાંથી સ્હાય મેળવવા એસોસીએશનના મંત્રીઓએ મેનેજીંગ કમીટીમાંથી ૭ સભ્યોની નીમણુક કરવી.

૬ શ્રી ભગવાનજી જ. કપાસી તરફથી તા. ૨૬–૯–૩૫ ના રોજ પ્રસિદ્ધ થયેલ પત્રિકામાં એસોસીએશનને રૂ. ૧) લઇ સભાસદોને દાખલ કરવા જે અપીલ બહાર પાડવામાં આવી છે. તે સંબંધી એસોસીએશનના આજ સુધીના પસાર થયેલા ધારા ધોરણને માન્ય કરનાર શુદ્ધ બુધ્ધિથી દાખલ થવા આવનાર સભ્યોને જનરલ મીટીંગની મંજુરીની શરતે તા. ૨૭–૧૦–૩૫ આસો વદી ૦)) સુધી રૂ. ૧) લઇ સભાસદ તરીકે દાખલ કરવાનું ઠરાવે છે, અને સભ્યો નોંધવાની સત્તા બે મંત્રીઓને આપે છે.

### ગુન્ડાના હાથમાંથી બચાવ.

એક ઓસવાલ અનાથ વિધવા કે જેનું શ્વસુરમાં પણ કોઇ સગું નહોતું તે એક ગુંડાના હાથમાં સપડાઇ ગઇ હતી. બીકાનેરના મહાવીર જૈન મંડળને આ વાતની ખબર થતાં તેને છોડવવામાં આવી છે અને જૈપુર નિવાસી એક ખંડેલવાલ યુવક સાથે તેના પુનર્લગ્ન કરાવી દેવામાં આવ્યા છે.

### નાસિકની શ્રી જૈન ઓસવાલ બોર્ડીંગનો ઉત્સવ.

નાસિકની શ્રી જૈન ઓસવાલ બોર્ડીંગનો દ્વિતિય ઉત્સવ દાનવીર શેઠ શ્રી રાજમલજી લલવાનીના પ્રમુખપદે ઠાઠમાઠથી ઉજવાયો હતો. સંસ્થાની બીલ્ડીંગ માટે શ્રી રાજમલજી શેઠે રૂ.૧૫૦૦ આપી ફંડની શરૂઆત કરી હતી. આ ઉપરાન્ત રૂ.૩૫૦૦ વગર વ્યાજે આપવાની પણ ઉદારતા પ્રગટ કરી હતી. ત્યાર બાદ સંસ્થાના અધિકારીઓની નવી ચુંટણી થઇ હતી અને ૧૯૩૫–૩૬ માટે બજેટના રૂ. ૫૦૦ મંજુર કરવામાં આવ્યા હતા.

### પુનર્લગ્ન.

તા. ૧૭–૯–૩૫ ને રોજ આંકોલાના ભારતીય જૈન વિધવા રક્ષા વિભાગના પ્રયત્નથી શ્રીમતી સંતોકબાઇ જનતા પુનર્લગ્ન બડગાંવ (પૂના) નિવાસી શ્રી શેઠ ગુલાબચંદજી રામચંદજી દિગમ્બર જૈન સાથે થયાં છે.

પુનાના જૈન વિધવા વિવાહ મંડળ તરફથી ગુરૂવાર તા. ૧૦–૧૦–૩૫ ને રોજ શ્રી બાપુભાઇ ફોલાચન્દ ના શુભ લગ્ન શ્રીમતી કાન્તાબાઈ ઉર્ફે હીરાબાઇ સાથે કરવામાં આવ્યા હતા. આ સમયે જાણીતા ગૃહસ્થોએ હાજરી આપી હતી.

પુનાના જૈન વિધવા મંડળના ઇતિહાસમાં પુનર્લગ્નનો આ ચોથો બનાવ છે.

### કેળવણી માટે મદદ.

ખંડવાના એક પોરવાડ જૈન બ્હેને કન્યા પાઠશાળા માટે રૂપિયા દશ હજારની મીલ્કત ભેટ આપી છે.

મદ્રાસના પ્રસિધ્ધ શેઠ શ્રી વૃધ્ધચન્દજી જૈને હાઈ સ્કુલ તથા છાત્રાલયની સ્થાપના માટે રૂપિયા પચાસ હજારનું દાન આપ્યું છે.

---

## કિ ર ણ

- ભકિત માર્ગે જવાથી સ્વર્ગ મળે છે જ્ઞાન માર્ગે જવાથી મોક્ષ–સુખ પ્રાપ્ત થાય છે.
- ભકિતનો અતિરેક કરવાથી ભકિત ભયંકર ભવભ્રમણની વૃધ્ધિ કરે છે.
- અહિંસા એ આત્માનો ઉચ્ચતમ ગુણ છે.
- જીન માર્ગમાં અહિંસાઘાતી ભકતને સ્થાન નથી.
- લાખ્ખો અને કરોડો જીવોની હિંસા દ્વારા બનેલું રેશમ ધર્મકાર્યમાં વાપરવું તે મહા પાપ છે.
- જૈનત્વ શ્વેતામ્બર કે દીગમ્બરપણામાં પ્રગટ થતું નથી પરન્તુ તે ભાવ દયામાં જ પ્રગટ થાય છે.
- કેટલાક સુધારકો સુધારક અવસ્થામાં સંપ્રદાય મમત્વને પોષણ આપી સુધારકોનો દ્રોહ કરી આત્મઘાતી બને છે.
- આત્મગુણોની વૃદ્ધિ કરનારી ભકિત સાદરણીય અને પવિત્ર છે.
- મૂર્તિને માનવામાં કે મૂર્તિને નહિ માનવામાં જૈનત્વની વિશિષ્ટતા નથી. જૈનપણાની ખરી વિશિષ્ટતા પતિત અને પાપી જીવોને આત્મરૂપનું ભાન થાય તેવું જ્ઞાન આપવામાં જ છે.
- સંપ્રદાય મમત્વને જૈન શાસ્ત્રકારોએ દર્શન મોહ કહેલો છે. આ દર્શન મોહ આત્મગુણોને ક્ષણે ક્ષણે હણે છે.
- સાચ્ચી ક્રાન્તિ સત્યના વિરોધમાં નથી. પણ સમાજને જ્ઞાન–સમૃદ્ધ કરવામાં છે
- સમાજને જ્ઞાની બનાવ્યા સિવાય ક્રાન્તિની આશા રાખવી એ મૂર્ખાઓના સ્વર્ગમાં વસવા જેવું છે.
- જ્ઞાન પ્રચાર વિના ક્રાન્તિ કોઈ કાળે થઇ નથી–થશે પણ નહિ.
- લૌકિક સેવા અને લોકોત્તર સેવા એ બન્ને સેવાઓ અત્યંત કલ્યાણકારી છે કારણ કે બન્ને સેવાઓમાં સ્વાર્થત્યાગ છે.
- જ્યાં દયા અને પરોપકાર નથી ત્યાં ધર્મનો અંશ પણ નથી.
- દેવદ્રવ્યનો દુરૂપયોગ નર્કને આવકારવા બરોબર છે.
- ધાર્મિક પુસ્તકો વડે દર્શન જ્ઞાન અને ચારિત્રની વૃદ્ધિ થાય છે તેવાં પુસ્તકો છાપવામાં દેવદ્રવ્ય અવશ્ય વાપરવું.
- દેવદ્રવ્ય મુડીવાદને પોષવા અને વધારવા માટે નથી. દેવદ્રવ્યને આરંભવૃદ્ધિ કાર્યોમાં રોકવું તે મહાન પાપ છે.

**શ્રી જાદવજી કેશવજી ડબાસંગવાળા.**

---

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

**મીશ્રીલાલજી ! ઉપવાસ છોડો.**

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૨ મો.
શુક્રવાર તા. ૧-૧૧-૩૫

## "તરુણ" ત્હારે તારુણ્યે....

ધરતી ધણ ધણ થાય !
વ્યોમ વાદળીયો ગગડાય !
વિશ્વે પ્રલય-સૃજન શાં થાય !
"તરુણ" ત્હારે તારુણ્યે—

પરિવર્તનો વિપ્લવ માગે !
'ક્રાન્તિ'ની રણભેરી વાગે !
જવાંમર્દોના જંગો જાગે !
"તરુણ" ત્હારે તારુણ્યે—

'જુનવાણી'નો અંત જણાય !
સૃષ્ટિનાં 'નવસર્જન' થાય !
નવા સમાજ, નવજીવન ઘડાય !
"તરુણ" ત્હારે તારુણ્યે—

મૃત્યુ-ઘંટ 'સત્તા'નો સૂણાય !
'મુડીવાદ'ના દિનો ગણાય !
ગુલામી-ગરીબી ઉદ્ધરાય !
"તરુણ" ત્હારે તારુણ્યે—

ધાંધલીયા ધર્મ ગુરૂઓ ધ્રૂજે !
અંધ-શ્રદ્ધાને પ્રકાશ સૂઝે !
ધર્મ સ્હામે બુદ્ધિ ઝુઝે !
"તરુણ" ત્હારે તારુણ્યે—

કંઇક પ્રથાઓ ને કુરૂઢીઓ !
રૂઢ રિવાજો, અનેક બદીઓ !
કયમ રહે સમાજ મહીં તો !
"તરુણ" ત્હારે તારુણ્યે—

ત્હો જાગ, ઉઠ, જગાડ !
વિપ્લવનો ડંકો વગાડ !
જુવાન ! જગમાં જંગ જમાવ !
"તરુણ" ત્હારે તારુણ્યે—

**શ્રી ભાઇલાલ બાવીશી.**

# ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧-૧૧-૩૫ :—

## મીશ્રીલાલજી ! ઉપવાસ છોડો.

આ લખાઈ રહ્યું છે ત્યહારે મુનિ મીશ્રીલાલજીએ પંદર ઉપવાસો પૂરા કર્યા છે. સ્થાનકવાસી જૈન સંપ્રદાયના આ મુનિએ એ સંપ્રદાયમાંના ગચ્છોની એકતા આદરવા અનશન આદર્યું છે.

ભગવાન મહાવિરથી બોધાયલા જૈન ધર્મના અનુયાયીઓ આજે ન્હાન ન્હાના વિભાગોમાં વ્હેંચાઇ જઇ વિછીન્ન થઇ રહ્યા છે. વાડાઓના મમત્વમાં મૂળ ધર્મને વિસરી ધર્મને નામે વિનાશ આમંત્રી રહ્યા છે. ગચ્છોમાં વ્હેંચાયલો એ ભૂતપૂર્વ ભવ્ય જૈન એકમ આજે અધ:પાતને માર્ગે છે. એકજ ધર્મના અનુયાયીઓ પોતપોતાના વાડા રચી એમનો વિકાસ રોધી રહ્યા છે. એકજ ધર્મના અનુયાયીઓ ગચ્છભકત બની સ્વધર્મી બંધુઓપર આક્રમણ કરતાં અચકાતા નથી. કલહ ને કંકાસે આજે જૈન ધર્મના અનુગામીઓ ઘેરાયલા પડ્યા છે. આમ ધર્મને નામે ધર્મ જ્હેમાંથી ભાગી ગયો છે એવા આત્માહિન કલેવરને ગીધડાંની જ્યમ આજના શ્રાવકો ચુંથી રહ્યા છે અને સ્વાર્થવશ સાધુઓ એમને ગચ્છ વર્તુળોમાં જકડીને ઉત્તેજી રહ્યા છે.

આ પરિસ્થીતિ મીટાવવીજ રહી છે. જ્હેની પાસે જરાક દૂર જોઈ શકાય ત્હેવી દ્રષ્ટિ છે એણે કાંતો આજના જૈન સમાજમાંથી નાહિ નિચોવી પર થવું જોઇએ અગરતો આ સ્થીતિ મીટાવવા મથવું જોઈએ. કોઇએ સ્હમજદાર માનવી વિનાશ આમંત્રતી આજની સ્થીતિ નિભાવી લેવાનું પસંદ ન કરે.

જૈન સમાજની આ સ્થીતિ મીટાવવા જૈન ધર્મનું જ્હેને મન ખૂબ મહત્વ છે અને જૈન આદર્શનું જ્હેને ગૌરવભર્યું અભિમાન છે એવા મુનિ મીશ્રીલાલજીએ આ વિખુટાં પડેલાં બાંધવોની એકતા કરવાના શુભાશયથી અનશન આદર્યું છે. અમે તો આજની સાધુ સંસ્થાને સમાજ સડાની ઉત્પાદક માનીએ છીએ અને અમે માનીએ છીએ કે આજના આ તબક્કે સાધુઓની રીતભાતથી તેઓ સમાજને બોજારૂપ નીવડયા છે. એટલે એક સાધુબંધુમાં આ ભાવના ભાળીને અમને હર્ષ થાય છે. **આવી ઉચ્ચ વિચાર સરણી જોઇને મૂનિ મીશ્રીલાલજીને અમે ધન્યવાદ આપીએ છીએ. મુનિ મીશ્રીલાલજીની સિધ્ધાંત ભકિત અને સિધ્ધાંતને ખાતર મૃત્યુને સુખદ માનવાની એની તપસ્વી વૃત્તિને અમે વંદન કરીયે છીયે.**

**આ છતાં અનશનનો એમનો માર્ગ સમાજહિતાર્થે અમને યોગ્ય લાગતો નથી.**

જીવનાન્ત ઉપવાસ જો માત્ર મુંઝાયલા આત્માને માર્ગ બોધવા પૂરતો હોય તો એ બરાબર છે. અંધકારના થર વચ્ચે માનવીને માર્ગ ન જડતો હોય તો આ પ્રકારનું તપ [illegible] છે એમ કેટલાક કહે છે. આત્મ ઢુંઢન માટે તમામ પ્રવૃત્તિમાંથી નિવૃત થઇ ઉપવાસ આદરવામાં આવે તો આપણા દોષો આપણી સમક્ષ તરી આવે એ વાત અમે માનીએ છીએ. એટલે ઉપવાસ પોતા માટે, પોતાની ભૂલો શોધવા સારૂ, પ્રાયશ્ચિત કરવા સારૂ કરવામાં આવે ત્હાં સુધી એ બરાબર છે.

ઉપવાસની બીજી પણ એક અસર છે. મમત્વ [illegible], માત્ર ગુમાન પરજ થએલા બે પક્ષોનો કોઇ માનીતો માનવી ઉપવાસપર જાય તો એનો પ્રેમ મહત્વ ને ગુમાન બન્ને પક્ષોમાંથી ગાળી નાખે અને એકાકાર પ્રવર્તાવે. મુનિ મીશ્રીલાલજી ના ઉપવાસમાં આ પરિસ્થિતી નથી.

બીજાની ઉપર અસર કરવા માટે, મૃત્યુથી કોઇની અનુકંપા ઉશ્કેરવા માટે, અનશનથી વાતાવરણ ગરમ બનાવી કોઇને શરમીંદા કરી સિધ્ધાંત સ્વીકારવવા માટે જીવનાન્ત ઉપવાસ કોઇ આદરે તો એ ઉપવાસમાં અને જૂના યુગમાં થતાં ત્રાગાંમાં કાંઇ તફાવત નથી. નૈતિક દૃષ્ટિએ જોતાં આત્મઘાતનો એ એક પ્રકાર છે અને આશયની ઉચ્ચતા છતાં આ વલણ વ્યાજબી મનાવી શકાય નહિ. મુનિ મીશ્રીલાલજીના આ અનશનને અમે આ વર્ગમાં મૂકીએ છીએ. અને એથીજ કાર્ય પરત્વે એમનાથી સહમત થતાં છતાં એમનો કાર્યમાર્ગ અમને સ્વીકાર્ય જણાતો નથી.

કદાચ આ પ્રકારનાં અનશન શરમાશરમીએ તાત્કાળીક પરિણામ આણે પરંતુ એનાં મૂળ ઉંડાં જવાનાં નથી. જહે વસ્તુનો મુનિ મીશ્રીલાલજી નિકાલ આણવા માગે છે તે વસ્તુમાં હૃદય પલ્ટો આવશ્યક છે. જૂના વાડાઓમાંથી ઘેટાં બની રહેલાં માનવોને નિકાળવા માટે પ્રચંડ પ્રચારની અને હૃદય સોંસરતી સમજાવટની જરૂર છે. મુનિજી જો માનતા હોય કે એકાદ માનવીના મૃત્યુનો ભય આમ હૃદય પલ્ટો કરાવી શકશે તો માન સાથે અમે એમને કહેવા ચાહીએ છીએ કે આપની માન્યતા બરાબર નથી. પંડીત રામચંદ્ર શર્માના અનશનની બબ્બેવારની નિષ્ફળતા અમે અમારા કથનના સમર્થનમાં મૂકીએ છીએ. અમને લાગે છે કે અનશનનો એથી વધારે ઉપહાસ સંભવીત નથી.

જ્હેની પાસે મુનિજી આશા રાખે છે, એ આજના સાધુઓ અને આગેવાનો પાસેથી એવી જાતની આશા રાખવી વૃથા છે. સંઘમાં પડેલી ફાટો પર એમના આસનની સ્થીરતા છે. કચરાતાંની કમ્મર પર બેસીને એમની જાતને જાહેર સમક્ષ એ રજુ કરે છે. સેવા એ તો માત્ર દંભ છે. આજના સાધુઓ સમાજના કલેવર ને તંદુરસ્ત નથી ઇચ્છતા. એ ઇચ્છે છે એ કલેવરમાં ગૂમડાં થાઓ અને એ ગૂમડાંમાનું પરૂ ચૂસી એ રોગીષ્ઠ જંતુઓ વધુને વધુ રોગ ફેલાવવાનો જીવન ધર્મ માની બેઠા છે. એટલે કે આ પ્રકારનાં પ્રાણિઓ મુનિજીને સાથ આપે તો એ સાથ આપવામાં પણ એમનો કંઇ હેતુ હશે. લોક સમક્ષ એમનું આસન અવિચળ રાખવા એ ચારે વારે મુનિજી સમક્ષ આ લોકો ડેપ્યુટેશન લઈ જશે. દેખાવમાં મુનિજીને એ વિનંતી કરશે. પીઠ

અનુસંધાન ... ... જુઓ ... ... પૃષ્ઠ

# સાચો રાહ.

લેખક:—**શ્રી સારાભાઈ દલાલ.**

નાની મોટી તમામ કોમો કાળચક્રની સાથે રહી પ્રગતિના પંથે પ્રયાણ કરી રહેલ છે. પોતાના નાના મોટા અનેક પ્રશ્નો અણ ઉકેલ કોયડાઓનો શાંતિપૂર્વક સંતોષકારક રીતે સમાધાન કરી રહેલ છે, પરંતુ એક સમયે અગ્રગણ્ય મનાતી જૈન કોમ સાધન, શકિત અને સંપત્તિ હોવા છતાં પણ સાચી પ્રગતિના રાહ ઉપર આવતી નથી. એટલુંજ નહિ; પરંતુ સમયના પ્રબળ પ્રવાહનો સ્હામી દિશામાં મીટ માંડી બેઠી હોય તેમ જણાય છે. ઉન્નતિ ઇચ્છનાર કોઇપણ વ્યકિત, સંસ્થા કે કોમે ભૂતકાળનો અનુભવ લક્ષમાં રાખી, વર્તમાન-કાળની સ્થિતિ વિચારી ભવિષ્યની યોજના ઘડવી જોઇએ. પરંતુ જૈન સમાજ તો વર્તમાન અને ભવિષ્યની લગભગ અવગણના કરીને જાણે ભૂતકાળમાં જીવવા માગતો હોય તેમ જણાય છે. એ જીવન પ્રગતિ બાધક થશે કે સાધક થશે તેનો તલભાર પણ કોઇ વિચાર કરતું નથી. દેવદ્રવ્યનો પ્રશ્ન, બાળદીક્ષાનો પ્રશ્ન. મહાવીર વિદ્યાલય સામે જગાવવામાં આવેલી જેહાદ એવા; વિગેરે અનેક પ્રશ્નો તે અણસમજુ, ભોળા અને ક્રિયાકાંડી ધર્મઘેલા સમાજ આગળ ધકેલી તેમાં કેટલાક સાધુમહારાજોની સહાયતા અને સહકાર સાધી સમાજમાં અનિચ્છનીય ધાંધલોના ગોટાળાઓ ઉભા કરી વિખવાદો અને કડવાશો પેદા કરી શાન્તિના શીરસ્તાઓને જૈનોમાં ભાગલાઓ પડાવવા છે તે શું સૂચવે છે? સમાજને ભૂતકાળના કાળા અંધકારમાં ઘસડી જવાથી નથી થવાનું સમાજનું ભલું કે નથી થવાની ધર્મની સાચી ઉન્નતિ. એક પક્ષ આવા પ્રકારની નિંદનીય પ્રવૃત્તિમાં સેકાએલો છે, દીલગીરીની વાત એ છે. કે. એવી હલકી પ્રવૃત્તિમાં કેટલાક ઉમ્મરે જુવાન દેખાતા—ઘરડા માનસવાળા યુવકો પણ સામેલ છે, તાત્કાલિક આવેશમાં આવી જઈ આવા અપકૃત્યો કરનારાઓ એક વખત ઝાલેલું પુંછડું પ્રતિષ્ઠા ખાતર ભૂલ જણાયાં છતાં પણ નહિ છોડતાં પકડી રાખનારાઓ ભયંકર સમાજદ્રોહ કરી રહ્યા છે. તેમજ પોતાની જાતને છેતરી રહ્યા છે, તેનો તેઓને ભાગ્યેજ ખ્યાલ હોય છે. એવા મજબુત અંધકાર અને અજ્ઞાનના પડદાઓ તેમની શારિરીક અને માનસિક દ્રષ્ટિ સમક્ષ ખડા થાય છે અથવા તો કરવામાં આવે છે. એમાં કેટલાક સ્વાર્થ સાધુઓ પણ હોય છે કે તેઓ જાણી બુઝીને પોતે ઉંધે રસ્તે જાય છે. અને બીજાઓને દોરે છે, બીજો પક્ષ ભૂતકાળીઆ પક્ષની પ્રવૃત્તિથી કંટાળેલો છે, એ પક્ષની અધમ હીલચાલો ઉઘાડી પાડવાની એને તમન્ના લાગી છે. સમાજના આંદોલનો ઝીલી સમાજની સાચી ઉન્નતિ સાધવાની એનામાં તાલાવેલી છે. એ નૂતન વિચારો ધરાવનાર યુવકો અને યુવકમાનસવાળાઓનું યુથ છે. એને અધિરાઈ આવી છે. પૂણ્ય-પ્રકોપની એનામાં જવાળાઓ ભભૂકી રહી છે. એની અધિરાઇ અને પ્રકોપની જવાળાઓ એના વિચારો, વાણી અને લેખનમાં વ્યકત થઇ રહ્યા છે, એના વિચારો, વાણી અને લેખનમાંથી તણખા—અંગારાઓ ઝરી રહ્યા છે. હરેક દિશામાં ક્રાન્તિ અને ખંડનનો પયગામ પહોંચાડે છે. એ એનો લોખંડી નિરધાર બનાવે છે. એના વિચારોનો વેગ વાણી અને લેખનની ભાષા ઘણાને મૂંઝવી રહેલ છે. સમાજની નૂતન રચના કરવાની ભૂખે એનામાં દરદ પેદા કર્યું છે. પરંતુ એ દર્દમાં તાકાત છે, એ દર્દ વિચારસૃષ્ટિમાં વિપ્લવ આણી રહેલ છે. એનામાં સ્પષ્ટ વકતાપણું છે. સમાજનો મોટો ભાગ નગ્ન સત્યો પણ કઠોર ભાષામાં સાંભળવા હાલ તૈયાર જણાતો નથી. સ્પષ્ટવકતાપણું સમાજના મોટા ભાગને બહુ કડવું લાગે છે. કેટલાય સમયથી પાડેલી રાહમાં ચાલવાની પડી ગયેલ ટેવે તેમનામાં જડ ઘાલી છે. એ દૂર કરવાને સતત્ પરંતુ ધીમા હલ્લાઓની જરૂર છે. ટાંકણીના ઉપયોગથી કામ સરતું હોય તો ભાલાઓ વાપરવાની જરૂર નથી. કાર્ય સાધવાની તમન્નાવાળાઓએ કુનેહ અને કળા વાપરવાની જરૂર છે. કાર્ય સાધકતા એનુ નિશાન હોવું જોઇએ. કાર્યકર્તાઓએ એ ખૂબ લક્ષ્યમાં રાખવા જેવું છે. આવી વિચારશ્રેણિવાળો પણ એવો એક પક્ષ છે કે જે તટસ્થ રહી બંને પક્ષોની હિલચાલો નિહાળી રહેલ છે. પરંતુ એનો અર્થ એ નથી થતો કે રચનાત્મક કાર્યકર્તાઓએ પોતાનું અંતિમ ધ્યેય ભૂલી જઇ ખંડન માટે હથોડાઓ ઉંચકવા જોઇએ.

ત્રીજા પક્ષની દેખાતી તટસ્થતા તેમની જવાબદારીઓ અનંતગણી વધારી રહેલ છે અને તે માટે તેમની તટસ્થતાને ત્યજી દઇ પોતાના પક્ષમાં મળી જવા—તેવાં પગલાંઓ આદરવા જોઇએ. સુધારકોને સંખ્યાબળ—પીઠબળની પણ અતિ આવશ્યકતા છે. સંખ્યાબળ વધારવાના અનેક પ્રમાણિક સાધનોનો ઉપયોગ થવો જ જોઇએ.

---

**અગ્રલેખ** ... ... પૃષ્ઠ ૨ થી ચાલુ

કરશે કે મુનિજીની એ નિંદા કરશે. કદાચ ખોટા વચન આપશે. અને આજ લગી જહેમ બે વાર મુનિજી છેતરાયા ત્હેમ ત્રીજી વાર પણ છેતરવાનો પ્રયાસ કરશે. મુનિજી છેતરાશે તો એક તસુનાય વિકાસ વિના પરિસ્થીતિ એની એજ વિનાશ પ્રસારતી ચાલુ રહેશે.

એટલે કે મુનિજી માને છે એટલાં આ આસનોએ જામેલાં માનવી સરળ નથી. એમનો હ્રદય પલ્ટો એટલો ત્વરિત શકય નથી. અને મૂળથી ભાવના પલ્ટો ન થાય તો એ ત્વરિત જણાતો હ્રદય પલ્ટો આવશ્યક પણ નથી.

મુનિજી સુધારક છે. સુધારકને યોગ્ય ધીરજથી એમણે ભાવનાનો પ્રચાર કરવો જોઇએ. મળતાં માનવીઓનાં હ્રદય પલટાવવાં જોઇએ. આ પ્રકારના ઉપવાસ હ્રદયા નહિ પલટાવી શકે.

એટલે કે જૈન સમાજની ગચ્છ વાટે પડેલી ફાટો સાંધવાની અને બંધુત્વે ઓપતી, માનવ કલ્યાણ ઇચ્છતી જૈન આલમ જોવાની મુનિ મીશ્રીલાલજીની વિચાર સરણી જોઇ અમે એમને ધન્યવાદ આપી છીએ. મુનિ મિશ્રીલાલજીની સિદ્ધાંત ભકિત અને સિદ્ધાંતને ખાતર મૃત્યુને ભેટવાની એની તપસ્વીવૃત્તિને અમે વંદના કરીય છીએ. અને તમામ બળપૂર્વક અમે એમને ઉપવાસ છોડવાની વિનંતી કરીય છીએ.

# કેટલીક સામાજિક સમસ્યાઓ.

## રૂઢીઓમાં રહેલી હિંસા.

"આપણી સભાના એક સભ્ય–ભાઇ પ્રેમચંદજી, લગભગ પીસ્તાલીશ વર્ષની ઉમ્મરે ઘરભંગ થયા છે–એમની છેલ્લી સ્ત્રી ન્હાનાં ન્હાનાં બાળકોને રોતા મૂકી સ્વર્ગવાસ પામી છે. તે બદલ આ સભા પ્રેમચંદજીને અંતઃકરણપૂર્વક આશ્વાસન આપે છે, અને એમના દુઃખમાં દીલસોજી સાથે ભાગ લે છે" પ્રેમચંદભાઇના એક મિત્રે દરખાસ્ત મૂકી.

સાધારણ સંયોગોમાં એ દરખાસ્ત પાસ થઇ જાત, કારણ કે અમારૂં સભાનું મંડળ લગભગ એવાં કામો ચલાવવાની ખાતર જ મળે છે. આ સભા કોઇ દિવસ સમાજની પ્રવૃત્તિમાં રસ નથી લેતી. સમાજને સુધારવો એ સંસાર વધારવા સમાન છે એવી એ સભાના દરેક સભ્યની માન્યતા છે. સંસારમાં ફરીથી જન્મવુંજ ન પડે એ સિધ્ધાંત આ સભાને માન્ય છે. પછી ભલેને એ સિધ્ધાંત આવશ્યક હોય તો પણ સંસારના જન્મ–મરણના ફેરાં વધતાં હોય તેને અનુમોદન તો ન જ આપે. ઉદ્યોગ અને રાજકારણના વિષયમાં, પણ અમારી સભા હમેશાં તટસ્થ રહે છે. ઉદ્યોગ અને રાજકારણ એ વિષયો રાજ્યના હસ્તક જ રહેવા જોઇએ–પ્રજાએ એમાં દરમ્યાનગીરી ન કરવી જોઇએ એ સૂત્રને આ સભા ચુસ્તપણે વળગી રહી છે. રહ્યા ધાર્મિક કાર્યો; જેવાં કે સામૈયાં–સામીવાત્છલ્ય, વિગેરેમાં યથાશકિત ભાગ લે છે. સભ્યોના સુખ–દુઃખમાં, ઠરાવો પસાર કરીને સહાનુભૂતિ જાહેર કરવી એમાં એ સભા સતત સાવધ રહે છે.

અને આવા ઠરાવનો વિરોધ પણ કોણ કરે ? એક માણસ વૃદ્ધ વયની નજીક પહોંચે તે પહેલાં જ ઘરભંગ અને–સ્ત્રી વિનાની અસહાય દશામાં મૂકાય અને પાછળ ૮–૧૦ છોકરાંની સંભાળ લેનાર પણ કોઇ ન હોય એ શું ઓછા દૂર્ભાગ્યની વાત છે ? કયા સજ્જનને આવા પ્રસંગે શોક અથવા દીલસોજીનીલાગણી ન ઉદ્ભવે?

ચતુરભાઇએ એ ઠરાવનો વિરોધ કર્યો અને સર્વ સભ્યો આશ્ચર્ય સ્તબ્ધ બની એમની સામે જોઇ રહ્યા, દીલગીરીની વાત એટલી જ છે કે તે દિવસે ચતુરભાઇએ જે લાગણી ભર્યું વિવેચન કર્યું હતું તેનો કોઇએ રિપોર્ટ ન લીધો. એમની ભાષા જો જરા મુલાયમ હોત અને નિરૂપણ કરવાની પધ્ધતિ જરા સહૃદયતાવાળી હોત તો મને ખાત્રી છે કે ચતુરભાઇના વિચારો અને એમના સિધ્ધાંતો વડે સમાજનું ઘણું હિત થાત. ખેર, એમના વિવેચનની જે છાપ મારી ઉપર પડી હતી તે તો કોઇ દિવસ નહિં ભૂંસાય, એમની કેટલીક દલીલો તો આજે પણ અક્ષરશઃ એમની પોતાની વાણીમાં ઉધ્ધૃત કરી શકું છું.

તે પહેલાં, પ્રાસ્તાવિક એક–બે વાતોનો મારે અહિં ઉલ્લેખ કરવો પડે છે. તે પ્રેમચંદભાઇ વિષે આ ઠરાવ રજુ થયો હતો, તેમનો પરિચય આપવાની જરૂર છે.

જાણે, પ્રેમચંદભાઇના લગ્ન પહેલ વહેલાં પંદરમે વર્ષે થયા હતા–એમના સ્ત્રી માત્ર અગીયાર વરસના હતા. બે વર્ષની અંદરજ એ સ્ત્રી સુવાવડમાં મૃત્યુ પામી. પ્રેમચંદભાઇએ વીશમે વર્ષે બીજું લગ્ન કર્યું, પણ એ વખતે પ્રેમચંદભાઈ પોતે દૂર દેશમાં નોકરી–ધંધાની શોધમાં નીકળી ગયા હોવાથી, ગમે તે કારણે પણ આ બીજી સ્ત્રીએ કુવો પૂરી પોતાના જીવનનો અંત આણ્યો, ન છુટકે પ્રેમચંદભાઇને ત્રીજી વાર પરણવાનો પ્રસંગ સાંપડ્યો: આ ત્રીજીવારના લગ્ને ઘરને હર્યું–ભર્યું બનાવ્યું. પ્રેમચંદભાઇને પાંચ પુત્રીઓ અને બે પુત્રોનો પરિવાર છે. એક બાળક તો બે વરસનું થઇને ગુજરી ગયું અને છેલ્લે છેલ્લે સુવાવડમાં શસ્ત્રક્રિયાની સહાયથી ઘણી ઘાતકી રીતે ડોકટરોએ ગર્ભમાં રહેલું બાળક બ્હાર કાઢ્યું. આ બિમારીએ પ્રેમચંદભાઇનું સંસારસુખ હરી લીધું. ત્રીજી વારની બૈરી સુવાવડમાંજ મરી ગઇ.

ચતુરભાઈ આ હકીકત જાણતા હતા, એક તો બાળલગ્ન જ ન થવા જોઇએ અને લગ્ન પછી પણ સ્ત્રી–પુરૂષે યોગ્ય સંયમ પાળવો જોઇએ. એમ તેઓ કહેતા. જે સ્ત્રી–પુરૂષો કેવળ કામવાસનાની તૃપ્તિ માટે જ પરણે છે અને એ વાસનાનાં અગ્નિકુંડમાં સ્ત્રીઓના દેહના, રીબાવી રીબાવીને બલિદાન ધરે છે, તેમના તરફ કોઈ પણ સભ્ય સમાજના સ્ત્રી–પુરૂષની સહાનુભૂતિ ન મળવી જોઇએ એમ તેઓ વખતો વખત કહેતા આવ્યા છે.

પ્રેમચંદભાઈને આશ્વાસન આપવાનો ઠરાવ નીકળતાં જ એમણે કહેવાનું શરૂ કર્યું:–

બાળલગ્ન એ સામાજિક અપરાધ છે, એ અપરાધની સજા હોઈ શકે, પણ અપરાધ કરનાર પ્રત્યે સમાજની સહાનુભૂતિ ન હોઇ શકે.

કન્યાવિક્રય એવોજ બીજો અપરાધ છે; અને જે પુરૂષ, પોતાની પત્નિની શારીરિક સ્થિતિની પરવા રાખ્યા વિના, અસંયમી જીવન ગાળે છે તે નૈતિહદ્રષ્ટિએ ગુન્હેગાર છે.

આ ત્રણે મુદ્દા ઉપર ચતુરભાઇએ લગભગ દોઢ કલાક સુધી વિવેચન કર્યું. એમના વિવેચનનો સારાંશ સૌ કોઇએ સમજવા તથા સ્વીકારવા જેવો હોવાથી, અહીં રજુ કરૂં છું–

જેની એક સ્ત્રી સુવાવડમાંજ મરણ પામી હોય, બાળલગ્નની રૂઢીઓને શ્રાપ આપતાં જે બાળા સ્વર્ગના માર્ગે ચાલી નીકળી

હોય, જેની બીજી સ્ત્રીએ અસંતોષને લીધે આપઘાતનો રાહ લીધો હોય. અને જેની ત્રીજી સ્ત્રી છ–સાત બાળકોની માતા બન્યા પછી પણ સુવાવડના કષ્ટમાંથી બચી શકી ન હોય તેને હું નૈતિકદ્રષ્ટિએ તકસીરવાર ઠરાવું છું. એક માણસ કોઈનું ઘર ફાડે, એક ધાડ-પાડુ બંદુક કે છરી બતાવી મુસાફરને લૂંટે અથવા જે કોઇ મવાલી પૈસાની ખાતર કોઇનું ખુન કરે તો આપણે તેના પ્રત્યે હમદર્દી નહિ બતાવીએ. પોતાની ગરીબાઈ વર્ણવી ખુની બચાવ કરે તો આપણે તેનો બચાવ કબુલ નહિ રાખીએ. તેજ પ્રમાણે જે પુરુષ પૈસાના જોરથી એક ખીલતી કુમળી કન્યા સાથે લગ્ન કરે છે અને પોતાની વાસનાને અંગે અકાળ મૃત્યુના મુખમાં ધકેલા દે છે, તેના તરફ આ સભા શી રીતે સહાનુભૂતિ બતાવી શકે એ હું નથી સમજી શકતો.

સમાજમાં તમને એક–બે નહિ, એવા ઘણા પુરૂષો મળશે, કે જે પોતાની સ્ત્રીની દુર્બળ–ક્ષયરોગગ્રસ્ત દશા જોવા, છતાં એ અબળાઓને પોતાની વાસનાનો શિકાર બનાવતા જરાય સંકોચ નહિ અનુભવે, આવા પુરૂષો ધર્મની, તપસ્યાની, સંયમની, જીવ-દયાની ઘણી ઘણી વાતો કરશે પણ તેઓ પોતાની વાસના તૃપ્તિને અર્થે પોતાના જ ઘરમાં આગ મૂકી રહ્યા છે એ વાત એમને નહિ સમજાય, ધર્મગુરૂઓ પણ જાણે કેમ, એ નાજુક પ્રશ્નને છેડી શકતા નથી. હું કહું છું કે કસાઇનાં હાથમાંથી ગાય છોડા-વવી અથવા તો વાઘરીના પંજામાંથી થોડા પંખીઓ છોડાવવા તે કરતાં આપણી સ્ત્રી જાતિને બચાવી લેવાનું કામ ઓછું પુણ્યદાયી નથી.

ચોરી, ખૂન, વિશ્વાસઘાત જેવાં ગુન્હાઓ કોઇ સમાજ સહન કરી શકતો નથી. તો પછી પુરૂષોનાં, સ્ત્રીજાતિ ઉપરનાં આ અન્યાય, આ અત્યાચાર સમાજે શા સારૂ સહન કરી લેવાં જોઇએ ? શું પુરુષો સબળ છે ? સમાજમાં પ્રાધાન્ય ધરાવે છે એટલે એમને જુલમ કરવાનો પરવાનો મળી જાય છે ? જે સમાજ, ન્હાની બાળાઓને વિવાહરૂપી ઉંડી ખાઇમાં ધકેલી શકે છે, જે સમાજ ગમે એવા અપંગ–રોગી–ચેપી પીડાતા શ્રીમંતને ત્રીજી–ચોથીવાર પરણવાની મુંગી મંજુરી આપી શકે છે તે સમાજનો એક દિવસે જરૂર વિનાશ થવો જોઇએ. એ વિનાશને કંઇ વાર હોય તો હું કહું છું કે એ સમાજ જેમ બને તેમ જલદી નામશેષ બને એવું પ્રબળ આંદોલન ઉઠાવવું જોઇએ.

જો કોઇ એવી અદાલત હોય, જ્યાં સ્ત્રી જાતિનાં દુઃખદર્દોના ઇન્સાફ તોળાતાં હોય તો આવા પ્રેમચંદભાઇ જેવા પુરૂષોને સખ્ત કેદની સજા મળ્યા વગર ન રહે એમ હું માનું છું. એમને કુદર-તના કાયદા સજા કરે છે, તેમને તમે દીલાસો આપો છો અને એમ કરીને પાપની અનુમોદના પણ કરો છો.

હિંસાને અહિંસા વિષે પણ તે દિવસે ચતુરભાઇને નવો જ દૃષ્ટિકોણ આપ્યો, એમણે કહ્યું:–લૂંટારાના–ખૂનીના શસ્ત્ર જુદા હોય છે, વૈજ્ઞાનિકના શસ્ત્ર પણ ભિન્ન પ્રકારના હોય છે, ચોર–ડાકુ ભાલાથી, કે તરવારથી માણસનો વધ કરે છે–વૈજ્ઞાનિક ઝેરી ગેસ છોડી અથવા રોગના જંતુ શરીરમાં દાખલ કરી હિંસાની ક્રિયા સાધે છે. તેજ પ્રમાણે આપણે આપણી સ્ત્રી જાતિને છૂપાં છતાં કાતિલ ઝેર આપી અહોનિશ એમના પ્રાણ લઇએ છીએ. કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધ લગ્ન, અને તે ઉપરાંત ઉપરાઉપરી સુવાવડોને લીધે રોજ કેટલી યે યુવતીઓ છેલ્લા ઉષ્ણ નિશ્વાસ નાખતી સંસારમાંથી વિદાય લેતી હશે તેની કલ્પના કોણ કરી શકે એમ છે ? આવાઓ પ્રત્યે દીલસોજી બતાવવી, એમનાં દુઃખમાં ભાગ લેવો એ ખૂનીના અપકૃત્યને ઉત્તેજન આપવા જેવું છે.

તમે કોઇ ઇરાદા પૂર્વક ઉત્તેજન નથી આપતા એ હું સ્વીકારૂં છું. પણ તમારી આસપાસ કેટકેટલી સામાજિક સમસ્યાઓ ખડી છે તે જોવાની તમે તસ્દીજ કયાં લ્યો છો ? તમને તો તમારા ધર્મ-ગુરૂઓએ પાપ અને પુણ્યના, વિધિ અને નિષેધના જે પાઠ ભણાવી રાખ્યા છે. તેમાંથી ઉંચી દ્રષ્ટિજ કરી શકતા નથી. ઘાંચીના બળદની જેમ એકજ ચીલે–ઉંધું ઘાલીને ફર્યા કરવું એને આખી દુનિયાનો પ્રવાસ સમજી બેઠા છો.

ઠરાવના વિરોધનું રહસ્ય ટુંકામાં સમજાવતાં એમણે ઉચ્ચાર્યું–તમારી ધાર્મિક અને સામાજિક સમસ્યાઓ વિચારો; ઉઘાડી આંખે સામી છાતીએ એનો સામનો કરો. અને સમાજને વિનાશના મુખ-માંથી ઉગારી લ્યો. એજ મારા વિરોધનો મુખ્ય આશય છે.

"જબ સૂરજ ગરમી કરે–તબ વરસનકી આશ" સૂર્ય જેમ વધુ તપે તેમ તેમ વરસાદ પણ એટલાજ જોરથી વર્ષે ! અને તે દિવસે ચતુરભાઇની સામાજીક સમસ્યામાં બરાબર એવુંજ બન્યું. ચતુરભાઇ જે ઉગ્રતાથી, આવેશથી, કટુતાથી બોલ્યા તેના જવાબમાં અમારા શાંત–ગંભીર પ્રમુખ સાહેબે એવીજ મીઠી અમૃતધારા ફેલાવી. ચતુરભાઈએ જગાવેલા પ્રકોપ ઉપર પાણી છાંટયું. એકલી આગ કદાચ એટલી સારી અસર ન કરત. અમારા પ્રમુખે સમાજ-સુધારાની શૈલીએ અને સુધારણાના મૌલિક સિધ્ધાંત સંબંધે પણ સરસ પ્રવચન આપ્યું.

એમણે ચતુરભાઇનું વ્યાખ્યાન પુરૂં થયા પછી કહ્યું:–

સંસાર પુણ્યભૂમિ છે તેમ પાપભૂમિ પણ છે. આપણી આસ-પાસ ઘણાં ઘણાં પાપ વેરાયેલાં પડ્યાં છે. એ પાપ સાફ કરવાં હોય તો સુધારકે એટલી જ શાંતિ અને તપશ્ચર્યા સેવવાં જોઇએ. સમાજને ઉધડો લેવાથી, સમાજના વિનાશનો ભય દર્શાવવાથી, સમાજને ગાળો આપવાથી મને નથી લાગતું કે આપણું ધ્યેય સિધ્ધ થાય, શ્રીયુત્ ચતુરભાઇએ સમાજ સુધારણાના ઘણા મૌલિક સિધ્ધાંત શોધ્યા છે. એ બદલ હું એમને જરૂર અભિવંદન આપું છું. પણ સાથે સાથે એમ પણ કહું છું કે એમણે આવેશ અથવા ઉગ્રતા ઉપર સ્હેજ સંયમ રાખવો જોઇએ. સુધારક જો પોતાની વાણી અને વર્તન વડે જનપ્રિય ન બની શકે તો એની ગરમી કોઈ ફળ ન પકવે–નકામી વેડફાઇ જાય. સમાજ–સુધારક એક સાધક છે. એણે શાંતિથી પોતાની નિર્મળ સાધના વડે સમાજને તૈયાર કરવો જોઇએ.

"એક ઘા ને બે કટકા" એ નીતિ કોઇ સમાજ સુધારકને ન છાજે, આશય જેટલો નિર્મળ હોય તેટલાજ તેના સાધન પણ નિર્દોષ હોવા જોઇએ. આપણે સૌ જાણીએ છીએ કે મહાત્માગાંધીજીએ

દર્શાવેલા માર્ગે જો આપણો દેશ કુચ કરે તો ઘડીના છઠ્ઠા ભાગમાં સ્વરાજ્ય હાંસલ કરે પણ દેશના વતનીઓમાં એવું બળ પેદા કરવું એ સહજ વાત નથી. રાષ્ટ્રનેતાઓ કેટલી શાંતિથી, ધીરજથી દેશને તૈયાર કરે છે? આપણે પણ સમાજને એ રીતે તૈયાર ન કરી શકીએ? આપણી વાણીની; વર્તનની મધુરતા જોઇને સમાજ પ્રસન્નપણે આપણા માર્ગને અનુસરે એટલી તૈયારી આપણામાં હોવી જોઇએ.

અફઘાનીસ્તાનના અમીર અમાનુલ્લાખાનો દાખલો લ્યો–એ એક ઘાને બે કટકા કરવા તૈયાર થયો, એની ઉતાવળી નીતિ નિષ્ફળ ગઇ. અમીરને પોતાનેજ દેશ છોડીને ચાલી નીકળવું પડ્યું. સમાજ જો તૈયાર ન હોય તો તમારા ગમે તેવા સુંદર સિધ્ધાંતને પણ એ ન પચાવી શકે–બલ્કે પાછો પણ હઠે.

સ્ત્રી જીવનની સાથે બાળકોની ખીલવણીનો સવાલ સંડોવાયેલો છે. ભાઈ ચતુરભાઇએ સ્ત્રીઓનાં અકાળ મૃત્યુની જવાબદારી પુરૂષોની કામવાસના ઉપર નાખી છે. હું એથી પણ એક ડગલું આગળ ભરૂં છું. કુટુંબના પાલનહારમાં પોતાના પુત્રોને પાળવાની પુરેપુરી તાકાત હોવી જોઇએ. એક માણસ માંડમાંડ પોતાના પેટનું પુરૂં કરતો હોય તે જ્યારે બીજાં બે–ચાર પુત્રોનો પિતા બને ત્યારે સ્વભાવિક રીતેજ સર્વ બાળકોનું બરાબર પાલન–પોષણ ન કરી શકે. એક બાળકના મુખમાંનો કોળીયો જુંટવી લઇને બીજાને આપે છે. અને બેના કોળીયા જુંટવી એ ત્રીજા નવા બાળકને આપે છે. આજના આર્થિક સંકડામણના કાળમાં, વધું પડતા સંતાનો એક બીજાના ભોગેજ જીવે છે એમ કહીએ તો ચાલે. હું પણ એટલું તો માનું છુંજ કે સંતાનોને દરિદ્રતાનો વારસો આપવો એ એક અપરાધી છે. જેઓ પોતાનું–પોતાની સ્ત્રીનું અને બાળકોનું હિત વાંછતાં હોય તેમણે અધિક સંયમ પાળવો જોઇએ. એક દિવસ કદાચ એવો પણ આવે કે જે માણસ પોતાનાં બાળકોનું રૂડી રીતે પાલન ન કરી સકતો હોય અને છતાં સંતાનોની સંખ્યામાં ઉમેરો કર્યે જતો હોય તો સરકાર પોતે એની પાસેથી જવાબ માગે અને કદાચ સજાપણ કરે. એ ભવિષ્ય સંભવિત હોય કે ન હોય–પરંતુ હું માનું છું કે જે સમાજના મોવડીઓ પોતાના સમાજને બળવાન, આરોગ્યવાન બનાવવા માગતા હોય તેમણે ઠેકઠેકાણે પ્રસુતિગૃહો બાંધી તેમજ બાળકો માટે જુદી જુદી સંસ્થાઓ ઉભી કરી આ સંક્રાંતિનો સમય જાળવી લેવો જોઇએ. ખોટી ધમાલો બંધ કરી, ખોટ ખર્ચો મુલતવી રાખી, આપણા સમાજના બાળકોનું, અબળાઓનું નિરાધારોનું સંરક્ષણ કરવા આગેવાનોએ કટિબદ્ધ થવું જોઈએ. કીર્ત્તિદાનો આવતી કાલે ભૂંસાઇ જશે. પણ સમાજ હિતને અર્થે એક ન્હાની સંસ્થા પણ નભાવવામાં આવશે તો તેથી સમાજના અંગોપાંગમાં નવું ચેતન સ્ફુર્યા વિના નહિ રહે.

પ્રમુખના વિવેચન પછી, મૂળ ઠરાવ ઉડી ગયા. પણ એ ઠરાવ નિમિત્તે જે વિવેચનો થયા તેથી સભાના સભ્યોને ઘણો નવો પ્રકાશ મળ્યો.

# વિ ધ વા ને !

જૈન મહિલા પરિષદે અને જૈન યુવક પરિષદે ફરજીયાત વૈધવ્યના વિરોધ કરતાં ઠરાવો ગયે વર્ષે પસાર કર્યા છે. એ વચગાળાના એક વર્ષમાં મહિલા પરિષદે કે યુવક પરિષદે અંધાર ખૂણે ચોધાર આંસુએ રડતી આપણી વિધવા બ્હેનોને માટે શું કર્યું છે? એ આપણે એ પરિષદોના કાર્યકર્તાઓને પૂછવાનું રહે છે. દરમ્યાન સમાજ ભણી જોતાં વિધવા બ્હેનને માટે તો 'એ ભગવાન એના એ' જ રહ્યા છે. કોઇક હાથ પકડીને ઉદ્ધારે કે 'ગરૂડે ચડીને ભગવાન મદદે પધારે' એમ કદિ બનવાનું નથી. ખાડામાંથી નીકળવું હશે તો નિકળવાનો નિર્ધાર કરીને બ્હાર આવવા સારૂ પગ ઉંચકવોજ પડશે.

આ કાવ્યના રચનારને તો મરજીયાત કે ફરજીયાત રહેતી વિધવાઓ વચ્ચે ભેદ નથી લાગતો. એ તો કહે છે સમાજની આ પરિસ્થિતિ છે. સમાજમાં બ્હેન! ત્હારી અવગણના થાય છે. તો એવું જીવન ત્હારે શા સારૂં જીવવું જોઇએ? ખાડામાંથી નીકળવાનો નિર્ધાર, એક આગે કદમ્ અને પછી જોઇતી સ્હાય મળી જશે.

તંત્રી.

રે! વૈધવ્યતાને આરે!
ત્હારે શાને! જીવન એવાં જીવવાં!
કપરાં હૃદયો કરવાં!
દોજખના દુઃખ સ્હેવાં!
રે! વૈધવ્ય વસમી વાટે--
ત્હારે શાને! જીવન એવાં જીવવાં!

સંસાર પગથારે ઉભી!
એકલ અટુલી દુઃખી!
રે! વૈધવ્ય વસમી વાટે—
ત્હારે શાને! જીવન એવાં જીવવાં!

સમાજ કાળરૂપ ધારી!
આવી સમીપ ત્હારી!
રે! વૈધવ્ય વસમી વાટે—
ત્હારે શાને! જીવન એવાં જીવવાં!

સ્નેહિ સ્વજન સતાવે!
બંધન મહીં જકડાવ!
રે! વૈધવ્ય વસમી વાટે—
ત્હારે શાને! જીવન એવાં જીવવાં!

શુભકો' પ્રસંગ લ્હાણે!
અપશુકન તું ગણાયે!
રે! વૈધવ્ય વસમી વાટે!
ત્હારે શાને! જીવન એવાં જીવવાં!

કો' કામની પ્રથા ઓ!
નામોશીની કથા ઓ!
ગુણગાન ત્હારાં ગાએ!
રે! વૈધવ્ય વસમી વાટે—
ત્હારે શાને!
જીવન એવાં જીવવાં!

મંજુલકુમાર.

# હંસાનો વિવાહ

## ( એક પ્રસંગ કથા. )

લેખક:—સુધાકર.

( ૧ )

"બ્હેન ! તમારા જેવા ભણેલા અને સંસ્કારી પુત્રી પાસેથી પિતાજીએ આવા જવાબની આશા રાખી હોય એમ તમે માની શકો છો ?"

"હા, જરૂર. ભાભી ! સુશિક્ષિત અને સંસ્કારી ગણાતાં બહારની દુનિયામાં સુધારકમાં ખપતાં માતા પિતા પુત્રીઓને જે રીતે ઉછેરે છે, ભણાવે છે, અને ઉચ્ચ સંસ્કારો આપવાનો પ્રયત્ન કરી તેમનાં જીવન ઘડે છે. એ દ્રષ્ટિએ મ્હારો જવાબ તદ્દન વ્યાજબી છે એમ હું માનું છું."

જૈનપુરી ગણાતા એક શહેરમાં નવિન બાંધેલા એક વિશાળ મકાનના એક ઓરડામાં લગભગ સરખી ઉમ્મરની બે સ્ત્રીઓ વચ્ચે ઉપર પ્રમાણે વાત ચાલી રહી છે. એકનું નામ હંસા છે, બીજીનું પ્રમીલા, હંસા નણંદ છે, પ્રમીલા તેની ભાભી છે.

"હંસા બ્હેન ! ત્હમારી માન્યતાએ આ સંસાર નથી ચાલતો. જીવનમાં ઘણીય વખત વ્યવહારિક બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે" પ્રમીલા હંસાને ઉદ્દેશી બોલી—"પિતાજીની ઇચ્છા જો તમને આમ અંધારા કુવામાં ધકેલવાની જ હોત તો આટલી મોટી વય થતાં સુધી તમને કુમારિકા રાખીને ભણાવતજ શા માટે ? અને—"

"હું પણ એજ કહું છું ને !" એમ કહી હંસાએ પ્રમીલાને આગળ બોલતી અટકાવી. અને પિતાજીની વર્તણુકને સ્પષ્ટ કરતાં બોલી—"પિતાજી બહુ સમજે છે પરંતુ દાદાજીએ કર્યું તેને ઉત્થાપવું એને તેઓ પિતૃદ્રોહી માને છે. જે કોઇએ નથી કર્યું તે કરવાથી લોકોમાં અપકીર્ત્તિ થશે એ 'બીક' ત્હેમને પાછી પાડે છે. અને કદાચ જ્ઞાતિઓના કલ્પિત પણ સ્થાપિત મનાતા કાયદાનું ઉલ્લંઘન કરતાં ડરતા હોય ! એટલું જ."

"અને એટલે જ તમારી ફરજ છે કે—"થયું તે થયું ? એમ માની થયેલા સંબંધને સ્વીકારી લેવો" પ્રમીલાએ હંસાને સ્હમજાવી લેવાનો પ્રયત્ન કર્યો.

"એમ" હંસાએ ભારપૂર્વક ઉચ્ચાર્યું, તેની ભ્રકુટી જરા વક્ર બની, આંખોમાં જરા રોષ દેખાયો, ઉગ્રતાથી પણ શાન્ત રીતે તેણે આગળ ચલાવ્યું—"ભાભી ! જો થયું તે થયું એમ માની થયેલો વિવાહ મારે સ્વીકારી લેવો. એ તમારી શિખામણ ભલે તમારા મનથી સોનાની હોય, મ્હારે મન એ કથીર છે. સ્હમજ્યાં ? એમ કહી હંસા જરા ટટ્ટાર થાય છે અને રોષથી ઘેરાયેલો અવાજ ગાજે છે"

"અને કહું ?—ભાભી !, કદાચ દાદાજીને નાનપણ યાદ આવ્યું હોય અને રમકડાં સાથે રમવાની ઇચ્છા થઇ હોય તો ભલે રમે ! પરંતુ નાનપણનાં સાથી જડ રમકડાં સાથે રમતાં આજે તેમની આબરૂ જતી હોય તેટલા ખાતર કે અમારે તેમના રમકડાં બનવાનું ન હોય ! વડીલોની ઇચ્છા હોય ત્યાં સુધી રમાડે, ખીલાવે, લાડ લડાવે અને રમતમાંને રમતમાં કયાંક ફેંકી આવે ત્યાં અમારે નિભાવી લેવું—ભલે પછી તે જીવતું દોજખ હોય ! કેમ એમજ ને ? ભાભી સાહેબ ! ભૂલો છો, હંસા એ માટીની ઘડેલી નથી કે જે રમકડાં બનવાની હા પાડે. બોલો, હવે ત્હમારે વધારે કહેવું છે ?"

"બ્હેન ! આમ આકરાં શા માટે થાવ છો ? હુ તો ઉપસ્થિત થયેલા પ્રસંગપર માત્ર શાન્તિથી વિચાર કરવાની સૂચના કરૂં છું" પ્રમીલાએ હંસાને શાન્ત બનાવવા પ્રયત્ન કર્યો.

"હું તો શાન્ત જ છું ભાભી ! કારણ કે મહારે શું કરવું તેનો મ્હેં નિશ્ચય કરી જ રાખ્યો છે." હંસા બોલી.

"એવા અયોગ્ય વિચારો મનમાં લાવવા તે તમારા માટે ઉચિત ગણાય ?" હંસાના નિશ્ચયમાં 'આત્મઘાત'ની ગંધ આવતાં પ્રમીલાએ ટકોર કરી.

ચકોર હંસા ભાભીની બીક પામી ગઈ, તે જરા લુખ્ખું હસી અને બોલી:—"રહેવા દયો ભાભી ! ત્હમે મ્હને નહિ સ્હમજી શકો, પ્રથમ મ્હારા ભાઇ એને પૂરો સ્હમજી લેજો એટલે મ્હને સ્હમજતાં વાર નહિ લાગે."

"વાહરે; હંસા બ્હેન ! સ્હમજવાનુ અને ન સ્હમજવાનું વળી કયાંથી શીખી લાવ્યા ? ભલે અમે નહિ સ્હમજતાં હોઈએ ત્હમે સ્હમજતાં હોવ તો ભાઇને જ અનુસરોને ?" પ્રમીલાએ લાગ જોઇ ટોણો માર્યો.

"હંસાના લુખ્ખા ચ્હેરાપર પાછી હાસ્યની આછી સુરખી પથરાઇ, તેની આંખોમાં તોફાન ઝલકયું, તે પ્રમીલાની નજીક ગઇ અને ત્હેની આંખો સ્હામે આંખો સ્થિર કરી બોલી "વકીલ સાહેબ ! હું એક વખત કહી ચુકી છું કે આપની સલાહ મ્હારા માટે નકામી છે. હવે વાત બંધ કરશો કે નહિ ?" એમ કહી ઉઠતાં ઉઠતાં પ્રમીલાની હડપચી ઝાલી સ્હેજ હલાવે છે. અને દોડી જવાનો પ્રયત્ન કરે છે.

"આવા પ્રસંગે પણ આવું તોફાન ?" એમ બોલતી પ્રમીલા હંસાને પકડી રાખે છે. અને તેને બાથમાં પકડી રાખવાનો પ્રયત્ન કરતાં બોલી—"વ્હાલી હંસા ! ત્હારા ભાઇને સ્હમજવા અને સ્હમજાવવા બહુ સ્હેલા છે, પણ ત્હારાથી તો તોબાહ !"

હંસા પ્રમીલાના મીઠા પ્રયોગને રોકતી દૂર જઇ ઉભી રહે છે ! અને હોઠપર મધુર સ્મિત સાથે ઉચ્ચરે છે—" પ્રમીલા ભાભી ! સ્નેહના જાદુ ભર્યા પ્રયોગથી સ્ત્રી પુરૂષને ભલે વશ કરી શકે ! સ્ત્રી ઉપર એ શસ્ત્ર નકામું છે" એમ કહી હંસા ઓરડાની બ્હાર જવા ચાલવા માંડે છે, પ્રમીલા દોડતી આવી તેનો હાથ પકડે છે.

"મ્હારો હાથ છોડ ! મ્હને જવાદે" એમ કહી હંસાએ ઝાટકો મારી હાથ છોડાવવા પ્રયત્ન કર્યો. પ્રમીલાથી હાથ છુટી ગયો. હંસા ઝડપથી ઓરડાની બ્હાર નીકળી ગઇ. પ્રમીલા તેની પાછળ જતાં જતાં મનમાં ગણગણે છે—"કેવી ચાલાક છોકરી !"

—ચાલુ.

# સ ❖ મા ❖ ચા ❖ ર

**વૃદ્ધવયે પરણવાના કોડ !**

ધ્રાંગધ્રા. ૫૦ વર્ષની ઉમરના, શરીરે નબળા, પુત્ર પૌત્રાદિથી ભરપૂર એક વણિક સજ્જનને પરણવાના કોડ જાગ્યા છે. તેમના આ લગ્નની ઈચ્છા સામે તેમના કુટુંબમાં ભારે દુઃખ અને રોષ પ્રગટયાં છે. લાવવા ધારેલી કન્યા અને કુટુંબના હિતાહિતનો શું વિચાર કર્યો હશે તે સમજાતું નથી. આવા મુરતીયાને પોતાની ૧૫ વર્ષની દીકરી આપીને પોટલો માથે મૂકનારો ધોળકા પાસેના એક ગામનો કોઇ વણિક જાગ્યો છે. આ સંબંધમાં ધ્રાંગધ્રાના મજકુર સજ્જનને વિનંતિ છે કે એક બાળાનો ભવ ન બગાડવા વિચાર કરે !

**મોમ્બાસામાં બાળમંદિરની સ્થાપના.**

મોમ્બાસા (આફ્રિકા) માં વસતા જૈનભાઇઓના સંગઠિત બળથી વિજયાદશમીને દિવસે વિદ્યા પ્રેમી શેઠ મીઠાલાલ રામજીના શુભહસ્તે 'બાળમંદિર'ની સ્થાપના કરવામાં આવી હતી.

**શ્રી શાન્તિલાલ શાહ એમ. ડી. ના અભ્યાસાર્થે જર્મની.**

પાટણ નિવાસી શ્રી શાન્તિલાલ ખુશાલચંદ શાહ જેઓ ટુંક સમય પહેલાં જર્મનીથી "જૈનીઝમ"નો અભ્યાસ કરી વતનમાં પાછા ફરેલા, તેઓ એમ. ડી. નો અભ્યાસ કરવા માટે તા. ૨૩-૧૦-૧૯૩૫ ના રોજ "કોન્ટેવર્ડ" સ્ટીમરમાં જર્મની વિદાય થયા છે.

**દેરાસરના પૂજારીની આપખુદી !**

કરાંચી જૈન દેરાસરનો પૂજારી જે અન્ય ધર્મી હોઇ દેરાસરમાં જોઇએ તેવી વ્યવસ્થા ન રાખતાં આપખુદી વર્તન ચલાવે છે, તેને જ્યારે કહેવામાં આવે છે ત્યારે ઉડાઉ જવાબો આપી. ચાલે તેમ ચલાવે જાય છે. એટલે મંદિરમાં આશાતના થયા કરે છે. જ્યારે લાગતા વળગતાનું ધ્યાન ખેંચતા તેઓ પણ કાન આડા હાથ ધરે છે. આ ઘટના સત્ય હોય તો કાર્યવાહકોએ યોગ્ય તપાસ કરી. બરાબર વ્યવસ્થા કરવાની જરૂર છે. કાર્યવાહકો ધ્યાન આપશે ?

**કરાંચીમાં બેન રંભાના લગ્ન.**

કરાંચી ખાતે બેન રંભા કે જેમનું અનિચ્છનીય સ્થળે લગ્ન થયેલ, તે તેમને પસંદ નહિ હોવાથી યુવક સંઘે તે અનિચ્છનીય લગ્નમાંથી બચાવી લઇ બ્હેન રંભાની ઇચ્છાનુસાર ગયા શનિવારે બોટાદ નિવાસી લલ્લુભાઈ રાયચંદ ગોપાણી સાથે શ્રી ખેમચંદ માણેકચંદ શાહના મકાને લગ્ન આનંદપૂર્વક કર્યું છે.

**અમદાવાદ-સુધારક લગ્ન.**

દશ વર્ષની બાલ્યાવસ્થામાં વિધવા થયેલ શ્રી લીલાવતીએ ગઇ તા. ૧૭ મી એ તળાજાના વતની ચુનીલાલ શેઠ સાથે પુનર્લગ્ન કર્યું છે. લીલાવતી તળાજાના જાણીતા સુધારક વણિક કુટુંબના છે. અને ચુનીલાલ શેઠ પ્રગતિમાન વિચાર ધરાવનાર યુવક છે. અને ભાવનગરમાં એક બુકસ્ટોલના માલિક છે બંને પક્ષ દશા શ્રીમાળી વણિક જ્ઞાતિના છે. અને ભાવનગર પાસેના વતની છે. આ લગ્નની સઘળી ગોઠવણો યુવકસંઘના મંત્રી વ્રજલાલ શાહે કરી હતી, આ લગ્નમાં વર-વધુ બંનેના કુટુંબી જનોએ સંપૂર્ણ સરકાર આપ્યો હતો.

**પત્તો નથી.**

વડોદરા નાગરવાડામાં રહેતા વણિક યુવાન મી. રણછોડલાલ શાહ બી-એ. થોડાક દિવસથી કયાંક ગુમ થઇ ગયા છે. તેમનો પત્તો નથી એમ કહેવાય છે.

**સટ્ટાનો ભોગ !**

મુંબઈમાં વસતા લાખાપુર-કચ્છનો રહીશ દેવજી પાસુ નામના ૪૦ વર્ષની ઉમ્મરના વીશા વણિકે કાળી ચૌદશને દિવસે લગભગ અઢી તોલા અફીણ ઘોળી ગટાગટાવી ગયો. જેથી તે આકુળ વ્યાકુળ થવા લાગ્યો. અને પોતે અફીણ લીધું છે, એવું જાહેર કર્યું. સંબંધીઓ ભેગા થયા અને મુંઝાયા. તરતજ ડૉ. પુનસી હીરજી મહીશરીને બોલાવવામાં આવ્યા. તેમણે બનતા ઉપાયો લીધા તેમાં નિષ્ફળતા જણાતાં તરતજ જે. જે. હોસ્પિટાલમાં લઇ જવામાં આવ્યા. જ્યાં તરતજ મૃત્યુ નીપજ્યું હતું. આ આપઘાતની પાછળ અનેક અફવાઓ સાથે સમાજના કોઇ શ્રીમંતનો પણ સંબંધ હોવાનું બોલાઈ રહ્યું છે. મરનારની પાછળ બે સ્ત્રીઓ તથા વૃધ્ધ માતા છે.

**મીશ્રીલાલજીએ આદરેલ અનશન.**

ગીરગામ ઉપર આવેલ ગોકળદાસ દેવીદાસના માળામાં ચાતુર્માસ રહેલ સ્થા. મુ. મીશ્રીલાલજીએ સાધુ સમાજની ઐક્યતા ખાતર તા. ૨૦-૧૦-૩૫ ના રોજથી અનશનવ્રત શરૂ કર્યું છે. અગાઉ પણ જોધપુરમાં અનશનવ્રત કર્યું હતું. પણ જૈન સમાજના આગેવાનોના વચન ઉપર વિશ્વાસ લાવી પારણું કર્યું હતું. પણ કમનસીબે આગેવાનો નિષ્ફળ નિવડવાથી ફરીવાર અનશનવ્રત શરૂ કર્યું છે. ઉપવાસમાં ગરમ પાણી સિવાય કાંઇ પણ લેવામાં આવતું નથી. તેઓ આખો દિવસ મૌનપણે ધર્મ-ધ્યાનમાં લીન રહે છે. તેમની તબીયત સારી છે.

**અમદાવાદ જૈન યુવકસંઘની જનરલ સભા.**

તા. ૨૯-૧૦-૩૫ ના રોજ અમદાવાદ જૈન યુવકસંઘની જનરલ-સભામાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

'આ જનરલ સભા ઠરાવ કરે છે કે અમદાવાદ ખાતે વહેલામાં વહેલી તકે જૈન યુવક પરિષદ્ બોલાવવી. તે માટે નીચેના ત્રણ કામ ચલાઉ મંત્રીઓની નિમણુંક કરવામાં આવી. જૈન યુવક પરિષદ્ જાનેવારી માસમાં ભરાવા સંભવ છે. શ્રી મુળચંદ આશારામ વૈરાટી શ્રી બુધાભાઇ છોટાલાલ ઝવેરી. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.


## જોઈએ છે.

ખાનદાન અને સુશિક્ષિત જૈન કન્યા માટે એક સુશિલ સંસ્કારી, અને સ્વાશ્રયી લગ્નનો ઉમેદવાર. ઉમર વર્ષ ૨૫ થી ૩૦ ની અંદર. લખો ફોટોગ્રાફ સાથે આ પત્રમાં બૉકસ નં. ૧૧.



આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

સમાજના અભ્યુદય ખાતર. Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૩ મો.
શુક્રવાર તા. ૧૫-૧૧-૩૫

## તારુણ્યતાના પથીકને-

વસંતના એ વ્હાણે
ઉભો હતો હું જ્યારે
ઉગતા રવિ ઉષામાં
ઓ! તારુણ્યવય પ્રવાસી!
જીવન દીઠું નિરસ મ્હેં ત્હારૂં-
મુખ શ્યામ છાય ત્હારી
સુરખી વિહોણી ભાળી
કરમાઇ કો' કળી હો!
ઓ! તારુણ્યવય પ્રવાસી!
જીવન હશે તુજ હાવાં!

મંદિર હ્રદયનાં સૂનાં
ઘેર્યાં તિમિર જુગના
ચિંતા વિષાદ મુંઝવે-
ઓ! તારુણ્યવય પ્રવાસી!
જીવન હશે તુજ હાવાં!

વિપદા દિગંત ડોલે
કંગાલીઅત ઉર કોરે
સ્હેવું સદાય જીરવવું
ઓ! તારુણ્યવય પ્રવાસી!
જીવન હશે તુજ હાવાં!

વ્યવહાર કેરી ફરજો
લખી એ લલાટ શરતો
આદર્શ ત્હારા રૂંધે
ઓ! તારુણ્યવય પ્રવાસી!
જીવન હશે તુજ હાવાં!

સ્વાશ્રયી થવું ય ત્હારે
મનોરથ મહીંય મ્હાલે
ભેંકાર રીપૂ ઘૂમે
ઓ! તારુણ્યવય પ્રવાસી!
જીવન હશે તુજ હાવાં!

આદર્શ પંથ ત્હારા
પ્રણયી રસિક ન્યારા
કંટક રૂઢીના ખુંચે
ઓ! તારુણ્યના પ્રવાસી!
જીવન હશે તુજ હાવાં!

આ જગ ઘમંડ લોભે
દાંભિકતા પ્રસારી
ઓળંગવા એ બાકી
ઓ! તારુણ્યના પ્રવાસી!
જીવન હશે તુજ હાવાં!

પૂર્વગામીના એ ચીલા
કો' બુધ્ધિ અગમ્ય લીલા
વસમો એ રાહ ત્હારે
ઓ! તારુણ્યના પ્રવાસી!
જીવન હશે તુજ હાવાં!

નવયુગ ક્રાન્તિ નાદે
આગે કદમ જગ ધાયે
પુંઠે છતાંય પડવું
આખડતા આગળ ધપવું
ઓ! તારુણ્યના પ્રવાસી!
જીવન શાને એવું જીવવું?

"મંજુલકુમાર"

# ત • રુ • ણ • જૈ • ન

—: તા. ૧૫–૧૧–૩૫ :—


## સમાજના અભ્યુદય ખાતર.

આપણે દરેક સમજીએ છીએ અને કબુલ કરીએ છીએ કે–જૈનધર્મ જાતિભેદ કે જ્ઞાતિભેદ જેવાં સંકુચિત અનિષ્ઠોને માનતો નથી. જેઓને શંકા થાય તેઓ પ્રભુ મહાવીરનું ચરિત્ર વાંચે, તેમનાં શ્રાવકો અને શ્રાવિકાઓના ચરિત્રો વાંચે, એટલે એને ખાત્રી થશે કે કોઈ પણ મનુષ્ય જૈનધર્મ પાળી શકે છે, ને તેની સાથે સ્વામિભાઇ તરીકેનો તમામ વહેવાર રાખી શકાય છે. એટલે સ્વધર્મી પ્રત્યે કોઈ પણ જાતના ભેદભાવ વગર તમામ વહેવાર સમાનતાના ધોરણે ચલાવવાનો આદેશ છે–હુકમ છે, એટલે તો આપણા પૂર્વાચાર્યોએ પુસ્તકોમાં દાખલા દલીલોથી સ્પષ્ટ સમજાવેલું છે. તેમ આપણી ભૂતકાળની રહેણી કરણી પણ તેજ પ્રમાણે હતી. પરંતુ જ્યારથી જૈનજગતમાં સમાજ શરીરને ફોલી ખાનાર જ્ઞાતિ, ધોળો અને તડોના ભેદનું અનિષ્ટ તત્વ દાખલ થયું ત્યારથી સમાજશરીર ઘસાતું જ રહ્યું છે.

મુસ્લીમ રાજ્યોના પગપેસારાથી તેમ અન્યની દેખાદેખીથી ભવિષ્યનો કે સિધ્ધાંતનો વિચાર કર્યા સિવાય કન્યા લેવડના અંગે જ જ્ઞાતિ અને ધોળોની ઉત્પત્તિ થઇ હોય તેમ લાગે છે; અને તે ઉત્પત્તિએ આખી સમાજના ભાગલા પાડયા ત્યારથી ઉચ્ચનીચના ભેદનો જન્મ થયો. છતાં આ જ્ઞાતિઓથી દિવસે દિવસે એટલી હદ સુધી સંકુચિત સ્થિતિ ઉત્પન્ન થઇ કે ઓસવાળ ઓસવાળને, પોરવાડ પોરવાડને, શ્રીમાળી શ્રીમાળી સાથે પણ કન્યા લેવડ–દેવડ કરી શકે નહિ. આવી રીતે તદ્દન સંકુચિત વાડાઓમાં વહેંચાઇ જવાથી બંધુભાવના સ્થળે ભેદભાવની નીતિ દાખલ થવાથી સમાજની પડતીનાં કડવાં ફળો સમાજને ચાખવાં પડયાં.

ભૂતકાળમાં જૈનધર્મના લાખ્ખો ને કરોડો અનુયાયીઓની ભારતમાં ઠેર ઠેર વસ્તી હતી, તેની ઇતિહાસ સાક્ષી પૂરે છે: તે સમાજ આવા સંકુચિત વાડામાં ગુંધાવવાથી તેના હજારો ને લાખો સાધર્મિ બંધુઓ અન્યધર્મમાં ભળી ગયાં. આવી ભયાનક સ્થિતિ હોવા છતાં આપણી સમાજના મોવડીઓને સમાજની કશીયે દરકાર પડી નથી, તેમને તો તેમની શેઠાઇ ને પટેલાઇની પડી છે! ત્યારે સાધુઓને ચેલા–ચેલકી ને માન–અકરામની પડી છે. એટલે યુવાનોએ જ એ સુધારણા કરવી રહી.

આ સંકુચિત વાડાઓએ ભયંકરમાં ભયંકર એ સ્થિતિ પણ ઉભી કરી છે કે–જૈનો જૈન તરીકે ઓળખાવવાં કરતાં જ્ઞાતિથી ઓળખાવવામાં પણ શ્રેષ્ઠતા માને છે.

જ્ઞાતિઓનાં અનિષ્ઠ તત્ત્વોથી જૈન સમાજ દિવસે દિવસે ઘટતી જાય છે, સ્વધર્મીબંધુ પ્રતીના સર્વવ્યાપી પ્રેમને તિલાંજલી અપાઈ છે. અને જાતિસ્વતંત્રતા ઉપર ત્રાપ મારી છે, એને અનેકના ગૃહસંસારોને આગ લગાડી છે, એને બાળલગ્નને બહાલી આપી છે, વૃધ્ધ વિવાહને ઉત્તેજન આપ્યું છે, કન્યાવિક્રય અને વરવિક્રયને નભાવ્યા છે, વિધવાઓની સંખ્યામાં થતા વધારા અંગે ઉદાસીનતા સેવી છે. એક ઉપર બીજી કરનારાઓની પીઠ થાબડી છે. કેળવણીને બદલે અજ્ઞાનતાનાં થર જમાવવાનાં કિલ્લા બાંધ્યાં છે. સ્ત્રીજાતિની અધોગતિ કરવામાં, એને દબાએલી રાખવામાં એની નીતિ જણાઇ છે. પોતાના વર્તુલ બહારથી કન્યા લાવનાર કે દેનારને ભીંસી નાખવામાં આવ્યા છે. એને આપણા સર્વવ્યાપી વિકાશનો અનુરોધ કર્યો છે. એને મિથ્યાભિમાન ઉપજાવી સ્વધર્મીબંધુઓ પ્રત્યે ઇર્ષ્યા; દ્વેષ ને વેર–ઝેરના ઝેરી વૃક્ષોને પોષ્યાં છે, વ્યકિત સ્વાતંત્ર્યની અવગણના કરી છે.

આ અનિષ્ટ તત્ત્વોથી આપણે કહીએ છીએ કે આપણી કોમના અભ્યુદયને અર્થે આ જ્ઞાતિઓ; ધોળો; તડો ને વાડાઓને જેમ બને તેમ જલદી દૂર કરવાં જ જોઇએ. અને આખો સમાજ વિશાળ સાગર રૂપે વ્યવસ્થિત થવો જોઇએ. આ શુભ પ્રવૃત્તિ સામે પટેલો પટેલાઇ ખાતર, શેઠો શેઠાઇ ખાતર કકળાટ કરશે. વખતે તાગા કરવાનીયે તૈયારીઓ કરે છતાં સમાજના યુવાનોએ સામાજના અભ્યુદય માટે કશીએ દરકાર રાખ્યા સિવાય આ અનિષ્ટ તત્ત્વોને નાબુદ કરવા નિડર બની આ સડેલા તંત્રોમાંથી છુટે જ આરો છે.

હાલના જ્ઞાતિબંધારણે સમાજ શરીરને કેટલું જર્જરીત બનાવ્યું છે તે લગારે અજાણ્યું નથી–જગજાહેર છે, એ જર્જરીત શરીરને સશકત બનાવવા પ્રગતિના સ્વપ્નાં સેવતાં યુવકોએ જ્ઞાતિ–તડો અને ધોળોને છેલ્લી સલામ કરી યુગને બંધબેસતા બંધારણવાળા "મહાવીર જૈન સમાજ"માં જોડાઇને–તેના છત્ર નીચે સમાજને એકત્ર કરવાથી રાક્ષસી રૂઢીઓના કિલ્લાઓને પોષતી જ્ઞાતિઓને જૈનજગતમાંથી ભૂંસી શકાશે; ત્યારેજ એ જ્ઞાતિઓના ત્રાસમાંથી જૈન સમાજ મૂકત થઇ આઝાદ બનશે, અને જૈનસમાજમાં કેળવણીના વૃક્ષો રોપાશે કુરૂઢીઓના દફન થશે. એકહથ્થુ સત્તાનો નાશ થશે, પાઇએ પાઈ જૈનસમાજ હિતાર્થે ખરચાશે ત્યારે સમાજમાં સ્વર્ગીય વાતાવરણ; ઉલ્લાસ અને આનંદના દર્શન થશે.

# યુવાનોનો રાહ

કેટલાંક એવાં હોય છે જેઓ આજના જુવાન ઉત્સાહી કાર્યકર્ત્તાઓને સફેદ ઠગ માને છે, અને જ્યારે જ્યારે તેમને કંઇક પ્રસંગ મળી આવે ત્યારે તેમની કે તેમના સાથીઓની નજીવી ભૂલોને મોટી કરી બતાવે અને પોતે પોતાની મહત્તા વધારવા માટે ધર્મ, અધ્યાત્મશાસ્ત્ર અને આત્માની વાતોને ઉખેળે છે અને કેટલાંક જિજ્ઞાસુ ઉગતા ફુલને કરમાવી નાખે છે.

મારે કહેવું જોઈએ કે આવી દલીલ કરનારાઓના વર્ગમાં શ્રીમંતનો વર્ગ મોટો છે. તેઓને પોતાના હિતોને સાચવવાને પણ ઘણી વેળા આવી દલીલો કરવાની હોય છે.

કોઇ માણુસ દેશ કાળ અનુસાર કંઇ સમાજોપયોગી પ્રવૃત્તિને મદદ કરે ત્યારે તેના સામે એક એવી દલીલ હોય છે કે—બાપદાદાના સમયમાં આ કશું નહોતું અને અત્યારે તમો બધું કરો તેનું કશું ફળ નથી. જુઓ આટઆટલી સંસ્થાઓ જન્મી અને આટઆટલા માણુસોએ ભોગ આપ્યા. પરિણામ ક્યાં?

આજના યુવાનોએ આ બધી દલીલોનો જવાબ કર્ત્તવ્યથી વાળવાનો છે.

આવા આત્માર્થી (!) ઓને ખબર નથી કે પરિણામ ને આશા વિનાજ અવિરતપણે કામ કરનારાઓ કાર્ય કર્યે જ જવાના છે, જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી સારાસારનો વિવેક, તુલના અને સ્વતંત્ર પ્રવૃત્તિઓ રહેલી જ છે, પ્રવૃત્તિ એ કેવળ પ્રવૃત્તિ હોય તો જરૂર હાનિ કરે. પણ અત્યારે તરુણ સમાજ જે કંઇ કરી રહેલ છે તેની પાછળ એક મહાન્ શક્તિ કામ કરી રહેલ છે, અલબત, તેઓ ભૂલ કરશે અને સચેત રહ્યા છતાં તે ભૂલ થઇ જાય, તો ભૂલ કરવાનો તેને પૂરતો અધિકાર છે, ભૂલ વિના ભૂલ સુધરતી પણ નથી, સોનું ટીપાઈ–ટીપાઇને તૈયાર થાય છે તેમજ આપણે એ બધી ભઠ્ઠીઓમાંથી પસાર થવાનું છે.

જે સમાજનું કાર્ય કરે છે અને સારા સમાજને કુટુંબ માને છે, તેણે પોતાની બધી વિચારણાઓ સમાજ સમક્ષ સ્પષ્ટ કરવી જોઇએ.

ભલે તમે સમાજ હૈતેષિઓ પ્રત્યે શંકા બતાવો, "અમે કીર્ત્તિ માટે કરીએ છીએ, અમે અર્ધસત્તા માટે આવલાં મારીએ છીએ," એવા અનેક તમારા મહેણાં અમને અસર શું કરવાના છે?

આત્માની વાતો કરવી રહેલી છે પણ એનું સંશોધન કરવા ઉગ્ર તપશ્ચર્યા કરવાની રહેશે, આત્માની વાતોથી આત્મા નથી ઓળખાતો, આત્માને ઓળખવા માટે દેહ રૂપી સાધનનો સાચો ઉપયોગ કરવો ઘટે.

જૈન સમાજ આજે છિન્ન–ભિન્ન અને વેરણુ–છેરણુ કાં દેખાય છે? એક નવકારમંત્ર વડે ફાંસીની દોરીઓ તૂટતી અને આજે રોજ નિર્દોષો ફાંસીએ કાં લટકે છે? એક લોગસ્સથી ભયંકર રોગચાળા દૂર થતાં, અને આજે રોગોના તો ઝાડ ઉગ્યા છે, એક શાંતિસ્નાત્રથી યુદ્ધો અટકતા, આજે રોજ નવા યુદ્ધો મંડાય છે, એના એ વીરપુત્રો; એના એ મંત્રો લોગસ્સ અને પ્રતિક્રમણ કરી રહેલ છે. છતાં તેથી કશી અસર સમાજ કે ધર્મ પ્રત્યે કાં નથી દેખાતી?

આજ અમારા મંત્રોચ્ચાર કરનારા, મંદિર અને ઉપાશ્રયમાં બેઠાં બેઠાં સટ્ટા ખેલે છે, સુંદરીઓના શણગાર નિહાળે છે, પોતાથી જરા જેટલા ન્હાના ને આર્થિક સ્થિતિએ નબળાને તુચ્છ માનીને નિંદે છે, આથી અમારા મંત્રો અને દેવોનું દેવાતન અમે જ ભરખી લીધું છે, રેશમના કીડાની માફક અમે જ અમોને કોતરી ખાઇએ છીએ. અને પછી લુલા બચાવ કરી સાચા કામ કરનારને સહાય કરવાને બદલે તેના કાંડા કાપીએ છીએ.

જુવાનોને માટે એકજ રાહ છે કે તેઓએ સંકુચિતતા છોડી દઇ સમગ્ર જૈન સમાજનું એક વિશાળ રાષ્ટ્ર અંગ ઘડવા તત્પર થવું જોઇએ. અસ્તુ. **લાલચંદ જયચંદ વોરા.**

---

**"હંસાનો વિવાહ"** અનુસંધાન પૃષ્ઠ ૬ થી ચાલુ

જાણવાનો વિચાર નક્કી કર્યો. પ્રસંગ જોઇ તેઓ હંસાના અભ્યાસ ગૃહમાં ગયા. ગુંચવાયેલા મને અને દબાએલા દીલે તેમણે વૃદ્ધ પિતાએ કરેલું સાહસ અફસોસ અને દુઃખ સાથે કહી સંભળાવ્યું. હંસાને મૌન રહેવું ઉચિત લાગ્યું. પિતાએ બોલવું ચાલ્યું રાખ્યું. અને વાતનું છેવટ હંસાના મૌન ઉપરથી **"मौनं सम्मतिलक्षणम्"** એ ન્યાયે લાવવાનો વકીલસાહેબે પ્રયત્ન કર્યો. હંસા ચેતી ગઇ. એણે છેલ્લે શરમને ઉંચી મૂકી બોલી ઉઠી—

"જ્યાં પરણાવી નાખવાની ઉતાવળ હોય અને પરણાવી મારવાની જ વૃત્તિ હોય ત્યાં તો આ બધું ઠીક હશે, પરંતુ આપ જેવાં પિતાનાં સંતાનોની આ સ્થિતિ ન હોવી ઘટે! મ્હારો એક જ જવાબ છે. ગમે તે બન્યું હોય, તમારો અને દાદાજીનો ગમે તે વિચાર હોય પરંતુ એટલું હૃદયમાં લખી રાખજો કે હંસા મનુષ્ય છે. તેને હૃદય છે. તેને હૃદયમાં ભાવના છે. લાગણી છે. કુદરતી બુદ્ધિ છે. અને કેળવણીએ સારાસારનો વિચાર કરવાની શક્તિ આપી છે. હું મ્હારો માર્ગ નક્કી કરી લઇશ. મને રમકડું બનાવવાનો પ્રયત્ન ન કરશો. કરશો તો પસ્તાશો."

વિનોદચંદ્રે વાત બંધ કરી થોડીવાર બેસી ગમગીન ચ્હેરે ઉઠીને ચાલ્યા ગયા.

વિનોદચંદ્ર બેચેન બની ગયા. ઘરમાં કે હાઇકોર્ટમાં જ્યાં જાય ત્યાં ત્હેમને ચેન ન હતું. અંતે પ્રમીલા મારફતે કામ ઉકેલવાનો રસ્તો શોધાયો. પ્રમીલા પ્રવૃત્ત બની અને પ્રમીલાને મળેલી નિષ્ફળતા આપણે જોઇ.

તેજ સાંજે વિનોદચંદ્ર ઘેર આવ્યા અને વકીલ તરીકે ઉપસ્થિત થયેલા પ્રસંગની મનમાં ને મનમાં બારીક ઉલટપાલટ તપાસ લીધા પછી તેમનું ન્યાયપ્રિય હૃદય જે બોલી ઉઠ્યું તે શબ્દો આ પ્રકરણના મથાળે ટાંક્યા છે. —ચાલુ.

# સમય પલટાય છે જ્યારે !

અગીયારમી દીવાળી પૂરી થઇ એટલે માતા મરી ગઇ.
તેરમી દીવાળીએ હું તદ્દન નિરાધાર થયો.
એ દિવસની બિમારીમાં બાપુ પણ ગયા.
હું ને મગન રમતા હતા.
રમતા રમતા સાધુ જડયાં
સાધુએ મ્ને દીક્ષા દીધી.
દીક્ષા મ્હેં લીધી......ત્યારે—
સૌએ કહ્યું કે આત્મકલ્યાણનો એજ સાચો માર્ગ છે.
એજ રસ્તે મોક્ષનાં દ્વાર ખખડાવ.
સત્યની બેધારી તરવાર પર તું ચાલ ને અમને ચલાવ.
અમ્હારા અંધારીયા કુવાનો તું મસાલચી બન.
મસાલમાં તેલ ખૂટે તું મસાલ બની જા
ને જળી જા.
સૌને માટે પ્રકાશના કિરણો વેરતો જા.
"પ્રેમ" એ તો મિથ્યા શબ્દ આડંબર છે.
આંખે દેખાતો નથી.
દેખાય, તોય મૃગજળ કરતા અધિક સુંદર નથી.
માતા, પત્નિ, પિતાને પુત્ર
મિત્રો, સગાં, લેણદારો ને દેવાદારો.
એ સઘળાં રંગભૂમિનાં પાત્રો છે.
ગાદીપર બેઠેલો તાજવાળો રાજા.
જનાનખાનાની ઓઝલવાળી સ્વરૂપ રાણીઓ
દાઢી મૂંછે શૂરવીર દેખાતો સિપાઇ
ને કાળાં વસ્ત્રધારી ન્યાયમંદિરનો અંધ પૂજારી
વાણીયો, બ્રાહ્મણ, શૂદ્ર ને ક્ષત્રિય
સૌ પડદા પાછળ કાંઇક જુદા જ છે.
નાટકના આદ્યમાં છે, તેનું તેજ તત્ત્વ અંતમાં નથી.
આ બધીય બોધગીતાઓ
મ્હેં માની, સત્કારી ને સ્વીકારી
કરાવ્યું મુંડન, ને બાંધ્યો પાટો મ્હારાં મુખદ્વાર પર
જાણે આંખ અને નાક નીચે લટકંતુ "તોરણ"

( ૨ )

સૌ જરૂરીઆતો એમને એમ પૂરી પડવા લાગી
સૌ જાણતું કે અમારો વેશ જ ભક્તિ રૂપ છે.
મ્હારી પાયરી પ્રતિદિન ચડવા લાગી
લશ્કરમાં ભરતી થતાં
સિપાઇ, જમાદાર, લેફ્ટેનન્ટ, કર્નલ ને મેજર થવાય
એમ હું પણ જાણે-અજાણે કંઇક કંઇક થતો ગયો.

કેટલાંય જતરડાઓમાંથી પસાર થતાં હું ગુરૂ બન્યો
ભાવિકોએ મ્હને સદ્ગુરૂ કહ્યો ને હું ખરેખર બન્યો
અમદાવાદના અંબાલાલ શેઠ,
ને ગુજરાતના ભડવીર સંઘપતિ ભગુભાઇ
સિંધના સર મુખત્યારો, કુમાર ચિમનલાલ
ને કરસનદાસ માણેક
સૌ મ્હારી પાસે શેઠાઇ ભૂલી જતાં
પંડે નમતાં, ને આંગળીએ વળગાડેલાં બાળકોને નમાડતાં
હું ક્યારેક હસતો, પણ મ્હારૂં હાસ્ય કોઇથી કળાતું નહિં
મ્હારૂં પરણવું, રંડાવું ને ફરી મંડાવું સૌ કિલ્લામાં જ પસાર થતું
આટલે સુધી તો જેમ તેમ મંજલ કાપી નાંખી:
ત્રીશ પૂરાં કરી એકત્રીશમાં પગલાં પાડ્યાં
મોટાઓ ખોટા થયાને ઉપાશ્રયે સૌ પ્યારી આવી
સાથે ખૂશબો પ્રસરાવતી બ્હેન બજરને લાવી
દાંત ખોતરણી, કાન ખોતરણી ને પેટ ખોતરણી
ફ્રુટસોલ્ટની બાટલીઓને પડીકીઓ પણ આવી
આ સઘળું ઓછું હોય
તેમ રાજા જ્યોર્જની છાપવાળી ટિકિટો-કવરો,
પત્તાં,ય અનેક રંગી કાગળીયાનાં દર્શન થવાં લાગ્યાં
એ સૌની વચ્ચે રાણી સમાન શોભિતી
સ્વતંત્ર કલમ પણ વગર રૂકાવટે આત્ર જા કરવા લાગી.
એક દિવસ અમે એને રાખી લીધી, એ પણ રહી ગઇ
પંચભર્ત્તાવાળી સ્યામળી સુંદરી સમી એ
કાગળનાં મેદાન ઉપર ઘણીયે વખત હાસ્ય વેરતી
હું એ હાસ્યને ફરી ફરી જોતો ને તપાસતો બારીકાઇથી
બધા નિરીક્ષકો કહેતા
ધન્ય !!! કેટલું બધું સુંદર !!! ખરૂં સ્વામી !!!
આવી વસ્તુસ્થિતિને તેનો કેફ આટલેથી જ અટકતો નહિ
એનો પ્રચંડ વેગ છાપાખાને પહોંચતો
ને ત્યાંથી મ્હારૂં હાસ્ય જનતા સમક્ષ
નાયગરાના ધોધની ઝડપે વરસતું ને ફેલાતું
ધોધનાં પાણીમાં ન્હાવાની કે તરવાની કોઇમાં તાકાત ન્હોતી.
એ કપરૂં સત્ય મ્હેં મોડું જાણ્યું
કારણ કે ન્હારી દૂરબીન જ ઉંધી હતી.
માપવાનાં કાટલાં ખોટાં હતાં
જ્વરયંત્ર મૂકવામાં જ ભૂલ હતી
પારો ક્યાંથી ચડે ?

(૩)

નોબત ગડગડીને હું જાગ્યો
રણશીંગા વાગ્યાંને હું દોડયો.
જનતા એક જીભે ગાતી.
કુમળાં બાળકિશોર બુઝર્ગો સૌ તુજ કાજે ધાયે
નર નારી નિર્ધન ધનવંતા એ સૌ ભેદ ભૂલાયા
ઝંડા શાહિદ રહેજે હો, રૂધિરના બિન્દુ બિન્દુ તણો
રસ્તે ને શેરીએ માનવસમૂહ ઉભરાતો હતો
ન્હાનાંઓ ને મોટાંઓ ગાતાં ને કુદતાં હતાં
વૃધ્ધા લાકડીના ટેકે જુવાનોનાં જુથ નિહાળી
સંતોષની ચિચિયારીઓ પાડી નવો ઉત્સાહ રેડતા હતા
મ્હને ન સાંભળ્યો " પાટો " ને ન સાંભળ્યો "ગોચ્છો"
સૌની ધૂનમાં મ્હેં મ્હારી ધૂન ભેળવાઇ જતી જોઇ
વાડાની સાંકળને બંધનોની બેડીઓ મ્હેં ફેંકી દીધી
પરદેશી વસ્ત્રો ત્યાગ્યાં, ને મોક્ષ માગ્યો
સત્તાધિશોએ દ્વાર ખોલ્યાં, ને હું પેઠો
આને બ્હારની દૂનીયા કારાગ્રહ કહેતી
પરન્તુ મેં તો અહિંજ સાચું સ્વર્ગ
સાચ્ચો પ્રભુ ને પયગમ્બર
પારસનાથને મહાવીર જોયો
કે જહેને ખરેખર આખાં જગતની પડી હતી
જે માનતો, માનેલું આચરતો, ને બોધતો
"માથાં કાપી જગ ઓશીકે અમે મૂકી દેનાર"
"ખૂંચે છે કહી ફેંકી દયો તો, તેની ન કંઇ દરકાર"
અમે સૌ દુનિયાના દોસ્તાર
બ્હાર આવ્યોને સ્હમજાયું
જૂની આરાધનાઓ, ને વંદનાઓ દઝાઇ સૂકાઇ ગયાં હતાં
મંદિરો ખાલી હતાં, ઉપ–આશ્રયે માત્ર સાધુઓ જ રાચતા
કહેતા કે "ધર્મ કરો" સાંભળતાં સૌ
કરવા કોઇ તત્પર ન્હોતું—
શ્રાવકો, ને પંચવ્રતધારી શ્રાવિકાઓ તપ કરતાં
પુરૂષો કરતાં સ્ત્રીઓ આગળ પડતી
નિજપતિની જગ્યા સાચવવા પ્રથમ પંડે જ સ્વર્ગે જતી
પતિદેવ પણ વ્હેલા સ્વર્ગે આવે એવા માર્ગો કરી જતી
જગત એને ભાગ્યવતિઓ તપસ્વિનીઓ કહેતું
સીતા, તારાને દમયંતીની ગણનામાં મૂકતું
સગર્ભા સીતાને હાંકી કાઢનાર
અભાગણી તારાને વેચી નાખનાર
સગો પતિ થઇને દમયંતીનો દુઃશાસન બનનાર
તેણીનું રહ્યું સહ્યું વસ્ત્ર ચીરી ન્હાસી જનાર—
ગુન્હેગારોનાં યશોગાન ગાતું એવું આ જગત્ !
વાંચક બિરાદર !
પ્રથમથી બાંધી રાખેલા વિચારોની જાળમાં ફસ્યા વગર
તું છાતીએ હાથ રાખી કહી દેજે
કે આ બધી ધટમાળ મ્હને મંદિરપ્રેમી કે સ્થાનકપ્રેમી રહેવા નજ દે
હું સોગનપૂર્વક કહું છું કે મ્હને મહાવીરે પંડે જ કહ્યું છેઃ–
કે " હું મંદિરમાં નથી " બ્હાર છું.
બાળકોને બ્હેનડીઓનાં હાસ્યમાં
ગરીબોનાં ઘરોમાં, વિધવાઓની આંતરડીઓમાં
ત્હું મ્હને ખોળ, હું ત્હને જરૂર મળીશ
મ્હેં દૂરબીન ફેરવી, ભગવાને ભાંખ્યું તે મેં જોયું
સાંભળ્યું, જાણ્યું ને અનુભવ્યું.
આજકાલ સરોવર તીરે રહું છું
દુઃખીઓના દુઃખો ટાળવા, નિરાધારોનાં આધાર બનવા
રાત્રિ કે દિવસનાં અજવાળાં અંધારાં મ્હને રોકતાં નથી
બટાટા, આદુ કે મરચાં ખાતાં ધર્મ મ્હને ડરાવતો નથી.
"પાતરાં" મ્હને પાતળાં લાગ્યાં, હું પાંદડાં ઉપર જ ખાઇ લઉં છું
પાણીને ગરમ કરાવી હિંસા કરાવ્યા વગર
ઠંડે જ પાણીએ તૃષા છીપાવી દઉં છું.
જૈનો, સાધુઓ, દીક્ષા દેનારાઓ, ધર્મના સ્તંભો ને ઇજારદારો.
કહે છે કે–"ગચ્છ, કોટી, સંઘાડાઓ,ને સાધુની જમાતથી તું બહાર છે"
કારણ કે હું બદલ્યો છું, ફરી જન્મ્યો છું.
ભૂતકાળમાં તહમે કહ્યું તે બધું મેં કર્યું છે.
હવે હું કહું છું તેમ તમે કેમ કરતા નથી ?
ત્હમારે સાંભળવું નથી તો પણ મ્હારે કહેવાનું છે
તે તો હું કહીશ જ
દંભ ત્યાગો–દીક્ષા ધર્મની નહિ પણ દેશની માગો
ઇચ્છા મોક્ષની નહિ પણ કારાગૃહની રાખો.

**"અમરનાથ"**

---

" માનવતા વિહોણું દર્શન " અનુસંધાન પાન ૭ નું.

નણંદના મ્હેણાં—
અને
દેરાણી જેઠાણીના વાગ્બાણની
વચ્ચે
શ્રમજીવીની દુનિયામાં વસતી
એ અટુલી ઉભી છે
પ્રિયતમ વિહોણું એનું જીવન
પશુથી પણ અધિક તુચ્છ છે.
ઓ નવયુવાન !
આ માનવતા વિહોણું દર્શન !
આ ગોઝારા સમાજનું......
એના કાળ ખપ્પરનું......
એની જુગ જુગ જુની પ્રથાઓનું—
આછું રેખા ચિત્ર છે.
એમાં ત્હારૂં.
ત્હારા જૈન સમાજનું
કોઇ સ્થળે સ્થાન છે ?
સૂક્ષ્મ અવલોકન કર
સ્હેજ દીર્ઘદષ્ટિ રાખી એની
ભીતરમાં ફર અને જો.
એના કંઇક પડછાયા
ત્હારામાં, ત્હારા સમાજમાં
અવશ્ય પથરાએલા છે !

**"મંજુલકુમાર"**

# હંસાનો વિવાહ

## ( એક પ્રસંગ કથા. )

લેખક:—સુધાકર.

( ૨ )

"હંસા ! ત્હારૂં કહેવું સત્ય છે" વિનોદચંદ્ર ઉંડા વિચારમાંથી જાગી ઉઠતાં ગણગણ્યા.

❖ ❖ ❖ ❖

વિનોદચંદ્ર શહેરમાં એક બાહોશ વકીલ ગણાતા. પ્રથમ કુટુંબની આર્થિક સ્થિતિ સારી નહિ હોવાના કારણથી તેમને ભણવામાં અવારનવાર મુસ્કેલીઓ ઉભી થએલી. પરંતુ તેમના પિતાશ્રીએ જાતે દુઃખ વેઠીને પણ પુત્રને ભણવાની હોંશ પુરી પાડી. અને વિનોદચંદ્રે વકીલનો ઝભ્ભો ચઢાવી હાઈકોર્ટના પગથીએ પગ મૂકયો. જાણે પલટો ખાધો હોય તેમ, ક્રમે ક્રમે તેઓ આગળ વધ્યા અને પૈસા કમાયા, યુવાનીમાં પોષેલાં સેવાનાં સ્વપ્નાંએ તેમને જાહેર સંસ્થાઓ દ્વારા બને તેટલી જનતાની સેવા કરવાના પંથે દોર્યા. અને કીર્ત્તિ પણ કમાયા, સંતાનોને કેળવણી આપવામાં ઉચ્ચ વિચારો અને સંસ્કારોથી પોષી તેમનાં જીવન ઘડવામાં તેમણે ખૂબ કાળજી લેવા માંડી. પરંતુ જુના વિચારના પિતાની રૂઢિચુસ્તતાને લઇને પુત્ર હજુ કોલેજમાં શારદાની ઉપાસના કરતો હતો, ત્યાં જ તેને ગૃહસ્થાશ્રમી બનાવવો પડયો. એ પ્રસંગે પુત્ર પ્રફુલ્લચંદ્રના સ્વભાવે અને વિચારોએ બહુ ઉકળાટ અને ઉત્પાત મચાવ્યો. પણ તેને ગમે તેમ સ્હમજાવ્યો, અને પ્રમીલા જેવી લાયક ગૃહિણી મળતાં શાન્ત બન્યો.

❖ ❖ ❖ ❖

એકાદ વર્ષ આ બનાવ પછી વીત્યું.

પુત્રનો મોભ્ભો અને વિચાર જાણવા છતાં તે તરફ ઉદાસીન રહેનાર વૃદ્ધને પૌત્ર કે પૌત્રીની વિચારસરણીની ઓછીજ દરકાર હતી. એટલે એમણે વળી બીજો ધડાકો કર્યો.

એક દિવસ ઉપાશ્રયેથી વ્યાખ્યાન સાંભળી ઘેર પાછાં આવતાં ઉમરા ઉપરથી જ પુત્રવધુ—કમળાને—વૃધ્ધે વધામણી આપી કે—"કમળા ! ત્હારી હંસાનો વિવાહ નવલ મહેતાના દીકરા પુરૂષોત્તમ સાથે કરવાનો વિચાર મ્હેં નક્કી કર્યો છે," મ્હેં મ્હેતાને જણાવ્યું છે અને ત્હેમણે હા પાડી છે.

વૃધ્ધની આ અણચિંતવી જાહેરાતે પુત્રવધુને આશ્ચર્યમુગ્ધ બનાવી તે કંઇપણ બોલે તે પહેલાંજ વડીલે ડહાપણ ડહોળ્યું:—"એ તો એમજ સ્હમજો કે હંસાના નસીબે પુરૂષોત્તમ રાંડયો, કૂળ સારૂં, મુરતિયો સારો, રહેવાને બંગલો, બેસવાને મોટર, ઘરમાં નોકર ચાકર, રસોઇ પણ રસોયો કરે." એમ કહી વૃધ્ધ ખડખડાટ હસ્યા; પડતાં પડતાં બચી ગયેલો એકાદ દાંત બ્હાર દેખાયો, પણ... પણ ડોસાની અનુભવી દ્રષ્ટિએ વહુના ચહેરાને નિહાળતાં, ત્યાં આનંદને બદલે વિષાદ જોયો, એટલે તરત જ ઠાવકા બની તે બોલ્યા:—"વહુ ! અકળાવ છો શું કામ ? ત્હમારી હંસાને તો ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે જેવી સાહ્યબી મળશે. એમ વિચારીને જ મ્હેં આ પગલું ભર્યું છે, ત્હમે મા છો, ત્હમારે છોકરીને બધું સ્હમજાવવાનું, એમ બોલી ડોસા પોતાના ઓરડા તરફ ચાલ્યા ગયાં. ગૃહરાણી સજ્જડ બની જોઈ રહી. તેના પગ જમીન સાથે જડાઇ ગયા હોય તેમ ઘડીભર તે સ્થિર ઉભી રહી. થોડીવારે ગુંચવાએલા મનમાંથી પ્રશ્ન ઉદ્દભવ્યો—"હવે શું ?"

સાંજ પડી, વિનોદચંદ્ર હાઈકોર્ટમાંથી ઘેર આવ્યા અને ગૃહરાણીએ ડોસાનું પરાક્રમ કહી સંભળાવ્યું, વિનોદચંદ્ર ખૂબ અકળાયા. હમેશનો સ્વભાવ છોડી ઉશ્કેરાયા. તરતજ પિતાની પાસે દોડયા. અને પોતાને મળેલી હકીકત સંબંધી પુછપરછ કરી. ડોસાએ જાણે વ્યવહારનું એક મ્હોટું કામ ઉકેલી નાખ્યું હોય તેમ પોતાના પરાક્રમની કથા પુત્રને કહી સંભળાવી. બાપ દીકરા વચ્ચે પ્રથમ શાન્તિથી પછી ઉગ્રતાથી ખુબ બોલાચાલી થઇ. સમય પારખુ વૃધ્ધે છેવટના શબ્દો ઉચ્ચાર્યા:—"જો ભાઈ ! અમે ઘરડા થયા, બાળ સફેદ થયા એટલે ત્હારા અને ત્હારાં છોકરાંઓના મનથી ભલે 'ગધેડા થયા' એમ ગણાતા હોઇએ, પણ અમે જીવીશું ત્યાં સુધી તો નાતજાતના વ્યવહાર અને છોકરાંઓને કયાં પરણાવવાં વિગેરેનો વિચાર તો અમે કરવાના જ, મ્હેં કર્યું છે, ત્હારે ઉત્થાપવું હોય તો ઉત્થાપજે ! ન્યાતમાં ઝઘડો ઘાલજે ! અને ન્યાતમાં બંધન તોડીને અને વૃધ્ધોની આંતરડી કકળાવીને કોઇ સુખી થયું નથી સ્હમજ્યો ! હવે ત્હારે ફાવે ત્હેમ કરજે" એમ કહી ડોસાએ પલંગપર પડેલી શાલ ઉપાડી પગથી માથા સુધી ઓઢીને લંબાવી દીધું.

પિતાનું ભાષણ સાંભળી રહેલો વિનોદચંદ્ર આ વાણીવિલાસ અને વર્તનથી ખુબ ચીઢાયો, અને પિતાને ઉદ્દેશી ત્હેણે કહ્યું:—"ત્હમારી ખાતર, ત્હમારી ન્યાતને ખાતર, અને થનારા ઝઘડાઓની ખાતર મ્હારે હંસાને ત્હમે જ્યાં પટકો ત્યાં પટકાવા દેવી. એમજને ? એમ બનવું... ? "છેલ્લું વાકય અધુરૂં રાખી વિનોદચંદ્ર ચાલ્યા ગયા, તે રાત્રે ત્હેમને મુદ્દલ ચેન ન પડયું.

ધીમે ધીમે વાત ઘરમાંથી કુટુંબમાં, સગામાં અને ન્યાતમાં ફેલાઈ ગઈ. સાથે સાચી અને જુઠ્ઠી અનેક કલ્પનાઓ આ બનાવ સાથે જોડાઈ. અને હંસાના કહેવાતા વિવાહે—સગપણે ચર્ચાનું રૂપ લીધું. આમને આમ એકાદ બે અઠવાડીયાં વીતિ ગયાં, આ દરમ્યાન ઘરમાં વિવાહની વાતને ઇરાદાપૂર્વક ચર્ચાતી બંધ રાખવામાં આવી હતી. વિનોદચંદ્રે ખુબ-ખુબ વિચાર કર્યા પછી હંસાને મળી તેનું અંતર

અનુસંધાન જુઓ પૃષ્ઠ ૩

# માનવતા વિહોણું દર્શન.

ઓ જૈન જગતના નવયુવાન !
નવસૃષ્ટિના સર્જક !
આદર્શના દૃષ્ટા !
સ્હેજ ખ્યાલ કર—
આજે ત્હારી,
ત્હારા સમાજની,
દુર્દશા નિહાળ—
વિજ્ઞાનના આ યુગમાં;
અને ઝડપી પ્રગતિના જમાનામાં
તું કયાં ઉભો છે ?
જરા દીર્ઘ દષ્ટિ દોડાવ
એ આર્યાવર્તનો
ચોવીશસો વર્ષ પ્હેલાનો
મહાન જ્યોતિર્ધર !
અહિંસા તપોવનનો અજોડ નપસ્વી !
ક્ષત્રીવટનો ચળકતો સિતારો !
જગતનો સર્વ શ્રેષ્ઠ પુરૂષ ! જેણે
માનવ સંસ્કૃતિને અજવાળી,
સર્વોત્તમતાના શિખરે પહોંચાડી,
એના આપણે પૂજારી--
એના આદેશના અનુયાયી
એના તત્ત્વજ્ઞાનના પિપાસુ—
છતાં
આજે આપણે કયાં ?
આપણો સમાજ કયાં ?
પ્રગતિમાં આપણું સ્થાન કયાં ?
આજનો યુવાન......એટલે
અધ:પતનને આરે ઉભેલો,
પ્રણાલિકા અને અંધશ્રદ્ધાના
આવરણોથી ઢંકાએલો
નિર્માલ્ય મનોદશાનો માનસ—
જુનવાણીના કથન સભા
ઓ નબસૃષ્ટિના સર્જક !
ત્હારી આસપાસ—
સમાજના વર્તુળમાં દ્રષ્ટિ કર—
એમાં શું છે ?
અજ્ઞાનતાના અંધકારમાં
આથડતી આખડતી
સંસ્કાર વિહોણી આ ત્હારી માતાઓ !
પરવશતાને પિંજરે પડેલી
દુન્યવી પ્રથાના દોરમાં
રહેંસાતી—પીસાતી
કુલીન કન્યા સમી ત્હારી
આ ભગિનીઓ !
ચિંતાના ચક્રાવામાં પીલાતા—
બેકારીના ખપ્પરમાં હોમાતા—
રૂઢીવાદની શૃંખલામાં જકડાએલ
આ ત્હારા બાંધવો !
ગોઝારા સમાજની વેદીપર
બળીદાન પામેલા
એમના અર્ધદગ્ધ દેહો !
સુરખીહીન નિર્માલ્ય વદનો !
જાણે ! કાળમુખા હાંડપિંજરોનું
વૃદ્ધાવસ્થાને આરે તાંડવ નૃત્ય
ન હો !
ઓ નવયુવાન !
એથી પણ વિશેષ—
એક વખત—
નિર્મળતાના નીરમાં ન્હાતાં
પ્રભુતાની મંદિરીએ પ્રવેશ કરતા,
વિષયવાસના કે વિલાસના
અટ્ટહાસ્ય સમા
ત્હારાં નિર્દોષ બાલુડાં !
આજે એ
એકલવાયાં —
અટુલાં--
સ્વચ્છંદ વાતાવરણમાં વિહરતાં
પુસ્તકીયા જ્ઞાન:પઢીને
ઉચ્ચ અભિલાષ સેવતાં
માયકાંગલીઅતના મ્હારથી !
અધુરા આદર્શવાદી !
અને સ્હામે ખુણામાં......એ વખતે
કો' વસંતના વ્હાણે—
નવયૌવનને આંગણે ઉભેલી–
ઉરમાં અનેરા કોડ સેવતી—-
સૌભાગ્યવતીના સ્વાંગમાં સજાએલી
ખીલતી કળી સમી બાળિકા !
--આજે તે —
નિસ્તેજ ચીમળાતા વદન સરખી
લજ્જાના ઘુંઘટપટ નીચે
ચોધાર આંસુએ રડતી
વડીલોની આમન્યાને નામે–
સમાજની રૂઢીના બંધ ને પાશે–
સાસુના સીતમ—-

અનુસંધાન પાનું જુઓ ૫ મું.

## સ માચાર

### જૈન યુવતિએ કરેલ આપઘાત

જબ્બલપુર ખાતે તા. ૩-૧૧-૩૫ ના રોજ ૨૪ વર્ષની એક જૈન યુવતિએ પોતાના પતિની કહેવાતી ગેરવર્તણુંકથી કંટાળી જઇ અફીણ ખાઇ આપઘાત કર્યો હતો. તેણીના શબને પૌસ્ટ મોર્ટમની તપાસ માટે મોકલવામાં આવ્યું છે.

### ગ્રામ્યોદ્ધાર માટે રૂપીયા એક લાખ

આગ્રાના સુપ્રસિદ્ધ શેઠ શ્રી અચલસિંહજીએ પોતાની મિલ્કતમાંથી એક લાખ રૂપીઆનું ટ્રસ્ટ ગ્રામ્યોધ્ધારણા માટે કર્યું છે, ધનવાનો દાખલો લેશે કે ?

### મૃત ભોજન માટે દબાણ

જયપુરના શેઠ શ્રી કલ્યાણમલજીએ પોતાના સ્વ. પિતાની યાદગીરીમાં બાર હજાર રૂપીયા દાન કર્યાં, પરંતુ લાગતા વળગતાઓ સખ્ત દબાણ કર્યા છતાં પોતાના નિશ્ચયપર અડગ રહી મૃતભોજન બંધ રાખ્યું.

### પ્રવચનકાર, તેમના ગુરૂ-દાદાગુરૂને ચેલેંજ

શ્રી સાગરાનંદસૂરિએ તાજેતરમાં મુંબઇથી નીકળતા 'સિદ્ધચક્ર' નામના પાક્ષિકદ્વારા રામવિજય તથા તેમના ગુરૂ અને દાદાગુરૂને અમુક બાબતનો શાસ્ત્રાર્થ કરવા ચેલેન્જ આપી છે. મુનિ રામવિજય આ પ્રકરણમાં ખૂબ છેડાયા છે.

### ઓછી કિમ્મતે દવા

અમદાવાદ દોશીવાડાની પોળમાં રહેતા વયોવૃદ્ધ ઝવેરી મોહનલાલ મગનલાલ તરફથી કિમ્મતી દવાઓ ગરીબોને સસ્તી મળે તે માટે એક સૂચિપત્ર તૈયાર કર્યું છે. લાભ લેનારાઓએ ત્યાં લખી જણાવવું.

### જૈન દવાખાનાનો લાભ લીધો

મુંબઇ પાયધુની દવાખાનામાં અક્ટોબર માસમાં ૧૬૨૪ દરદીઓએ લાભ લીધો. જેમાં ૫૩૨ પુરૂષ દરદીઓ, ૪૧૫ સ્ત્રી દરદીઓ, અને ૬૭૭ બાળક દરદીઓ હતા. દરરોજ સરેરાસ હાજરી ૫૩ દરદીની થઇ હતી.

### વૈષ્ણવ બ્રાહ્મણનું હરિજન બાળા સાથે લગ્ન

ગંતુર ખાતે તા. ૮ મીના રોજ લીલા નામની હરીજન (ખ્રિસ્તિ) બાળાના શ્રી રામાનુજાચારી નામના વૈષ્ણવ બ્રાહ્મણ સાથે આર્યસમાજ વિધિ પ્રમાણે લગ્ન થયા હતાં વધુના બાપે દંપતિને આશિષ આપી હતી. આ લગ્ન કરાવનાર પંડિતે જણાવ્યું હતું કે ડૉ. આંબેડકના પડકારનો આ યોગ્ય જવાબ છે.

### જૈન ટ્રસ્ટ સંબંધે સરકારે માગેલા અભિપ્રાયો

મુંબઇ તા. ૮ મીના એક સરકારી નિવેદનમાં જણાવવામાં આવે છે કે હિન્દુ ધાર્મિક ટ્રસ્ટો માટેનું બીલ મુંબઇ ધારાસભાએ પસાર કર્યું હતું તે બીલની કલમો જૈનકોમને પણ તરત લાગુ પાડવા માટે અરજ કરવામાં આવી હતી. આ સંબંમાં સરકાર જૈનો અને તેમનામાં રસ લેતી જાહેર સંસ્થાઓના અભિપ્રાયો જાણવા આમંત્રણ આપે છે. જે વિષેનો અભિપ્રાય તા. ૩૧મી ડીસેમ્બર પહેલાં મુંબઇ સેક્રેટરીયેટને સરનામે મહેસુલખાતાના સરકારી સેક્રેટરીપર મોકલી આપવા આશા છે. કે જૈનો પ્રમાદ ન કરતાં તા. ૩૧ ડીસેમ્બર પહેલાં અભિપ્રાયો મોકલાવશે.

### અંધેરીમાં હાઇસ્કુલને વિશાળ મકાન અર્પણ.

શેઠ માધવદાસ અમરશીના ત્રણ સુપુત્રો શેઠ હરીદાસ, મનમોહનદાસ અને નંદલાલ જેઓ મુંબઇમાં રૂના મહાન વ્યાપારીઓ તરીકે પ્રસિધ્ધ છે તેમણે અંધેરીમાં હાઇસ્કુલને માટે વિશાળ મકાન બંધાવી આપવા એક લાખને વીશ હજાર રૂપીઆની મોટી સખાવત કરી છે.

### શ્રીમતી ઉર્મિલા મહેતાની ઉમેદવારી.

શ્રીમતી ઉર્મીલા મહેતા બી. એ. એ. ફેકલ્ટી ઓફ આર્ટસમાંથી મુંબઇ યુનિવર્સિટિની સેનેટની બેઠક માટે આ વર્ષે ઉમેદવારી નોંધાવી છે. તેઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી 'ડુમેસ્ટીક ઇકોનોમી'ના પરિક્ષક હતા.

### "ચાંદ" માસિકના સંપાદિકા.

શ્રીમતી મહાદેવી વર્મા પ્રયાગ મહિલા વિદ્યાપીઠના પ્રિન્સિપાલ છે અને હિંદિ સાહિત્યમાં કવિ તરીકે જાણીતા છે. તેમણે અલ્હાબાદથી નીકળતા "ચાંદ" હિન્દિ માસિકનું સંપાદન કાર્ય સ્વીકાર્યું છે.

## કિ ર ણ

જ્ઞાન એ આત્માનો સ્વાભાવિક ગુણ છે. તે ગુણ શુધ્ધ સ્વરૂપે પ્રકટતાં આત્માં સમયે સમયે અનંત આનંદ અનુભવે છે.

જૈન દર્શનની લોકોત્તર વિશિષ્ઠતા-આત્મા આત્મગુણોથી સુખ અનુભવે તેમાં છે.

અન્યદર્શનમાં દ્રવ્યદયાની પણ પૂર્ણતા નથી, જૈન દર્શનમાં ભાવદયાની ભરપુરતા છે.

વિજ્ઞાનવાદીઓનું પૃથ્વી સંબંધી કથન એકાંતે મિથ્યા નથી. તેમ જૈનાચાર્યો અને જૈનશાસ્ત્રકારોનું કથન એકાંતે મિથ્યા નથી, પણ નયવાદે બન્નેનું કથન સત્ય છે.

સ્વદયા અને પરદયા સર્વોત્કૃષ્ટપણે જૈન દર્શનમાં પ્રરૂપાયેલી છે.

સ્વદયાની સંપૂર્ણતા અને પરદયાની પરમોત્કૃષ્ટતા જૈન દર્શનમાં જે સ્વરૂપે છે; તેનો અંશ પણ અન્યદર્શનોમાં નથી.

અહંકાર અને વિકાર એ આત્માના કોટિગુણોને ક્ષણવારમાં નષ્ટ કરે છે.

ધર્માંધો અને અંધશ્રધ્ધાળુ સંપ્રદાયમોહીઓ આત્મધર્મથી અનંત યોજન દૂર છે.

મૂડીવાદીઓની 'હા' એ 'હા' ભણવામાં ભયંકર આત્મઘાત છે. જે મહા પાપ છે.

કોઇ પણ ગુણનો અતિરેક થતાં તે ગુણ ભયંકર દુર્ગુણપણે પરિણમે છે.

સરળપણે કરેલી હઠક્રિયા આત્મધર્મ પ્રાપ્ત કરવામાં પરમ સહાય રૂપે થાય છે. જે પ્રત્યક્ષ અનુભવ છે.

સત્પુરૂષોનો સમાગમ જેને મોક્ષ જેવો પ્રિય છે. તેજ પુરૂષો આત્મધર્મને પ્રાપ્ત કરી શકે છે.

**શ્રી જાદવજી કેશવજી ડબાસંગવાળા**

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

શતાબ્દિ.

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૪ મો.
રવીવાર તા. ૧-૧૨-૩૫

## હતાશ થતા યુવાનને—

આદર્શ આશા હૃદયે ભરેલાં
યુવા અવસ્થા ડગ એક ભરતાં
તારૂણ્ય વાટે વિહરતા પથીક ઓ !
પ્રોત્સાહ ત્હારો કયમ આજ તૂટે ?

મનમંદિરે તુજ નવ કોડ દીવડા
ઝાંખા ઝળકતા હજી રશ્મિ રેલે
કો'દિવ્ય પ્રદેશે જાતા પથીક ઓ !
પ્રોત્સાહ ત્હારો કયમ આજ તૂટે ?

જીવન સરીતા તુજ હર્ષઘેલી
મધુર નિર્મળા જળ ભરી એ વહેતી
મિલન અધુરાં હજી એહના છે
પ્રોત્સાહ ત્હારો કયમ આજ તૂટે ?

ઉષા ઉગી જો ! ક્ષિતિજ મંદિરીપર
ઉગતા રવિની નવ કો' પ્રભામાં
સંદેશ એનો હજી તું સુણે ના
પ્રોત્સાહ ત્હારો કયમ આજ તૂટે ?

તુજ નેણ ઘેર્યાં નહિ કોઇ રાતે
અધરો હજી ના સ્પર્શ્યા હશે કો'
સળગી ઉરે ના મદમસ્ત જ્વાળા
પ્રોત્સાહ ત્હારો કયમ આજ તૂટે ?

કો' કાળઘેરી ક્ષણ એ ઘડીમાં
કટુ કો' વચન તુજ શ્રવણે પડેલું ?
નહિ ચિન્હ એના મુખ શ્યામ ગ્લાનિ !
પ્રોત્સાહ ત્હારો કયમ આજ તૂટે ?

શીશુકાળમાંહિ હજી કાલ રમતો
નિર્દોષતા બુંદ જગપાથ હરતો
સ્મૃતિ હજી એ તરતી નયન જો
પ્રોત્સાહ ત્હારો કયમ આજ તૂટે ?

તુજ આશ મ્હોટી નવસ્વપ્ન ત્હારાં
દીન એક થાવું જગના વિજેતા
સૃષ્ટિ નવી કો' સર્જવીય ત્હારે
પ્રોત્સાહ ત્હારો કયમ આજ તૂટે ?

યૌવન મધુરૂં જીવન રસીલું
આદર્શ આશા ઉરમાં ભરેલું
તારૂણ્ય વાટે વિહરતા પથીક ઓ !
તુજને ઘટેના નિરાશ થવું. પછી—?

"મંજુલકુમાર"

# ત • રુ • ણ • જૈ • ન

—: તા. ૧-૧૨-૩૫ :—

## શતાબ્દિ.

### મુંબઇને ધન્યવાદ !

સિધ્ધાંત કે સિધ્ધાંતોની મશાલ લઇને માનવી જનકલ્યાણાર્થે કુચ આદરે છે. કૈંક અવનવું એ બોધતો હોય છે, જહે પ્હેલાં તો જનસમુહને ચમકાવે છે; પછી એનાં સિધ્ધાંતોની ભવ્યતા જનસમુહને આકર્ષે છે, માનવો એને અનુસરે છે, ભવ્ય આદર્શ રચાય છે. –જૂનું જતું રહે છે. નવી વિચારણા; નવાં તત્વો; નવાં બળો નવસર્જન આદરે છે.

પ્રભુ મહાવીર, બુધ્ધ, કૃષ્ણ, ક્રાઇસ્ટ, મોહનદાસ ગાંધીની નવી દ્રષ્ટિએ જનસમુહને નવચેતન અર્પ્યું છે. લોક એ મહાતત્વોના પ્રેરકપર આફ્રિન બને છે. એમને માન આપે છે. એમની જયંતિઓ ઉજવે છે. ભક્તિ પ્રદર્શિત કરે છે એમને બોધેલા શિધ્ધાંત પ્રત્યેની વફાદારી જાહેર કરે છે. જયંતિઓ આવી વેળાએ સંસ્કાર સિંચનનું એક અગત્યનું સાધન બની રહે છે. પ્રેરકની જયંતિ પ્રેરણારુપ બને છે.

આ દૃષ્ટિથી વિજયાનંદસૂરીશ્વરજીની શતાબ્દિને અમે આવકારીએ છીએ. આવતી ચૈત્રી એકમે એમનો સૈકો પૂરો થાય છે. જૈનોમાં વિકાશ આણવા એમણે અથાગ પ્રયાસ આદર્યાં હતા. સંકુચિત જૈનોમાં ભાવનાની વિશાળતા એમણે પ્રસરાવી હતી. એ વિદ્વાન હતા અને સાધુઓમાં સમર્થ મનાતા આવા એક જ્યોતિર્ધરની શતાબ્દિ જૈનજનતા ઉજવે એ એના વધતા જતા સંસ્કારનું એક સિમાચિન્હ છે.

વિજયાનંદસૂરીશ્વરજીની મુંબઇમાં શતાબ્દિ ઉજવવાની કાર્યવાહી માટે નિમાયલી 'શતાબ્દિ સમિતી'ને અમે ફત્તેહ ઇચ્છીએ છીએ. મુંબઇની યોજના છે કે સો સો રૂપૈયાના હજારો સભાસદો કરી ત્હેમાંથી પુસ્તકોધ્ધારક સાહિત્ય પ્રકટાવવું અને એ સાહિત્યની સાથે વિજયાનંદસૂરીશ્વરજીનું નામ જોડવું. જ્ઞાનપ્રેમી અને જ્ઞાન પ્રચારક એવા આ સૂરીશ્વરજીનું આ અત્યુત્તમ સ્મારક છે. એમ અમને લાગે છે. મુંબઇના જૈનોને આવી સરસ યોજના માટે અમે ધન્યવાદ આપીએ છીએ. અને ઇચ્છીએ છીએ કે જૈન ધર્મ અને જૈન સાહિત્યનાં પ્રેમીજનો આ યોજનાને વધાવી લે.

### પાટણ કયે માર્ગે ?

પાટણ પણ સૂરીશ્વરજીની શતાબ્દિ ઉજવવાનું છે. પટણીયોએ પણ સમિતિ નિમી છે ને નાણાં એકઠાં કરવાના પ્રયાસો થાય છે. અમે માન્યું હતું કે સૂરીશ્વરજીની શતાબ્દિના મુંબઇના માર્ગે પાટણ પણ શતાબ્દિ ઉજવશે. પણ એ માન્યતાને ખોટી ઠેરવતા સમાચાર અમને મળ્યા છે. પાટણ સ્મારક રચવા નથી માગતું. એને તો સૂરીશ્વરના નામે જમણને જલસા ઉજવવાના છે. પાંચ દિવસ માટે પાટણ મહોત્સવ રચવા માગે છે. એ કંકોત્રીઓ કાઢવા માગે છે, એ લોકોને ગામ ગામથી આમંત્રણ દેવા માગે છે. અને જમવા પાછળ વીશેક હજારનો ધુમાડો કરવાનો એનો અડસટ્ટો છે. પાંચ દિવસ પછી પચીશ ત્રીશ હજારના ધૂમાડાની જગ્યાએ જ જાુઠી પતરાળીઓ ને અજીઠું વેરાયલું હશે. અને જમણશોખીઓ જમણની શેખી કરતા હશે. સમાજના એ રૂપીઆ સમાજને ઉપયોગી બન્યા વિના વેરાઇ ગયા હશે.

વિજયાનંદસૂરીશ્વરજી જેવા સુધારકની શતાબ્દિ આ રીતે ઉજવીને પાટણ શું કરવા માગે છે ? પાટણ જેનું પરમ ભક્ત છે એ શ્રી વિજયવલ્લભસૂરિ આ પ્રકારનાં જમણ ખર્ચની વિરૂધ્ધ છે એ પાટણ કેમ ભૂલી જવા માગે છે ? અમે પૂછીએ છીએ કે પાટણ એના સંસ્કારસ્વામીની ખરેખર શતાબ્દિ ઉજવવા માગે છે કે માત્ર મ્હેફિલ માણવા માગે છે ?

એક પાંગળો પ્રશ્ન મૂકાય છે ! 'જહેને આમંત્રીએ ત્હેને જમાડવા કે નહિ ?' આ પ્રશ્નનો જવાબ સ્હેલો છે. પાટણ શા માટે ગામેગામ આમંત્રણ મોકલે છે ? પ્રત્યેક ગામે એ સંસ્કારસ્વામીને અંજલિ આપવાની ગોઠવણ પોતાના જ ગામમાં કરી લેવી જોઇએ. પાટણે આમંત્રણ મોકલવાની આપવ્હોરી મુશ્કેલીમાંથી મૂકત થવું જોઇએ. તોજ જમણ પાછળ વેડફાતા રૂપીઆનું યોગ્ય સ્મારક રચી શકાય.

પાટણના જુવાનોની ફરજ આ પ્રસંગે સ્પષ્ટ છે. ધર્મને નામે ઉપધાન–ઉજમણાં કે જમણ–વરઘોડાના ખર્ચની વિરૂધ્ધ કહેનારા આવા પ્રસંગે વિવેક ભૂલી રૂઢીચુસ્તોના પંથે પગલાં માંડે તો એમને શરમાવનારૂં ગણાય. પાંચ દિવસ પાટણની વાહ વાહ બોલાય એવી શતાબ્દિ પાટણના જુવાનો ઉજવે એના કરતાં કોઇ સ્મારક ઉભું કરે એવી અમારી એમને વિનંતિ છે.

પાટણના યુવાનો જાણે છે ? ત્હમારા શહેરમાં ઉગતાં બાળકોના સંસ્કાર સિંચન સારૂ બાળમંદિરની જરૂર છે. પેલા વાણિજ્ય વિદ્યામંદિરને વિકસાવવાની જરૂર છે. ઉચ્ચ કેળવણી માટે પરદેશ જતા વિદ્યાર્થીઓને બીજાને ત્યાં માગવા જવું પડે છે એ ન જવું પડે માટે સાધનો ઉભાં કરવાની જરૂર છે.

અમે આશા રાખીએ છીએ કે પાટણના જુવાનો સૂરીશ્વરની યોગ્ય શતાબ્દિ ઉજવે ને કોઇ સંસ્થાને નવપલ્લવિત કરી કે નવી સ્થાપી સૂરીશ્વરજીનું સરસ સ્મારક રચે !

આ અંકનો વધારો.

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું સુધારેલું બંધારણ.

તા. ૧-૧૨-૩૫

### ૧ નામ.

આ સંસ્થાનું નામ **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ** રાખવામાં આવે છે.

### ૨ ઉદ્દેશ.

આ સંઘનો ઉદ્દેશ નીચે પ્રમાણે નક્કિ કરવામાં આવે છે.

(क) મુખ્યત્વે કરીને જૈનોની ધાર્મિક, આર્થિક અને સમાજિક ઉન્નતિના ઉપાયો રાષ્ટ્રહિત સાચવીને યોજવા અને અમલમાં મુકવા.

(ख) રાષ્ટ્રીય પ્રવૃતિઓમાં બને તેટલી સહાય આપવી અને જૈન સમાજમાં રાષ્ટ્રીય ભાવનાઓ ખીલે તેવાં પગલાં લેવાં.

### ૩ સભ્યનું નિવેદન.

નીચે પ્રમાણે માન્યતા ધરાવનાર કોઈ પણ વ્યકિત આ સંસ્થાનો સભ્ય થઇ શકશે.

૧ વિચારસ્વાતંત્ર્યમાં હું સંપૂર્ણ રીતે માનું છું અને તેટલાજ કારણસર કોઇ પણ વ્યકિતને સંઘ બહારની શિક્ષા કરવામાં આવે તેની હું વિરૂદ્ધ છું.

૨ સમાજ સુધારક તરીકે પગલું ભરનાર વ્યકિતને જ્ઞાનિ, ઘોળ કે તડ બહારની શિક્ષા કરવામાં આવે તેની હું વિરૂદ્ધ છું.

૩ જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ વિચારતાં આપણા દ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે કરીને સમાજની આર્થિક અને કેળવણી વિષયક ઉન્નતિમાં જ થવો જોઇએ એમ હું માનું છું.

૪ જૈનોના સર્વ ફીરકાઓના ઐકયમાં હું માનું છું અને તેવું ઐકય વધે તેવી પ્રવૃત્તિઓને ટેકો આપવો એ હું મારો ધર્મ સમજું છું.

૫ સમાજમાં રહેલ અનેક હાનિકારક રીવાજો અને માન્યતાઓ અને ધર્મના નામે ચાલતો દંભ દૂર કરાવવાં એ હું મારી ફરજ સમજું છું.

૬ સાધુવેશમાં ફરતાં ચરિત્રભ્રષ્ટ સાધુ-સાધ્વીને સાધુ-સાધ્વી તરીકે હું સ્વીકારતો નથી.

૭ સેવા ભાવ એ મારા જીવનનો આદર્શ સમજું છું.

### ૪ સભ્ય થવાની શરતો.

સંઘના ઉદ્દેશ સ્વીકારનાર, નિવેદન ઉપર સહી કરનાર સોળ વર્ષ ઉપરની ઉંમરના જૈન ભાઇ-બેન સભ્ય થઇ શકશે, અને તેની અરજી કાર્યવાહી સમિતિ પાસ કરશે એટલે તે સભ્ય થયો ગણાશે.

### ૫ સભ્યોના વર્ગ.

૧. **પેટ્રન** - એકી સાથે રૂ૦ ૫૦૦) અથવા દર વર્ષે એકસો રૂપીયા ભરી પાંચ વર્ષે ૫૦૦) રૂ૦ આપનાર આ સંઘના પેટ્રન ગણાશે.

૨ **લાઈફ મેમ્બર**—એકી સાથે રૂ૦ ૧૦૦) અથવા દર વર્ષે ૫૦) રૂ૦ ભરી બે વર્ષે પુરા આપનાર આ સંસ્થાના લાઇફ મેમ્બર ગણાશે.

૩ **સામાન્ય મેમ્બર**—દર વર્ષે રૂ૦ ૨) ભરનાર વ્યકિત સામાન્ય સભ્ય થઈ શકશે.

### ૬ વહીવટી વર્ષ.

આ સંસ્થાનું વહીવટ વર્ષ દીવાળીથી દીવાળી સુધી નકિક કરવામાં આવે છે.

### ૭ વાર્ષિક સભા.

આ સંઘની વાર્ષિક સાધારણ સભા વહીવટી વર્ષના આરંભમાં બોલાવવામાં આવશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(क) ગત વર્ષનો વૃતાન્ત અને ઓડીટ થયેલો હીસાબ મંત્રીઓ સામાન્ય સભાની મંજુરી માટે રજુ કરશે.

(ख) નવા વર્ષ માટે મંત્રીઓ, ખજાનચી અને કાર્યવાહક સમિતિની ચુંટણી.

(ग) ઓડીટરોની નિમણુંક.

### ૮ સામાન્ય સભા.

(अ) સંઘનો કોઇપણ સભ્ય સંઘના બંધારણ અને સામાન્ય કાર્ય પદ્ધતિ અંગે સભ્યના ટેકા સાથે કોઇપણ દરખાસ્ત મંત્રીઓ ઉપર મોકલી આપશે, જે સામાન્ય સભામાં મંત્રીઓદ્વારા રજુ થશે અને બહુ મતિથી નિર્ણય થશે.

(ब) બંધારણને લગતો કોઇપણ ફેરફાર સામાન્ય સભામાં જ થઈ શકશે.

### ૯ મંત્રીઓની તથા ખજાનચીની સંખ્યા.

આ સંઘમાં વધારેમાં વધારે ચાર મંત્રીઓ અને એક ખજાનચીની નિમણુંક કરવામાં આવશે.

### ૧૦ કાર્યવાહક સમિતિ.

આ સંઘની કાર્યવાહક સમિતિ મંત્રીઓ અને ખજાનચી મળી કુલ ૧૬ સભ્યની બનશે અને આ પ્રમાણે બનેલી કાર્યવાહક સમિતિ વધારેમાં વધારે ચાર સભ્યોને ચુંટીને સમિતિમાં ઉમેરી શકશે.

### ૧૧ ચુંટણી.

૧ કાર્યવાહક સમિતિની ચુંટણી ઉમેદવારીના ધોરણે કરવી.

૨ કાર્યવાહક સમિતિની ચુંટણી માટે ઉમેદવાર એક સભ્યના ટેકા સાથે ઉમેદવારી પત્ર ભરી મોકલશે.

૩ સંખ્યા કરતાં ઉમેદવારી પત્રો વધરે આવ્યા હશે તો સભામાં હાજર રહેલા સભ્યોની બહુમતિથી ચુંટણી કરવામાં આવશે, અને જો ઓછા આવ્યા હશે તો હાજર રહેલા સભ્યો બહુમતિથી સંસ્થાના કોઇપણ સભ્યને ચુંટી શકશે.

### ૧૨ કાર્યવાહક સમિતિનો કાર્યપ્રદેશ.

સંઘના ઉપર જણાવેલા ઉદ્દેશો અમલમાં મૂકવા માટે જે જે કાંઇ કરવાની જરૂર જણાય તેને પહોંચી વળવાને કાર્યવાહક સમિતિ યોગ્ય લાગે તેવાં પગલાં લઇ શકશે અને પ્રવૃત્તિઓ ઉપાડી શકશે અને દર સાલનો અંદાજ પત્ર સામાન્ય સભાની બહાલી માટે રજુ કરશે.

### ૧૩ મંત્રીઓનો કાર્યપ્રદેશ.

કાર્યવાહક સમિતિની સામાન્ય સૂચના અનુસાર સંઘના ઉદ્દેશોને અનુકુળ ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓને મંત્રીઓ અમલમાં મૂકી શકશે, સંઘની તેમજ કાર્યવાહક સમિતિની સભાઓ યોગ્ય લાગે ત્યારે બોલાવી શકશે, સંસ્થાના દ્રવ્યની આવક જાવકનો હિસાબ કાર્યવાહક સમિતિની સૂચના અનુસાર મંત્રીઓ રાખશે અને રૂા. ૨૫) સુધી સંઘના કોઇપણ કાર્ય માટે એકી સાથે મંત્રીઓ ખર્ચ કરી શકશે.

### ૧૪ ખજાનચીનો કાર્યપ્રદેશ.

સંસ્થાનો નાણાં પ્રકરણી વહીવટ કાર્યવાહક સમિતિનું સૂચના અનુસાર કરશે અને ભંડોળ સાચવશે.

### ૧૫ પ્રમુખ.

જ્યારે જ્યારે સંઘની સામાન્ય સભા કે કાર્યવાહક સમિતિની સભા મળશે ત્યારે ત્યારે હાજર રહેલા સભ્યોમાંથી કોઇને પણ પ્રમુખ તરીકે ચુંટવામાં આવશે અને તે રીતે ચુંટાયેલ પ્રમુખ સામાન્ય મંડળોના નિયમોને અનુસરીને સભાનું કામકાજ ચલાવશે.

### ૧૬ કાર્યસાધક હાજરી (કોરમ)

સામાન્ય સભાની કાર્યસાધક હાજરી ૧૧ સભ્યો હાજર થએથી પુરતી ગણાશે અને કાર્યવાહક સમિતિની કાર્યવાહક હાજરી ૬ સભ્યોથી પૂરતી ગણાશે. કાર્યસાધક હાજરીના અભાવે મુલતવી રહેલ કોઇપણ સભા બીજી વખત બોલાવવામાં આવશે ત્યારે જેટલા સભ્યો હાજર હશે તેટલાથી નોટીસમાં જણાવેલ માત્ર કાર્ય થઇ શકશે.

### ૧૭ સભા બોલાવવા માટે સભ્યોની માંગણી.

(क) સંઘની સભા બોલાવવા માટે ૧૧ સભ્યોની લેખિત માંગણી પૂરતી ગણાશે. આ લેખિત માંગણીમાં સભા બોલાવવાનો ઉદ્દેશ સ્પષ્ટપણે જણાવેલો હોવો જોઇએ, આ પ્રમાણે લેખિત માંગણી મળ્યા બાદ વધારેમાં વધારે પંદર દિવસની અંદર સંઘની સભા મંત્રીઓએ બોલાવવી પડશે અને જો મંત્રીઓ તે મુદત દરમિયાન સંઘની સભા ન બોલાવે તો સભા માટે લેખિત માંગણી કરનારા સભ્યો સંઘની સભા બોલાવી શકશે. કોરમના અભાવે મુલતવી રહેલી સભાનું રીકવીઝીશન રદ થયેલું ગણાશે.

(ख) કાર્યવાહક સમિતિની સભા માટે છ સભ્યોનું રીકવીઝીશન પુરતું ગણાશે અને આવું રીકવીઝીશન મળ્યા બાદ મંત્રીઓએ અઠવાડીયાની અંદર કાર્યવાહક સમિતિની સભા બોલાવવી પડશે. કોરમના અભાવે મુલતવી રહેલી આવી સભાનું રીકવીઝીશન રદ થયેલું ગણાશે.

### ૧૮ સભાની નોટીસ.

(अ) સંઘની કોઇ પણ સભા માટે ઓછામાં ઓછી ત્રણ દિવસની નોટીસ આવશ્યક ગણાશે અને કા. વા. સ. ની સભા માટે ૨૪ કલાકની નોટીસ પુરતી ગણાશે.

(ब) કોઇ ખાસ કારણસર બન્ને મીટીંગો અરજન્ટ ૨૪ કલાકમાં મંત્રીઓ બોલાવી શકશે.

### ૧૯ સભ્ય બહીષ્કાર.

(अ) કોઇ પણ સભ્ય સંઘના ઉદ્દેશથી વિરૂદ્ધ વર્તન કરતો હોય તેવું સાબીત થાય તો તેને સામાન્ય સભા સભ્ય તરીકે કમી કરી શકશે.

(ब) લાગલાગટ બે વર્ષનું ચડેલું લવાજમ ન ભરનાર સભ્ય આપો આપ સભ્ય તરીકે કમી થયેલો ગણાશે.

### ૨૦ પેટ્રન તથા લાઇફ મેમ્બરોનું લવાજમ.

પેટ્રન તથા લાઇફ મેમ્બરના લવાજમના પૈસા રીઝવર્ડ ફંડ તરીકે રહેશે અને તેનું વ્યાજ વાપરવામાં આવશે.

### ૨૧ ખાલી પડેલી જગ્યાઓ.

ચાલુ વર્ષ દરમ્યાન મંત્રીઓ અથવા તો કાર્યવાહક સમિતિની સભ્યોની ખાલી પડેલી જગ્યાની પુરવણી કાર્યવાહક સમિતિ કરી શકશે.

### ૨૨ બહુમતી.

ખાસ ન જણાવ્યું હોય તેવી સર્વ બાબતોનો નિર્ણય સભામાં હાજર રહેલ સભ્યોની બહુમતીથી થઇ શકશે.

### ૨૩ હિસાબ.

વર્ષ આખરે મંત્રીઓ હિસાબ ઓડીટ થયા બાદ કાર્યવાહક સમિતિ પાસે પાસ કરાવી જનરલ સભામાં મૂકશે.

### ૨૪ ઓડીટરો.

કા. વા. સ. ના સભ્ય ન હોય એવા કોઇ પણ બે ગૃહસ્થોની ઓડીટર તરીકે પ્રત્યેક વર્ષ માટે નીમણુંક કરવામાં આવશે.

### ૨૫ રાજીનામું.

કોઇ પણ સભ્યનું હર કોઇ પ્રકારનું રાજીનામું આવે તેનો નિકાલ કાર્યવાહક સમિતિ કરશે.

શ્રી મહાવીર પ્રી. વર્કસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

# જૈનનું ભજન.

"જૈનનું ભજન" એ અમારા પોતાના શબ્દો નથી. ડો. હરિપ્રસાદે હાલમાં લખેલી જીવન સંગીત નામની કીતાબમાંથી અમે આ સ્થળે એ શબ્દો ઉધ્ધૃત કર્યા છે. જૈનો પોતાનું સ્વતંત્ર સ્તુતિ-સાહિત્ય ધરાવે છે એને ભજન નામ ઘટી શકતું નથી. સ્તોત્ર કિંવા સ્તુતિના નામે જ એ પ્રસિધ્ધ છે. અર્થમાં ભલે બહુ લાંબો ભેદ ન હોય પણ ભજનોમાં દાખલ થએલી નિરંકુશતા જૈન સ્તુતિ સાહિત્યથી કેટલેક અંશે નિરાળી રહી જવા પામી છે.

જૈન સ્તુતિ–સ્તોત્રોમાં ઐહિક કામના જેવું કોઈ તત્ત્વ નથી હોતું, જૈનો જેમની સ્તુતિ કરે છે તે પ્રભુ પોતે વીતરાગ હોવાથી ભકતોના ઉધ્ધાર માટે પૃથ્વી ઉપર અવતરતા નથી. શ્રીકૃષ્ણે જેમ દ્રૌપદીનું આક્રંદ સાંભળી વસ્ત્રો પૂર્યાં તેમ વીતરાગ પ્રભુ, ભકતના આક્રંદ માત્રથી દોડી આવતા નથી. જેને પોતાના ભકતો ઉપર રાગ હોય, શત્રુઓ ઉપર વેર હોય તે પ્રભુત્વ પામી શકે નહિ; પ્રભુને પોતાના કે પારકા જેવા ભેદ ન હોઇ શકે. પ્રભુનો કૃપા પ્રસાદ એ તો ભકતોએ ઉપજાવી કાઢેલી કલ્પના માત્ર છે. એમ જૈનો માને છે. પ્રભુના આદર્શને નજર સામે રાખી, પ્રભુના ગુણોનું ધ્યાન–સ્મરણ કરતાં પ્રભુમય બનવું એજ સ્તુતિ–સ્તોત્ર આદિનો મુખ્ય હેતુ હોય છે.

ભજનોમાં ઘણી વાર ઐહિક કામના સંતોષવાની ભાવના હોય છે. "ભગવાન !–હું બહુ દુ:ખી છું, તારો ભકત છું, મને આ સંસારના દુ:ખમાંથી બચાવવા સ્ત્રી–પુત્ર–પરિવાર, ધન–આરોગ્ય આપી જા !" આવું આવું કેટલુંક ભજનોમાં હોય છે. જૈન સ્તુતિમાં એવી કોઇ ભાવના નહી મળે.

છતાં જીવનસંગીતના વિદ્વાન લેખકે "એક જૈન મંદિરમાં છેક મંદિર બંધ થતી વખતે" નીચેની મતલબનું એક જૈન ભજન સાંભળેલું હોવાની કલ્પના કરી છે. એક જૈન બિચારો વાંઢો હોવાથી જ્યારે દર્શન કરવા જતો ત્યારે ગાતો કે:–

"આદેસર સામી ! તારો તો તરીએ
તમને, હાથ જોડી કરગરીએ––આદેસર
તમે અમારા પરમેસર અને અમે તમારા છોકરા
આ બાયડી વિનાના મરીએ તો
બલાડા થઇ અવતરીએ–
મલાડા થઇ અવતરીએ–
અરે, મોટા ઘોઘર થઇ અવતરીએ–
આદેસર સામી......

લેખક ઉમેરે છે કે આ જૈનનું ભજન સાંભળી બધાને ખુબ જ ગમ્મત પડી.

ગમ્મતની ખાતરજ જૈનસ્તુતિને ભજનનું આવું કઢંગુરૂપ આપવામાં આવ્યું હોય એમ લાગે છે. આમાં કોઇ એક જૈન ભકતની જ મશ્કરી નથી–જૈનસ્તુતિ સાહિત્યનું ઉપહાસ છે, જૈનો પોતાને પરણાવી આપવા માટે ભગવાનને કરગરે છે એમ લેખકે પ્રકારાંતરે સુચવ્યું છે.

જૈન સ્તુતિની અને જૈન ભકતની આ મશ્કરી ઘણી ઘાતકી ગણાય.

જીવનસંગીતના લેખક પોતે રાષ્ટ્રીય ભાવનામાં અને રાષ્ટ્રીય આગેવાનોમાં શ્રદ્ધા ધરાવે છે. એમને આપણે પૂછીએ કે કોઇ એક પાશ્ચાત્ય પ્રવાસી આવીને મીસ મેયો જેવી જ પ્રચારિકા પોતાના પુસ્તકમાં એમ લખે કે–ગાંધીજી પાતે સ્ત્રીઓની સાથે નાચ કરતા હતા અને બીજા રાષ્ટ્રીય આગેવાનો પણ સ્વાર્થવૃત્તિથી જ પ્રેરાએલા હોય છે તો તેને એક ઘાતકી મશ્કરી ન કહી શકાય ? અને આ ઉદાહરણ કેવળ કલ્પનામાંથી ઉપજાવેલું છે એમ પણ નથી. મહાત્માજીની તેમજ રાષ્ટ્રીય કાર્યકર્તાઓની એવી ઘણી નિંદાઓ કરવામાં આવી છે. મહાત્મા ગાંધીજીને એક ચિત્રપટમાં નૃત્ય કરતા બતાવવામાં આવ્યા છે. હિંદીઓના ઉચ્ચાભિલાષને ઉતારી પાડવાનું એ એક કાવતરૂંજ છે એમ કહીએ તો ચાલે.

એજ પ્રમાણે ઉપરોકત જૈન ભજનમાં પણ વીતરાગદેવના આદર્શને હલકો પાડવાનું જાણ્યે–અજાણ્યે પણ કાવતરૂં કરવામાં આવ્યું છે. એ કાવતરામાં ડો. હરિપ્રસાદ જેવાએ ભાગ લીધો છે એ જાણીને કોઈ પણ જૈન સભ્ય ખેદ પામ્યા વિના નહિ રહે.

અમે ફરી એક વાર કહીએ છીએ કે જૈન સ્તુતિ સાહિત્ય, બીજા ભજન સાહિત્યની તુલનામાં ઘણું નિર્મળ છે. સંસારિક કામના સિધ્ધિની રજ સરખી પણ એને સ્પર્શી શકી નથી. એ સાહિત્યને આવા વિકૃત રૂપમાં રજુ કરવું એ સાહિત્યિક અપરાધ તો છેજ, એટલુંજ નહિ પણ જૈન સમુદાયને પણ ઘોર અન્યાય આપવા જેવું છે. ડો. હરિપ્રસાદે પોતે સમજીને એ અન્યાય ધોઇ નાખવો જોઇએ.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

### સામાન્ય સભા.

સંઘના બંધારણમાં ફેરફાર કરનારો કાર્યવાહક સમિતિએ પાસ કરેલ ખરડો. તે ઉપર વિચાર કરી પાસ કરવા આપણા સંઘની સામાન્ય સભા તા. ૧૦–૧૨–૩૫ ને મંગળવારના રોજ રાત્રીના આઠ વાગે ( સ્ટા. ટા. ) સંઘની ઓફીસમાં મળશે તે વખતે સર્વે સભ્યોને પધારવા વિનંતિ છે.

આ સાથે સુધારેલો બંધારણનો ખરડો બીડયો છે તે અંગે તા. ૯–૧૨–૩૫ સોમવાર સુધી સુચનાઓ મોકલી આપશો.

લી૦ સેવકો.
મણીલાલ એમ. શાહ.
અમીચંદ ખેમચંદ શાહ.
માનદ્ મંત્રીઓ.

# મુનિ અને રાજા

પંડિત જવાહરલાલ નેહરૂ, જેલમાંથી છુટી વિમાન મારફતે યુરોપ જતા હતા તે વખતે એક જોશીએ એમની હસ્તરેખા જોઈ કહ્યું:–"તમે તો અમારા રાજા બનવાને નિર્માયા છો" પંડિતજીએ 'રાજા' શબ્દ સામે સખત વાંધો લીધો. જોશીએ વાત ફેરવી. રાજા શબ્દ સામે વાંધો લેવા જેવું પંડિતજીને કેમ લાગ્યું હશે એ વિષે ઘણી અટકળો કરવામાં આવે છે. રાજા એટલે પારકાની કમાણી ઉપર વિલાસ માણનાર વ્યકિત, આપખુદ સત્તાનો અને સ્વચ્છંદનો અધિકારી એવો કંઇક અર્થ એમણે કલ્પ્યો હશે. એટલેજ એમને રાજાની પદવી અને વૈભવ સામે સખ્ત વાંધો લીધેલો હોવો જોઇએ. કોઇ કોઇ વાર મિત્રોની મંડળીમાં છેલબટાઉ જેવા માણસોને "રાજા માણસ" તરીકે ઓળખાવવામાં આવે છે. રાજાને માટે પહેલાં જે માન હતું. રાજાને જે ઇશ્વરાંશ માનવામાં આવતા તે હવે લગભગ અદૃશ્ય બન્યું છે.

આવોજ એક બીજો દાખલો–બીજો પ્રસંગ મને સાંભરે છે, એક વાર દૂરથી શાંતપણે ચાલ્યા આવતા એક મિત્રને એક ભાઇએ કહ્યું–"આપ ખરેખર એક જૈન મુનિ જેવા લાગો છો" એમણે એ 'મુનિ' શબ્દ સામે સખત વાંધો લીધો. એમણે કહ્યું–"જૈન સાધુ એટલે પારકાનાં છોકરાંને ઉપાડીજનાર–જેમની ખાતર વડોદરા જેવા સ્ટેટને ધારાપોથીમાં ખાસ કાયદો ઉમેરવો પડે. એવા મુનિ તરીકે તમે મને સંબોધો તે સાંભળવા હું ખુશી નથી" પંડિત જવાહરલાલ નેહરૂએ રાજા શબ્દ સામે જેવો વાંધો લીધો તેવોજ આ ભાઇએ "જૈનમુનિ" શબ્દ સામે એ વખતે વાંધો લીધેલો. પણ એ વખતે વર્તમાનપત્રનો કોઈ ખબરપત્રી હાજર ન હતો. અથવા તો એ વાર્તાલાપને બહુ અગત્ય આપવાનું ઠીક નહિ ધાર્યું હોય. તેથી એ વૃત્તાંત વર્તમાનપત્રને પાનીયે ન ચઢયું, જૈનમુનિ જેવા ગૌરવવંત વિશેષણ સામે સખત વાંધો લેવામાં આવે તે જોઇ અમને તે વખતે આશ્ચર્ય થયું.

રાજા અને મુનિ એ બંને ઉપમાઓ આજના જમાનામાં વાંધા ભરી ગણાય છે. એવું શું કારણ હશે? રાજા અને મુનિ–સાધુ તરફ પહેલાં જે ભકિતભાવ હતો તે કાં ઉડી ગયો? રાજા અને મુનિ જેવી ઉપમા મળવાથી પહેલાં જે સામાન્ય સન્માન સમજાતું તે કાં લોપ પામ્યું?

રાજા–પ્રજાનો પાલણહાર હતો. મુનિ–પ્રજાના કલ્યાણની સતત ચિંતા ધરાવતા. રાજાને એક અર્થમાં યોગી જ ગણવામાં આવતો. જે માણસ પોતાનાં સુખ–દુ:ખને તુચ્છ સમજી બીજાના સુખ–શાંતિ –આરામનો વિચાર કરે. યોજનાઓ ઘડે તે યોગીજ ગણાય. અને મુનિ તો રાજાઓના પણ રાજા. જેમણે પોતાના સુખની ફીકર સર્વથા તજી દીધી છે. માત્ર દેહ નભાવવા માટે ભીક્ષામાં મળતા નિર્દોષ આહાર ઉપર આધાર રાખ્યો છે. તે તો રાજા કરતાં પણ મહાન છે–મહારાજ છે–રાજરાજેશ્વર છે. રાજા અને મુનિ એ બેઉ જણા તરફ જનસંઘનાં વંદન વળે એ સ્વાભાવિક હતું.

રાજાએ પ્રજાની સ્થિતિની ચિંતા કરવાનું મૂકી દીધું, રાજાએ રાજ્યને પોતાની મિલકત ગણી. એ ગમે તેટલા ઉડાઉ ખર્ચો કરે–ગમે તેવી સ્વચ્છંદતા માણે, એને ટોકનાર કોઈ ન મળે. રાજાના સંયોગો જ એવા છે કે એ પોતાના શાસ્ત્રોકત આદર્શને વફાદાર ન રહી શકે. પ્રજાનો પ્રેમ પૂરેપૂરો સંપાદન ન કરી શકે, એનું સ્થાન ભૂંસાતું ચાલ્યું.

મુનિઓએ પણ દેશ–કાળની તપાસ કરવાનું માંડી વાળ્યું. એમણે હજાર–બે હજાર વરસ ઉપર રચાયેલાં શાસ્ત્રોનાં ચશ્મામાંથી જગતને નીરખવા માડયું. એમણે પાંચ–સાત સૈકા ઉપર થઈ ગયેલા મુનિ–મહાત્માઓનાં જીવન લલકારી લલકારીને ગાવાં શરૂ કર્યાં. મુનિનાં માહાત્મ્ય શ્રોતામાત્રના કાનમાં રેડવા માંડયા. પલટાયેલી પરિસ્થિતિથી પોતે અસ્પૃશ્ય છે એવો કદાગ્રહ ધરી રહ્યા. શ્રીમંતોએ, ભકતોએ એમનાં તાનમાં તાલ પૂર્યાં.

સંસારના જીવનમાં જેમની વાસનાઓ અધુરી રહી હતી. સામાન્ય વહેવારમાં જેમનો ભાવ પણ ન્હોતો પૂછાતો, એવા માણસોએ મુનિપણાનાં વસ્ત્ર પહેર્યાં. વૈરાગ્ય–જ્ઞાન કે વિવેકની તો એમને રજમાત્ર જેટલી પણ જરૂર ન હતી. ભદ્રિકો વસ્ત્રના બહાને પૂજવા તૈયાર હતા. મુનિનો વેષ પહેરતાં જ એમણે પોતાની વાસનાઓના ઘોડા પૂરદમામ છુટા મૂકી દીધા. ન્હાની સરખી રાજસત્તા મળી ગઇ હોય તેમ તેમણે શાસનદંડ ફેરવવો શરૂ કર્યો. પોતાની આડે આવે એમને તેઓએ નાસ્તિક, ધર્મદ્રોહી જેવા શબ્દોથી નવાજવા માંડયા. શિષ્યોની સેના વધારવા ગૃહસ્થોનાં છોકરાં નફટપણે નસાડવામાં પણ એમને પોતાને શરમ જેવું ન રહ્યું. વિકરાળ મુખ વિકાસી રહેલી બેકારીની ઉપેક્ષા કરી તેમણે વાજા–ગાજા અને ગુરૂ મંદિર પાછળ સમાજનું લખલૂટ દ્રવ્ય ખર્ચવા માંડયું.

આવા મુનિ જીવન વિષે કોને માન રહે? પ્રજાના જીવનની સાથે જેમનો નાડી–સંબંધ હતો તે રાજાઓએ અને સાધુઓએ છેદી નાખ્યો છે. અથવા તો છેદાઇ ગયો છે. શિકારની રહેલગા ગોઠવતા, લાટસાહેબોની સાથે ભોજનનો આનંદ લૂંટતા. દિલ્હી–સીમલાની મુસાફરી કરતા રાજાઓ આમવર્ગથી નથી સમજાતા, જાણે એ સર્વ દેવવિમાનમાં વસતા હોય એમ લાગે છે તેજ પ્રમાણે પ્રતિષ્ઠા કે ઉજમણાની યોજનાઓ ઘડતા, રાગી શ્રાવકોની મિજલસમાં બેસી અધર્મીઓને છુંદી નાખવાની મંત્રણાઓ ચલાવતા અને સામૈયાની ચિંતામાંથી બેચેન જેવા દેખાતા મુનિઓ પણ પૃથ્વીથી અધ્ધર રહેતા હોય એમ લાગે છે. જુગજુના સંસ્કાર કે અભ્યાસથી પ્રેરાયેલો માનવી, રાજાનું ઐશ્વર્ય અને મુનિઓનો આડંબર જોઇ કદાચ બે હાથ જોડે તો પણ એમાં સ્નેહ, સન્માન કે શ્રધ્ધાને નામે તો મીંડુંજ હોય છે. આવા મુનિ શબ્દના પ્રયોગ સામે, પેલા સજ્જને બતાવેલો વિરોધ સકારણ દીસે છે:

# આગામી જૈન યુવક પરિષદ્.

પરિષદો-સંમેલનો અને જાહેર જલસાઓથી આપણે એટલા ટેવાઇ ગયા છીએ કે; અમારા વાર્ષિક તહેવારોનો ક્ષણિક આનંદ આપણને જેટલો મંદ ઉત્સાહ પ્રેરે છે, તેવુંજ આવા અગત્યના સંમેલનોને અંગે બને છે. પરિષદો એ વિચાર વિનિમય અને પ્રચારનું અગત્યનું સ્થળ છે. છતાં તેની પાછળની જહેમત અને તે પાછળ થતું ખર્ચ એ ઉભય પ્રતિ દષ્ટિપાત કરતાં, ત્યારબાદ જે શુષ્કતા અને નિશ્ચેતન પણું માલમ પડે છે. તે સમાજની સર્વ પ્રવૃત્તિઓને આગળ ધપાવવાને બદલે તેના અંગોને સંધીવા જેવું વેદનામય નિવડે છે.

આ ઉંપરાંત પરિષદો તે થોડાં ઘણાં શ્રીમંતોનું અને યુકિત-પ્રયુકિત ખેલી જાણનાર આડંબરધારીઓનું-સમાજના મોવડી બનવા માટેનું સાધન બની રહે છે. જે વ્યકિતઓ પરિષદની ત્યારપછીની કાર્યવાહીમાં ભાગ્યે જ સક્રિય ભાગ લે છે. આવા કડવા અનુભવોથી સમાજના ઘણાયે શાણા વ્યકિતઓની આવી સંમેલનો પરત્વેની સાચી શ્રધ્ધા ઉડી ગઇ છે; અને જો તેઓ તેનો સત્કાર કરતાં હોય તો તે "અનિવાર્ય આવશ્યકતા" લેખીને જ. આ સ્થાને એટલું જણાવવાની જરૂર છે કે આપણી પાસે જે બહુ ઓછા મુંગા કાર્યકરો છે. તે સિવાય ઉચ્ચ આદર્શ સેવનાર યુવક બંધુઓએ છેલ્લી બે-ત્રણ પરિષદોમાં જે અપ્રતિમ ઉત્સાહ દાખવી સમાજના ભાવિ માટે અને સળગતી સમસ્યાઓના ઉકેલ માટે જે જ્વલંત આશાવાદ આવ્યો હતો તેની સરખામણીમાં નહિ જેવુંજ કાર્ય થયું છે અને જે કાંઇ થયું છે, તે સમયના આંદોલનોનું કે સામાજિક ઘટનાઓના પ્રત્યાઘાતોને લઇને.જ આપણે અત્યારસુધી આપણા મવાલપક્ષી નેતાઓની કાર્યપધ્ધતિ ધીરી અને પીછેહઠવાળી ગણતા આવ્યા છીએ. પરંતુ આપણી કાર્યપ્રણાલિકા તેમનાથી વિશેષ વેગવંત તો નથી જ. જો કે તે પ્રગતિની દીશામાં જ છે. એટલે કે પ્રથમ તો આપણે એજ નિશ્ચય કરવાની આવશ્યકતા છે કે આપણે હવે જે ઠરાવો કરીએ તે ઠરાઓનું; પુષ્કળ પ્રચાર કરી તેમાંના ઉદ્દેશોને મૂર્ત સ્વરૂપ આપવા આપણા પ્રત્યેક યુવક સંઘને અને તેવા મંડળને પ્રેરીએ. આપણી પાસે કાર્યક્ષેત્ર ઘણુંએ છે. જેમ કે:--

આપણી ઉગતી પ્રજાના શારીરિક અને માનસિક વિકાશ માટે આપણા સાધનો વિપુલ અને વ્યવસ્થિત બનાવીએ.

આપણા જ્ઞાતિભેદો, વાડાઓ અને કુંડાળાઓના સંકુચિત ક્ષેત્રો તોડવા વ્યવહાર યોજના તૈયાર કરી તેનો અમલ કરવા પીઠબળ કેળવીએ.

સાહિત્ય પ્રચારના નામે, ઉપાશ્રય, ધર્મશાળાઓ કે મંદિરોના નામે યા તો તેવા ધાર્મિકકાર્ય માટેના નાણાના આસંતોષકારક વહીવટને સુવ્યવસ્થિત બનાવવા આપણી સાચી માન્યતા સચોટરીતે જાહેર કરી તે અમલમાં મૂકવા માટે ઘટતા પ્રયાસો આદરીએ.

અને:-

તે સિવાય પ્રાંતિક તેમજ સ્થાનિક યુવકસંઘો વિશેષ જાગૃત રહે અને પ્રેરણાના ધામ બને તે માટે પરિષદનું કેન્દ્રસ્થાન પ્રવૃત્તિઓનું મધ્યબિંદુ બની શકે તે માટે કાર્યકરો આકર્ષીએ.

આગામી જૈન યુવક પરિષદ અમદાવાદ મુકામે ભરાવાની છે તેમ નકકી થયું છે, અમદાવાદ જૈનપુરી છે, તેટલું જ નહિ પરંતુ અનેક પ્રવૃત્તિઓનું પ્રેરણાધામ છે. વિશેષે અમદાવાદ પરિષદ માટેનું યોગ્ય સુયોગ્ય સ્થળ છે.

અમદાવાદની યુવક પરિષદ યુવકોની હિલચાલને જોશ આપવા માટે સફળ નીવડે એમ ત્યાંનું સંમેલન સામાજિક ક્ષેત્રમાં નવા આંદોલનો માટે વધુ ઉત્સાહ આપે તેવી શુભેચ્છા !

**શ્રી નાનાલાલ દોશી.**

## શ્રી જૈન યુવક પરિષદ.

### યુવાનોને.

**અમદાવાદના શ્રી જૈન યુવક સંઘે આગામી જૈન યુવક પરિષદનું અધિવેશન આવતા માર્ચ માસમાં અમદાવાદ મુકામે ભરવાના કરેલા નિર્ણયથી યુવકોમાં ઉત્સાહ ફેલાયો છે.**

**અમદાવાદ ગુજરાતનું કેન્દ્ર હોવાથી ખાત્રી છે કે હજારો યુવકો પરિષદમાં હાજરી આપી પરિષદને શોભાવશે.**

(અનુસંધાન પૃષ્ઠ ૭ થી ચાલુ.)

"શોભવા ન શોભવાની વાત મૂકી દ્યો" ડોસા નિરસ રીતે ધીમેથી પણ મકકમ પણે બોલ્યા:-" હું બોલ્યો છું તે મ્હારે કબુલ છે પણ ત્હમે પૈસા, લાગવગ, મ્હોટું કુટુંબ અને ચારનાગા તમારી તરફેણ કરનારા હોય તેથી તમે મને દબાવીને કામ લેવા જાવ તે નહી ચાલે, અને-"

"પરન્તુ-" ત્રીકમલાલ વચમાં બોલવા જાય છે. તેને હાથનાં ઇસારાથી રોકીને વૃદ્ધ બોલ્યા:-

"ભાઇ ! આ તો ચાક ઉપર પેંડો છે. 'ઘડો ઉતરે કે ગાગર' તે હું ન કહી શકું. મ્હારી 'હા' પણ છોકરી વિનોદનીને, ત્હેને સ્હમજાવવા પડે, તે ના સ્હમજે તો મ્હારો ઇલાજ નહિ."

ડોસાને જવાબદારીમાંથી નીકળવાનો પ્રયત્ન કરતા જોઇ ત્રીકમલાલ બોલ્યો:-"ત્યારે એમ ચોકખુંજ બોલો ને કે હવે વાત ત્હમારા કાબુમાં નથી.

—ચાલુ.

# વીતરાગની પ્રતિમા.

આ છે આડંબરની દુનિયા, વ્યાપારીઓ કચરા માલને વેચવાં આડંબર કરે છે. સાધુ–મહંતો પોતાનાં જ્ઞાન પ્રતિભા બતાવવા આડંબર કરે છે. શ્રીમંતો પોતાની શ્રીમંતાઇની શોભા બતાવવા આડંબર કરે છે. એટલે કે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આડંબર ઘુસી ગયેલ છે. પરંતુ દુઃખદ તો એ છે કે ધર્મમાંયે આડંબરે પગ ઘુસાડી સડાનાં મૂળ ઉંડા જમાવી દીધાં છે. આડંબરનું સામ્રાજ્ય જગતની બધી દીશાઓમાં વિજયવંતુ પ્રસરી રહ્યું છે. જગત આડંબર તરફ ધસતું રહે છે, જાણે આડંબર એજ જીવનનું લક્ષ્ય ન હોય !

લોકો કહે છે કે દંભ વિના દુનિયા ન ચાલે, કબુલ છે કે આજના વિષમ સંસારમાં સફાઇ વિના ન ચાલે. કોણ કહી શકે એમ છે કે આજની આપણી પરાધીન દશા પણ એવી સફાઈની સોનેરી જાળને આભારી નથી ?

પણ સૌથી વિચિત્રતા તો એ છે કે જેણે સમસ્ત સંસારનો ત્યાગ કર્યો, સંસારથી નિર્લેપ બની અહિંસા અને સત્યનાં આકરાં વ્રતો લીધાં, જગત કલ્યાણ સાધવા ફકીરી લીધી, પરિગ્રહવ્રતનાં પચ્ચખ્ખાણ કર્યાં, તેવા એ પરમ ત્યાગીની–વીતરાગદેવની પ્રતિમા પર પણ કેટકેટલાંય આડંબર રચાયાં છે ? કેટકેટલાંય માનવીની ઘેલછાંના પડછાયા પથરાઈ રહ્યા છે ? કારણ ? ધર્મમાંય વણિકબુધ્ધિ પેઠી, અને વાણીઆનાં સારમાનાં એ આડંબરો પ્રભુની પ્રતિમાપર પથરાયાં !

માનવી સત્યનો ઉપાસક મટયો ને પોતાને મનગમતી વાતોને ધર્મને નામે ઠોકી બેસાડી !

હૃદય પોકારે છેઃ–

"પ્રભો ! ત્હારા મંદિરમાં જાઉં છું ને કમકમા ઉપજે છે. કારણ કે ત્હારી ઝવેરાતમય મૂર્ત્તિને જોઉં છું ને ત્યાં વિલાસી ભાવના તરવરતી નજરે પડે છે"

"પૂજા કરતાં પૂજ્ય બનાય"

કેટલું સચોટ વાક્ય ? મૂર્ત્તિ એટલે પ્રતિકૃતિ–છબી. છબી જોવાથી ગત મનુષ્યોની ઓળખ રહે, તેવીજ રીતે પ્રભુનું મૂળ સ્વરૂપ અંતરમાં દઢ રીતે સ્થપાય, તેટલા માટે જ આપણે પૂજામાં માનીએ છીએ.

શાસ્ત્રકારોની સંમતિએજ શિલ્પકારોએ મૂર્ત્તિને નગ્નસ્વરૂપમાં ઘડી છે. પણ એ નગ્નસ્વરૂપમાં હમારા 'આડંબરી સ્વભાવ'ને લજ્જા આવી અને અનેક આભૂષણોને ઝવેરાતનાં ઠાઠમઠારા ઉત્પન્ન થયાં ત્યારથીજ અર્હંતનું મૂળ સ્વરૂપ બદલાયું છે–ભૂલાયું છે. કેટલાંયે બેહુદા શણગારો, આંગીઓ–મોતી માણેકના લાખ્ખો રૂપીઆના ઝવેરાતના ઢગલા એ ત્યાગીની મૂર્ત્તિપર પથરાય છે. અને 'વેસ્ટ એન્ડ વૉચ કું૦'નું સોનાનું ઘડીયાળ પ્રભુના શરીરપર પહેરાવવાની ધૃષ્ટતા પણ થયેલી તે નજરે જોએલી છે, અને સુકોમળ પુષ્પોનો તો તેના પર ગંજ જ ખડકાય છે !

'પ્રભો ! તું વીતરાગના નામે અમે દુકાનો માંડી ત્હારી વીતરાગતાની કેવળ હાંસી સિવાય બીજું શું કર્યું છે ?"

પુષ્પ વિષે 'હિતશિક્ષાના રાસનું રહસ્ય' નામના પુસ્તકમાં નીચે પ્રમાણે વર્ણન છેઃ–

"અહિં પ્રસંગોપાત લખવું જરૂરી છે કે પુષ્પો પ્રભુને ચઢાવવામાં જેમ બને તેમ કરૂણાભાવનો વિશેષ અમલ કરવો જોઇએ. એ પુષ્પો પ્રભુને શરણે એવી રીતે મૂકવા જોઈએ કે જેથી તેને કિલામણા (દુઃખ) ન ઉપજે; અને તે એકેંદ્રિય જીવો હોવાથી તેનું બાકીનું આયુષ્ય સુખે પૂરું કરે. આટલા ઉપરથી જ 'ફુલ પગે છુંદવાથી પાપ લાગે' એમ કહેવામાં આવે છે. કેટલાક બંધુઓ આ વાતને તદ્દન ભૂલી જઇ ફુલોને તિક્ષ્ણ સોયા વડે ઘોંચીને બનાવેલા ફુલના હાર ખરીદ કરે છે અને તે ચઢાવીને રાજી થાય છે. કેટલાંક તો ફુલના ઢગલા ખરીદ કરી સંખ્યાબંધ તેવા હારો બનાવરાવે છે. પરંતુ તેમાં પરમાત્માની આજ્ઞાની વિરાધના થાય છે તે વાત બીલકુલ ભૂલી જવાય છે. તેમજ ફુલને પગ નીચે ચગદાય તેવી સ્થિતિમાં પડેલા જોઇને પણ તેની દયા ચિંતવતા નથી. પરમાત્માની પૂજા સચિત્ત જળ–પુષ્પ–ફળાદિવડે કરવાની આજ્ઞા છે, પરંતુ તેની સાથે તેનો જયણાપૂર્વક ઉપયોગ કરવાની ખાસ સૂચના છે. પરમાત્માને ફુલ કેવી રીતે ચડાવવા ? તેની હકીકતમાં જ આવા સોયા વડે પરોવીને કરેલા હારનો નિષેધ છે. તેને માટે શાસ્ત્રાધાર પણ ઘણા છે."

રાસના કર્તા કવિ ઋષભદાસજી કહે છે કેઃ–પુષ્પ ખંડિત કરવું નહિ, તેની પાંખડીઓ તોડવી નહિ, "કેટલાક બંધુઓ તેના પાછલા ભાગની પાંખડીઓ જે તેના રક્ષણ માટે છે તે તોડી નાખે છે, કેટલાંક તો તેના પર કાતર ચલાવે છે અને કેટલાંક આંગીમાં દાખલ કરવા માટે જ સળીયોમાં પરોવે છે, આ તમામ અયોગ્ય છે"

વળી એક પંકિત છે કે–

"પુષ્પ પાંખડી જ્યાં દુભાય; ત્યાં જિનવરની નહી આજ્ઞાય"

નથી સમજાતું કે વીતરાગને આ માયા શી ? એની મૂર્ત્તિપર કોટને અંગરખાની 'ડીઝાઇનો' શી ? ગળામા માળાઓ શી ? અને હાથપર કલ્લાં–કડાં–ઘડીયાળો શાં ? સેન્ટ–લવંડરના શોખ શા માટે? આ પત્થરની મૂર્તિને જો કપડાં–લત્તાં પહેરાવી શકાતા હોય તો; અન્યધર્મીઓની માફક શા માટે એ પત્થર ઉપર જ એ 'ડીઝાઇનો' ન કોતરવામાં આવે ?

એક દાખલો લ્યોઃ–

પૂજ્ય મહાત્માજી વસ્ત્રોમાં માત્ર એક ટુંકું પંચીઉં અને એક ખભે ઓઢવાનું રાખે છે, એનાં ત્યાગ અને સંયમ કોનાથી અજાણ્યા છે ? એવી એક પરમ વ્યકિતની મૂર્ત્તિ કે છબીને કોઈ કોટ–પાટલુન–મોજાંને હેટમાં સજ્જ થયેલી ચિતરે તો એના આત્માને કેટલું દુઃખ થાય !

ત્યારે 'અરિહંતની મૂર્ત્તિ'ની કલ્પના આવે છે ? ? એક કવિએ ઠીક જ કહ્યું છે કેઃ–

"પ્રભુ ત્હારાં બનાવેલાં, ત્હને આજે બનાવે છે"

આપણને જે જે ગમ્યું; તે તે મૂર્ત્તિપર ચઢાવ્યું. આપણી આંખને–આપણા દીલને જે જે શોભાસ્પદ લાગ્યું તે તે વગર વિચારે ઉપયોગ કરતાં ગયાં, કેટલાંક 'પ્રેમલાઓ' તો પ્રભુની મૂર્ત્તિ સામે આરીસો ધરી તેનું પ્રતિબિંબ તેમાં જુએ છે. કે–"પ્રભુ કેવા બન્યા છે ?" જાણે કે પ્રભુ એટલે કોઇ રમકડું ન હોય !

આવાં આવાં અનેક નાટકો નીરખીને કેટલાંયે વિચારકો દેરાસરમાં જતાં અટકી ગયાં છે.

સમાજના સૂત્રધારો–સાધુઓ આવાં ઘુસી ગયેલાં–ઘુસતાં જતાં દંભને દૂર કરવા પ્રયાસ કરશે ? ?

અને અંતમાંઃ–

પ્રભો ! ત્હારૂં મૂળ સ્વરૂપ અમે ઓળખીએ અને સત્યના માર્ગે વહન કરીએ એટલી સદ્બુધ્ધિ અમને ગળી રહો ! એજ પ્રાર્થના !

**"શાંતિકુમાર"**

# હંસાનો વિવાહ

## ( એક પ્રસંગ કથા. )

લેખકઃ-**સુધાકર.**

( ૩ )

બીજા પંદરેક દિવસ વીતિ ગયાં.

એ દરમ્યાન પ્રફુલ્લચંદ્રનો પત્ર આવી ગયો. તે પત્રમાં દાદાજીના આ સાહસ માટે ઉગ્રશબ્દોમાં તેણે વિરોધ દર્શાવ્યો હતો, અને પિતાને વિનંતિ કરી હતી. કે-"હંસાનું લગ્ન તેની પસંદગી અને સંમતિથી જ થવું જોઇએ. આ પ્રસંગે તો તમારે વધુ મકકમ થવું જ પડશે. અને એકાદ અઠવાડીયામાં હું ત્યાં આવી જઇશ. તે પહેલાં કંઇ પણ નિર્ણય ન કરવા આગ્રહ ભરી વિનંતિ છે. પ્ર૦" આ પત્ર ઉપરાંત રૂઢિચૂસ્ત સમાજના મિત્રો, સંબંધીઓ અને સગાંઓની શિખામણો; સમાજની રૂઢિચુસ્તતાને વિદારવા મથતા યુવાન મિત્રો તરફથી પ્રોત્સાહન ભરી સૂચનાઓ; વિગેરે ઘણીય બાબતો બની જઇ.

વિનોદચંદ્ર તરફથી ત્યાંની નાતના રિવાજ મુજબ સગપણ-વિવાહને અંગે કરવી જોઇતી પ્રાથમિક કંઇ પણ વિધિ કરવામાં આવી ન હતી; તેમજ લોકોમાં ચાલતી વાતોથી નવલચંદ્ર મહેતાના કુટુંબમાં ખળભળાટ તો થયોજ હતો. તો પણ ત્હેમણે ધીરજ રાખવામાં ડહાપણ જોયું. પરંતુ અંતે નવલચંદ્ર મહેતાની ધીરજ ખૂટી અને ત્હેમણે પોતાના મોટા દીકરા ત્રીકમલાલને વૃધ્ધ વ્હેવાઇ-વિનોદચંદ્રના પિતા પાસે છેલ્લો જવાબ લેવા મોકલ્યા.

"કેમ મુરબ્બી!" એમ કહી ત્રીકમલાલે વૃધ્ધના ઓરડામાં પગ મૂકયો અને બે હાથ જોડી વંદન કર્યું.

"ઓહો! કોણ ત્રીકમલાલ આવો, આવો અહિં બેસો" એમ કહી થોડીવાર પહેલાં જ વામકુક્ષી કરી બેઠા થયેલા વૃધ્ધ જરા સંકોચાઇ પલંગપર ત્રીકમલાલને બેસવાની જગ્યા કરી આપતાં બોલ્યાઃ-વૃદ્ધના કરચલીઓ પડેલા ચહેરાપર ગંભીરતા છવાઇ. થોડી-વારે તેમણે ઉમેર્યું. "હું બધું સ્હમજું છું ત્રીકમલાલ! પણ આટલી બધી ઉતાવળ શા માટે? નવલચંદ્ર મહેતાને કહેજો કે હું બોલ્યો છું તેને ઉત્થાપનાર કોઈ છે જ નહિ, માટે જે બને તે શાન્તિથી જોયા કરો." એમ કહી ત્રીકમલાલ શું બોલે છે તે જાણવા માગતા વૃદ્ધ તેના ચહેરા સામે તાકી રહ્યા.

થોડી વારે ત્રીકમલાલે મૌન તોડયું,

"જુઓ શેઠ! ત્હમારા જેવા વૃધ્ધનું વચન ન ઉત્થાપવું. એટલા ખાતર જ મારા બાપુએ તમે વાત કરી કે તરત જ સગપણની વાત કબુલી હતી. બાકી ન્યાતમાં કન્યાઓનો તોટો નથી. મ્હારા બાપુએ સ્પષ્ટ જવાબ માગ્યો છે. ત્હમારો વિચાર શો છે? આજ મહીનો થયો. લોકોમાં ચાલતી વાતોથી અમે તો કંટાળ્યા છીએ" એટલું બોલી ત્રીકમલાલ આતુર નજરે જોઇ રહે છે. ડોસા વિચારમાં હોય તેવા ભાવથી નીચું નિહાળી રહ્યા છે. ત્રીકમલાલ આગળ ચલાવે છે "તમારે માટે આ બાબત વિચારવા જેવી તો છે જ, કારણ કે અમને બીજી કન્યા મળી રહેશે એટલે કદાચ અમે વાંધો ન લઇએ. પણ એક ખાનદાન કુટુંબની આબરૂમાં હાથ ઘાલવા બદલ અને ન્યાતના બંધનો તોડવા બદલ ન્યાત તો ત્હમને પુછશે જ ને?!"

"ત્રીકમલાલ! આ ડોસાએ પણ જમાનો જોયો છે. ન્યાત શું કરશે અને શું નહિ કરે તે મ્હને શિખવાડવાનું ન હોય! ન્યાતના ચાર નાગા ચૌદશીઆને દબાવ્યા એટલે બધું ચુપ! અને જરા લાલચ આપી ઉશ્કેરો એટલે મ્હોટી રામાયણ રચે. સ્હમજ્યા!" ત્રીકમલાલની આડકતરી ધમકીથી ડોસા તડુકી ઉઠયા અને પછી જરા ટટ્ટાર બની બોલ્યાઃ-"આપણી જ્ઞાતિઓ એટલે લાગ-વગ અને પક્ષવાળો ફાવે. ન્યાય-અન્યાય જોવાય છે જ કયારે? મ્હને ન્યાતનો ડર ન બતાવશો" એમ કહી ડોસા જરા શ્વાસ લ્યે છે. અને શાંતિથી પોતાની મુશ્કેલી રજુ કરે છે. "હું જે બોલ્યો છું તે મ્હારે કબુલ છે. પણ જે મહાભારત મ્હારા ઘરમાં ઉભું થયું છે તેનો કંઇ ત્હમને ખ્યાલ છે? મ્હારે બધાની ઉપરવટ થઇને મ્હારૂં બોલ્યું સ્થાપવાનું છે. માટે જરા ધીરજ રાખો"

આપને મુશ્કેલી છે તેની અમે કયાં ના પાડીએ છીએ. પણ છેવટે તમે ફરી બેસો તે વખતે અમે તો "અતો ભ્રષ્ટસ્તતો ભ્રષ્ટઃ" જેવી સ્થિતિમાં મૂકાઇએ ને?" ત્રીકમલાલે પણ પોતાની મુશ્કેલી રજુ કરી.

"સ્હમજ્યો" વૃધ્ધનો ખોખરો અવાજ ગાજ્યો. પછી ડોસા-જરા ત્રીકમલાલની નજદીક ગયા. અને બહુ ધીમેથી બોલ્યાઃ-"ત્હમે હજુ યુવાન છો. ત્હમે મ્હારા જેટલા ઉન્હાળા નથી જોયા ત્રીકમલાલ! ન્યાતમાં કન્યાઓ ઘણી હશે પણ આ વાત જો બંધ ન બેઠી તો પછી પરસોત્તમના કપાળે કંકુ ચોટવાની બહુ મુશ્કલી પડે. એ તમારા કરતાં હું વધારે સ્હમજું છું. કારણ આપણી ન્યાતને હું વધારે ઓળખું છું. હા, ત્હમે પૈસાના જોરે ગમે તે કરો. એ જુદી વાત છે" ત્રીકમલાલ ડોસાની વાત સાંભળી બહુ અકળાયો. પરંતુ તે કૈં પણ બોલે તે પહેલાં ડોસા-એ દાવ ફેંકયોઃ "અને વળી મ્હારો પછી વાંક કાઢશો. માટે જો અત્યારેજ કન્યા મળી જતી હોય તો જાવ હું રજા આપું છું. તમે સુખેથી બીજે વિવાહ કરી લેજો!" ડોસા અભિમાન ભર્યા ગૌરવથી ત્રીકમલાલ તરફ નિહાળી રહ્યા.

"મુરબ્બી! આમ બોલવું તમને શોભે છે?" ત્રીકમલાલ જરા નરમ બની બોલ્યો.

( અનુંસંધાન જુઓ પૃષ્ઠ ૫ મું. )

## સ ❖ મા ❖ ચા ❖ ર

# જૈનટ્રસ્ટોને પણ તે લાગુ પાડવો જોઇએ.

### આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખની જાહેરાત.

અમદાવાદ તા. ૨૬–૧૧–૧૯૩૫.

મુંબઇ ઇલાકાની ધારાસભાએ તાજેતરમાં પસાર કરેલો ટ્રસ્ટોના રજીસ્ટ્રેશન માટેનો કાયદો જૈનમંદિરો અને ધર્માદા ટ્રસ્ટોને લાગુ પાડવાના સબંધમાં હિંદભરના જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ જણાવ્યું હતું કે–અમારી કમીટીએ એના પર વિચાર કરીને એવો નિર્ણય કર્યો છે કે–એ કાયદો જૈન ટ્રસ્ટોને પણ લાગુ પાડવામાં આવવો જોઇએ. તો પણ હું માનું છું કે સામાન્ય રીતે ધર્માદા ફંડો માટે નકકી કરેલી રૂપીઆ એક હજારની રકમ બહુ ઓછી હતી. અને જૈનોના ધર્માદા ટ્રસ્ટોના સંબંધમાં જે ટ્રસ્ટોની આવક ઓછામાં ઓછી રૂા. બે હજારની હોય તેને આ કાયદો લાગુ પાડવો જોઇએ.

### મુંબઇ જૈન યુવક મહામંડળ.
### વર્કીંગ કમીટિની મીટિંગ.

શ્રી જૈન યુવક મહામંડળની વર્કીંગ કમીટિની એક મીટીંગ તા. ૨૦–૧૧–૩૫ ના રોજ રાત્રીના ૭ વાગે (સ્ટા. ટા.) શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાં શ્રી આમીચંદ શાહના પ્રમુખ પણા નીચે મળી હતી. જેમાં સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યા.

૧ આજરોજ મળેલી મહામંડળની સમિતિ ના. મુંબઈ સરકારને "સખાવતી યા તો ધાર્મિક પ્રકારના ટ્રસ્ટો"નું જે બીલ પસાર થયું છે તે જૈન સમાજને લાગુ પાડવા આગ્રહ પૂર્વક ભલામણ કરે છે, કારણ કે લાંબા વખતથી જૈન સમાજના કેટલાંક એવા ટ્રસ્ટોને લગતા ટ્રસ્ટીઓએ રીતસર હિસાબો બહાર પાડ્યા નથી તેમજ સમાજના સભ્યોને હિસાબ બતાવવા માટે બેદરકારી દેખાડી છે. એટલે ટ્રસ્ટો સુરક્ષીત રહે એવું આ મંડળનું માનવું હોવાથી જૈન કોમને તે કાયદો લાગુ પડે તેવું અમારૂં મંડળ ઇચ્છે છે.

૨ વર્કીંગ કમીટિ મહામંડળમાં જોડાએલી સંસ્થાને ભલામણ કરે છે કે તેઓએ આ પ્રમાણે ઠરાવ કરી ના૦ મુંબઇ સરકારને મોકલી આપવો.

૩ શ્રી અમદાવાદ જૈન યુવક સંઘનો પરિષદ માર્ચ માસમાં બોલાવવાનો ઠરાવ કર્યાનો કાગળ રજુ થતાં તેની નોંધ લેવામાં આવી ત્યારબાદ કમીટિની મીટિંગ વિસર્જન થઇ.

# અમદાવાદ જૈન યુવક સંઘની મીટીંગ

### મુંબઇનો ટ્રસ્ટ રજિસ્ટ્રેશન એકટ.
### તે જૈનોને પણ લાગુ પાડવાની માંગણી
### માર્ચ મહિનામાં અમદાવાદ ખાતે જૈન યુવક પરિષદ
### વડોદરાનો દીક્ષાનો કાયદો રદ કરવાની ચળવળ સામે વિરોધ.

અમદાવાદ તા. ૧૯ મી નવેમ્બર.

તા૦ ૧૭–૧૧–૩૫ ના રોજ રાતના સાડાસાત વાગે અમદાવાદ જૈન યુવક સંઘની મેનેજીંગ કમીટીની મીટિંગ રોયલ જવેલરી માર્ટમાં મળી હતી જેમાં નીચેના ત્રણ ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

### ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ.

(૧) જૈનોના ધર્માદા વગેરે ટ્રસ્ટ ફંડો તથા તેના હિસાબોનું અવ્યવસ્થિતપણું તથા ત્રસ્ટીઓ પાસેથી ત્રસ્ટોના હીસાબોને લગતો સંતોષકારક જવાબ મેળવવામાં પડતી મુશ્કેલીઓ તથા કાયદાની દૃષ્ટિમાં બીજા અસરકારક પગલાંની ન્યુનતા ધ્યાનમાં લઈ બોમ્બે ત્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ જૈનોને લાગુ પાડવા નામદાર મુંબઇ સરકારને આ સભા આગ્રહ કરે છે.

### જૈન યુવક પરિષદ.

(૨) આગમી યુવક પરિષદનું અધિવેશન બધી પરિસ્થિતિનો વિચાર કરી માર્ચ મહીનામાં બોલાવવું અને તે અંગેનું પ્રચારકાર્ય અત્યારથી જ શરૂ કરી દેવું.

### દીક્ષાનો કાયદો.

(૩) તા. ૧૫–૧૧–૩૫ ને શુક્રવારે રાત્રે સાડા સાત વાગતાં હંસરાજ પ્રાગજી હોલમાં રૂઢીચુસ્ત વર્ગના મુઠીભર જૈનોએ મળીને વડોદરા નરેશને આગામી હીરક મહોત્સવના ખુશાલી ભર્યા પ્રસંગે સંન્યાસં દીક્ષા નિમાયક નિબંધ પાછો ખેંચી લેવા માટે ઠરાવ કરી તેને અમદાવાદના જૈનોના ઠરાવ તરીક ઓળખાવવા જે પ્રયત્ન કર્યો છે તે વસ્તુ સત્યથી તદ્દન વેગળી છે અને આ મીટીંગ જાહેર કરે છે કે તે ઠરાવ સાથે અમદાવાદના સમસ્ત જૈનોને કાંઇ પણ લાગતું નથી.

આ ઠરાવો યોગ્ય સ્થળે મોકલી આપવાની મંત્રીને સત્તા આપવામાં આવે છે.

### મહારાષ્ટ્રના જૈનોનેઃ–

હિંદુઓના સખાવતી અને ધાર્મિક ખાતાઓના હિસાબો ચોકખા રહી તેનો દુરૂપયોગ થતો અટકે એવા હેતુથી એક કાયદાનો ખરડો મુંબઇની ધારાસભામાં પસાર કરવામાં આવ્યો છે. પરંતુ તેમાંથી જૈનોને બાકાત રાખવામાં આવેલ છે, તેથી જૈનોને મોટો અન્યાય થયેલો છે. એ વાત આપના જોણવામાં હશે જ.

હાલમાં એ કાયદો જૈનોને લાગુ કરવો કે કેમ ? એ બાબત આપણો અભિપ્રાય ના૦ મુંબઇ સરકારે માગેલો છે અને તે થોડી મુદતમાંજ આપણા તરફથી મોકલી આપવાની અત્યંત જરૂર છે.

આ કાયદો જૈનોને લાગુ કરવાથી આપણા હિસાબોની ચોખવટ રાખવામાં સુલભતા થશે. અને મતભેદોને કારણ મળવાનું નથી. સલાહ–સંપ જળવાઇ રહી સુધારાના કામો શીઘ્રતાથી ચાલુ રહેશે. અને દેવદ્રવ્યને સાધારણ દ્રવ્યમાં વધારો થતો રહેશે. માટે આ કાયદાને આવકાર આપવાની અત્યંત જરૂર છે.

બધાઓના અભિપ્રાય ભેગા કરી ના૦ મુંબઈ સરકાર તરફ મોકલી આપવાના છે માટે આપ સાહેબ આપના તરફથી, આપના ભાગ તરફથી અભિપ્રાય વગર વિલંબે આ માસની આખરી પહોંચાં લખી મોકલાવશો જેથી આપના અભિપ્રાયો ભેગા કરી અમે વખતસર સરકારમાં મોકલાવી આપીશું.

લી૦ સેવક.
**મોતીલાલ ચુનાલાલ.**
**સે. શ્રી મહારાષ્ટ્રીય જૈન શ્વે. કોન્ફરન્સ.**
**માલેગાંવ, (જીલ્લા નાશિક)**

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૩ જું )

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

# શ્રી. અમૃતલાલ કાળીદાસ શેઠને ખુલ્લો પત્ર.

સાહેબ,

આપ મુંબઇના શેરબજારના એક ડીરેકટર છો. ભારતીય શ્વે. જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા સમી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ છો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટી છો શ્રી જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખ છો. અને સાથે વર્તમાનકાળે સુધારાના નામે રજુ કરેલામાં આપના વિચારોના પોષક પણ છો.

આપને એ યાદ હશે કે: શ્રી રામવિજયજીએ બાળદીક્ષાને નામે ચલાવેલી ભયંકર પ્રવૃત્તિ. અને એ પ્રવૃત્તિના પ્રતાપે આખા સમાજમાં વ્યાપી ગયેલી આંતરકલહથી સમાજની જે છિન્નભિન્ન દશા થઇ છે. તે સ્હામે જાહેર પ્લેટફોર્મ પરથી આપે ઘણીય વખત ઉગ્ર શબ્દોમાં જાહેર વિરોધ નોંધાવ્યો છે–રામવિજયજીને દોષિત જાહેર કર્યા છે.

આપ એ પણ કબુલ કરશો કે: આપે વખતો વખત જાહેર કરેલા પ્રગતિમય વિચારો અને પ્રેરક ભાષણોથી આકર્ષાઇ મુંબઇમાં ભરાયેલી સ્વયંસેવક મંડળની પરિષદે આપને કાયમી પ્રમુખ બનાવ્યા છે.

આપની કાર્ય કરવાની શક્તિ, વિચારોની મક્કમતા, સમાજની સેવા કરવાની ધગશ, અને કોન્ફરન્સમાં આપની અખંડ શ્રધ્ધા અને ભાવથી પ્રેરાઇને જ જૈન જનતાએ મુંબઇમાં ભરાયેલી કોન્ફરન્સના સ્વાગત પ્રમુખ તરીકના માનથી આપને નવાજ્યા હતા. એ હકીકતનો આપ ઇન્કાર કરી શકો છો ?

અને આપ એ તો નહિ જ વિસરી ગયા હો કે:–એક એક રૂપીઓ ઘેર ઘેરથી માગીને પણ કોન્ફરન્સને મજબુત બનાવવાની અપીલ જાહેર પ્લેટફોર્મ પરથી આપે જ કરી હતી.

અને આપની આ કારકીર્દીના પ્રતાપે જ જૈન સમાજની ડગમગ ડોલાતી નૈયાને જે ભાઇઓ હલેસાં મારી આગળ ધપાવવા પ્રયત્ન કરી રહ્યા છે તેમાંના અગ્રગણ્ય નાવિકોમાં આપનું નામ ગણાતું આવ્યું છે.

પરંતુ અફસોસ ! આપે એક જબ્બર પલટો ખાધો અને આપ આબાદ રીતે સ્થિતિચૂસ્તોના ટોળામાં ઘૂસી ગયા. એ સ્પષ્ટ હકીકત છે.

મને અને મારા જેવા બીજા અનેકને આ પલટો જોઈ સખ્ત આઘાત થયો છે. અને પ્રગતિમય વિચારો ધરાવનારી સંસ્થાઓએ આપનામાં મૂકેલો વિશ્વાસ નિરર્થક કર્યો છે. આપના સાથીદારોને, આપનામાંથી પ્રેરણા મેળવનારાઓને આપે નિરાશ કર્યા છે. એમ કહેવું જરાય અતિશયોક્તિ ભર્યું છે ખરૂં ?

આમ પવન જોઇ પીઠ ફેરવનારા આપના જેવાઓને ઓળખવા માટે કયી જાતનું માપ નક્કી કરવું એ પણ એક વિકટ કોયડો જ છે ને ?

સ્થિતિચૂસ્તો છડેચોક બોલી રહ્યા છે કે: અમે સાચા જ હતા અને છીએ. અને તેથી જ સુધારક ગણાતા અને કોન્ફરન્સ જેવી મહાસભાના સ્વાગત પ્રમુખ અને માજી સેક્રેટરી અમને સાથ આપવા લાગ્યા છે. આજ પ્રગતિકારક વિચારો ધરાવનારાઓની અને કોન્ફરન્સ જેવી મહાસભાની ઠેકડી ઉડાવવામાં, તેની નિંદા કરવામાં આપ આડકતરી રીતે સ્હાયભૂત નથી બનતા ?

મારી અને મારા જેવા વિચારો ધરાવનારાઓની એક જ માગણી છે કે: આપ એક જાહેર નિવેદન દ્વારા આપની સ્થિતિ સ્પષ્ટ કરો કે જેથી જૈન જનતા આપનું સાચુ માનસ સ્હમજી શકે. આપમાં આંધળો વિશ્વાસ મૂકનારાઓને તો દુધ–દહીંમાં પગ રાખવાની નીતિ આપના માટે અને સમાજને માટે ભયંકર છે એ આપ જલદી સ્હમજી લ્યો તેટલું વધારે સારૂં છે.

છેલ્લે મને સ્હમજાય છે કે: મ્હેં સખત શબ્દોમાં લખ્યું છે પરંતુ મ્હારો આશય શુધ્ધ છે તેની હું ખાત્રી આપવા માગું છું. છતાં દુઃખ થાય તો માફ કરશો. કારણ કે જૈન તરીકે આપનો અને મારો ધર્મ છે કે પરસ્પર ક્ષમા આપી અંતઃકરણ શુધ્ધ કરવું. હાલ એજ.

**"રમેશ મહેતા"**

## એક સરસ છાત્રાલય !

**મે. તંત્રી સાહેબ,**

અંગત કામો માટે ગયા રવિવારે અમદાવાદ ખાતે હું હતો. તે દિવસે રાત્રે શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયની જયંતિનો મેળાવડો હતો. જીજ્ઞાસાવૃત્તિથી હું તે જોવા ગયો.

પંડિત સુખલાલજી પ્રમુખ હતા. મેળાવડાની આખીય યોજના નવિન હતી. અંગકસરતના ખેલો, નાટ્ય પ્રયોગો, હાસ્યના પ્રસંગો રાસ ઇ૦ કાર્યક્રમમાં વપરાતા પરદા અને સામાન પણ બાળકોએ જ તૈયાર કરેલો.

આંજી નાખતી ભભક ત્યાં નહતી. ખોટી ધાંધલ ત્યાં ન હતી. શાંત રીતે સૌ પોતપોતાનું કામ સાદાઇથી કરી જતા હતા. જયંતિઓ ઉજવવાની આ રીત આપણે ત્યાં મેં પ્હેલી જ જોઇ. બીજાં જૈન છાત્રાલયોને આ રીત અખત્યાર કરવા જેવી છે.

ઉપરોકત છાત્રાલય પચ્ચીસ વર્ષ પ્હેલાં ફક્ત પાંચ જ વિદ્યાર્થીઓથી શરૂ થયું હતું. આજે તેમાં એકસોને પાંત્રીસ વિદ્યાર્થીઓ છે, રહેવા અને અભ્યાસની અહિં સરસ સગવડ છે. એક લાખને એંસી હજારનાં મકાનો છે. ટ્રસ્ટીઓ મારફત આજની વ્યવસ્થા છતાં એમાં મુખ્ય દોર શેઠ ચીમનભાઇનાં ધર્મપત્નિ માણેકબ્હેન અને પુત્રી ઇન્દુકુમારી રાખે છે. એટલે આવા સરસ છાત્રાલયના સંચાલનનું માન તેમને ઘટે છે.

આ છાત્રાલયમાં દર વર્ષે ખૂબ અરજીઓ વિદ્યાર્થીઓના આવે છે પણ અહિં લાગવગ નથી ચાલતી. ગરીબ કે શ્રીમંતને અહિં સરખો ન્યાય છે એના વહીવટની વિશિષ્ટતા છે.

ગુજરાતના અન્ય જૈન છાત્રાલયોના ચાલકો આ જુએ અને પોતાને ત્યાં શક્ય તેટલા સુધારા કરે, એમ હું ઇચ્છું છું.

આપનો,

**મણીલાલ. એમ. શાહ.**

# સમાચાર.

**પુત્રીને પુત્ર જેટલો હિસ્સો**:–ભાવનગર ખાતે જાણીતા શહેરી ને જૈનધર્મ પ્રસારક સભાના સેક્રેટરી શ્રી કુંવરજી મુળચંદના સુપુત્રી બબુબેનના લગ્ન વૈશાખ વદી–૧ ના થશે આ લગ્નમાં કન્યાના પિતાએ પોતાની પુત્રીને, પુત્રોની માફક પોતાની મિલ્કતનો સરખો હિસ્સો આપવાનો નિશ્ચય કર્યો છે. જે જૈન સમાજે અનુકરણ કરવા ને વખાણવા લાયક છે.

**શ્રાવિકાશ્રમની ઉદ્દઘાટન ક્રિયા**:–પાલીતાણા શ્રી શ્રાવિકાશ્રમની ઉદ્ઘાટન ક્રિયા ત્યાંના મહારાણીશ્રીના હાથે કરાવવામાં આવી હતી. અને તે દિવસની સભાના પ્રમુખ પણ તેઓ જ હતાં. તેઓ શ્રાવિકાશ્રમના કાર્યથી સંતોષ પામી પોતાના ઉદાર હાથે રૂ. ૫૦૦) નું શ્રાવિકાશ્રમને દાન કરી બીજા રાજ્યના મહારાણીઓને અનુકરણશીલ રસ્તો બતાવ્યો છે. તેમનું આ પગલું ખરેખર પ્રશંસનીય છે.

**સાધુમાંથી ફરી સંસારી**:–પાલીતાણા ખાતે રહેતા કલ્યાણવિમળ સાહિત્ય રસિક નામના સાધુ પાસે દોઢેક માસ પહેલાં પુનાના વતની શેઠ શીવનાથ લુંબાજીના પુત્ર ચંદુલાલ ઉર્ફે શાન્તિલાલ દીક્ષા લઇ તેમનો શિષ્ય બનેલ. અને ચંદ્રવિમળ નામ ધારણ કરેલ, તેના અને તેના ગુરૂ બંને વચ્ચે મતભેદ થતાં ચંદ્રવિમળ, વિજયગચ્છના સાધુ પાસે જઇને ચંદ્રવિમળને બદલે ચંદ્રવિજય બન્યા હતા. ત્યાં પણ તેને આ સાધુ જીવનથી કંટાળો આવતાં તેણે દીક્ષા છોડી દઇને ફરી સંસારમાં પ્રવેશ કર્યો છે. જે બનાવે જૈન સમાજમાં ખૂબ ખળભળાટ મચાવ્યો છે.

**વ્હોરવા જતાં સંસારી બન્યા**:–અમદાવાદ હાજાપટેલની પોળમાં પગથીઆના ઉપાશ્રયે આ, સિદ્ધિસૂરિ પોતાના શિષ્યો–પ્રશિષ્યો સાથે રહે છે. તેમના એક શિષ્ય નંદનવિજયજી, જેમણે પાંચ વર્ષ પહેલાં કાચી ઉમ્મરે દીક્ષા લીધી હતી. અને તે હાજાપટેલની પોળમાં રહેતા હતા. જેનું સંસારી નામ નાનાલાલ નગીનદાસ હતું તેઓ તા. ૨૧ ના રોજ સવારમાં પોતાને ત્યાં વહોરવા નિમિત્તે ગયા અને ઘરમાં પ્રવેશ કરતાં જ સાધુવેશ ઉતારી સંસારીવેશ અંગીકાર કર્યો. છેલ્લાં કેટલાંક વર્ષોથી દીક્ષા ત્યાગના કિસ્સાઓ બનતા આવે છે. તેમાં આ વેશપલટાએ સારી રીતે ચકચાર જગાડી છે. દીક્ષાધેલા મુનિઓ કાચા વૈરાગ્યને ઓપ આપવાનું બંધ રાખે અને પોતાની આબરૂ અને પ્રતિષ્ઠાને થોડી ઘણી પણ જાળવી રાખે તો સારૂં.

**પ્રતિબંધ દૂર થયો**:–ન્યાય–વ્યાકરણતીર્થ પં. શ્રી બહેચરદાસ જીવરાજ દોશી ઉપર પ્રવેશની અટકાયતનો જે સરકારી પ્રતિબંધ હતો તે દૂર કરવામાં આવ્યો છે. એમ થોડાંક વખત પહેલાં સરકાર તરફથી જણાવવામાં આવ્યું છે.

**જૈન કુમારિકાનું વૃદ્ધ સાથે લગ્ન**–અમદાવાદ તા. ૨૯ અત્રેના જાણીતા પ્રતિષ્ઠિત વેપારી ચંદુલાલ કાળીદાસ શાહીની આશરે ૧૭ વર્ષની પુત્રીનું લગ્ન હાજાપટેલની પોળમાં રહેતા, ૪૮ વર્ષે પહોંચેલા, ત્રીજ વર મણીલાલ સાથે રાતો રાત થયું છે. આ લગ્ન સામે કન્યાના પિતા ચંદુલાલનો મોટો વાંધો હતો. પતિ–પત્નિ વચ્ચે આ લગ્ન સંબંધી મતભેદ પડવાથી છેલ્લાં આઠેક દિવસથી શ્રી ચંદુલાલ બહારગામ ગયા હતા. વૈશાખ સુદી ૩ નું લગ્ન હતું તેથી તે લગ્ન કન્યાની માતા ન કરી નાખે તેની દેખરેખ રાખવા સગાં સંબંધીઓને સૂચના મોકલી હતી. પરંતુ અખાત્રીજનું મુહૂર્ત ગયા પછી શ્રી ચંદુલાલની ગેરહાજરીમાં કન્યાની માતા લીલાવતીએ પોતાની કન્યાનું લગ્ન મણીલાલ સાથે કરી નાખ્યું છે. આ બનાવથી જૈન કોમમાં સનસનાટી ફેલાઇ છે. અને આ પ્રકરણ આખી કોમમાં મહાન્ ચર્ચાનો વિષય બન્યું છે.

**જૈનબાળક–બાળિકાઓને ફ્રી પુસ્તકો**:–શ્રી ખેડા જૈન મિત્રમંડળની અમદાવાદ ખાતે મળેલ મીટિંગમાં ઠરાવ કરવામાં આવ્યો છે કે: આ મંડળના મેમ્બરોના તમામ છોકરા–છોકરીઓને ગુજરાતી ચાર ધોરણ સુધી તથા અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનાને નિશાળમાં ચાલતી ચોપડીઓ આનવી તેના ફોર્મ ધી મોડલ પ્રીન્ટરી. પાંચકુવા. અમદાવાદમાંથી લઈ જવા, આ સ્તુત્ય પગલાં માટે મંડળને ધન્યવાદ, પરંતુ મંડળે આ સંકુચિતતામાંથી વિશાળતામાં આવી ખેડાના દરેક જૈન બાળક–બાળિકાઓને પાઠ્ય પુસ્તકોની સહાય કરશે.

---

**(જીગરને જલાવી દેતાં જલસાઓ**...પૃ૪...૧૨ થી ચાલુ.)

ધંધાના ફાં–ફાં મારવા પડે છે! ગામ–પરગામથી કેટલું ય લોક પૈસા કમાવા રોજનું રોજ અહિં ઉભરાય છે! શું ખાવું અને ક્યાં સૂવું એ ચિંતા તો એમના હાડચામને નિરંતર બાળી નાખે છે. આર્થિક સ્થિતિ મંદ હોવાથી કેટલાંય સુકોમળ વિદ્યાર્થિઓને અભ્યાસ બંધ કરી સંસારના ઉપાધિ ચક્રમાં પીસાવું પડે છે! આપણા દેશના લાખ્ખો–કરોડોને એક વખત પૂરતું અન્ન અને શરીર ઢાંકવાને: કપડાં પણ ક્યાં મળે છે? આવી આવી દુઃખદ સ્થિતિઓ હોવા છતાં આપણને કંઇ સૂઝતું જ નથી. અને અંધશ્રદ્ધામાં દોરવાઇને ગરીબોને વધારે ને વધારે ગરીબાઇની ગર્તામાં ધકેલીએ છીએ.

"જ્યારે જ્યારે આપણી આ કંગાળીયત તરફ નજર નાખીએ છીએ ત્યારે ત્યારે હૃદય અતિ ખિન્ન બને છે. અને 'હૃદયની ખિન્નતા' એ જ 'સાચો ધર્મ !!' ગરીબો અને દરિદ્રો તરફ 'સ્નેહદૃષ્ટિ'એ જ 'સાચી સેવા !' એજ 'ઉત્સવો' અતે એજ 'આસ્તિકતા !'

"અને બા ! હવે તું જ કહે કે અમને એ જીગરને જલાવી દે એવા જલસાઓ જોવા કેમ ગમે ? એ લુખ્ખા ઉત્સવો શે માણીએ! અને એમ માનવાની ધૃષ્ટતા પણ કેમ કરીએ કે: પ્રભુ આવા દંભી, નાટકી અને અધાર્મિકતાના ખૂણામાં ભરાઈ બેઠા હશે ?"

ઘડીઆળમાં બારના ટકોરા થયા. કુસુમે અણગમતું બગાસું ખાધું. એને જોઇને બાને પણ બગાસું આવ્યું. 'ચાલો હવે તો ઉંઘ આવવા માંડી.' કુસુમને અત્યારે લાડવા ખાવાનું મન થયું પણ લલીતાએ સ્હવાર પર રખાવ્યું. એમણે કપડાં બદલવા માંડયાં.

વિચાર અને નિદ્રામાં મ્હારી આંખો ઘેરાવા લાગી. પ્રભુનું નામ લઇને સૂતો કે એ 'જુઠા જલસાઓ'ના ભણકારા સ્વપ્નમાં પણ ન સંભળાય !.

**"નવિનચન્દ્ર"**

---

પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી, ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

શતાબ્દિ. (૨)

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૫ મો.
રવીવાર તા. ૧૫-૧૨-૩૫

## આપણું ગુલામી માનસ.

આ તો સૌ કોઇ સમજી શકે છે કે જ્યારે દુનિયાના પ્રત્યેક મહારાષ્ટ્રો અને સમાજો કુદકે ને ભૂસ્કે ભિન્ન ભિન્ન દિશામાં આગળ વધી રહ્યા છે, ત્યારે આપણે જૈન સમાજના નવયુવાનો અને બાળ-વૃધ્ધો એ પ્રગતિના રાહે જવાને બદલે પૂરાણી પ્રણાલિકાની મસાલ ધરી ઉંધી દિશામાં ધર્મ અને વ્યવહારના બાહ્યાડંબર કારણો રજુ કરી પીછે હઠ કરી રહ્યા હોઇએ એવું શું આપણને નથી લાગતું ?

આપણી, આપણા સમાજની મનોદશા આજે કોઈ વિચિત્ર માનસ પ્રવૃત્તિ અને મિથ્યા ઘમંડમાં રચીપચી રહેલી હોય તેમ બાહ્ય જગતની રહેણી કરણી અને વિચાર આંદોલન તરફ સ્હેજ નજર કરવાની ફુરસદ સરખી આપણને નથી.

આપણા પૂર્વજોએ આપણી ભાવીની છાયા ઝાંખી અને કંઈક નિરાશામય નિહાળી. આપણા હિત માટે સાચી દોલતના અખુટ ભંડારો આપણને વારસામાં આપતા ગયા પણ કમનસીબ આપણા કે તેનો સદુપયોગ કેવી રીતે; કયાં આગળ કરવો તેની ગતાગમ સરખી આપણને ન પડી. અને પરિણામે તેના રહ્યા-સહ્યા અવશેષો પણ આજે કંઇક ખુણામાં ઇજારદારોના હાથમાં સડી રહ્યા છે.

જૈન જગતની એ સર્વોત્તમ સંસ્કૃતિ અને સાહિત્યનો રસથાળ જ્યારે સારાએ જગતનું ધ્યાન ખેંચી રહ્યો છે ત્યારે આપણે મૂઢ મનોવૃત્તિમાં એ કઇ વસ્તુ હશે તેનું પણ ભાન વિસરી ગયા ન હોય તેમ નરી બેદરકારી શિવાય આપણે કાંઈ પણ તેમાંનું સાચવ્યું નથી અને સાચવવા દેતા નથી,

આ જાતના વાતાવરણ અને અવદશાના છાંટણાં આપણા ભાઈને ઉડે અને સમાજના ઇતિહાસના પાના એવા કલંકિત લખાણોથી ભરાય એમાં આપણો જ દોષ છે. કહેવા દ્યો કે આપણા વડીલો જ તેના મુખ્ય ભાગીદાર છે.

જમાના જુની રૂઢીઓને અનુસરતા આપણને ભાગ્યેજ ખ્યાલ આવે છે કે એ રૂઢીઓ કયારે, કયા કારણે કે શાથી આપણા સમાજમાં દાખલ થવા પામી અને આંધળીયાની માફક આજે પણ અનેક પ્રકારની એ જુનવાણી રૂઢીઓને ચુસ્ત પણે વળગી રહ્યા છીએ.

આ જાતની મનોદશા આપણી અજ્ઞાનતાના પ્રદર્શન સિવાય કઇ જાતનું સૂચન કરી શકે?

આજે તો કોઇ પણ આદર્શમય ઉચ્ચ કે શુભ પ્રવૃત્તિનો આરંભ કરવામાં આવે એટલે તેનો માર્ગ રૂંધવાને ધર્મની, કર્મની કે વ્યવહારની મર્યાદા અને બંધનોની આડી દિવાલ ખડકાવતા આપણને વાર નથી લાગતી. અને આરંભતા પહેલા વસ્તુના અંતનો વિચાર કરી એને ત્યાંને ત્યાં જ પડતી મૂકવામાં આવે છે આવાં બનાવો તો આપણા જીવનમાં સામાન્ય બન્યા જાય છે અને આ રીતે એકપણ શુભકાર્યનો આરંભ અનેક મુશ્કેલીનો સામનો કર્યા વગર ભાગ્યે જ આપણે માટે નિર્ભય બને છે.

એક વખત એવો હતો જયારે સારાએ સમાજનું નાવ અમુક મર્યાદિત ક્ષેત્રોમાં વડીલો કે પંચના હાથોમાં સહી સલામત ચાલ્યે જતું હતું અને ભાગ્યે જ સમાજની કોઈ પણ વ્યકિત તેમની આમન્યાનો લોપ કરતી. પણ આજે એ વખત નથી રહ્યો.

આજની આપણી પરિસ્થિતિનો વિચાર કરશું ત્યારે કહેવું પડશે કે આપણી મૂઢ મનોદશા, ગુલામી માનસ કે નિમાલ્યતા કેટલેક અંશે આભારી છે.

મંજુલકુમાર.

# ત ✧ રુ ✧ ણ ✧ જૈ ✧ ન

—: તા. ૧૫-૧૨-૩૫ :—


## શતાબ્દિ. (૨)

થોડીક સમજફેર થઇ છે. મુંબઈમાં શ્રીવિજયાનંદસૂરીશ્વરની શતાબ્દિ અર્થે જહે સમીતિ નકિક થઇ છે તે 'શતાબ્દિ સમીતિ' માત્ર મુંબઈની હોય એવો અર્થ ગયા અંકમાંથી કેટલાક ભાઈઓએ તારવ્યો છે. એ બરાબર નથી. મુંબઇએ નિમેલી એ સમીતિનું કાર્યક્ષેત્ર મુંબઇ જ નહિ પરંતુ સારૂં હિંદુસ્થાન છે. હિંદના કોઇએ વિભાગમાં જ્યાં એ શકય હશે ત્હાંથી ભંડાળ એકઠું કરશે. એ ભંડાળનો ઉપયોગ ફંડ ભરનારાઓની વતી એક મધ્યસ્થ સમીતિ સાહિત્યોધ્ધાર કરીને વિજયાનંદસૂરીશ્વરજીનું સ્મારક રચશે.

મુંબઈની આ યોજનાને અમે સત્કારી હતી. એને અમે ફતેહ ઇચ્છી હતી. એના વિધાયકોને અમે ધન્યવાદ આપ્યો હતો.

એક જ્યોતિર્ધરની શતાબ્દિ એના ત્યાગને, એની મહત્તાને અનુરૂપ ઉજવવી જોઇએ એવો અમારો આગ્રહ હતો.

અમારી આ પ્રકારની વિચારણામાં પાટણ અંગે અમને સમાચાર મળ્યા કે પાટણમાં સૂરીશ્વરની શતાબ્દિ પાછળ મીજબાનીઓ રચાવાની છે. પાટણના જુવાનોમાંના કેટલાક ધર્મને નામે ઉપધાન, જમણો, ઉજમણાં, વરઘોડા કરવાના વિરોધીઓ છે એ અમે જાણતા હતા, એજ જુવાનો આ પ્રકારના જમણોની આગેવાની લેવાના છે એ સમાચાર જાણીને અમને દુઃખ થયું હતું. રૂઢીચુસ્તતાને પંથે અમારા જુવાન મિત્રો ઘ્હડી જાય એનું અમને દર્દ હતું. અને એથી જુવાનોને જમણ ઘેલછા જતી કરવાની અને સંસ્કારસ્વામિને અંજલી અર્પતાં પાટણની જ સંસ્થાઓ નવપલ્લવિત કરવાની અમે વિનંતી કરી હતી.

અમારા એ લેખથી પાટણના જુવાનોમાં કારણ–અકારણ ખળભળાટ થયો હતો એવા સમાચાર અમને આ લખતાં સુધી પણ મળતાં રહ્યા છે. અને અમને અગાઉ મળેલા સમાચાર બરાબર ન હતા એમ મિત્રો તરફથી ખાત્રી આપવામાં આવે છે.

મિત્રો તરફથી મળતી ખાત્રી બરાબર હોય તો અમને આનંદ થવાનો છે. પાટણના અમારા જુવાન બિરાદરો રૂઢીચુસ્તતાને પંથે સરકયા નથી એ સમાચાર અમને સુખદ્ નિવડશે. સૂરીશ્વરને યોગ્ય શતાબ્દિ તો ઉજવાશે અને એક સંસ્કારસ્વામિને એણે સિંચેલા સંસ્કારોને અનુરૂપ અંજલી આપીને એના લાયક સંસ્કાર વારસો આપણે બનીશું એ કલ્પનાએ અમે આજે તો રાચીએ છીએ.

## STOP PRESS

### ધન્યવાદ.

થોડાં મહિના પહેલાં પાટણના શ્રીસંઘે ભાઇશ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી અને ભાઇશ્રી કેશવલાલ ભાણાભાઇને સંઘના વ્યવહારથી દૂર કરેલા, તેઓને માગશર વદી ૫ ના રોજ પાટણના શ્રી સંઘે એકત્ર થઇને કોઇપણ જાતની શરત કે માફી સિવાય માન સહિત લેવાની ઉદારતા દર્શાવી છે. તે બદલ પાટણના શ્રી સંઘને ધન્યવાદ ઘટે છે. અને ખાત્રી છે કે સાધારણ વર્ગને પણ તેવીજ રીતે લેવાની ઉદારતા દાખવશે.

# સંતતિ નિયમન.

દરેક સ્ત્રી પુરૂષ બાળકોમાં આનંદ મ્હાણે છે. માબાપ બનવાનો આનંદોપભોગ પ્રત્યેક પરિણીત જોડું ઇચ્છે એ સાવ સ્વભાવિક છે. પરંતું બરાબર સંભાળ લેયાય એવાં ત્રણચાર બાળકોની માતા થવું એ એક વાત છે અને ન સંભાળી શકાય, પૂરતાં ખોરાક કપડાં પણ ન આપી શકાય એવી રીતે તંદુરસ્તી અને સ્વાસ્થ્યને ભોગે દશ બાર બાળકોની માતા બની બેસવું એ બીજી વાત છે.

સંરક્ષણ આપી શકાય તો બાળકો હોવાથી દરેક પીતાને આનંદ થાય છે. પરંતુ કેટલાં બાળકોને એ પોષી શકશે એ બરાબર જાણી લઇને એટલાંજ બાળકોના પિતા બની શકાય એવા માર્ગો જાણવાનો પ્રત્યેક પિતાને હકક હોવો જોઇએ. ત્રણ કે ચાર બાળકોને પોષી શકે–એમને સરસ રીતે ખવાડી પ્હેરાવી શકે–એવો પુરૂષ જ્યહારે છ સાત બાળકોનો પિતા બની બેસે છે ત્યહારે બાળકોના જીવનની ઓછામાં ઓછી જરૂરીયાતો પણ પૂરી નથી કરી શકતો અને નિરાશા અને સતત્ ચિંતામાં પોતાના જીવનની બરબાદી કરે છે.

કવિવર ટાગોર પણ કહે છે: 'હિંદ જહેવા ભૂખમરો વેઠતા દેશમાં અવિચારીપણે સંભાળ ન લઈ શકે એટલાં બાળકોને અસ્તિત્વમાં લાવનારાં પોતે અનહદ દુઃખમાં પડે છે અને આખા કુટુંબને મુશ્કેલીમાં મૂકે છે. હું એને ઘાતકી ગુન્હો ગણું છું!'

સંતતિ નિયમન એટલે ઉત્પત્તિ અટકાવવી, ઉત્પત્તિનો વિનાશ નહિ એ યાદ રાખજો. ગર્ભની શરૂઆત પછી સંતતિ નિયમનને નિસ્બત નથી અને સંતતિ નિયમનના માર્ગ પર બરાબર જવાય તો ગર્ભ શરૂ થવાની ચિંતા નથી.

ક્ષય, દિવાનાપણું, માનસિક અસ્થિરતા અને ચામડીના રોગો વારસામાં ઉતરતા હોઇ–આ પ્રકારનાં સ્ત્રી પુરૂષોને સંતતિ ન જ થવી જોઇએ.

મ્હને પૂછવામાં આવે છે: "સંતતિ નિયમન માતાની તબીયતને નુકશાન નહિ કરે?' બાળકોની સંખ્યા નિયત કરીને અને ગર્ભધારણ વચ્ચે સમયની મર્યાદાઓ બાંધીને જહે માતાઓ બની છે એવી બ્હેનો, વારે ઘડીએ ગર્ભધારણ કરતી અને એથી અકાળે વૃધ્ધ બનતી જતી બ્હેનો કરતાં મ્હને વધુ તંદુરસ્ત અને વધુ સુખી જણાઇ છે,

સંતતિ નિયમનના વિરોધીઓ પૂછે છે: 'સંતતિ નિયમનના માર્ગ જાણીને અપરિણિત સ્ત્રી પુરૂષો સામાજીક નીતિનાં ધોરણો હલકાં નહિ કરી મૂકે?' એક તો મ્હારો જવાબ એ કે સંતતિ કે બા નિયમનનું જ્ઞાન માત્ર પરિણિત સ્ત્રી પુરૂષો માટે છે; અને ડોકટરો, નર્સો, અને સામાજીક કાર્યકર્તાઓ દ્વારા એ જ્ઞાન અપાવું જોઇએ મ્હારો બીજો જવાબ એ છે કે મ્હારી દઢ માન્યતા છે કે આવા જ્ઞાનથી જ અનીતિ પ્રસરતી નથી. અનીતિનાં કારણો ઉપરથી જણાય છે તેથી ઘણાં ઉંડાં હોય છે. નીતિ અને અનીતિ–તમામ સારી ખરાબ વસ્તુઓ અંતરના ઉંડાણેથી જન્મે છે–એ બાહ્ય તત્વો નથી. પોલીસ શેરીનાકે ઉભો છે એથી આપણે પ્રમાણિક નથી હોતાં. જેલો અને રાજાની ડરથી જ આપણે સત્યવકતા નથી બનતાં. એમ રોગો અને ગર્ભધારણ થવાના ભયથી આપણે નીતિ નથી જાળવતાં. નીતિ, સત્ય, પ્રમાણિકતા એ હૃદયના ઉંડાણથી, આપણા જીવન ધર્મમાંથી, આપણી માનવતામાંથી પેદા થાય છે.

વળી સંતનિ નિયમન અનીતિને માર્ગે નથી વાળતું ત્હેના આપણી પાસે પૂરાવા પણ છે. પશ્ચિમમાં પચ્ચાસ વર્ષ થયાં નિયમનના માર્ગો જાણી અને અમલમાં મૂકનારા સામાજીક દૃષ્ટિએ અતિ ઉચ્ચ અને નીતિદાર સ્ત્રી પુરૂષો અનેક છે. એવાં નીતિદાર સ્ત્રી પુરૂષોમાં ડોકટરો, પ્રધાનો, વૈજ્ઞાનિકો, શિક્ષકો અને સંસ્કૃતિએ આજ લગી આપ્યાં હોય ત્હેવાં ઉચ્ચ સંસ્કારી માતાપિતાઓનો સમાવેશ થાય છે. અનીતિની વાત તો ક્યહાં રહી પણ સંતતિ નિયમનથી એ સૌ ઉન્નત થયાં છે.

કેટલાંકની જયમ ત્હમે પૂછશો: 'સંતતિ નિયમનનો ઉપયોગ અકુદરતી નથી?' શરીર સંરક્ષણ એ કુદરતનો પ્હેલો કાનુન છે. વધતી વસ્તીને કાબુમાં લાવવા માંદા, દુર્બળ, અશકતને વિનાશવા દુકાળ, રેલસંકટ, ભૂકંપ, લડાઇ ઇત્યાદિ માર્ગો કુદરત યોજે છે. કુદરત આ બધ્ધા માર્ગો દ્વારા માનવ સંહાર રચે છે. વિકાસ એટલોજ કે કુદરતના આ ઘાતકી માર્ગો આપણે આમંત્રીએ! આપણી શકિતનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક દૃષ્ટિએ આપણે નમાલાં, દુર્બળ બાળકોની ઉત્પત્તિ અટકાવીને આ પ્રશ્ન ઉકેલવો જોઇએ.

બીજો પ્રશ્ન મ્હને પૂછાય છે: 'આજની રીતોમાં સો ટકા પૂરવાર થએલી કોઈ રીતો છે?' હા. કેટલાક રીતો તો ચોકકસ ફતેહ આપે છે. કોઇક એમ પણ પૂછે છે કે એ માર્ગ હિંદને પોષાઇ શકે? વાર્ષિક ચૌદ આનાજ ખર્ચ આવે એટલી સાદી સફળ રીતો આજે અસ્તિત્વ ધરાવે છે એટલે ખૂબ ગરીબ માણસ પણ એનો ઉપયોગ કરી શકે.

[શ્રીમતી માર્ગરેટ સેંગરે તાજેતરમાં આપેલા રેડીયો ભાષણમાંથી]

# ધર્મ સંસ્થાઓના પુનરુદ્ધારનું એક પ્રકરણ.

કોઈ પણ દેશની ખોવાયેલી સ્વતંત્રતા પાછી હસ્તગત કરવી; દેશમાં પડી ભાગેલા ઉદ્યોગ–હુન્નરનો પુનરુધ્ધાર કરવો, પરાવલંબનને લીધે કંગાલીયતમાં સબડતા શ્રમજીવીઓને પગભર કરવા એ ખરેખર ઘણું દુઃસાધ્ય છે. આપણી છેલ્લા પચાસ વરસની રાજપ્રકરણી લડતમાં એ મુશ્કેલીઓ આપણે જોઇ લીધી છે. ઉપરાઉપરી આપભોગ આપ્યા વિના, લોક–કેળવણીની મશાલમાં અખંડ જાગૃત રહી સતત પરિચય કર્યા સિવાય દેશને જાગૃત, સ્વતંત્ર તથા સુસંસ્કૃત બનાવી શકાય નહિ, એ એક કષ્ટસાધ્ય સાધના છે.

રાજનૈતિક સાધના કરતા પણ સમાજીક અને ધાર્મિક સુધારણા કેટલેક અંશે અતિ દુઃસાધ્ય અને વિષમ હોય છે, આ સુધારણા આપણા પોતાના જ ઘરમાં કરવાની હોવાથી, પગલે પગલે ઠોકર ખાવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે. આપ્તજનો, નિત્યના સંગાથીઓ અને સગા–સંબંધીઓની સાથે સતત્ દ્વંદ્વયુંધ્ધ ખેડવા એ સામાન્ય વાત નથી, રાજકીય, ઔદ્યોગિક સંઘટનાઓમાં મ્હોટે ભાગે બીજાઓની સાથે ઝુઝવાનું રહે છે. ત્યાં મ્હોશરમ, દાક્ષિણ્યતા કે આંતરકલેશ જેવું બહુ ઓછું હોય છે, એથી ઉલટું ધર્મસંસ્થાઓની અને સમાજ સંસ્થાઓની સંઘટના, તો અંદર–અંદર વઢી લઇને પૂરેપૂરા સાત્વિક-ભાવથી કરવાની હોય છે, ઉપલક દષ્ટિએ જાતાં એ ભલે સહજ લાગે પણ જેમણે ધર્મસંસ્થાઓના પુનરુધ્ધારનો ઇતિહાસ ઉકેલ્યો છે તેમને તો એ અતિ દુઃસહ, અતિ કષ્ટસાધ્ય જ લાગે. એમાં આશ્ચર્ય નથી.

રાષ્ટ્રીય પ્રકરણ ચર્ચતા જો કોઇ વકતા એમ કહે કે હિંદી પ્રજાની પરસેવાની કમાણીમાંથી સરકારે રાતી પાઇનો પણ દુરૂપયોગ ન કરવો જોઇએ. તો આપણે એ વકતાના વચન સાંભળી જોરથી તાળી પાડીશું. સરકારી ખોટાખર્ચ સામે લડત ચલાવનાર મહારથીને આપણે અભિનંદનશું. આપણે માનીએ છીએ કે સરકારી મંત્રીને સુવ્યવસ્થિત કરવા માગનાર માણસ ખરેખરો દેશહિતૈષી છે. એવી ભાવના અને એની લડત શુદ્ધ ભાવવાળી છે.

પણ સામાજીક કે ધાર્મિક પ્રકરણ ચર્ચતાં જો કોઇ એમ કહે કે–આપણી ઘણીખરી સંસ્થાઓમા ધર્મને નામે, જ્ઞાતિને નામે ખોટાં ખર્ચો થાય છે, અનાવશ્યક આડંબરો અને અદાલતી ઝગડામાં પુષ્કળ દ્રવ્ય વેડફાઇ જાય છે તો તેની સાથે આપણા પોતાના જ ભાઇઓ લાલ આંખ ઘુરકાવ્યા વિના નહિ રહે. ધાર્મિક સંસ્થાઓ સાફ કરવા માગનાર માણસને આપણે ધર્મદ્રોહી તરીકે જાહેર કરીશું. અને એથી આગળ વધીને આપણા જ ભાઇઓ બોલી ઉઠશે કે આ સુધારકો તો દેવદ્રવ્ય ભરખી જવા માગે છે, દ્રવ્યના સદ્વ્યયની વાત કરનારને, કોઇ શ્રધ્ધાળુ પોતાના ઉંબરે પણ ચઢવા નહિ દે.

લડત એક જ પ્રકારની છે, પણ બંનેની વિકટતાઓ જુદી જુદી છે, બંને સુધારકો દ્રવ્યના અને શકિતના અપવ્યયને અટકાવવા મથે છે. એકને–રાજનીતિના ક્ષેત્રમાં કામ કરનારને વાહ વાહ મળે છે, તો બીજાને સમાજ કે સંપ્રદાયના ક્ષેત્રમાં રહેનારને ધિક્કાર તથા બહિષ્કાર મળે છે.

સમાજ અને ધર્મ સંપ્રદાયના જુલમ પ્રકટ પણે દેખાતા નથી. જોડામાં જેમ ખીલી ખટકે તેમ સમાજનો, સુધારકો પ્રત્યેનો રોષ ધુંધવાતોજ રહે છે. પછી જ્યારે એ પ્રકટ થાય છે–ભડકાના રૂપમાં દેખા દે છે ત્યારે તે વિદેશી સત્તાધારીઓના કોપની પણ સ્પર્ધા કરે છે. ગમે તેમ પણ આ અમારા ધર્મબંધુ છે–અમે બધા એકજ પિતાનાં સંતાનો છીએ એ ભાવના ભૂલી જવાય છે.

ધર્મસંસ્થામાં સુધારણા કરવા મથનાર સમૂહની ઉપર ઘાતકી જુલમ ગુજરે છે. એ જુલ્મની ભઠ્ઠીમાંથી પસાર થનાર સમૂહ સંસ્થાઓનો કેવો પુનરુધ્ધાર સાધે છે તેનું એક બોધક ઉદાહરણ શીખસંપ્રદાયની પુનર્ઘટનામાં મળી આવે છે.

કોઇ પણ ધર્મ સંપ્રદાય એની મૂળ, શુધ્ધ અથવા આદિ અવસ્થામાં ઘણો ઉદાર તેમજ હિતકાંક્ષી હોય છે. એની આસપાસ અનુયાયીઓના જૂથ જેમ જેમ જામતા જાય છે અને એ જૂથમાં શ્રીમંતો, અમલદારો અને રાજાઓ ભળે છે તેમ તેમ સંપ્રદાયના સૂત્રધારો પણ વૈભવ અને સત્તાની મોહીનીમાં મલકાય છે. જેમણે જગત કલ્યાણને અર્થે ઘર–સંસાર તજ્યા હોય છે, વન કે ઉપવનમાં રહી કેવળ જન હિત કે આત્મહિતનું અહોનિશ ચિંતન કરતા હોય છે એને પણ અનુરાગીઓનો ચેપ લાગે છે. નિરાંતનો સમય, શાંતિની પળો એવે ટાણે સંપ્રદાયને માટે કસોટીનો કાળ નિવડે છે.

એક ચિત્ર કલ્પો; એક તપસ્વી, સંયમી પુરૂષની આગળ કોઇ એક મહારાજ બે હાથ જોડી ઉભા છે. મહારાજ પોતાની સર્વ સત્તા, વૈભવ અને લાગવગ ગુરૂદેવના ચરણમાં સમર્પવા તૈયાર છે, ગુરૂદેવની કુશળતા સંરક્ષવા અસંખ્ય ભકતો હાજર રહે છે. આવા શાંતિના, આરામના. સુખના સમયમાં ગુરૂદેવને પોતાને નહિ તો એમના કોઇ એક શિષ્યને કે પ્રશિષ્યને પણ શિથિલતા રૂપી હીમ સ્પર્શ્યા વિના ન રહે, ત્યાગમાંથી વૈભવની વાટ ઉપર કયારે ઉતરી જવાય છે, તેનું પણ કદાચ એમને પૂરૂં લક્ષ ન રહે.

એ રીતે જ ત્યાગમૂર્તિઓ સંસારિક ભોગોપભોગના કાદવમાં લપસે છે, વનવાસીઓ વારેવારે ચૈત્યવાસ અને વસતીવાસરૂપી અંધિયાર કુંડીઓમાં બંદીવાન બને છે. શિથિલતાની સાથોસાથ મળતો વખત ક્રિયાના ઉદ્ધારકો પણ પાકે છે અને એ પ્રમાણે મૂળ શુદ્ધ ધર્મ પાછો પુનરુધ્ધાર માગે છે.

શીખધર્મના ગુરૂઓ એમના પ્રાણાર્પણ અને શિસ્તપાલનને લીધે ઇતિહાસમાં પ્રસિદ્ધિ પામ્યા છે. શીખધર્મના ગુરૂઓએ એક દિવસે મોગલાઇ–મુસલમાનોના ચઢતા જુવાળ સામે સખત કિલ્લેબંધી કરી હતી અને એવી કિલ્લેબંધી કરતાં એમણે હસતે મુખે જીવન સમાધી પણ સ્વીકારી હતી. આ બલિદાનોનો ઇતિહાસ ખરેખર એક અતિ ઉજ્જવળ પ્રકરણ છે–શીખ ધર્મ ગુરૂઓના જીવન સમર્પણ, સંપ્રદાયના મહાસાગરમાં સદા જવલંત દીવાદાંડી સ્વરૂપ છે.

પણ જ્યારે ક્રાંતિ, અને ઉપદ્રવોનો કાળ વ્યતિત થયો–બધું થાળે પડયું ત્યારે એજ મહારથીના અનુયાયીઓ–શિષ્ય–પરિવારને આપણે શિથિલતાની ભસ્મમાં આળોટતા જોઇએ છીએ. પૂર્વજોએ

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૫ મું. )

# ઉડતી નજરે

લેખકઃ–**શ્રી નાનાલાલ દોશી.**

**સંસ્કૃતિના સંઘર્ષણઃ–**

તાજેતરમાં અલીગઢ યુનિવર્સિટીની એક અગત્યની સભામાં સર જી. એસ બાજપાઈએ પોતાના વકતવ્યમાં આજના શિક્ષણ વિશારદોને મનન કરવા જેવું કેટલુંક કહ્યું છે. આજકાલ જ્યાં ત્યાં અલગપણાનો (Isolation) પ્રવાહ વહે છે અને સંસ્કૃતિ (Culture) ના ખરા સાધ્યબિંદુથી જનતાને જે શીખવાનું છે તેથી તેને વેગળા રાખી સંસ્કૃતિના સમન્વયને બદલે સંઘર્ષણ અગર તો અલગપણાનાં નાદ સંભળાય છે ત્યારે આ શિખામણ વખતસરની છે. પ્રજાના ઉચ્ચ આદર્શો, રહેણી કહેણી, સાહિત્ય, ઉમદા ઇતિહાસ અને ઉચ્ચ પ્રકારના જીવન પ્રવાહોથી તરી આવેલ સત્વને સાધારણ બુધ્ધિથી આપણે સંસ્કૃતિથી ઓળખીએ છીએ. દરેક પ્રદેશની પરિસ્થિતિપરથી રચાએલ સંસ્કૃતિના પ્રચારક ભેગી થતી એક બીજી પ્રજાને જે પ્રેરણાનો ધોધ મળે તેનો અંદાજ કાઢવો મુસ્કેલ છે. પરંતુ આજે જગતને જે વસ્તુની જરૂર છે તે તેની જ છે. અર્થ અને રાજકારણની બીના બાજુએ મૂકતાં હરેક માનવવર્ગની સંસ્કૃતિ એ એટલી પવિત્ર વસ્તુ છે કે તેની આપ–લેથી પ્રજા–પ્રજા વચ્ચેના વૈમાનસ્ય ઓછાં થવાનો સંભવ છે.

**ટ્રસ્ટ એકટઃ–**

મુંબઇ ઇલાકાની સરકારે હમણા જ ટ્રસ્ટ એકટ પસાર કર્યો છે, તે જૈન ખાતાઓને લાગુ પાડવા સંબંધમાં જૈન જનતા પાસેથી એટલે કે તેમના અગ્રગણ્યખાતાંઓ અને વ્યકિતઓ પાસેથી વિચારો માગ્યાં છે. આપણા ખાતાંઓના નાણાવહીવટમાં જનતાનો અસંતોષ જાણીતો છે. અને જે વિશ્વાસથી પ્રજા પ્રત્યેક ખાતામાં નાણાં આપે છે તેનો સમાજહિતમાં પૂરેપૂરો વહીવટ થાય છે તેમ કહેવું શંકાગ્રસ્ત છે. યુવકસંઘોએ, પરિષદોએ અને મહામંડળોએ આ પ્રશ્ન પર સંગીન દલીલો સાથના નિવેદનો મોકલતાં ચૂકવું ન જોઇએ અને જાહેર જનતા આ બાબતમાં શું વિચારો ધરાવે છે તે માટે સભાઓ ભરી, આ બાબતથી પરીચિત હોય તેવા બંધુઓના વિચાર જાણવા–જણાવવાની ખાસ જરૂર છે. પ્રજામત કેળવવાનો અને પધ્ધતિસર કામ કરવા માટેનો આ અવસર યુવકસંસ્થાઓએ ચૂકવા ન જ જોઇએ. અને પોતાનું મંતવ્ય, પછી તે જે હોય તે–નિવેદનદ્વારા મોકલી પ્રાન્તિક સરકારને પોતપોતાનો અવાજ પહોંચાડવો જોઇએ.

**વ્યાયામ અને જૈનોઃ–**

શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે ગુજરાતમાં વ્યાયામ વિકાશ માટે ફરી જાગૃતિ લાવવા પ્રયાસ આદર્યો છે તેની નોંધ લેવાં ઘટે છે. આપણે અન્ય પ્રગતિમાન દેશોની પ્રજાની માફક આપણી ઉગતિ પ્રજામાં સાહસનો, રમતગમતનો (જેવી કે–તરવાની, ઘોડેસ્વારીની વિ. વિ.) શોખ નથી કેળવી શકતા. તેનો દોષ કેટલેક અંશે આપણી રહેણી કહેણી ઉપર અને કેટલેક અંશે હાલની શિક્ષણપ્રથા પર ઢોળી શકીએ. આપણી રોગગ્રસ્ત અને અધકચરા જીવન ગાળતી પ્રજામાં ચેતન લાવવા માટે વ્યાયામ સિવાય બીજું અન્ય કંઇ સાધન નથી. દરેક પર્યુષણોમાં આપણે ધર્મસ્થાનોની ટીપો ભરીએ છીએ તો એક પર્યુષણ આપણે બાળકોના શારીરિક વિકાશ માટે ઠેર ઠેર વ્યાયામશાળાઓ ચલાવવા ઘટતું ફંડ કાં ન કરીએ ? આપણે જીવીએ છીએ પણ આપણને જીવન જીવતાં નથી જ આવડતું. પ્રતિવર્ષે વ્યાયામ સપ્તાહો ગોઠવાતા હોય અને તે રીતે પ્રગતિના સરવૈયા નીકળે તો કેવું સારૂં? યુવકસંઘોએ પોતાના કાર્યક્ષેત્રમાં આ યોજના ભૂલવી ન જોઇએ પ્રજાની અન્ય જરૂરીઆતોની માફક વ્યાયામ એ અનિવાર્ય પ્રવૃત્તિ છે, તે આપણે કયારે સમજીશું ?

---

( અનુસંધાન પૃષ્ઠ ૪ નું ચાલુ )

જે પ્રતિષ્ઠા મેળવી હતી, તેજ પ્રતિષ્ઠાના બળે તેઓ સ્વચ્છંદ અને આપખુદીમાં ઉંડા ઉંડા ઉતરતા જતા દેખાય છે.

મંદિર કે તીર્થમાં જ્યારે દ્રવ્ય ઉભરાવા લાગે, એના વ્યવસ્થાપકની કીર્તિ કે પ્રતિષ્ઠા સામે કોઇથી આંગળી સરખી પણ ઉંચી કરી શકાય નહિ, અને અધુરામાં પૂરૂં કાયદો અને સત્તા પણ એમને અનુકુળ હોય–સંપૂર્ણ શાંતિ પ્રવર્તતી હોય એવે વખતે કયો વહીવટદાર આપખુદ ન બને? આ શીખગુરૂઓના સંબંધમાં પણ એમજ બન્યું. તેઓ વ્યવસ્થાપક મટી મંદીર–મઠનાં માલેક બન્યા અને ભોગવિલાસની લગામો છૂટી મૂકી દીધી.

શીખસંપ્રદાયના આગેવાનોને, સાર્વજનિક સંપત્તિનો એ દુરૂપયોગ અસહ્ય લાગ્યો. એમણે શિથિલાચારી મહંતોની સામે મકકમ લડત શરૂ કરી પોતાના જ ભાઇઓ, પોતાના જ ગુરૂઓ સામેની આ લડતમાં એમને અનેક મુશ્કેલીઓ નડી.

કેટલાક મહંતો તો એટલા બધા માથા ભારે બની બેઠા હતા કે તેઓ મંદિરના દ્રવ્યનો ખુલ્લી રીતે દુરૂપયોગ કરતા, એટલુંજ નહિ પણ નવલકથાને ઝાંખી પાડે એવાં દુરાચરણો ખેલતાં. મ્હોટા મઠ અને મઠાધીશો બીનજવાબદારપણે શ્રધ્ધાળુઓની સંપત્તિ ઉપર મોજ ઉઠાવતા.

શીખસમાજના સંસ્કારી આગેવાનોએ, એ વિષમ સ્થિતિનો છેલ્લો નિકાલ આણવા એક સંઘની સ્થાપના કરી. મંદીરોમાં, તીર્થોમાં જ્યાં જ્યાં દ્રવ્યનો દુરૂપયોગ થતો હોય ત્યાં ત્યાં પહોંચી જઇ, મંદીરની વ્યવસ્થા પોતાને હસ્તક લેવાનો મકકમ નિશ્ચય કર્યો. એ અકાળી–દળ અને એમના સત્યાગ્રહનો ઇતિહાસ ભાગ્યે જ કોઇથી અજાણ્યો હશે.

નાનકાના–ગુરૂદ્વારના પુનરુધ્ધાર માટે આ અકાળી દળે આપેલો આત્મભોગ અહિં ઉલ્લેખ યોગ્ય છે. પહેલાં તો અકાળીદળે, દીવાની અદાલતની સહાયથી પોતાના તીર્થોનો વહીવટ, મહંતોના પંજાઓમાંથી છોડાવવાનો પ્રયત્ન કર્યો પણ કાયદો એમને કંઇ મદદ કરી શકયો નહિ. નાનકાના–ગુરૂદ્વારનો કબજો મેળવતાં આ અકાળી દળના લગભગ દોઢસો જેટલા નવજુવાનો, મહંતના હાથથી મરાયા. આ વીસમી સદીમાં, ધોળેદિવસે મંદિરના મહંતે પોતાના જ ધર્મબંધુઓના લોહીની નદીઓ વહેવડાવી.

પણ એ દોઢસો જેટલા શાહીદોના બલિદાને, સારાએ શીખ ધર્મની શીકલ બાળી નાખી. એકલા શીખ સમાજમાં જ નહિ, કેવળ પંજાબમાં જ નહિ, સમસ્ત હિન્દુસ્થાનમાં અને હિન્દુસ્થાનની બહાર પણ અકાળી યુવકોના બલિદાને હાહાકાર પ્રવર્તાવી દીધો! શીખ ધર્મગુરૂઓના અન્યાય અને જુલમ નગ્ન સ્વરૂપે ઉઘાડા પડ્યાં, આખરે સરકારે પણ આ સમર્થ દળને સહાય કરી અને મંદિરો–મઠો વિગેરેનાં વ્યવસ્થા તંત્ર લોકમતને અનુકુળ બન્યાં.

આજે શીખ–ગુરૂદ્વારાઓની વ્યવસ્થા કોઇ એક વ્યકિત કે આપખુદ આગેવાનના હાથમાં નથી. એની એક એક પાઇનો ઉપયોગ શીખસમાજના જ કલ્યાણાર્થે થાય એવી પાકી ગોઠવણ કરવામાં આવી છે. વર્ષોની એકધારી લડત અને અકલ્પનીય આપભોગ વડેજ આવા આંતરયુદ્ધ જીતી શકાય છે. ધાર્મિક સંસ્થાઓના પુનરુદ્ધાર માટે શીખ જાતિના ઇતિહાસનું આ પ્રકરણ એક બોધ પાઠ રૂપે છે.

# એ કેમ બને ?

જે બાળક નાનપણથી જ માબાપનો અને માસ્તરનો માર ખાધો છે, જે બાળકને નાનપણથી જ વાઘને નામે, બાવડાને નામે, બાવાને નામે, સીપાઈને નામે અને માસ્તરને નામે ડરાવવામાં આવ્યો છે, જે બાળકને ભૂત-પ્રેતની ખોટી વાતોથી, અંધારી કોટડીથી અને મકોડાની કોડીથી બીવડાવવામાં આવ્યો છે, જે બાળકે પોતાની આસપાસ હિંસા અને ભયનું જ વાતાવરણ જોયું છે, જે બાળકે હિંસા, ડર અને ભયના વાતાવરણમાં જ શ્વાસોશ્વાસ લીધા છે, તે બાળક બીજાને ડરાવવા, બીવડાવવા, ત્રાસ આપવા અને હિંસા કરવા નીકળે તેમાં શું નવાઈ ? એવા બાળકને અહિંસાની બે વાતોથી કે ધર્મસૂત્રો ગોખાવીને અહિંસક બનાવી દેવાની ભાવના સેવવામાં આવે તે ક્યાંથી ફળે ?

જે બાળકને નાનપણથી જ માબાપોએ વાતવાતમાં ખોટેખોટો સમજાવ્યો છે ને પટાવ્યો છે, જેના દેખતાં માબાપોએ, માસ્તરો અને વડીલોએ હળાહળ જુઠાણાભર્યું વર્તન ચલાવ્યું છે, ઘરમાં ડગલે ને પગલે જુઠું બોલાય, પાડોશીને બે પાઈની ચીજ ન આપવાના ઇરાદાથી બાળકની હાજરીમાં છડેચોક જુઠું બોલાય, બાળકને પણ જુઠું બોલવાની આજ્ઞા કરવામાં આવે, બા ઘરમાં જુઠું બોલે, બાપા દુકાને જુઠું બોલે, બા બાપા આગળ જુઠું બોલે, ને બાપા દાદા કે મોટાભાઈ આગળ જુઠું બોલે, માસ્તર ડેપ્યુટી આગળ જુઠું બોલે ને છોકરા માસ્તર આગળ જુઠું બોલે, એવા અસત્યમય વાતાવરણમાં ઉછરેલા બાળકને સત્યવાદી હરીશ્ચંદ્રની વાતો કહેવામાં આવે કે સત્યના ફાયદા સમજાવવામાં આવે, સત્યની ધર્માજ્ઞાઓ સમજાવવામાં આવે તો પણ તે અમૃષાવાદી શી રીતે બની જાય ? એ સત્યવાદી શી રીતે થાય ?

જે બાળકને નાનપણમાં માબાપે છાનું માનું ખાવાનું આપ્યું છે, જેની હાજરીમાં–જેના દેખતાં જ માબાપોએ બીજાની ચીજો સંતાડી દીધી છે, જે બાળકને તેની બાએ કાકીથી કે મોટી કાકીથી, કાકીના કીકાથી કે નાની બબીથી છાનું માનું ખવડાવ્યું છે, જે બાળકને તેના બાપાએ કાકાથી અને કાકાનાં છોકરાંથી છાના પૈસા વાપરવા આપ્યા છે, એકાદ પેન્સીલ કે કાગળનો ટુકડો છુપી રીતે આપ્યો છે, જે બાળકને નિશાળના માસ્તરે પરીક્ષા વખતે ડેપ્યુટીથી છુપી રીતે ગણિતના જવાબ કહી દીધા છે અને એવી બીજી અનેક ચોરીઓ કરાવી છે, તે બાળકને પ્રમાણિકતાનો પાઠ શીખવવામાં આવે, પ્રમાણિકતા વિષે નિબંધ લખાવવામાં આવે, ચોરી નહિં કરવા વિષે ભાષણો આપવામાં આવે, અને ચોરીનાં માઠાં પરિણામો આવે છે માટે ચોરી ન કરવી. અદત્તાદાની બનવું, એવું ઠોકી ઠોકીને સમજાવવામાં આવે તો પણ એ બાળક અદત્તાદાની–અચોર કે પ્રમાણિક ક્યાંથી થાય ?

જે બાળકે રાતદિવસ ઘરના, શેરીના અને સમાજના અશિષ્ઠ, વિલાસી અને વિકારી વાતાવરણમાં શ્વાસોશ્વાસ લીધા છે, જે બાળક શેરીના ગંદા અને ગલીચ વાતાવરણમાં પોતાની ગંદી રમતોમાં અને મિત્રોના ગંદા સંબંધમાં ઉછર્યું છે, જે બાળકે બાની સહિયરો, ભાભીની સહિયરો અને બહેનની સહિયરોને મોંએથી ખાનગીમાં અનેક અશ્લિલ વાતો સાંભળી છે, જે બાળકને ગામનાં ડોસા–ડોકરાઓએ અનેક ગંદી વાતો પૂછી છે, અનેક ગંદા સવાલો પૂછ્યા છે, અનેક ગંદી ચેષ્ટાઓ કરી છે, જે બાળકને તીખાં અને તમતમતા ભોગીજનોને યોગ્ય ખાણાં ખવડાવવામાં આવેલ છે, જે બાળકે માબાપો અને માસ્તરોના જીવનમાં સંયમનો છાંટો જોયો નથી. તે બાળકને માબાપો, શિક્ષકો અને ધર્મગુરુઓ બ્રહ્મચર્યની કે સંયમની વાતો માત્રથી જ કે ધર્માજ્ઞાઓ અને ધર્મફરમાનો બતાવીને કે ગોખાવીને જ શી રીતે બ્રહ્મચારી અને સંયમી બનાવી શકશે ?

જે બાળકે પોતાની સગી આંખે બાપાને પૈસાની તીજોરી ભર્યે જતા જોયા છે, ગરીબ, દીન, દુઃખી અને મરવા પડેલની પાસેથી પણ પાઇ-પાઇ લઇને કોથળીમાં મૂકતા જોયા છે, બાને કપડાંથી ટ્રંકો ભરતી અને ઘરેણાંના દાબડા ભરતી જોઇ છે, બીજાના ઘરનું ફરનીચર અને વિલાસનાં સાધનો જોઇને બાપને તે ખરીદતા અને વસાવતા જોયા છે, બાને ઘરમાં રાચરચીલું વધારી મૂકતી અને બીજું ખરીદી લાવવા બાપા સાથે કજીયા કરતી જોઇ છે, જે બાળકે માસ્તરને (મળતા પગાર ઉપરાંત) બે પાંચ છાણાં કે સીધું મેળવવાની દાનત રાખતા જોયા છે, શાક, પાંદડું કે ફળફળાદિની આશા રાખતા જોયા છે અને તેવું મેળવવા ફાંફાં મારતા જોયા છે.

જે બાળકે ધર્મગુરુઓને સાલ, દુસાલા, કપડાં, પાતરાં, તુંબડાં અને પુસ્તકોના ઢગ મમતાપૂર્વક ખડકતા જોયા છે, કબાટ, કબાટો અને નાની મોટી ચીજો ભેગી કરતા જોયા છે તે બાળકોને એજ માબાપો, એજ શિક્ષકો અને એજ ધર્મગુરુઓ અપરિગ્રહી બનવાનું, જીવનની જરૂરીઆતો ઓછી કરવાનું અને સેવાભાવી બનવાનું સમજાવે, ઉપદેશ આપે અને ધર્મનું ફરમાન બતાવે તો પણ તે બાળકો ઓછી જરૂરીઆતવાળા, અપરિગ્રહી અને સેવાભાવી ક્યાંથી બને ! એ બધી મહેચ્છાઓ અને આશાઓ ક્યાંથી ફળે !

(જૈન શિક્ષણ પત્રિકામાંથી.) **શાંતિલાલ એમ. સાઠંબાકર.**

# હંસાનો વિવાહ

## ( એક પ્રસગ કથા. )

લેખકઃ–સુધાકર.

"એ તો ત્હમે જે સ્હમજો તે ખરૂં" ડોસાએ કહ્યું–" બાકી હું મ્હારાથી બનતું કરીશ"

"મુરબ્બી ! આ બધા ઉડાઉ જ જવાબો છે, એટલું હું ય સ્હમજી શકું છું" ત્રીકમલાલે જરા કડક બની ઉચ્ચાર્યું:–"વાતની શરૂઆતમાં તમે આપેલા જવાબમાં અને હમણાં તમે જે બોલો છો તેમાં કેટલો ફેર પડે છે" એમ કહી જરા નરમ બની ધીમા પણ મક્કમ અવાજે ડોસાને પાણી ચઢાવતાં ત્રીકમલાલ બોલ્યોઃ–"તમારા જેવા જમાનો ખાધેલા વૃધ્ધનું હવે ઘરમાં કૈં ચલણ જ નથી. એમ બોલો તે કોણ માની શકે ? તમે ધારો એ કરી શકો છો. પ્રફુલ્લનો વિવાહ અને લગ્ન પ્રસંગ અમે ભૂલી ગયાં:નથી. તમારા ઘરમાં તો તમે ધાર્યું હોય તેજ થાય તેમ છે. ફક્ત ત્હમારી મક્કમતા જોઇએ."

ત્રીકમલાલની ચાલાકી પર ડોસા સ્હેજ હસ્યા, અને આડી નજરે ત્રીકમલાલ તરફ નિહાળી રહ્યા.

"મારૂં કહેવું અસત્ય છે ?" ત્રીકમલાલે પૂછ્યું.

"સત્ય હશે પણ જમાનો બદલાયો છે ને ?"

"ભલે બદલાગો, પણ ત્હમે ન બદલાશો એટલી મારી વિનંતિ છે" એમ કહી ત્રીકમલાલ ઉભો થયો. અને "ચાલો ત્યારે જય, જય, હું રજા લઇશ" એમ કહી ચાલવા માંડે છે.

"હા, આવજો" ડોસા બોલ્યા; અને બારણાની બ્હાર જતા ત્રીકમલાલ તરફ નિહાળી રહ્યા.

( ૪ )

દાદાજી અને ત્રીકમલાલ વચ્ચે ચાલતી વાત બ્હારથી છાનામાના સાંભળવામાં પ્રમીલાને ખુબ રસ પડયો. તેમાંય જયારે દાદાજીએ ત્રીકમલાલને છેલ્લે મુંઝવી નાખ્યો ત્યારે તો તેને અતિશય આનંદ થયો. ત્રીકમલાલ ઘેર જવા ઉઠયા એટલે પ્રમીલા ત્યાંથી ખસી ગઇ. અને સાસુજીની પાસે જઇ બધી વાત કહી સંભળાવી. કમળા–હંસા જમાતાને વડીલની મનોદશામાં આમ અચાનક ફેરફાર થયેલો સાંભળી આશ્ચર્ય થયું.

સાંજે વિનોદચંદ્ર ઘેર આવ્યા, જમ્યા અને પોતાના ઓરડામાં જઇ બેઠા કે તરતજ કમળા ત્યાં પહોંચી ગઇ અને પ્રમીલાએ કહેલી સઘળી વાત પતિને કહી સંભળાવી. વિનોદચંદ્રને પણ આનંદાશ્ચર્ય તો થયું જ. પરંતુ વકીલમાં રહેલી માનવસ્વભાવની પરીક્ષક એવી સહજ બુદ્ધિએ તેનું કારણ કલ્પી લીધું અને પત્નિને ઉદ્દેશીને બોલ્યાઃ–"ચાલો ત્રીકમલાલ મળવા આવ્યા તે પણ એક રીતે તો સારૂંજ થયું."

"પરંતુ વડીલના વિચારો આમ ફરી કેમ ગયા, એ મ્હને સમજાયું નથી" ગૃહલક્ષ્મીએ પ્રશ્ન કર્યો.

"હું" એમ કહી. જરા મ્હોં મલકાવી વકીલસાહેબ બોલ્યાઃ– "તને મુઝવણ થતી હશે. પણ બાપુજીનો સ્વભાવ તો તું જાણે છે ને ? એમણે ધાર્યું હોય તે તે કરે. બીજાનું કરાવ્યું ન કરે. તેમાંય જો સામો માણસ તેમને દમ આપીને, બીક બતાવીને ડરાવવા જાય, તો તે ઉશ્કેરાવાનાજ, અને તે ઉશ્કેરાયા એટલે થઈ રહ્યું, ગમે તેવાની રેવડી દાણાદાણ કરે ત્યારેજ જંપે, અને આ પ્રસંગમાં પણ એમજ બન્યું છે. ત્રીકમલાલ ન આવ્યા હોત તો પોતાનું ધાર્યું કરવાને તેઓ આકાશ–પાતાળ એક કરત, હવે તેવો વંકાયા એટલે આપણને નિરાંત થઇ. પણ સાથે પરસોત્તમ રખડયો એ પણ સમજી રાખવું."

"બજ્યું પણ એવો સ્વભાવ સારો ગણાય ?" કમળાએ પ્રશ્ન કર્યો.

"સારો તો ન જ ગણાય ?" પણ કરવું શું ? વકીલ થઇને એ પોતે જ ન સમજે પછી ઈલાજ પણ શો ? છેવટે–"

વિનોદચંદ્ર આગળ બોલે ત્યાં પ્રમીલાએ આવી ખબર આપી કે–" બા ! દાદાજી ઉપર આવે છે" એટલું બોલી પ્રમીલા અંદર આવી અને સંકોચાઇ સાસુની સોડમાં ભરાઈ ગઇ. થોડી વારે વૃધ્ધ આવી પહોંચ્યા. અને બારણામાંથીજ બોલ્યા–"હાં, સમજ્યો. વાત તો મ્હારીજ ચાલતી લાગે છે. પણ વહુએ મ્હને જોયો એટલે ઉતાવળે આવીને ભાંગરો વાટયો જણાય છે. કેમ ખરૂં ને ?" એમ કહી ડાહ્યા બનેલા ડોસા હસતા હસતા ઓરડામાં દાખલ થયા.

"આવો, બાપાજી ! હું હમણાં આપની પાસે જ આવવાનો હતો" વિનોદચંદ્રે પિતાને આવકાર આપતાં જ જણાવ્યું.

"પણ હું જે વાત કરવા આવ્યો હતો. તે વાત આપણા શાણા પ્રમીલાવહુએ છાનામાના સાંભળી તમને કહી દીધી લાગે છે." એમ કહી ચારે તરફ જોઇ બોલ્યા "પ્રમીલા કયાં ગઇ ?

"અહિ મારી પાસે બેઠી છે" કમળાએ જવાબ આપ્યો.

"ઠીક, પ્રમીલા ! જા, હંસાને બોલાવી લાવ"

પ્રમીલા જાય છે. ડોસા બોલવાનું ચાલુ રાખે છે. "ભાઇ ! જો હવે બરોબર મક્કમ રહેજે, મેં આડકતરી રીતે ત્રીકમલાલને 'ના' સંભળાવી દીધી છે. એટલે હવે ખળભળાટ વધારે થવાનો, પણ તમારે બધાએ હવે ચુપ અને શાન્ત રહેવાનું. જે આવે તેને મ્હારી પાસે મોકલવો."

"આપનું અનુમાન સત્ય છે. પ્રમીલા તેને પીયર ગયેલી ત્યાંથી ખબર લાવી છે કે દશેક દિવસ પછી ત્રીકમલાલના દીકરાની વર્ષ-ગાંઠ આવે છે. તે દિવસે તેઓ હંસાને જમવાનું નિમંત્રણ આપવાના છે. અને તેટલાજ ખાતર દાણો ચાંપી જોવા ત્રીકમલાલને મોકલ્યો હતો" વિનોદચંદ્રે પોતાને મળેલી હકીકત રજુ કરી.

-(ચાલુ.)

## ❖ સ ❖ મા ❖ ચા ❖ ર ❖

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

### સામાન્ય સભા.

આજરોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સામાન્ય સભા રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતાના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં સારી સંખ્યામાં સભ્યો હાજર હતા. સર્વાનુમતે નીચે મુજબ કામ કરવામાં આવ્યું.

૧ શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું સુધારેલું બંધારણ રજુ થયા બાદ સુધારા વધારા સાથે તે નાનચંદ શામજી શાહની દરખાસ્ત અને મોહનલાલ પાનાચંદ શાહના ટેકાથી સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

૨ ભાવનગરથી ભાઇ અમરચંદ કુંવરજી તથા ભાઇ ભાયચંદ અમરચંદનો કાગળ–બાળદીક્ષા આપવા માટે ભકિતવિજયજીએ ઉપાડેલી હિલચાલ સંબંધીનો વાંચવામાં આવ્યો તે અંગે યોગ્ય સ્થળે તાર કરવા સેક્રેટરીઓને સત્તા આપવામાં આવી.

ઉપર મુજબ કામકાજ થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

**નોંધ:**–અત્રેથી ભાવનગર સ્ટેટ કૌન્સિલના પ્રેસિડન્ટ સાહેબ ઉપર તાર કરવામાં આવેલ તેમજ ભાવનગરના યુવકોનું ડેપ્યુટેશન સર પટણી સાહેબ પાસે ગયું હતું. તેમની અરજીની હકીકત સાંભળી મે. પટણી સાહેબે અયોગ્ય દીક્ષા અટકાવવા માટેનો સંદેશો પોલીસ ઉપરીને આપવામાં આવ્યો, તે સંદેશો લઇ આસિ. પો. ઉપરી શ્રી દેવરામભાઈ પોલીસપાર્ટી સાથે તા. ૧૧ મીની સવારે પાંચ વાગે કોલીયાક ગામે કેમ્પ નાખ્યો અને ઉપાશ્રયે જઇને મુનિશ્રીને મળ્યા. પરસ્પરની વાટાઘાટ પછી લીંબડીવાળા રમણિકલાલને પોલીસને સોંપી દીધો. જ્યારે પેલા ભાવસાર બાળકને દીક્ષા ન આપવાની કબુલાત આપી. પોલીસપાર્ટી રમણીકલાલને લઇ ભાવનગર ગઇ હતી. તેને ભાવનગર લાવવામાં આવ્યા બાદ વધુ તપાસ કરતાં તે લીંબડીનો વતની અને છેલ્લાં ચારેક માસથી મુનિશ્રીએ તેને રાખ્યો હતો તેમ જણાયું છે.અને વધુમાં એમ પણ જણાયું છે કે–મુનિશ્રી જે ઉપાશ્રયમાં હતા તેના કબાટમાંથી તેના કપડાનું પોટકું અને લગભગ ૬૦ રૂપીઆ મળી આવ્યા છે. ઉપાશ્રયમાંથી નીકળેલ આવો પરિગ્રહ ચર્ચાસ્પદ જણાતો હતો. આખરે તે છોકરાને તેનો કાકો અમદાવાદ લઇ ગયેલ છે. જ્યારે પેલા ભાવસારના બાળકને ભાવનગર મોકલવામાં આવ્યો છે.

---

### ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ જૈનોને લાગુ પાડવા.

# શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

### વર્કીંગ કમીટીની મીટીંગ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કાર્યવાહી કમીટિની એક બેઠક ગઇ તા: ૨૮–૧૧–૩૫ ના રોજ સંસ્થાની ઓફિસમાં મળી હતી. જે વખતે એજંડાપરની બીજી બાબતો પૈકી ના૦ મુંબઇ.સરકાર તરફથી તા. ૩૦–૧૦–૩૫ ની નં. ૮૭૦૭–૨૮ની પ્રેસનોટ જેમાં હિન્દુ ટ્રસ્ટસ્ રજીસ્ટ્રેશન સંબંધી તાજેતરમાં જે કાયદો થયો છે. તે જૈન કોમના ટ્રસ્ટોને લાગુ પાડવો કે કેમ ? તે બાબત જૈનોનો તથા જૈનોની જાહેર સંસ્થાઓનો અભિપ્રાય માંગવામાં આવ્યો છે તે બાબત રજુ થતાં કેટલીક ચર્ચા પછી એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે મજકુર કાયદો જે હિન્દુઓની ધાર્મિક અને ધર્માદા પ્રકારના ટ્રસ્ટોને લાગુ કરવા ઠરાવવામાં આવ્યું છે. તેજ કાયદો જૈનકોમના તેવાં ટ્રસ્ટોને લાગુ પાડવો એવો અભિપ્રાય રેવન્યુ ડીપાર્ટમેન્ટના સેક્રેટરીને કોન્ફરન્સ તરફથી લખી મોકલવો. અભિપ્રાય મોકલવાની મુદત ડીસેમ્બર આખર તારીખ સુધીની છે. એટલે વર્કીંગ કમીટીએ કરેલ નિર્ણય અનુસાર કોન્ફરન્સનો અભિપ્રાય એકાદ બે દિવસમાં સેક્રેટરી ટુ. ધી ગવર્નમેન્ટ, રેવન્યુ ડીપાર્ટમેન્ટને મોકલી આપવામાં આવશે.

આથી સર્વે જૈન બંધુઓ તથા સંસ્થાઓના સંચાલકોને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ સરકારી પ્રેસનોટ સંબંધે મજકુર કાયદો જૈનકોમના ટ્રસ્ટોને લાગુ કરવાની તરફેણમાં પોતપોતાના અભિપ્રાયો વિના ઢીલે મુદત દરમ્યાન ઉપર જણાવેલ સ્થળે મોકલી આપવા.

લી૦ શ્રી સંઘસેવક.
**અમૃતલાલ કાળીદાસ.**
રે. જ. સેક્રેટરી:–**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**

---

### ટ્રસ્ટએકટને સ્થા. જૈ. કોન્ફરન્સના મુખપત્રની સંમતિ

શ્રી જૈન. શ્વે. સ્થાનકવાસી કોન્ફરન્સનું મુખપત્ર "હિન્દુરજીસ્ટ્રેશન ટ્રસ્ટ એકટ" ને સંમતિ આપતાં જણાવે છે કે–ધાર્મિક દ્રવ્યનો સદુપયોગ થાય તો આ દેશની કેટલીય સમસ્યાનો નિકાલ થઈ જાય, આ બાબતમાં આ કાયદો ઠીક કામ કરી શકે, જૈનો પાસે ધાર્મિક દ્રવ્ય એટલું અધિક છે કે આ કાયદાના પ્રકરણમાં જૈન સમાજની ઉપેક્ષા કરવી એ દેશ તથા તે સમાજ સાથે અન્યાય કરવા બરાબર છે."

### બોમ્બે ટ્રસ્ટ એકટ અને જૈનો.

તા. ૧–૧૨–૩૫ ના રોજ શ્રી સત્ય પ્રચારક મંડળ (મુંબઇ)ની એક સભા શ્રી રતિલાલ વર્ધમાન શાહના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે "બોમ્બે ટ્રસ્ટ એકટ સમસ્ત જૈન સમાજને લાગુ થાય તે ઘણુંજ જરૂરી છે" એ હેતુનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

### બાળ–અનમેલ વિવાહ માટે સ્ટેટનું આદર્શકાર્ય.

ડુંગરપુર સ્ટેટના દરબારશ્રીએ પોતાના રાજ્યમાં બાળવિવાહ અને અનમેલ વિવાહ રોકવા માટે તા. ૧–૮–૧૯૩૫ થી કાનુન–કાયદો શરૂ કર્યો છે. બાલવિવાહની ઉમર પુરૂષની ૧૭ અને કન્યાની ૧૩ વર્ષની રાખવામાં આવી છે. બીજા સ્ટેટો આ સ્ટેટનું અનુકરણ કરશે કે ?

---

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

આજના અંકનો વધારો.

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

## સામાન્ય સભા.

**ભાઈશ્રી,**

સવિનય જણાવવાનું કે આપણા સંઘની સામાન્ય સભા તા. ૯–૧–૧૯૩૬ ગુરૂવારના રોજ રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) સંઘની ઓફીસમાં નીચેના કામ અંગે મળશે તે પ્રસંગે અવશ્ય પધારશો.

૧. ગઇ સાલના ઓડીટર ભાઈ છગનલાલ નાનચંદના ઠેકાણાની ખબર નહિ મળવાથી તેમની જગ્યાએ બીજા ઓડીટરની નિમણુંક કરવા સંબંધી વિચાર કરવા.

લી. સેવકો.
**મણીલાલ એમ. શાહ.**
**અમીચંદ ખેમચંદ શાહ.**
માનદ્ મંત્રીઓ.

---

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ તા. ૫–૧–૧૯૩૬ રવિવારના રોજ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કર્યા.

૧. પાલણપુર નિવાસી ભાઇ દલપતલાલ કોઠારી જેમણે થોડાં વર્ષ પહેલાં સુધારક તરીકે એક બાળ વિધવા તારાબ્હેન સાથે લગ્ન કરી સમાજમાં દાખલો બેસાડેલો, તેજ ભાઇએ તારાબ્હેન હયાત છતાં બીજી પત્નિ કરવાનું જે નિંદનીય પગલું ભર્યું છે તેથી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની આ સભા દલપત–કાન્તા લગ્નને સુધારાનું વિઘાતક માની એ લગ્ન પરત્વે સખ્ત તિરસ્કારની લાગણી જાહેરે કરે છે. અને બીજા યુવક મંડળોને આ લગ્નને વખોડી કાઢવાની ભલામણ કરે છે.

૨. યુવક સંઘની કાર્યવાહક સમિતિના એક જુવાન સભ્ય શ્રી કનૈયાલાલ અમૃતલાલ શાહના ખુનના સમાચાર જાણીને શ્રી મુંબઇ જૈન યુવક સંઘની આ સભા એમના અકાળ અવસાન બદલ ખેદ જાહેર કરે છે. અને એના આત્માને શાંતિ પ્રાર્થે છે. ઉપરોક્ત ઠરાવ એના સગાંને મોકલી આપવા મંત્રીને ભલામણ કરે છે.

ઓનેસ્ટી પ્રીન્ટરી, ગુલાલવાડી, મુંબઇ ૪.